Mahotu (Gujarati Edition)

Raam Mori

VISIT...

LANZAROTE Caliente.COM

મહોતું

સાહિત્ય અકાદેમી, દિલ્હી પુરસ્કૃત સંગ્રહ





ઃ રામ મોરી



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

લેખક વિશે

રામ મોરી. ગુજરાતી ભાષામાં લખતા યુવા સાહિત્યકારોમાં આ નામ અત્યારે માનભેર લેવાય છે. ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના નાનકડા ગામ લાખાવાડના એક ખેડૂત પરિવારમાં એમનો જન્મ અને ભાવનગરમાં શિક્ષણ. ફેબ્રિકેશન એન્જિનિયરિંગનો અભ્યાસ કરી ચૂકેલા આ સર્જકે લેખનમાં પોતાની કારકિર્દી બનાવી છે અને તેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે. માત્ર બાવીસ વર્ષની ઉંમરે એમણે પોતાનો પ્રથમ વાર્તાસંગ્રહ 'મહોતું' આપ્યો જેને ગુજરાતી વાચકો, સર્જકો અને વિવેચકોએ વધાવી લીધો. સંબંધો, લાગણી, સામાજિક વિટંબણાઓ, કુરિવાજો, માણસની અંદર ચાલતી ગડમથલો અને સ્ત્રી જીવનની સ્થિતિ-પરિસ્થિતિને આલેખતી રામ મોરીની લેખિનીએ મેઘધનુષની જેમ સાતરંગી ભાત ઉપસાવી છે. ટૂંકીવાર્તા, લઘુકથા, નવલકથા, અખબારી લેખ, નાટક, ફિલ્મ અને ટી.વી.ની કથા-પટકથા જેવા દરેક ક્ષેત્રમાં રામ મોરીની કલમ પોતાનો કસબ બતાવી રહી છે. સાહિત્યિક સામયિક હોય, અખબારી કૉલમ હોય, સ્ટેજ હોય કે પછી ટી.વી કે ફિલ્મની સ્ક્રીન હોય એ દરેક માધ્યમ પર ભાવકોને તરત પોતાના કરી લેવાની ક્ષમતા એમના લેખનમાં સમાયેલી છે.

રામ મોરીને અત્યાર સુધીમાં સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી યુવા ગૌરવ પુરસ્કાર (2017), વિદ્યાગુરુ ફાઉન્ડેશન-સાવરકુંડલા દ્વારા શ્રી નાનાભાઈ હ. જેબલિયા સ્મૃતિ-સાહિત્ય પુરસ્કાર (2018), ગુજરાત લિટરેચર ફૅસ્ટિવલ દ્વારા ધ મોસ્ટ પ્રોમિસિંગ યંગ રાઇટર ઍવોર્ડ (2017), ભારતીય ભાષા પરિષદ કોલકત્તા તરફથી યુવા પુરસ્કાર (2018) અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી એમના પુસ્તક 'મહોતું'ને 2016ના શ્રેષ્ઠ પુસ્તકનું પારિતોષિક મળી ચૂક્યું છે. એક યુવા લેખક તરીકે ગુજરાતી સાહિત્યને જાણે કે સતત નવું આપવાની જીદ લીધી હોય એમ પોતાના લેખનને એક ચોક્કસ માળખામાં બાંધી રાખવાને બદલે લેખનની પ્રયોગાત્મક શૈલી અપનાવીને લેખનના વિવિધ આયામો તેઓ સર કરી રહ્યા છે. સરળ અને સર્જનાત્મક અભિગમથી ગુજરાતી સાહિત્ય વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ માટે રામ મોરી સક્રિય છે.

લેખકનાં પુસ્તકો

મહોતું

સ્ત્રીજીવનનાં અજવાળાં અને અંધારાંને રજૂ કરતી કંપન કથાઓ

Coffee સ્ટોરીઝ

એક ચૂસકી હૂંફાળા સંબંધોને નામ!

પ્રકાશ્ય

કંકુના સૂરજ આથમ્યા!

દીકરીના જીવતરમાં ઘેરાતાં અંધારાં સામે ઝઝૂમતાં મા-બાપની કથા

મહોતું

સ્ત્રીજીવનનાં અજવાળાં અને અંધારાંને રજૂ કરતી કંપન કથાઓ

રામ મોરી

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

MAHOTU

Short Stories

Written by Raam Mori

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

2018

© Raam Mori, 2018

ePub Version 3.0.1

eISBN : 978-93-5122-856-1

All rights are reserved.

No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

અર્પણ

મને ખુલ્લું ***'આકાશ'*** આપનારા
મારાં ***માતાપિતા*** ને.....
સતત એ ***'આકાશ'*** માં ઊડવાની હોંશ આપનારા
શક્તિસિંહ પરમાર ને.....

પગરણ...

'કેમ લખું છું?' એ પ્રશ્નનો એક બહુ સિમ્પલ અને સાચુકલો જવાબ એ છે કે બેઝિકલી હું બહુ વાતોડિયો છું અને મારે બહુ બધું કહેવું છે, જ્યાં સુધી કશું કહું નહીં ત્યાં સુધી ચેન નથી પડતું એટલે લખું છું. વાર્તા એ મારા માટે સ્મરણો અને સંબંધોના એવા ફોટોગ્રાફ્સ છે જેને હું મારી શરતે મારા ઍંગલથી સાચવી શકું છું... કેદ કરી શકું છું અને બદલાવી શકું છું. જો ક્યાંય ફિનિક્સ પક્ષીની થિયરી સાચી હોય તો મારા માટે વાર્તા એ મારું ફિનિક્સ પક્ષી છે... જે કલ્પનાની રાખમાંથી નર્યા વાસ્તવ જેવું સ્વરૂપ લઈ શકે છે અથવા તો કહો કે વાસ્તવની રાખમાંથી કલ્પનાની ઉડાન ભરી શકે છે. નાનપણથી લઈને આજ સુધી દરેક બાબતે પ્રશ્ન બહુ જ થતાં રહે છે... સતત થતાં એ પ્રશ્નોની ભરતી કદાચ વાર્તા લખવા માટે જવાબદાર છે. નાનપણથી મારી પાક્કી બહેનપણી મારી બા. ખેતરમાં કામ કરતાં કરતાં દરેક મુદ્દે કલાકો ચાલતી અમારી ચર્ચા અને મારા દરેક પ્રશ્ન પરના એના લાંબા નિરાંતભર્યા જવાબો એ મારી વાર્તાઓ છે મોટે ભાગે.

બા પાસેથી કથાઓ, દંતકથાઓ સાંભળવા તો મળતી પણ દાદાએ નાનપણથી પુરાણો બાબતે રસ દાખવેલો. રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, દેવીપુરાણ, શિવપુરાણ જેવા દળદાર ગ્રંથોનું વાચન અને તેની ચર્ચા દાદા અને તેના મિત્રો પાસે રાતોની રાતો વર્ષો સુધી સાંભળી. એ કાળમાં મારા માટે આ બધું ધર્મ અને ભગવાન કરતાં 'લોંગ શૉર્ટ સ્ટોરીઝ' જેવું વધારે હતું. મારું નાનપણ વાચન બાબતે સમૃદ્ધ હતું એનું કારણ મારા ગામની સ્કૂલ હતી. સાત ધોરણ વચ્ચે માત્ર બે શિક્ષકો અને તોય અદ્ભુત સંચાલન. જે. બી. ચૌહાણસાહેબે પંચતંત્ર, અકબર-બીરબલ, બકોર પટેલ, હિતોપદેશ અને અરેબિયન નાઇટ્સનો પરિચય કરાવ્યો એ સમય હતો મારા પહેલા, બીજા અને ત્રીજા ધોરણનો. એ પછી મોસાળમાં જઈને પહેલી વખત 'ફૂલપાંદડી' જોઈ, બહુ રસ પડ્યો અને આખો સેટ વાંચી લીધો. બાળગીતો, ઋતુગીતો, વાર્તાઓ, અભિનય, બાળવાર્તાઓ, અમર ચિત્રકથાઓ, બાલસૃષ્ટિ, ઝગમગ અને સતત પ્રવૃત્તિમાં ધબકતી પરિસ્થિતિમાં સ્કૂલ શિક્ષણ પૂરું કર્યું. મારા લખી શકવા માટેનાં કારણોમાં મારી બાળપણની નિશાળ, મારા શિક્ષકો, બાળસાહિત્યનું વાચન અને ટી.વી. કાર્ટૂન્સ અને સિરિયલ્સનો વિશેષ ફાળો છે.

આગળના ભણતર માટે ઘરના લોકોએ બહુ નાની ઉંમરે ભાવનગર હૉસ્ટેલમાં મોકલી આપ્યો. ભાવનગરે મને લખવા માટે આખ્ખું આકાશ આપી દીધું. નાનપણથી ફિલ્મ અને સિરિયલનો જે ચસ્કો હતો એ ચસ્કાને આ સમયગાળામાં વિકસાવવાનો પૂરો અવકાશ મળ્યો. હૉસ્ટેલમાંથી દીવાલો કૂદી કૂદીને ફિલ્મ જોવા જવી અને રાત્રે બધા મિત્રોને આખી ફિલ્મ શબ્દશઃ પૂરા ત્રણ કલાક મ્યુઝિક, કૉસ્ચ્યુમ્સ, લોકેશન, ડાયલોગ્સના ડિટેઇલિંગ સાથે સંભળાવવી. સ્ટોરી ટેલિંગની એક પ્રોસેસ કદાચ ત્યાંથી જ શરૂ થઈ ચૂકી હતી.

મારી વાર્તાઓમાં મોટા ભાગે માનવમનના આંતરિક વિશ્વની વાત પર કદાચ મારો ભાર કહો કે આગ્રહ એ વધારે હોય છે કેમ કે હું પાત્રોના મનને સમજવા મથતો રહું છું. માણસની ભીતર ચાલતી ગડમથલ મારા માટે બહુ જ રસનો વિષય રહ્યો છે. હા, હું પરિવેશ પ્રિય વાચક-વાર્તાકાર છું. મારો હંમેશાં એવો આગ્રહ રહે છે કે હું જે સમાજની, જે સંસ્કૃતિની વાત કરતો હોઉં એ માહોલને નખશીખ કાગળ પર ધબકતું કરું. મોટા ભાગે ગ્રામીણ માહોલની વાર્તાઓના લેખનમાં મને મારું બાળપણ કામ લાગે છે, હડફો (રસોઈ કરીને જેમાં મૂકવામાં આવે એ પેટી જેવો આડો કબાટ જેને ઉપરથી ખોલવાનો હોય છે) ખોલો અને કંઈક ને કંઈક ખાવાનું મળી રહે એમ મારા બાળપણના દિવસોમાંથી શેરીની ધૂળની ડમરીઓ, વરસાદથી નેવે ટપકતાં પાણી, ઉનાળુ સુકાયેલા ખેતરમાં કપાસના સુકાયેલા કાલાનો ખખડાટ, બળદના ગળે બાંધેલા ઘૂઘરાનો અવાજ, ભેંસ દોહતી વેળાએ બાના બોઘડામાં દૂધની શેડનો

સરરરરરર સરરરરરર અવાજ, તડકામાં છલકાતા બેડાનો ચળકાટ અને ડેલીમાં ભરત ભરતી સરખે સરખી સૈયરના લાંબા ઢાળે ગવાતાં ગીતોમાંથી વાર્તા આવી છે.

મહોતું વાર્તાસંગ્રહની ત્રીજી આવૃત્તિ આવી રહી છે. પ્રથમ આવૃત્તિથી લઈને આ ત્રીજી આવૃત્તિ સુધી ઘણું બધું બદલાયું છે. વાચકો અને વિવેચકોનો અઢળક પ્રેમ પામેલી વાર્તાઓને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા યુવા પુરસ્કાર, ભારતીય ભાષા પરિષદ કોલકત્તા દ્વારા યુવા ગૌરવ પુરસ્કાર, વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા નાનાભાઈ જેબલિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તકનું તૃતીય પારિતોષિક ને ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ દ્વારા મોસ્ટ પ્રોમીસિંગ યંગ રાઇટર એમ અલગ અલગ કૅટેગરીમાં ઍવોર્ડ દ્વારા પોંખવામાં આવી. ડિઝર્વ કરતો હતો એનાથી પણ વધારે પ્રેમ અને સમ્માન મળ્યું છે. અત્યારે આંખ બંધ કરીને એ બધા જ મિત્રો અને સ્વજનોને યાદ કરું છું જેમના હૂંફના અજવાળે અહીં સુધી પહોંચાયું છે. એ બધાના ચહેરા ફિલ્મની રીલની જેમ અત્યારે આંખ સામેથી પસાર થાય છે ત્યારે મને સમજાય છે કે સંબંધ બાબતે હું ખરેખર જગતો સૌથી સમૃદ્ધ માણસ છું, નસીબદાર છું કે આ બધા લોકો મને મળ્યા છે. મારી બા, મારા દાદા અને દાદીમા, મારો નાનો ભાઈ આકાશ (જેની હંમેશાં એવી ફરિયાદ છે કે હું એના વિશે લખતો નથી!), મારી પત્ની સોનલ, અમારા જયશ્રીબા, મારો મોરી ડેલાનો આખો પરિવાર, મારા શિક્ષકો, મારું ગામ લાખાવાડ ને મારી ભાષાના દરેક સર્જકોને યાદ કરી લઉં છું. ભાવનગર ગદ્યસભા, સુજોસાફો વાર્તા શિબિર, કલાદ્વીપ, કલાપક્ષની સાથોસાથ મને સતત લખવા પ્રોત્સાહિત કરતા ભેરુડાઓ તાહા મન્સૂરી, પાર્થ તારપરા, અનંત રાઠોડ, અક્ષય દવે, વિરલ દેસાઈ, ચિંતન શેલત, મીત પંચાલ, વનરાજસિંહ સોલંકીનો આભારી છું. નીતા જોષી, મોના લીયા વિકમશી અને અજય સોનીને અચૂક યાદ કરી લઉં છું. મહોતું સંગ્રહની વાર્તાઓ થિએટર અને ફિલ્મ સુધી પહોંચી એનો અદકેરો આનંદ છે. કાયાવરોણ કે નવકલેવરની એ અનુભૂતિ ડિવાઇન છે. સંજય ત્રિવેદી, તેજલ ત્રિવેદી, વિજય કે. પટેલ, વિજયગિરિ બાવા, ટ્વિંકલ વિજયગિરિ બાવા, ઘનશ્યામ પટેલ, મયુરસિંહ સોલંકી ને વિજયગિરિ ફિલ્મ્સ પરિવાર જેમણે આ વાર્તાઓને નવા જગત સુધી મૂકી આપી. સંગ્રહની વાર્તાઓ એકોક્તિને નાટક સ્વરૂપે જુદી જુદી કૉલેજમાં નિયમિત રજૂ થાય છે એ દરેક નાટ્યકર્મીઓનો આભાર માની લઉં છું. પ્રથમ અને બીજી આવૃત્તિના પ્રકાશક આદરણીય ઉષા ઉપાધ્યાય અને કૌશલ ઉપાધ્યાયનો આભારી છું. પુસ્તકના કવર ફોટો ડિઝાઈન જેમણે કરી એ શક્તિસિંહ પરમાર અને એમની ટીમનો વિશેષ આભાર. નયના ડાભી ને ધારા વાઢેર જેમણે મહોતું પુસ્તકના કવરપેજ માટેનું મૉડેલિંગ કર્યું તો એ બંનેને ખાસ યાદ કરી લઉં છું. એ પાંચ સર્જકોને વંદન સાથે યાદ કરી લઉં છું જેમની વાર્તાઓએ મને પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે નિયમિત છાંયો આપ્યો છે એવા ચુનિલાલ મડિયા, કિરીટ દૂધાત, માય ડિયર જયુ, મહેન્દ્રસિંહ પરમાર ને શક્તિસિંહ પરમાર. મારી વાર્તાઓ જેમાં નિયમિત પ્રકાશિત થઈ છે એ દરેક સાહિત્યિક સામયિકોનો આભારી છું. મહોતુંની ત્રીજી આવૃત્તિ બાબતે જેમણે રસ દાખવ્યો એવા આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.ના ચિંતન શેઠ અને રત્નરાજ શેઠનો વિશેષ આભારી છું. મને ખાત્રી છે જ કે આમાંથી ઘણા લોકોનું નામ લેવાનું હું ચૂકી ગયો હોઈશ જ તો એ દરેકને મારા વંદન!

– રામ મોરી

E-mail : rammori3@gmail.com

મહોતું

"એ જય સગતમાં મારી બેનીને..." ડેલીમાંથી કાંગસડીનો અવાજ આઈવો. કોરે બેઠી બેઠી હું ભરત ભરતી'તી. બાજુવાળા બાબરની બાવલીના ભરત ભરાયેલ કળાયેલ ઓશીકા જોઈને મનેય તાન ચડેલું તે દિ' રાત કોરે બેઠી બેઠી ભરત ભર્યા કરતી. અમાર ડોશીમા તો ખાટલામાં ખુલ્લી આંખે સુતા'તા ને મારી બા વલોણાની ચાપ બંધ કરી એનાં પાંખડે ચોટેલાં માખણનાં ફોદાં લૂછી લૂછીને છાલિયામાં કાંઠે ભેગા કરતી હતી. કાળી બપોરનો તડકો આખી ડેલી ઉપર મન મૂકીને વરસતો હતો. અમારા ચાર રૂમની ઓશરીમાં પંખાનો અવાજ, બા જ્યારે બોઘડામાં હાથ નાખીને છાશ હલાવી હલાવી માખણનાં લોંદા કાઢતી હોય એનો અવાજ અને અમારી ડોશીના એકાદ બે નિહાકા સંભળાય, બીજી કોઈ ચહલપહલ ડેલીમાં નો હોય. ઈ ટાણે કાંગસડીનું "જય સગતમાં મારી બેનીને..." પખવાડિયે બપોર ટાણે સંભળાય. કાંગસડીનો અવાજ આઈવો એટલે મેં બા સામું જોયું, એણે ફટાફટ વલોણું એકબાજુ કરી, એનાં પાંખડાં લૂંછીને ટાંકો ખોલીને એમાં બોઘડું મૂક્યું ને કાંસાની તાંસળીમાં છાશ ભરી. "આવી ગઈ...? આવું સવ હો..." એટલું બોલીને છાશની તાંસળી હાથમાં લીધી ને એનાં રાણી કલરના લેરિયાનો છાતી સમાણો ઘૂમટો કાઢીને બા સડસડાટ ડેલીએ પોગી ગઈ. હું દોડીને ઓલીપાની ડેલી બંધ કરી આવી, દર વખતની જેમ જ. બાપુ ગાડી લઈને આવે ત્યારે ડેલી બંધ હોય તો હોર્ન મારે તો ખબર તો પડે ને કે ઈ આઈવા છે તો હટ બાને કીયાવાયને કે "બા ફટાફટ ઘરમાં ગર્ય, માર બાપુ આઈવા છે."

મારી બાને આ કાંગસડી હાર્યે ખબર નહીં પણ વર્ષોથી જાણે બેનપણાં. આમ તો અમારે ડેલા બહાર નીકળવાનું બવ બનતું નથી હોતું. ઈમાં વાતું વહટી તો કોની હાર્યે કરવી. પેલાં તો એય મજાના તીનનાં તપેલાં ભરી ભરીને લૂગડાં લઈન નદીયે જાતા ને શીપર માથે લૂગડાંની હારોહાર કેટલીય વાતો પથરાઈ જાતી. લૂગડાંય નીચોવાય ને કંઈ કેટલી ફરિયાદોય નીચોવાય. પોતાનાં ધણીને કાંઈ નો કઈ હકતી બાયું ઈના વરના સોવણાને કે બુશર્ટ પૅન્ટને બમણાં જોરથી ધોકાવતી હોય એવુંય જોયેલું. ને સાબુના ધોળા ફીણ જેવાં બાયુના હોંકારા 'હશે બાપા... અસતરી અવતાર... બાંધી મૂઠી લાખની...' આવા હોંકારામાં તો ભલભલ્યુંના ઘરના કજિયાનો કદડો નીકળી જતો. પણ હવે તો ભમરાળા ઘરે ઘરે નળ ગુડાઈ ગ્યા. તે પોતે ધૂણવાનું ને પોતે ધુપ દેવાનો. એકલાં એકલાં ધોકાવવાનું ને એકલાં એકલાં નીચોવવાનું. પેલી નદીયે બાયુંના ટોળા હોય એવી કાંઈ મજા નો આવે. નદીએ લૂગડાં ધોવા જાવાના બહાને બા ઘણી બધીવાર બાયું હારે વાતું કરવા જાતી પણ જ્યારથી નળ આવી ગ્યા કે બધ્યું બાયું બિચાર્યું એ એના ઘરનો ડોળ ઘરમાં જ કાઢવાનું ચાલુ કરી દીધું. એવા ટાણામાં આ એક કાંગસડી જ હતી કે જેની આગળ બા પેટ ભરીને વાતું કરતી. બાપુને આ બધું નો ગમે. મૂળે અમારી ડેલીને બાદ કરતાં આખો વસ્તાર વહવાયાનો. તે બાપુને ઈ જ નો ગોઠે. ને ઘણીવાર કીધા કરે કે 'આવા ને આવા મહોતા હાર્યે વળી હું સંબંધ રાખવાનો? એની હાર્યે તો વાટકી વેવારય નો હોય.' એટલે બાપુ આવે ને બા ડેલામાં કાંગસડી હાર્યે હોય તો બાપુ બાનો વારો પાડ્યા વગર નો રહે. મને છે ને બાપુ બાને કાનમાં કીડાં પડી જાય એવી ગાળ્યું આપે ને એવું કાંક બોલે ને એમાં કોઈ વાંધો નથી, બા ક્યેને એમ કે 'અસતરીના અવતારને મલક આખાની જીભની ટેવ પડી ગઈ હોય. આ કાનમાં મોટા ઠોળિયા ને વધારાના વીંધાની ટીબક્યું એટલે જ છે કે આ બધું કાનમાંથી કાઢી નાખવાનું, સંઘરવાનું નહીં!' પણ બાપુ ક્યારેક ક્યારેક બા ઉપર હાથ છૂટો કરી લે, ઈ મને નો ગમે એટલે જ હું બાની હારોહાર રહું. મારી બા તો બવ જ બોલતી ને વાતે વાતે દાંત કઢાવતી, પણ જ્યારથી આવી કાળી બપોરે જાગધારમાં પયણાવેલી મારી મોટીબહેન ભાવડી ખુલ્લા પગે બળબળતી બપોરે ઘરે ભાગી આવેલી ઈ ટાણાથી બાનું બોલવાનું ને દાંત કાઢવાનું બંધ. આવતા વેંત ભાવડી કોરે ઢગલો થઈને પડી ગયેલી ને છાતી ફાટી જાય એવું રોયેલી. હું તો કોરે બેઠી બેઠી નિશાળે જાવા બેય ચોટલાં ગૂંથતી હતી ને બા રોટલા ટીપતી હતી. એની ઈ કાળી

રાડ્ય તો આજેય કાનમાં ટીબક્યું પાકેલાં વીંધામાં પરું ભરાણું હોય એમ દુખે છે.

"ઓય મારી માડી રે... મને મારી નાખશે ઈ રોઝડીનાવ." લોટવાળા હાથે બા રાંધણિયા બહાર ધોડી આવેલી. મારી તો આંખ્યું ફાટી રહી ગયેલી. ગૂંચવાઈ ગયેલાં કોરા વાળ, સૂઝી ગયેલી આંખ્યું, પરસેવે રેબઝેબ ભાવડી કોરે બેવડ વળી ગયેલી, એનો આખો વાંહો લાલચોળ ને એમાં લાલ લાલ ચકામાં ઊપસી આવેલાં. બાના ગળામાં બેય હાથ પરોવી એ લગભગ બેસુધ જેવી થઈ ગયેલી. હું તો જડની જેમ ઊભી ઊભી જોઈ રહેલી. શું કરવું એવું કાંઈ સમજાતું જ નહોતું.

એ પછી તો આખા ડેલામાં લાલ-લીલી-પીળી-કેસરી બાંધણીઓ ને લેરિયાનાં ઘૂમટાઓ ઉભરાવવા લાગ્યા હતા. ઓશરી ને ફળિયામાં ગામનાં કડિયા ચોયણા સમાતા ન હતા. ચાના સબડકા, બીડીયુંના ધુમાડા ને બજર છીકણીનાં પડીકા ને પીચકારી વચ્ચે જાણે બધા શું લેવા ભેગા થ્યાસ ઈ તો જાણે બધાં ભૂલી જ ગ્યા. હું તો ચૂલેથી ત્યારે ચા મૂકવામાંથી જ નવરી નો'તી થાતી. ગૅસ ઉપર ચા માથે ચા મુકાતી જતી હતી. પૂળો પૂળો મૂંછોને સાઇડમાં કરી ચાઉ ઢીસતી એ બધી કરચલીઓ જાણે કોઈ અગમ ઉકેલ આપવાના હોય એમ આંખ્યું બંધ કરી મોઢામાંથી એના બાપના મસાણિયાનો ધુમાડો કાઢતાં કાઢતાં ખાટલે ગોઠવાઈ ગયેલા. ઘરમાં બધી બાયું બાના ખોળામાં માથું મૂકીને પડેલી ભાવડીની હામે છીંડું તોડીને આવેલું કોઈ જનાવર હોય એમ જોત્યું બેઠેલ્યું. મલક આખાના દાખલાને પરિણામોની ચર્ચા ત્યારે થાતી હતી. પણ એ બધામાં હવે આનું કરવાનું છે હું? ઈ સુવાલ તો ચા પીવાઈ ગયેલી એંઠી રકેબીની જેમ ઠેબે ચડતો હતો. બાપુ ફળિયામાં બેઠા બેઠા લાલઘૂમ થાતા હતા. ને માલીપા ઘરમાં બાયું તો જાણે બોલતી બંધ જ નહોતી થાતી.

"હશે બેન... ગમે એમ તોય તારું હાચું ઘર તો ઇ જ છે ને!"

"સહન કરતાં શીખ્ય ભાવુ, મૂંગા મોઢે મજાનું કામ કરીને ટેસડા નો કરવી."

"દખ તો બેન કોને નથી પડતા હેં બહેન, પણ ઈ બધું જીરવી જાય એનું નામ માણસ."

"ને ગમ્મે એમ તોય ઈ આપડો માણહ છે, ઈ નો મારે તો કોણ પાડોશી આવે?"

"અગન કસોટી છે આ બધી અસતરીના અવતારની. એને ભોગવ્યે જ છૂટકો મારી બહેન."

"કઠણાઈની કાબર્ય મારી બેન... કાલ્ય હવારે જણ્યા આવશે મા, ઘીના ઠામમાં ઘી ઢોળાઈ જાશે."

"અમાર લખમીને તો બાપા કેવા દખ પડ્યા'તા હેં? પણ સહન કરી જાણ્યું તો જુઓ આજ કેવી સુખી છે."

"તોય તારે તો હારું છે ભાવુ, બાકી અમાર સજનબા જેવું તને થ્યું હોય તો તો તું સીધી કૂવામાં જ પડ્ય." મને દાઝ ચડતી હતી, આ બધું હું થાવા બેઠું છે ઈ કાંઈ ખબર નોતી પડતી. પેટીને ટેકો દઈને બા બેઠી હતી. એની આંખ્યું રોઈ રોઈને સૂઝી ગયેલી. ભાવડી બાના ખોળામાં માથું મૂકીને બાના લેરિયાનો છેડો કસકસાવીને પકડી બેઠી હતી. પછી હું નક્કી થ્યું ઈ કાંઈ ખબર નો પડી ને કુટુંબનો એક લીંબુ લટકે એવો મૂંછાળો કાકો બાયું હતી એ ઓયડામાં આઈવો. લાગતી વળગતી બાયુંએ તરત ઘૂમટા તાણ્યા.

"હાલો લ્યો, બેનબાને તૈયાર કરી દ્યો, જાગધાર પાછા મૂકવા જાવાની છે." ભાવડીએ તો રીતસરનો ઠૂંઠવો મેલ્યો. બા બે હાથ જોડી કરગરવા લાગી.

"મારી સોડીને મારી નાખશે ઈ નભ્ભાયા. મારી સોડીને મારે નથી મૂકવી ન્યાં."

"તો તમારી માને આખી જિંદગી ઘરમાં ઘાલી રાખશો?" કાકા બા ઉપર તાડૂક્યા. કાકા ને બાની ચણભણમાં ખબર્ય નો રય કે ક્યાંથી બાપુ ઘરમાં આવી ગ્યા અને એક દીધી હોય ને ફેરવીને... કહેતો ઊપડેલો હાથ બાના મોઢા પર ઝીંકાયો. ભાવડી તો બાને મૂકતી જ નહોતી, એનું બાવડું પકડીને બાપુએ વડકું કર્યું, "થા મોર્ય, નકર વારો પાડી દેશ મા-દીકરી બેયનો. તારી માને આખો ભવ ઘરમાં ગુડી રાખવી છે? વહવાયા સવી આપડે કાંય...?" હું હિબકાં ભરતી ભરતી બાજુમાં ઊભી રહી ગયેલી. રોતી કકળતી ભાવડીને પાણીનો કળશ્યોય નસીબ નો થ્યો ને ઢસડાતી કુટાતી ગાડીમાં બેસાડી દીધી ને

કટમ્બની ચાર ગાડી જાગધાર ગામના રસ્તે.

બધું વિખેરાઈ ગયું. ખુરશીના પ્લાસ્ટિકના પાયા પર ઓલવેલી બીડીયુંના કાળા ડાઘા, ચૂનાની પડીક્યું, માવાના કાગળ, એંઠી રકેબ્યું ને છીંકણીની પીચકારીયું આખી ડેલી સામે જાણે દાંતિયા કરતી હતી. અમારી ડોશીને તો વર્ષોથી કાંઈ સૂધબૂધ નથી રે'તી, તે ખાટલામાં સૂઈ રહે. ખવડાવો ઈ ખાય ને પીવડાવો એ પીવે, પણ આ ટાણે ખબર નહીં કે એને હું સમજાણું હશે તે ખાટલામાં પડ્યાં પડ્યાં એણે રોવાનું ચાલુ કરેલું. પેટીને ટેકો દઈ ઈ આખો દિ' બા ચૂપચાપ ગુમસૂમ પડી રહેલી.

એ પછી તો બપોરે ઘણીવાર ભાવડીના ફોન આવતાં ને હું ઉપાડતી. ઈ રોતી રોતી કે'તી કે બાને ફોન દે... બા તો બારસાખે ઊભી ઊભી હિબકાં ભરતી મને કે'તી.

"હરસુડી, ભાવડીને ક્યે કે બા વાડીયે ગ્યા છે...!" હું રોવા જેવી થઈને કે'તી કે "બહેન, બા તો છે ને... ઈ તો... છે ને..." ને ઈ રોતી રોતી તલેલાં નાખતી.

"નભ્ભાય, તને તો ખોટું બોલતાંય નથ આવડતું." ને એનો ફોન મુકાઈ જાતો. એ પછી બા ક્યાંય સુધી એ ફોનને પકડીને બસ રોયા જ કરતી. બા ઘણીવાર કામ કરતી કરતી એનામાં ખોવાઈ જાય, દૂધ ઊભરાઈ જાય, રોટલા બળી જાય, ફળિયું વાળતી વાળતી હેઠી બેસી જાય, નળ હેઠે ડોલ છલકાતી હોય ને બા તો નમણે હાથ મૂકીને બસ રોયા જ કરે, રોયા જ કરે...! ખાતી ખાતી ક્યારેક મને પૂછે કે, "હર્ષા, મારી ભાવુએ બીશારીયે ખાધું હશે?" ને પછી કોળિયો એના ગળે નો ઊતરે. રાતે બા મારી ભેગી સૂતી હોય, અડધી રાતેય મારી આંખ ઊઘડી જાય ને જોઉં તો બા તો ભાવડી જ્યાં આવીને પડી હતી ઈ કોરે બેઠી બેઠી ન્યાં અટાણે અંધારામાં અપલક જોયા કરતી હોય.

તે ઈ ટાણામાં આ કાંગસડી આવતી થઈ ને ઈને બાની હાર્યે બેનપણા થ્યા. તે બા એની એકની હારે વાતું કરતી. પખવાડિયે ગામમાં કટલેરીનો સૂંડલો ભરીને આવતી આ કાંગસડીનો મનેય ભારે લગાવ. એની પાંહે ભાત ભાત ને જાતજાતની વાતું હોય. અટલા વરસથી આ ગામમાં આવે પણ બપોરા તો એ અમારી ડેલીમાં જ કરે. ઈ આવેને "જય સગતમાં મારી બેનીને..." બોલે એટલે બા તાંસળી ભરીને છાશ ડેલીમાં લઈ જાય. પછી કાંગસડી રોટલો, ગાંઠિયાનું શાક, ડુંગળી ને છાશ પીતી જાય ને વાતું કરતી જાય. અમારે ગામડા ગામની સોડિયું ને હટાણું કરવા ઘાંયતાંય જાવા નો મળે તે આ કાંગસડી જ બધા સમાચાર લાવતી કે "બહેન, આ બંગડી જુઓ, સમ્મક સલ્લો ફેશનની સે!"

"આ જોવો નખ રંગવાની શીશી, એની માલીપા તૈણ કલરની ભાત પડે હોં... અમારે ન્યાં શહેરમાં તો કૉલેજ કરવા જાય ઈ બધ્યું આ જ શીશી વાપરે..."

"આ કાનમાં પે'રવાનાં લાંબી સર્યુંના બૂટિયા. આજકાલ આનું બવ ચલણ છે, ટી.વી.માં નથી જોતાં?"

"ઈ નો લે બેન... એની ફેશન નથી, આ ચાંદલા જો, એમાં દિપીકાનું ફોટું સે કે નહીં? હેં, દિપીકા આ જ ચાંદલા સોટાડે હાં." હું એને આમ એકધારી બોલતી જોયા જ કરતી. વૅલ્વેટનો પીળા કલરનો ને માલીપા લાલ ચાંદલાવાળો કમખો, આસમાની વૅલ્વેટનો ઘેરદાર ચણિયો ને એમાં મોરલાની ભાત ને લાલ-પીળા-કેસરી મોતીભરત ને માથે શ્યામ ગુલાબી કલરની રંગ ઊડી ગયેલી મહોતાં જેવી આછી ઓઢણી, બાપુ કાંઈ આમને લોકોને અમસ્તાં જ તે મહોતું નહોતાં કહેતાં. એની ઓઢણીની જરીવાળી કોર્ય તડકામાં બહુ જ તબકે. બેય હાથમાં લીલીલાલ ને પીળી બંગડી, ગળામાં લાંબી કાળા પીળા મોતીની માળા, કાનમાં ચાંદીના મોટા જાડ્ડા બુટ્ટા અને ઈ બુટ્ટાની પાતળી સાંકળ જેવી સર્યુ ઠેઠ વાંહે અંબોડા માથે પીનમાં ખોસેલી. એણે એના જાડા કાળા ભમ્મર વાળને અંબોડામાં કસકસાવીને બાંધીને કાળી જાળીમાં ગૂંથેલાં. કપાળે રૂપિયાના સિક્કા જેવો મોટો ગોળ ચાંદલો ને દાંત કાઢે ત્યારે એના પીળાં પડી ગયેલાં માવો ખાતાં દાંત ચમકે, જાડા હોઠ, ગળામાં બેય હાથમાં મોર, પોપટ, ટિબક્યું, વીંછીં, ઓમની ને કાન ગોપીની ભાત પડાવેલી. એનું ભરાવદાર ડિલ ને કમખાને ચણિયાની વચાળ લચી પડતાં પેટ ઉપર ધોળાને લાલ મોતી ભરેલો ફિક્કો પડેલો કંદોરો, મશીનની કાળી ભાત પડાવેલ પગ ઉપર ચાંદીના મેલા ઝાંઝર. મને એના હોઠ હેઠેની કાળી ટીલી બહુ જ ગોઠતી, તેં એક દિ' હુંય તે ખાટલો

ઢસડી કાળી સ્કેચપેનથી મારા હોઠ હેઠળય કાળી ટીલી કરતી હતી ને શો કેસમાં જોઈને મલકાતી'તી ત્યાં મારી બા ભાળી ગઈને મને ખિજાતી ક્યે, "નભ્ભાઈ, તાર બાપ ભાળશે તો વારો પાડી દેશે, ભૂંશ બધા આ વણઝારણ જેવા વેશ!" કાંગસડી આવતી ત્યારે એના પગમાં મેં તો ચંપલ કોઈ દી' જોયા નહોતા, તે એક દિ' બાએ એને ચંપલ આપતા કીધું.

"લ્યે બેન ચંપા, આ ચંપલ મારે કશા કામના નથી. તું પેર્ય તને પગબયણું લાગતું હશે!" ત્યારે દાંત કાઢતી એ માવાની પીચકારી મારતાં બોલેલી.

"તમારી બાયુના સંપલ અમારું જોમ નો ખમી હકે."

હું બાને ઘણીફેર કે'તી કે "બા આની પાંહે તો જાતજાતનું તૈયાર થાવાનું છે તો કેમ તૈયાર થઈને આંટા નહીં મારતી હોય? એની વગનું જ છે બધું સૂંડલામાં તોય ભૂત જેવી થઈન કાં આંટા મારતી હોય છે?" ત્યારે બા કે'તી કે "પોતાની વગ બધે જ વાપરી હકાતી હોત તો તો કેવું હારુ હોત!" આટલું બોલી બા ફરી ગુમસૂમ થઈ જાતી.

કાંગસડી એનો સૂંડલો મૂકે ને સોડિયુંના ટોળેટોળાં ઊમટી પડે. એક હાથ લાંબું બાસકું ઈ સૂંડલામાં હારે લઈને જ આંટા મારતી હોય, એની એક એક ગાંઠ છૂટતી જાય ને ભેગી કાંગસડીની વાત્યુંય છૂટતી જાય. બા ક્યારેય ભાવડીની વાત્યું કાંગસડી પાંહે નો કરતી પણ એની પાંહે તો ગામ આખાની વાત્યું હોય, ઈ તો ગામ આખાની વાત્યું કરતી જાય ને રોટલો ચાવતી જાય. બા એને દરફેલે છાશ આપે તે ઈ કાંગસડી મને ચાંદલાનું પાકીટ મફત આપે, હું ન લઉં તો બા તરત જ ક્યે.

"લઈ લે... માસી થાય, ના નો પડાય!" લ્યો તો હવે આ કાંગસડી મારી માસીય થઈ ગયેલી.

એકબે વાર તો બધું જોવામાં હું એટલી બધી તલ્લીન થઈ ગઈ'તી કે ક્યારે બાપુ આવી ગ્યા એની ખબર નો રહી ને ઈ ટાણે તો બાપુએ આખો ડેલો માથે લીધેલો. કાંગસડીને બંડીકો લઈને મારવા ધોડેલા.

"ખૂટ્યલમારીની, ભીંસા ખેરવી નાખીશ તારા જો હવે ડેલીમાં પગ મૂક્યો છે તો. ટાંટિયા ભાંગી નાખીશ." આખી વાતને ગાંઠ્યું વાળતી હોય એમ ઈ કાંગસડી ઊભી થયેલી, "બાયું ઉપર જોર કાં બતાવે છે ભાઈ? કયું તારું ગરાસ લૂંટવા આવી છવ તે આટલો રાતોપીળો થા છો! હું તો જો, આ હાલ્યી..." એ પછી નમતી બપોરે સૂંડલો માથે ચડાવી, ઓઢણીનો છેડો દાંત હેઠે દબાવી એ ગઈ તે ગઈ પછી કેટલાય દિ' દેખાણી નો'તી. ભાવડી ઘેર આવી હતી એ દાડાથી બાપુનો અમારી ઉપર કડપ ને હાથ વધી ગયેલો. વાતેવાતે ઈ બા ઉપર છુટ્ટો ઘા કરી લેતાં. તે દિવસેય બપોરે ઈ રોંઢો કરતા'તા ને હું અમાર ડોશીને ટેકો દઈ બેહાડીને શાકમાં રોટલો ચોળેલો હતો એના કોળિયા દેતી હતી ને મારી બા બારસાખે ઊભી ઊભી લેરિયાના ઘૂમટામાંથી ખાલી એટલું જ બોલેલી કે,

"ઘણા દિ' થઈ ગ્યાસ. ભાવડીના બાપુ, તમે એક આંટો દીકરી પાંહે મારીયાવો તો..." ખણખણણણણણ કરતો છુટ્ટો તાંસળીનો ઘા બા સામે થયો. કપાળે હાથ દઈ બા ઉંબર ઉપર હેઠી બેસી ગઈ. અડધો રોંઢો મૂકીને બાપુ ઊભા થૈ ગ્યા ને બાને હજુ કાંઈક વધુ મારવા જાય એ પહેલાં હું ધોડીને બાની આડી પડી ગઈ.

"તારી માને જધ્ધે ઘોડાઆણ્યની, તારી માએ મારી આબરૂના ઓછા ધજાગરા કર્યા છે કે તારે હજી મને ન્યાં મોકલવો છે? તારામાં તો અક્કલનો છાંટો નહીં તે સોડિયુંમાં શું આવે? જલમ્યા ભેગી મારે તો જળુંમ્બમાં ગુડી દેવાની જરૂર હતી તો આ દિ' જ નો આવત."

ઈ પછી ગામમાં મારું આઠમું ધોરણ પૂરું થઈ ગ્યું પણ ભાવડીવાળા કેસના લીધે પછી અપડાઉન કરવાય બાપુએ મને બાજુના ગામ સુધીય નો જાવા દીધી. મારી હાર્યની બધ્ધી સોડિયું સાઇકલની ટંકોરી ખખડાવતી અપડાઉન કરતી થઈ ગઈ પણ ભાવડીના કેસના લીધે મારે નસીબ ઈ નો થ્યું તો મેં કીધું બળ્યું ભણતર ભરત ભરવા બેહી જાવી!

બાની સૂઝી ગયેલી આંખ્યું જોઉં તો એમાં મને ભાવડીના ખુલ્લા વાંસામાં પડેલા લાલ ચકામા જેવા

દોરા દેખાય. અમારા ડોશીમાનેય હું શાકમાં રોટલો ચોળીને ટેકો દઈ બેસાડીને કોળિયા એના મોઢામાં મૂકતી હોઉં ત્યારે મને એમની ફિક્કી પડી ગયેલી આંખ્યુંમાં થીજી ગયેલા એકાદ બે લાલ દોરા તગતગતાં દેખાય. બા કે'તા કે અમારા એક ફઈ હતાં, વસનફઈબા. બાપુના મોટા બહેન. ઈને સાસરે વળાવ્યા ઈ ટાણે અમારા ડોસાજીય તે હયાત. તે ન્યાં સાસરિયે કંકાસથી કંટાળીને એક દિ' એણે અગન પછેડો ઓઢી લીધો, બળી મરેલા! તે ઈના ક્રિયાકરમ પતાવ્યા પછી આંયા ભળભાંખળે ફોન આવેલો કે "તમારી દીકરી બળી મરી છે." તે અમાર ડોશીને ઈ વાતનું એટલું વહમું લાગી ગ્યું કે મારી દીકરીયે એના દખ બાબત મને કાંઈ કેવરાવ્યુંય નહીં ને હું મા થઈને મારા જણ્યાનું દખ હમજીય નો હકી... કે બસ તે દી'ની ઘડી ને આજનો દી' ડોશી ખાટલામાં ગુમસૂમ પડ્યાં રહે, અને હવે તો ભળભાંખળે કોઈના ફોન આવે તો અમાર ડોશી તો આખી ડેલી ગાજી જાય એવા રાગડા તાણી તાણીને રોવા માંડે કે "હેં મારી વસનને બાળી નાખી... મારી વસનને મારી નાખી... એ ફોન આયવો... ફોન આયવો..." તે આજકાલ આવતા ફોનના લીધે બાનેય તે કાંઈક આવું આવું થાવા માંડ્યું. કોઈકનો ફોન આવે ને બા ધરુજવા માંડે. પરસેવો વળવા મંડે એને તો. રાતોરાત જાણે કે મારી બા ગઢી થઈ ગઈ એવું લાગ્યા કરે.

તે આજે કેટલાય દી' પછી કાંગસડીનો "જય સગતમા મારી બેનીને..." અવાજ સંભળાયો તે બા તો ઝાલી નો ઝલાય એટલા હરખથી રાણી કલરના લેરિયાનો ઘૂમટો તાણતી છાશની તાંસળી ભરીને સડસડાટ ડેલીએ પહોંચી ગઈ. મેં ધોડીને ઓલીપાનો ડેલો બંધ કર્યો અને આ બાજુ ડેલામાં આવી તો નવાઈથી જોઈ રહી કે બાઈ આ વળી નવી કોણ? જોઉં તો કાંગસડીની હારે એક બીજી નાની કાંગસડી. એકહારે બે બે કટલેરીના સૂંડલા મુકાણા હતા. મને બા કે,

"જા હરસુડી, હબદણ્ય દોટ મેલ્ય ને બીજું છાલિયું છાશનું ભરીને આવ્ય ટાંકામાંથી જા..." હું દોડતી છાશ લેવા ગઈ ને ગઈ એની કરતાંય બમણી ઝડપે પાછી આવી. એક પગ ઊભડક ને બીજા પગની પલોઠી વાળીને મહોતાં જેવી ઓઢણીથી પરસેવો લૂંછતી બેય કાંગસડી રોટલો, ગાંઠિયાનું શાક દાબડવા માંડ્યું. હું બેય હાથ કેડ્યમાં ટેકવીને નવી કાંગસડીને જોતી હતી. બા હેઠે બેહી ગઈ ને નવી કાંગસડી સામું જોતાં મોટીને પૂછવા લાગ્યા.

"તે બેન, આને તો તે પયણાવી દીધી'તી ને?"

"હા, પયણાવી તો હતી બહેન..." રોટલો ચાવતાં ચાવતાં મોઢામાંથી મોવળો કાઢતાં એ બોલી, "...પણ ભમરાળો એનો વર, પીટ્યો દારૂડિયો હતો." હું પેલી નાની કાંગસડીને જોઈ રહી. ઓઢણીના છેડાને એક હાથે પકડીને એ ફટાફટ રોટલો ચાવતી હતી.

"અરે બેન, અમારે તો આ નશીબદારની દીકરીને તો સગતમાં થઈને પૂજાવું હતું. લે...કાંય કેવરાવતી નોતી તે ઇ નીસમારીનો આને એટલી બધી મારે... ઈ આ બધું ખમી ખાતી હતી." મારી બા અપલક નજરે પેલી નવી કાંગસડીને જોઈ રહી.

"ઈ તો ભલું પૂછો એના પાડોશીનું કે ઈને કાંક સતબુદ્ધિ આવી ને મને કર્યો ફોન કે બહેન ચંપા, હાલ્ય તારી જણીને આ ખાટકી પતાવી દે ઈ પે'લા લઈ જા." છાશવાળા બગડેલા હોઠ એને ઓઢણીથી લૂંછ્યા.

"પણ વાંધો હું પડ્યો'તો બહેન?" બાએ માથાનો છેડો સરખો કર્યો.

"વાંધો? વાંધાને કાંય વાનામાતર હોય બહેન... કામધંધો નો'તો કરવો ને દારૂ પીઈને પડ્યું રે'વું હતું હરાયા ઢોરની જેમ. પણ હું કાંઈ એમ મૂંગી મૂંગી ભોમાં ભંડારી નાખો એવી શેની? આંયથી સાત વાગ્યાની બસ પકડીને ન્યાં ગઈ ને વળતાં નવ વાગ્યાની બસમાં સૂંડલો કરિયાવર સમેત દીકરી પાછી. આંય બાકી મારી દીકરીની દાતરડીની કમાણી પર ઈ ભમરાળો તાગડધીના કરે ઈ વાતમાં માલ નહીં... લેં આ રોટલો ખૂટવાડ્ય!" એણે વધારાનું રોટલાનું બટકું દીકરી તરફ ધર્યું. ઓલીપાની ડેલી બહાર બાપુની ગાડીનો હોર્ન સંભળાતો હતો.

"બેન, આદમી વગર કાંઈ તાવડી ટેકો લઈ જાય છે? જીવતર તો એના વિનાય ધોડ્યું જાય મારું ગ્યું

એવું. મારી માય કાંગસ્યું વેચતી, હુંય વેચું છું ને હવે મારી દીકરીય વેચશે. હું ફેર પડી જાવાનો? પણ ઈ એની માના વરો નચાવે એમ નાચીએ ઈ વાત ખોટી...” હું બાકીનું સાંભળવા ન રોકાણી, ધોડીને ઓલીપાના ડેલે ગઈ ને ડેલો ઉઘાડ્યો.

“ક્યાં મરી ગઈથી?” કાનમાં ડાટા ભરાવ્યા છે?

“હેં...હા...હું??? હું તો... બાપુને જવાબ દીધા વિના, ઈ ગાડીને ઘોડી ચડાવે ત્યાં તો હું ધોડીને આ ડેલીમાં પોગી ગઈ. બાનો હાથ પકડી કે’વા મંડી, “બા, માર બાપુ આયવા છે, હબદણ્ય ઘરમાં ગર્ય...” બેય કાંગસડીયુંએ સૂંડલા માથે ચડાવ્યા. બાએ બ્લાઉઝમાંથી પાકીટ કાઢ્યું ને દસની નોટ કાઢી અને નાની કાંગસડીના હાથમાં મૂકી. ઓલી નો’તી લેતી. કાંગસડી એની દિકરીને ક્યે,

“લઈ લે, માસી થાય, ના નો પડાય...!” બાની આંખ્યું ભરાઈ આવી. એને દુખણા લીધા અને ‘આવજે’ એવું કાંઈક બોલવા જેવું કર્યું પણ એનું ગળું ભરાઈ આવ્યું હતું તો બોલાતું નહોતું.

બાપુ ફળિયામાં રાડ્યું નાખતા’તા.

“ક્યાં મરી ગ્યું બેય... રખડેલના પેટન્યું.” હું ધોડીને ફળિયામાં આવી.

“ક્યાં છે તારી મા?”

“ડેલીમાં.”

“ન્યાં હું એના બાપની દાટી હતી? ઠેક... ઓલી આવી હશે હેને મહોતાવાળી.” આટલું બોલીને એણે મોટાં મોટાં ડગલાં ભર્યાં ડેલી બાજુ. રસ્તામાં ભીંતે ટેકવેલી સોટી એણે હાથમાં લીધી. હુંય ધોડતી બાપુની હારોહાર ડેલીમાં. જોયું તો તડકાની સોનેરી લ્હાય વચાળ ચપ્પલ વગરના મા-દીકરીના પગ ધીમી અને મક્કમ હાલ્યે હાલતા’તા. પવન ફૂંકાતો હતો અને એમાં એની ઓઢણીઓ ઊડાઊડ કરતી હતી. ઈ ઓઢણીને દાંત તળે દબાવી મા-દીકરી શેરી ઊતરતી હતી. દીકરીના ઉઘાડા ખભા પર માનો હાથ ઢંકાયેલો હતો. આ બાજુ ડેલીમાં બા ક્યાંય સુધી મા-દીકરીને આમ જાતા જોઈ રહી. પવન બાના માથે ઓઢેલાં લેરિયામાં ભરાણો અને લેરિયાનો છેડો ઊડાઊડ કરતો’તો. મને બાપુને બે ઘડી કે’વાનું મન થઈ ગ્યું કે,

“બાપુ, મહોતું તો મારી બાએ ઓઢ્યું છે... લેરિયું પે’રીને ઓલી મા-દીકરી તો ક્યારનીય નીકળી ગ્યું!”

– શબ્દસૃષ્ટિ (માર્ચ 2015)



એકવીસમું ટિફિન

"નીતુ..." મમ્મીના ઘાંટાએ મારી ચેટની મજા બગાડી નાખી. હું ડ્રોઇંગરૂમમાંથી સીધી રસોડામાં ગઈ.

"મમ્મી પ્લીઝ, ડૉન્ટ કોલ મી નીતુ, યુ નો વ્હોટ માય નેમ ઇઝ નિતલ. તને ભૂલવાની આદત છે, પણ એની સાબિતી વારંવાર આપવાની કોઈ જરૂર નથી. લાસ્ટટાઇમ જ્યારે મારી કૉલેજ ફ્રેન્ડ આવી હતી ત્યારે તારા નીતુ...નીતુ...ના બરાડાને લીધે આજે આખી કૉલેજ મને આર.કે.ની મોમ કહીને બોલાવે છે. હું ગુસ્સાથી ભભૂકતી હતી પણ એ તો શાંતિથી જાણે કશું થયું જ નથી એમ બધા ટિફિન ફટાફટ ભરવા લાગી.

"આ આર.કે. કોણ છે?" એ રોટલી ગણતાં ગણતાં બોલી.

"ઓહ ગૉડ, ડેમ ઇટ, આર.કે. મીન્સ રણબીર કપૂર, પણ પાછી એમ ન પૂછતી કે કોણ રણબીર? એ મારી કૉલેજનો કોઈ છોકરો નથી. બાય ધ વે, હું તારી આગળ આ ભાગવત શું કામ માડું છું? ઍન્ડ મોમ લીસન, આ તારા ઑર્થોડોક્સ થિંકિંગ્સ તારા ટિફિન્સના વધેલા એંઠવાડની જેમ ફેંકી દે અને મારા પર શંકા કરવાનું બંધ કરી દે. બોલ શું કામ હતું?" કોરાવાળની લટોને મેં આટલું બોલતા તો કેટલીયવાર ગૂંચવી નાખી.

"સાડા અગિયાર થઈ ગયા છે, બપોરના ટિફિન રવાના કરવાનો સમય થઈ ગયો છે. તને ખબર તો છે કે મારાથી એકલા પંડે વીસ ટિફિન સચવાતા નથી. મને તારી મદદની થોડી જરૂર તો પડે જ ને" એ એના કામમાં મશગૂલ હતી.

"મમ્મી, આ તો છેલ્લા દસ દિવસથી મારે વૅકેશન પડ્યું, બાકી તો તું જાતે જ ટિફિન ભરતી અને હવે તું અચાનક થાકવા લાગી? અને હું તો કહું છું કે આ બધા ધંધા બંધ કરને પ્લીઝ!"

"વીસે વીસ છોકરાઓને એક ઝાટકે કહી દઉં કે કાલથી ટિફિન બંધ?" મારી સામે એણે વેધક નજર કરી ને હું ફરી ગૂંચવાઈ ગઈ.

તારા પપ્પાને આ ઘર ચલાવવા પૈસા આપવાની જરૂર નથી પડતી એ આ ટિફિનના કારણે જ. એ શેરબજારમાં પોતાની કમાઈ ઘરખર્ચની ચિંતા કર્યા વિના રોકી શકે છે, તું મૉડર્ન કૉલેજમાં ભણે છે એ આ ટિફિનના કારણે જ.

"ઓહ સ્ટોપ ઇટ મોમ, તું શું એમ કહેવા માંગે છે કે પપ્પા એમની જવાબદારીથી દૂર ભાગે છે? એને તારા પર ધ્યાન નથી આપ્યું? એ તને પ્રેમ તો કરે જ છે. આ ઘર આપ્યું, ખાવાનું આપી શકે છે, પહેરવા કપડાં આપી શકે છે, સાથે રહીને સેફ્ટી આપે છે."

"એ બધું તો જેલ પણ આપે છે." હું એમને તાકી રહી. એની મોટી અણિયાળી આંખોમાં મેં પપ્પાની વ્યસ્તતા વિશેની ફરિયાદ ઝાંખવાના પ્રયત્ન કર્યા પણ મમ્મીની આંખમાં મને ક્યારેય કશું દેખાતું નથી, સાવ જ કોરી આંખો. એના સપાટ ચહેરાની રેખાઓમાં પણ ક્યારેય કોઈ ફેરફાર નહીં. મારી મમ્મી છે જ એવી, પહેલેથી જ સાવ અણઘડ, અવ્યવસ્થિત, વ્યસ્ત, છતાં એક ગુપ્ત કોયડા જેવી. પપ્પાને તો હું એટલા ઓળખું છું કે હવે પછી એ શું કહેવાના છે કે શું કરવાના છે એ હું અગાઉથી જ કહી દઉં.

નાનપણથી ઘરમાં મેં એક રૂટિન જોયું છે. પપ્પા, તો સતત વ્યસ્ત ફોન, અડધી પિવાયેલી સિગારેટ, વ્હાઇટ ગંજી અને બ્લ્યુ લુંગી, ટી.વી. પરના માર્કેટનો હિસાબ, દુકાન, જમતાં જમતાંય વ્યસ્ત રહેતી દલાલી, રાત્રે મોડેથી પાછાં ફરતાં થાકેલાં શેરસ...ને મારી મમ્મી તો સવાર-સાંજ બે ટાઇમ વીસ ટિફિન તૈયાર કરતું કૂકર જાણે, દિવસનો ત્રીજો ભાગ રસોડામાં શરૂ થાય અને રસોડામાં પૂરો. ઘણીવાર મને એવું પણ લાગે કે મમ્મીએ જ પોતાની જાતને આમાં કેદ કરી લીધી છે. અણઘડ, ફિક્કી સાડી, કસકસાવીને બાંધેલો અંબોડો, ચહેરા પર ઊડતી સફેદ લટો, પેટની વધી ગયેલી ચરબી અને પરસેવે ગંધાતું વ્યક્તિત્વ. મને યાદ છે પહેલાં તો મમ્મી પાંચ ટિફિન જ બનાવતી, પછી દસ અને હવે વીસ. મેં

ટૅબ્લેટ એક બાજુ મૂક્યું ને ટિફિનને કાપડની બૅગમાં પેક કરવા લાગી. વીસેવીસ ટિફિન તૈયાર થઈ ગયા અને હું ડ્રૉઇંગરૂમમાં જઈ ચેટ કરવા બેસી ગઈ. મમ્મી થોડીવારે ત્યાં આવી એણે ટી.વી. ઓન કર્યું અને ચૅનલો ફેરવવા લાગી.

"મમ્મી, તને નથી લાગતું કે તારે તારી સફેદ લટોને રંગવાની જરૂર છે?" મેં ચેટ કરતાં કરતાં પૂછ્યું.

"જેવું છે મારે મન સોનાનું છે બધું." એ ચૅનલ ફેરવતી હતી કે વચ્ચે રણબીરનું રોમૅન્ટિક સોંગ આવ્યું.

"વાઉ, મમ્મી રહેવા દે ફેરવતી નહીં..." એ ચૅનલ ફેરવ્યા વિના ધીમેથી ઊભી થઈ અને ટિફિન સપ્લાયર સર્વિસ કરતાં ભાનુદાદાની રાહ જોતી દરવાજે ઊભી રહી.

"નીતુ, હવે થાકી જવાય છે, હવે વધારે ટિફિન નથી કરવા, છે એટલા પૂરતા છે." એ સફેદ લટોને કાન પાછળ ગોઠવતાં બોલી, મેં એના તરફ અછડતી નજર નાખી અને પાછું સોંગમાં મન પરોવ્યું. થોડીવાર સુધી ડ્રૉઇંગરૂમમાં ચૂપકીદીનું એક વજન તોળાતું રહ્યું, મને લાગ્યું કે એ મને કશુંક કહેવા માગે છે પણ અનુસંધાન સાધવા મથે છે.

"નીતુ, બારી ખોલને ઘરમાં કેટલું અંધારું લાગે છે!" મેં બારીની સ્ટોપર ખોલી, બારીને ધક્કો માર્યો અને હળવા ધક્કા સાથે અજવાળું રૂમમાં પ્રવેશ્યું. એ સાથે જ ગેટ ખૂલવાનો અવાજ આવ્યો. મેં તસ્દી ન લીધી, કદાચ ભાનુદાદા જ હશે. ટિફિન લેવા આવ્યા હશે, પણ એ તો સાઇકલની ઘંટડી વગાડે જ તો આ...

"નમસ્તે. મે આઇ કમ ઇન મેમ?" વાઉં! વૉટ એ વૉઇસ, બિલકુલ રણબીર જેવો. મેં ટૅબ્લૅટ એકબાજુ મૂકીને બારીમાંથી જોયું.

અંદાજીત પચ્ચીસ વર્ષનો છોકરો ઘરમાં પ્રવેશ્યો. મમ્મીએ મારી સામે જોઈને ધીમેથી કહ્યું,

"નીતુ, અંદર જા..." હું હજી કંઈ વિચારું કે બોલું એ પહેલાં તો એ છોકરો ઘરમાં પ્રવેશી ગયો. સોફા પર બેઠો. હું એને તાકતી રહી. ફૉર્મલ બૉડીટાઇટ પર્પલ પાર્ટીવેર શર્ટ અને બ્લેકપૅન્ટ, વ્યવસ્થિત ઓળેલા વાળ, હાથમાં બાંધેલ ફૉર્મલ ઘડિયાળ, માંજરી આંખ, મોટું કપાળ, માપસર નાક, ઉપર પતલો અને નીચે તેનાથી સાઇઝમાં થોડો મોટો હોઠ, સ્માઇલિંગ ટાઇમે લાઇનસર ગોઠવાયેલા દાંત, સ્પામાંથી હમણાં જ નીકળ્યો હોય એવી ચમકતી સ્કીન, પૂરું પાંચ ફૂટ અને છ ઇંચનું પરફેક્ટ મૅરેજ મટિરિયલ. હું એને એકિટશે પાંપણ પલાકાર્યા વિના જોતી હતી એ કદાચ એને ખ્યાલ હોય એમ સ્મિત કરતાં એણે મને અને મમ્મીને કહ્યું,

"હેલ્લો, મારું નામ ધ્રુવ મજુમદાર છે. હું એન્જિનિયર છું, કાલે જ આ સિટીમાં આવ્યો છું, છ મહિના અહીંની કંપનીમાં મારી વિઝિટિંગ ટ્રેનિંગ છે." હું પેલાને એકીટશે જોઉં છું એ કદાચ મમ્મીને વહેલા ખ્યાલ આવી ગયો હશે... હું બોલવા જ જતી હતી કે,

"હાઈ, માય સેલ્ફ નિતલ." ત્યાં તો મમ્મી બોલી,

"નીતુ, પાણી લાવ." હું બબડતી બબડતી રસોડામાં ગઈ. પાછળથી મમ્મી અંદર આવી. હું એને કંઈ કહેવા ગઈ કે એ સીધી તાડૂકી,

"કમસેકમ એક દુપટ્ટો સાથે રાખતી તો હો, ટિફિન સર્વિસ કરીએ છીએ તો ગમ્મે ત્યારે ગમ્મે એટલાં છોકરાઓ હિસાબ લેવા દેવા આવ્યા કરે, અને તારા આ કૉલેજના વૅકેશન પછી તો બધાનાં આંટાફેરા વધી ગયા છે."

"હોલ્ડ મમ્મી જસ્ટ હોલ્ડ. તું કામ પતાવીને વળાવી દે એને જા." મારા ચહેરા પર કડવાશ ફરી વળી. મમ્મી છે જ એવી. આખા દિવસમાં ચારસોને ચાલીસવાર ઘાંટા ન પાડે તો એને ચેન જ ન આવે. રસોઈ બનાવતી વખતે વાસણો જોરજોરથી ખખડે કે કપરકાબી તૂટે એટલે મારે સમજી જવાનું કે એ મને રસોડામાં બોલાવે છે. અને એનું આ રસોડું પણ કેવું, યુદ્ધ ખેલાઈ ગયેલી રણભૂમિ જેવું, ક્યારેય કોઈ વસ્તુનાં ઠેકાણા જ નહીં. હું રસોડાની બારીમાંથી પેલાને જોતી હતી. મારી મમ્મી શાદી ડોટ કોમ

વૅબસાઇટની વૉલ પર મુરતિયાને જોતી હોય એમ પેલાની તરફ જોઈ રહી હતી. મને અકળામણ થતી હતી કે હજુ મારી ઉંમર જ ક્યાં છે અને મારી મમ્મી તો ગમ્મે ત્યાં...

"બાય ધ વે મેમ, મારો રૂમમેટ તમારું ટિફિન જમે છે. હું તો કાલે રાત્રે જ આવ્યો, એ બહાર ગયો હતો એટલે એનું ટિફિન હું જમ્યો. પણ ખરેખર બહુ જ મજા પડી ગઈ. તમારી રસોઈમાં સ્વાદ બહુ જ સારો આવે છે. એમાં પણ બટાકા તો મારા ફૅવરિટ છે અને જે તુવેરદાળ હતી એ તો બહુ જ ફાઇન બની હતી. તમારી કઢીનો વઘાર પણ લાજવાબ હતો. યુ નો, હું તો બહુ જ ખુશ થયો છું આવી રસોઈ જમીને. મારાં ભાભી આવી રસોઈ બનાવતા હતા. રિયલી વન્ડરફુલ ટેસ્ટ."

મેં મમ્મી તરફ જોયું તો એના ચહેરા પર સ્મિત હતું! મારા આશ્ચર્યની વચ્ચે મારી મમ્મીના સપાટ ચહેરાના ગાલ ગુલાબી બની ગયા. એના કાનની બૂટ લાલ હતી. ને આ મને ભણકારા સંભળાયા કે શું કે મારી મમ્મી હસતાં હસતાં બોલી, "થૅંક્યુ!" મને તો બહુ જ નવાઈ લાગી. મારી મમ્મીના આ લુકે તો મને ચક્કર લાવી દીધા. જો કે આ છોકરો ખોટા મસ્કા તો નથી જ મારતો, નહીંતર ભાનુદાદા જ પાંચમાંથી વીસ ટિફિન કેમ કરી નાખે? આ ક્ષણે તરત પપ્પા યાદ આવ્યા. મમ્મી તો ટિફિનની રસોઈથી પણ અલગ કંઈક નવું ફ્રેશ બનાવતી હોય છે. મેં યાદ કરવાનો કેટલોય પ્રયત્ન કર્યો કે હું કે પપ્પા છેલ્લે એવું ક્યારે બોલેલાં કે, "વાહ, શું રસોઈ છે...!" છેલ્લે મમ્મી ક્યારે હસેલી કે શરમાયેલી... હું વિચારતી જ રહી ત્યાં પેલાનો અવાજ સંભળાયો.

"મેમ, ઇફ યુ ડૉન્ટ માઇન્ડ. તમે મારું ટિફિન રેગ્યુલર બનાવશો? ફક્ત છ મહિના માટે જ, પછી તો જરૂર નથી. મને તમારા હાથની રસોઈ બહુ જ પસંદ પડી છે એટલે."

"ઓહ, એકવીસમું ટિફિન??" મને રસોઈ બનાવતી વખતે મમ્મીના સંભળાતા ઘાંટા, વીસ ટિફિનનું ગોઠવાવવું, ભટકાવવું, કાચના કપરકાબીનું તૂટવું, પરસેવે રેબઝેબ મમ્મીનું સોફા પર હાંફવું એકસાથે બધું યાદ આવી ગયું. ને કાનમાં મમ્મીએ કહેલું પેલું વાક્ય, "નીતુ, હવે થાકી જવાય છે... હવે વધારે ટિફિન નથી કરવા, છે એટલે પૂરતા છે!" હું બહાર ના પાડવા માટે ધસી આવી કે તરત મારી પહેલાં મમ્મી સ્મિત સાથે બોલ્યાં,

"કંઈ વાંધો નહીં, વીસ ટિફિન તો બનાવું જ છું, એક વધારે. ભાનુદાદાને આજે રાતથી જ તમારું ટિફિન આપતી રહીશ." મારા ભવા સંકોચાયા. પેલા છોકરાએ મહિનાના પૈસા આપ્યા અને જતો રહ્યો. મમ્મી પણ પૈસા ગણ્યા વિના કબાટમાં મૂકવા જતી રહી. વચ્ચે હું ઊભી રહી, આખા વર્તુળની બહારનું કેન્દ્ર જાણે.

"મમ્મી... તને શું થઈ ગયું છે? વૉટ ઇઝ ધીસ?" હું ધૂંધવાઈ ઊઠી, એ ડ્રૉઇંગરૂમ ઝાપટવા લાગી.

"શું ફેર પડે છે બેટા... એક વધારાના ટિફિનમાં હું કંઈ મરી તો નથી જવાની."

"ઓહ હેલ્લો! હવે છેને રસોડામાં મારા પર રાડો ન પાડતી. કાચના વાસણ ન તોડતી, તું જ તારો ભાર વધારી દે છે, અને મને તો કહેતી જ નહીં કે નીતુ હવે થાકી જવાય છે." મને પણ લાગ્યું કે હું ક્યાંક ઓવર રિએક્ટ કરું છું. મેં સ્કૂટીની ચાવી લીધી ને ચપ્પલ પહેરી ઘરની બહાર નીકળી ગઈ. મેં પાછું વળીને જોયું તો મમ્મી મારી સામે સ્મિત કરીને જોઈ રહી હતી. મને કશુંક ખૂંચ્યું. આ સ્મિત જ કદાચ, કેમકે આટલાં વર્ષોથી આની આદત જ નહોતી.

બસ, આ દિવસથી મમ્મીમાં ઝીણા ઝીણા ફેરફારો શરૂ થઈ ગયા. પપ્પાને તો ફુરસદ નહોતી આ બધું જોવાની પણ મારા ધ્યાનમાં આવ્યા વિના રહેતું નહીં. હવે મમ્મીના ઘાંટા સદંતર બંધ થઈ ગયા હતા. કકળાટ કરતી મમ્મી હવે કશુંક ધીમું તાલબદ્ધ ગણગણ્યા કરે. દરેક ટંકે એનામાં ટિફિન કરવાનો એક અલગ ઉત્સાહ મને જોવા મળતો. હું ટિફિન ગોઠવતી અને ભરતી પણ જેવું એકવીસમું ટિફિન ભરાઈ જાય કે મમ્મી તરત બોલે, "એક મિનિટ નિતલ, એ ટિફિન બંધ ન કરતી." હું બસ જોઈ રહેતી, મમ્મી ડ્રૉઇંગરૂમમાંથી ટેબલ ઘસડતી લાવે અને એના ઉપર ચડે. અભરાઈ ઉપરથી અથાણાંની બરણી ઉતારે અને પછી એકવીસમાં ટિફિનના બૉક્સમાં ગોળકેરીના અથાણાની બે-ચાર ચીર મૂકે અને પછી

સંતોષથી ટિફિનને તાકી રહે. હવે તો બટેટાનું શાક પણ ટિફિનમાં અવારનવાર બનવા માંડ્યું છે અને એ દિવસે એકવીસમાં ટિફિનના બૉક્સમાં રોજ કરતાં વધુ શાક ભરાતું. એ ટિફિનની રોટલી પર પણ મમ્મી વધુ ઘી લગાવતી. મને આ બધું બહુ જ બાલિશ લાગતું. એક સ્ટુપિડની જેમ હું બધું જોયા કરતી.

મહિનો પૂરો થાય કે છેલ્લા રવિવારે પેલું એકવીસમું ટિફિન ઘેર પૈસા આપવા આવતું. હું હવે એને અજાણતાં જ નીગલેટ કરવા માંડી હતી. એ આવે ત્યારે મમ્મી સ્પેશિયલ આદું નાખીને ચા બનાવે, સાથે કંઈક નાસ્તો તો હોય જ. લગભગ એ કલાક બેસતો. હું એ બંનેને હસતાં, વાતો કરતાં જોયા કરતી. અંદર અંદર ગૂંચવાયા કરતી. અને આજકાલ તો એ નવું ગતકડું લઈ આવ્યો છે, મમ્મીને કીધા કરે.

"મેમ, આટલી સુપર્બ રસોઈ બનાવો છો તો ઘરનું નાનું રેસ્ટોરન્ટ સ્ટાર્ટ કરો ને... આઇમ શ્યોર કે બહુ જ ચાલશે." એ ચાનો કપ હોઠે અડાડતો.

"પણ છ મહિના માટે મને રેસ્ટોરન્ટ ખોલવું નહીં પોસાય..." મમ્મી કૉમેન્ટ પાસ કરતી. ફરી ખડખડાટ હાસ્ય. મારા માટે આ એક શૉક જેવું હતું કે મારી મમ્મી કૉમેન્ટ પાસ કરતી થઈ ગઈ? મને મારા પર અને પપ્પા પર દિવસે દિવસે ગુસ્સો ચડતો જાય છે. એક બહારની વ્યક્તિ આવીને મમ્મીને જડમૂળથી બદલાવી શકે છે, હસાવી શકે છે અને વર્ષોથી અમે સાથે રહેતાં હોવા છતાં કશું જ નહોતાં કરી શક્યાં. મને યાદ છે મમ્મી-પપ્પાના કંકાસથી કંટાળીને એક દિવસ મેં મમ્મીને કહેલું.

"મમ્મી, તને શું થઈ ગયું છે? જ્યારે જુઓ ત્યારે પપ્પા સાથે ઝઘડતી જ હોય છે."

"હું જ ઝઘડા કરું છું, નીતુ?" એ વખતે પણ એ જ સપાટ ચહેરો અને ભાવ વિનાની કોરી આંખો.

"વાત તો એક જ છે મમ્મી. તું થોડું ઢીલું મૂકતાં શીખી જા. બાકી પપ્પા તો પરફેક્ટ છે બસ..." એ વખતે મારા માથા પર હાથ મૂકીને એની કોરી આંખો બોલેલી.

"બેટા, તારા માટે એ પપ્પા છે એટલે પરફેક્ટ છે પણ મારા માટે એ એક પતિ છે. પપ્પાને ક્યારેય પતિના પૉઇન્ટ ઑફ વ્યૂથી ન મૂલવી શકાય." મને એ સમયનો ફિક્કો ચહેરો યાદ છે અને આજે? ફિક્કો જ ક્યાં છે. ક્યારેક હું સૂતી સૂતી મમ્મી અને ધ્રુવ વિશે વિચાર્યા જ કરું... વિચાર્યા જ કરું... અને મારા બધા જ વિચારો સિલિંગ ફેનના પાંખડે કપાઈને આખા બૅડરૂમમાં વીખરાઈ જાય. હું કશું જ નક્કી નહોતી કરી શકતી. સૌથી મોટો આંચકો તો મને ત્યારે લાગેલો જ્યારે મમ્મી વાળ રંગવા બેઠી હતી. સફેદ લટોને સિફતથી એણે કાળી બનાવી, પછી અરીસામાં પોતાને જોતાં બોલી.

"નીતુ, કેવી લાગુ છું?" જે વસ્તુ મારા આટઆટલા પ્રેશરથી શક્ય નહોતી બની એ પેલાનાં ત્રણ મહિનાનાં આવનજાવનમાં શક્ય બની ગઈ. આમ તો બધા જ છોકરાઓ પૅમેન્ટ કરવા આવતાં પણ ધ્રુવ જેટલું કોઈ રોકાતાં નહીં. મમ્મી પણ બીજા બધા છોકરાઓ સાથે ભાગ્યે જ લાંબી વાતચીત કરતી. બટ ધ્રુવ ઇઝ રિયલી સ્પેશિયલ કેસ! હવે મમ્મી ઢળતો અંબોડો રાખતી, રોજે પહેરાતી સાડીની એક એક ગડ ચીવટથી વાળીને ટાઇટ પીન ખોંસીને સાડી પહેરતી, ગમ્મે એટલું કામ હોય પણ કપાળ પર નાની મેચિંગ બીંદી લગાવવાનું ભૂલે નહીં. રસોઈ કરતાં કરતાં પણ વાસણોમાં પોતાનો ચહેરો જોઈ લે અને ધીમું મલકાઈ લે. રસોઈ બનાવતી વખતે એ ધીમું તાલબદ્ધ કશુંક ગણગણ્યા જ કરતી હોય. હું ઘણી વખત બરાડી ઊઠતી.

"મમ્મી, તારું ધ્યાન ક્યાં છે? રોટલી બળે છે...!"

"નિતલ, ઘાંટા શું કામ પાડે છે, મારું ધ્યાન છે જ..."

"ક્યાં?" હું એના તરફ અર્થસભર પ્રશ્ન કરતી ને ત્યાં સુધીમાં તો એ પાછી પોતાનામાં ખોવાઈ જાય. ટિફિન ભરાઈ જાય એટલે ડ્રૉઇંગરૂમમાંથી ટેબલ ખસેડી લાવે અને અથાણાંની બરણી ઉતારી ગોળકેરીની બે-ચાર ચીર ટિફિન બૉક્સમાં મૂકે.

આ દિવસોમાં મેં એક વાત નોંધી છે કે મહિનાના છેલ્લા રવિવારે ઇટ્સ મીન્સ કે ધ્રુવ ડેના દિવસે

મમ્મી નહાવામાં રોજ કરતાં વધુ સમય લગાડે, તૈયાર થઈ જાય તો પણ ક્યાંય સુધી અરીસામાં પોતાને તાક્યા કરતી. એ સોફા પર બેઠાં બેઠાં ચૅનલો ફેરવતી પણ એના કાન તો દરવાજે ડોરબેલ પર જ લાગેલા હોય. જેવી ડોરબેલ વાગે કે એ દોડી જતી. મારાથી ખરેખર આ બધું અસહ્ય થઈ પડ્યું હતું. આ અજવાળા હવે મને દઝાડતા હતા. અને પેલાનાં ગતકડાં પણ કેવાં નવાં નવાં...

"મેમ, માસ્ટરશેફમાં પાર્ટીસિપેટ કેમ નથી થતાં? ઇન્ટરનેશનલ લેવલે તમારી ડિશીસ મુકાવી જોઈએ!"

"મેમ, વિદેશી રેસિપી પણ તમારે શીખવી જોઈએ... યુ નો પ્રોગરેસ ઇન કુકિંગ."

"મેમ, તરલા દલાલને વાંચો છો?"

હવે હું ઘાંટા પાડતી થઈ ગઈ હતી. ટિફિન ભટકાડતી, કપરકાબી તોડતી અને વાતવાતમાં ગુસ્સે ભરાઈ જતી પણ મમ્મીને તો જાણે આ આખી વાતની કોઈ પરવા જ નહોતી.

એક દિવસ પેલો ધ્રુવ 'ધ્રુવ ડે' પર નહીં પણ વચ્ચેના દિવસે આવ્યો. એના હાથમાં ગિફ્ટ હતી. મમ્મી સાથે એ બેઠો. ખાસ્સી વાતો થઈ, ચા પીવાઈ, નાસ્તો થયો.

"મેમ, મારી ટ્રેનિંગ આજે પૂરી થઈ છે. છ મહિના તમારી રસોઈમાં ક્યાં પૂરા થઈ ગયા એ તો ખબર જ ન પડી. આ મારા તરફથી તમને કૉમ્પ્લિમૅન્ટ ગિફ્ટ. મારી છાતીમાં કશુંક જોર જોરથી ધબકવા લાગ્યું... એટલે કે હવે આ ધ્રુવ અહીં નહીં જોવા મળે? કશું અંદરથી ચૂંભવા લાગ્યું. હું એને એકિટશે જોઈ રહી. મમ્મીએ ગિફ્ટ પરનું વેપર ખોલીને જોયું તો વિદેશી રેસિપીની બુક હતી. મમ્મીએ એનો આભાર માન્યો. પછી બંને ગુમસૂમ ઘડીક બેઠાં. પેલાએ પાણી પીધું અને જવા માટે ઊભો થયો. મને થયું કે હું એને મૂકવા ગેટ સુધી તો જાઉં જ, પણ બીજી જ ક્ષણે મને વિચાર આવ્યો કે મને ખુદને તો ગમતું નહોતું કે એ અહીં આવે તો પછી આમ કેમ થાય છે? જતાં જતાં એણે પાછું વળીને મારી સામે જોયું અને સ્મિત કર્યું ને ગેટ બંધ થઈ ગયો. મારી અંદર કંઈ કેટલાય કપરકાબી તૂટી ગયા. મને મમ્મીની ચિંતા થવા લાગી. કેટલીવાર સુધી એ ડ્રૉઇંગરૂમમાં એમ ને એમ ઊભી રહી. એક હળવો સન્નાટો વાતાવરણમાં હું અનુભવી શકતી હતી. સાંજ ઢળી ચૂકી હતી ને હવે અંધારા ઊતરી ગયા હતા.

રાત્રે રસોડામાં મમ્મી ટિફિન ભરતી હતી ને હું મારી રૂમમાં કપડાં સંકેલતી હતી. "નીતુ, ક્યાં મરી ગઈ?" મમ્મીનો ઘાંટો સંભળાયો. હું કપડાં મૂકીને દોડીને રસોડામાં ગઈ. મમ્મીના હાથમાંથી એંઠી રકાબી ગેંડીમાં મૂકવા જતાં તૂટી ગઈ. મેં જોયું કે મમ્મીએ અંબોડો કસકસાવીને બાંધ્યો છે. આખા ડીલે પરસેવો બાઝેલો છે અને એ ગૅસ પાસે ઊભી ઊભી હાંફે છે. ચહેરા પર કોરી લટ સખત રીતે પરસેવાથી ચોંટી ગઈ હતી. હું ફટાફટ ટિફિનના બૉક્સમાં શાક અને દાળ ભરવા લાગી. મમ્મી બધાં બૉક્સમાં રોટલીઓ ગણી ગણીને નાખતી હતી. બધાં ટિફિન ભરાઈ ગયાં કે મમ્મી ઉતાવળે ડ્રૉઇંગરૂમમાં ગઈ અને ટેબલ ખસેડી લાવી ને ટેબલ પર ચડી. મારી નજર નીચે ખોડાયેલી હતી પણ આ બધું જોઈ શકતી હતી. મમ્મીએ અભરાઈ પરથી ગોળ કેરીના અથાણાંની બરણી નીચે ઉતારી ને મેં હોઠ બીડીને ચહેરો નીચો રાખીને કહી જ દીધું કે, "મમ્મી...તું આ... એ તો..." ને મારી મમ્મી મારી સામે જોઈ રહી. ક્ષણ પૂરતી અમારી મા-દીકરીની આંખો એક થઈ ને હું એ આંખો જીરવી ન શકી, બારી બહાર જોવા લાગી. મમ્મી પણ તુરંત પડખું ફેરવી ગઈ પણ મારી આંખોએ નોંધી મમ્મીના સપાટ ચહેરા પરના કપાળની ત્રણ કરચલી અને આંખોમાં, કોરી આંખોમાં છલકાયેલી કશીક ધૂંધળાશ. અંધારાના ઓળા હવે અમારી મા-દીકરી વચ્ચે ઊતરી આવ્યા હતા.

◙

બળતરા

“પછી તો બહેન મેય જશીની હાહુને કઈ દીધું કે બહેન મારી પો'રની વાત પો'ર પણ ઓણસાલ મોંઘવારી કેટલી વધી ગઈ છે એટલે હું તો સેવ પાડવાના એક ઓશીકા દીઠ પાંચ રૂપિયા વધુ લઈશ. તો મને ક્યે ના કાળીબહેન અમને તો પોહાણ નથી થાતું... તો મેં કીધું રામેરામ, બાકી, ગામ આખાને ખબર છે જ કે એ રબારણ કેટલી ટૂંકા જીવની છે, જશી તો શોખીન છે પેરવા ઓઢવામાં, પણ જે ઘરમાં ગૈ છે ન્યાંય કાંક હાહ તો હોવો જોવે ને...” કાળીકાકી લોટના પિંડાને શેવ પાડવાના મશીનના ગોળ ખાનામાં મૂકી ઉપર હેન્ડલ ફેરવતાં અને આંટા ઊતરતા જાય ને લોટનો પિંડો દબાતો જાય ને મશીન નીચે કવર વન્યાના ઓશીકા પર સેવની પતલી ઘઉંના કલરની ભાત પડતી જાય, એકહારે બાર-બાર પતલી સેવનાં લૂમખાં ઓશીકા માથે, કાળીકાકી ઓશીકું આગળ-પાછળ હલાવતાં મસ્ત ભાત પાડી દે ને પછી ઓશીકું ભરાઈ જાય એટલે મને કે,

“લાય સોડી બીજું ઓશીકું, ને લે આ ખાટલામાં સૂકવીયાય...” આખા ફળિયામાં ત્રણ-ચાર ખાટલા ભરીને અમે વરસોવરસ સેવ કરતા.

“હાચી વાત છે કાળીબહેન, પેટ કાંઈ આંખની શરમ થોડી ભરે? ઈને તો ટંકે ટંક રોટલો હાચો... આ કાળી મોંઘવારી કોઈને પોગવા દે એમ છે? તે સારું જ કર્યું ભાવ વધારી દીધો.” બા લોટના પિંડાને કથરોટમાં મસળતી ખૂંદતી કાળીકાકીને જવાબ દેતી.

“એય સોડી, આ આંગળીએ પાટો શેનો બાંધ્યો છે?” કાળીકાકી મારા જમણા હાથની પેલ્લી બે આંગળીયું પર પાટો જોઈને બોલ્યાં.

“રોટલા શીખવાડું સવ. મેં કીધું હવે નાની નથી રયું. આ ઓણસાલ ગામની નિહાળે તો ભણતર પૂરું થાહે. હાંઢિયાને ઊભા ગળે મીઠું દે એવડી થાવા માંડ્યું સવો તે રોટલા શીખો. તે રોટલો ઉથલાવવા ગઈ ને ઊનો ઊનો લોટ આંગળીએ ચોંટી ગ્યો તે દાઝી ગઈ જરાક. તે મલમ લગાડી પાટો બાંધી દીધો.” બા માથું હલાવતી પરસેવો લૂછતી કાળીકાકીને જવાબ દેતી હતી.

અમારે ગામ આખામાં ઉનાળે બધા સેવ પાડે અને કાળીકાકી માથે ઇંઢોણી મૂકીને મશીન ઉપાડી ફળિયે ફળિયે સેવ પાડવા આવે. મોળાકત પૂરા કરી અને રમવા જાવી ત્યારેય અમે ઘેરથી બધ્યું ઈસ્ટીલના ડબ્બામાં બાફેલી સેવ અને મોરસ નાસ્તો કરવા લાવતી. મેરાદ્દા ભરવાડની કશલીના ઘરે નઈ નવાયનું કલર ટી.વી. આવ્યું એટલે એ વાતે વાતે એડ્બટાઈ હંભારી હંભારીને બોલે; તે એક દી' ભમરાળી મસ્ત ગોતી લાવી, અમી બધ્યું પાદર નાસ્તો કરી સેવ ખાતી હત્યું તો એ નખરાળી સેવનો ગૂંચળો મોઢામાં નાખી અડધો બાર રાખી માથું હલાવતી કે “આ આપડા ગામની દેશી મૅગી...!” ને અમી બધ્યું દાંતે બઠ્યું પડી ગ્યું થ્યું. મેં ઓશીકું ખાટલે જઈ ઊંધું વાળ્યું અને વાણ પર સેવ સૂકવી ત્યાં અમાર પાડોશી હંસામા વાટકી લઈને આયવા.

“એ મને થોડું ગાયનું દૂધ દે તેજુ. આ ઉકળાટનું ટાંકામાં ઢાંકી રાખેલું દૂધ બગડી ગયું છે. હમણા ભાણિયો જાગશે ને રાડારોળ કરશે એને પાવું તો પડશે ને.”

“હરસુડી, જા ફ્રીઝમાંથી હંસામાને દૂધ દે.” બા બોલી ને મેં ઓશીકું બા પાસે મૂક્યું પછી વાટકી લઈને દૂધ લેવા ગઈ.

“અમારે ઘરે ફ્રીઝમાં દૂધ મૂકી જાતા હો તો હંસામા, બગડે તો નહીં!” એટલું બોલી મેં બા સામે જોયું.

“ના હવે, એટલું કાંઈ હોતુંય નથી, આ તો બહેનનો ખાટલો આવ્યો એટલે દૂધ વધારે લાવું છું નકર તો ખાઈને ખાધાનું કરું, પણ ભાણિયો તો બાપા... જીવ ખાઈ જાય. રાતે રોયા જ કરે છે.”

“કેમ? માંદો પડ્યો છે? નજર નોતી ઉતારી?” કાળીકાકી બોલ્યાં હતાં. હાથમાં વાટકી પકડતાં

હંસામા ઝીણા અવાજે બોલ્યાં.

"આ ભમારાળા રબારી છે નહીં, અમારા પાડોશી! એક દીવાલ છે તે બાપા હેરાન થઈ ગ્યા. કાયમ રાડારોળ ને રોકકળ ને મારામારી. જશી તો ઈ ઘરમાં પૈણીને આવી તે દી'ની સુખી નથી થઈ."

મારી બા લોટ બાંધતી બંધ થઈ. "બહેન, કોક તો કેતું'તું કે છૂટું કરવાનું છે!"

"ના રે...તો તો તમી જશીને હજી ઓળખતા જ નથી, ભીંત ભૂલ્યા તેજુબહેન, મરીનેય વળગે ઈતો, પણ ઘર તો નો જ મેલે." કાળીકાકીએ ભાંગની પીચકારી મારી ને રાતા બજરિયા સાડલાથી મોં લૂંછ્યું.

"પણ બહેન, કાંક બાળબચ્ચું થાવું તો જોવે ને... આ વરહને જાતા ક્યાં વાર લાગે! ઓણ આ વૈશાખે જશી આવી ઇના તૈણ વરહ પૂરા થાહે." હંસામા કેડ્યે હાથ મૂકતાં બોલ્યાં.

બા પોપટી બાંધણીથી હાથ લૂંછતા હંસામા કરતાંય ધીમા અવાજે બોલી.

"સાતમ આઠમ કેડે ધૂડખાણે ધૂડ લેવા હું ને હરસુડી ગ્યું ત્યારે એ ન્યાં મળેલી, બોર બોર જેવા આંસુ પાડતા બોલેલી કે તેજુકાકી હું તો બાળોતિયાની બળેલ... પિયરમાં પોરો નહીં ને સાસરે સુખ નહીં."

"બીશ્શારી....." કાળી કાકી સાડીના પાલવથી વાહર નાખતાં, પરસેવો લૂંછતા બોલ્યાં.

"તે હંસામા, ભામનાગર તપાસ કરવા જશી ને વેલજી બેય જણા ગ્યા'તા, તો ક્યે કે વેલજીએ એની તપાસ નો કરાવી ને બાઈને હુવડાવી દીધી ડૉક્ટર પાંહે... આદમીનનીય તપાસ તો થાવી જોવે ને... મેં તો નેરે લૂંગડા ધોવા ગઈ ત્યારે સાંભળ્યું છે હોં, બાકી હાચું ખોટું રામ જાણે" મારી બા કેડેથી સાડી ખોલી ને પછી એના છેડા બદલતી પાટલી પાડતાં બોલી હતી.

"પણ બવ દખી થાય છે હોં... વેલજી તો રોજ ટીપે..." હંસામા બોલતાં હતાં.

"પણ જશી જીવની તો બવ હારી હોં... આ હમણાં હમણાં સોડીયું હળ્યું છે તે કાંક ભરતમાં મોતીદાણો ભરત્યું થઈસ. તે આપણને તો બાપા એવું ક્યાં આવડે... તે અમાર હરસુડી ક્યે મારે તો ઓસાડમાં ઇ મોતીદાણો ભરત જ ભરવું છે... તે જશીને ખબર્ય પડી તો મન કે કે તેજુકાકી ચન્ત્યા નો કરો... મન આવડે છે મોતીદાણો ભરત... તમાર હર્ષાને મેકલી દેજો માર ઘેર... હું શીખવાડીશ... તે આ રોજ જાય ને પેલી એને મોતીદાણો ભરતા શીખવાડે... અડધો ઓસાડ તો ભરાઈય ગયો બોલો..." બા હાથ લાંબાટૂંકી કરી હંસામાને કેતી હતી.

મને તો આ બધી વાત્યુંમાં રસ નહોતો પડતો, મોટેભાગે સેવ પણ પૂરી થાવા આવી હતી એટલે હું ઘરમાં ગઈ અને ટી.વી. ચાલુ કરી સિરિયલ જોવા બેઠી. આજ ટી.વી.માં 'અક્ષરા' ને 'નૈતિક'ના ભૂતકાળની ખબર પડવાની હતી. આ ભમરાળી 'આઇપીએલ' ચાલુ થઈ તે રિમોટ લઈને બાપુ તો રાતે બૅટ દડો જોયા કરે ને મારે મોઢું ફુલાવી ઘડિયાળ સામું જોયા કરવાનું. બહાર તો નીકળાય ય નહીં, નકર મેરાદાની ફળી ક્યાં આઘી છે? કશલી જોતી જ હશે. બીડી પીતા બાપુની બીડીમાંથી તિખારા બાના મોર ને મેના પોપટ ભરેલાં ઓછાડ માથે પડે અને આખા ઓછાડ પર એનાથી વીંધે વીંધા પડી જાય. મારી ટી.વી. વાળ્યું 'અક્ષરા', 'નવ્યા', 'સુહાના' ને 'ખુશી' બધ્યું બૅટથી ટિપાઈ જાય, સવારે રિપીટ થાય ત્યારે જ જોવા પામતી. કાલ તો સિરિયલમાં 'નૈતિક'ની ગર્લફરેન્ડના ખાલી પગ જ બાતાવ્યા'તા ને ઍપિસોડ પૂરો થઈ ગ્યો તો.

હજુ તો થોડું જોયું ત્યાં તો દેકારો સંભળાયો, હાંકલા ને પડકારા. હું તો રૂમની બાર્ય નીકળી ને જોવું તો બા, કાળીકાકી અને હંસામાં ધોડતાં ડેલાની બહાર. હુંય હાથમાં રિમોટ ને દોરીયે ટીંગાતો દુપ્પટો લઈને શેરીમાં. જોયું તો હબક ખાઈ ગઈ. શેરીમાં સળગતી કોઈ બાઈ ધોડે... આખેઆખી ભડકે બળતી. આખ્યું ફાટી રહી ગઈ, એક રાડ્ય નીકળી ગઈ મારાથી. પેલી બળતી બાઈ કાળી શીહું નાખતી હતી, "એ... નહીં જાઉં... ક્યાંય નય જાવાની... આયાં ત્તે રે'વાની... ઓ માડી... આઈમા... બળે છે... બળે છે..." હવામાં આગળ પાછળ બળતો આ ઓળો ઠેકડે ઠેકડા નાખતો હતો. બધાં ધોડીને ગોદડા ને ચાદર ને હેઠે પડેલી ધૂડના ખોબે ખોબા ભરી ભરીને એ ભડભડ બળતા શરીર પર ફેંકવા લાગ્યા.

બેત્રણ જણાએ પાણીની ડોલ ઢોળી ને એ બાઈ ઠરી ગઈ. હુંય ધોડતી ન્યાં પોગી.

"હોય બા... આ તો જશીકાકી છે." મારાથી રાડ ફાટી ગઈ. બાએ મારું બાવડું પકડ્યું ને હું આખી ધરુજતી હતી. મને બા ડેલા સુધી મૂકવા આવી.

"ઘરમાં ગર્ય... રાડ્યું પાડમાં, બધાને ખબર જ છે... હું આવું તું જા...પાણી પી." બા પણ આખી ધરુજતી હતી. મને ખબર નહીં પણ હું ધ્રુસકે ધ્રુસકે રોતી હતી. આંસુ તો રોકાતા નહોતા. મને હજુ કંપારી અનુભવાતી હતી. કાળા મશ જશીકાકીમાં કાંઈ હાજુ નહોતું. બા ભડથું બનાવતી ત્યારે ફળિયામાં બધું બળી જાય પછી હું બળતણ સાંઠીયું એકબાજુ કરી થાળીમાં બળેલા ભડથું થઈ ગયેલા રીંગણા કાઢતી તો રીંગણાનોય કાંઈ ઘાટ કળાતો પણ જશીકાકીમા તો... એની મરુમ કલરની ઓઢણી બળીને આખા ડીલે ચોંટી ગઈ હતી, કમખાનું ભરત કાળું મશ અને આખી છાતીએ બળીને વીંટળાઈ ગયું હતું, થેપાડું અડધું બળેલું ને અડધું પગમાં ચોંટેલું. લાંબા કાળા વાળની જગ્યાયે બળેલા મૂળિયા, હાથે, પગે અને મોઢા ઉપર ચામડી બળીને સંકોરાઈ ગઈ અને મોઢામાંથી લાળ નીકળતી હતી. એક બલોયું તો તાપમાં તપીને પાણો ફાટે એમ હાથમાંથી ફાટી ગયેલું. પૂરા પાંચ હાથનો કાળોમશ બળેલો ઢગલો. એનાથી માંડ માંડ શ્વાસ લેવાતા હતા. એ બધું અત્યારે ફરી આંખ્યુંની સામે ભડકે બળવા લાગ્યું. હું હેઠે પાણા ઉપર બેસી પડી. મેં તો કોઈ દી' આવું જોયેલું નહીં.

શેરીમાં રાફડે કીડિયારું ઉભરાય એમ માણહ ઉભરાવવા લાગ્યું. મેરાદ્દાની કશલી, બીજલકાકાની હેતલી ને શાંતીદાની કોયલી, ભગવાનકાકાની જાગુડી, રતનફોઈની જાગલી બધ્યું મારી ડેલીમાં. ગામમાં અમારે કાંક નવાજૂની જેની શેરીમાં થાય એના ઘરે અમી બધ્યું ભેગી થઈ જાત્યું. અમી બધ્યું અમારા ધાબા માથે ચડી ગ્યું. અમારા ધાબેથી તો ગામ આખું દેખાય. જશીકાકીના ઘરમાં અત્યારે માણહ માતું નો'તું. ધોળા ચોરણા કેડિયા અને રાતા કાળા ઓઢણા. કામ કરવાવાળા કરતા શીંધવાવાળા વધારે હતા. તુળશીદ્દાનો ટેમ્પો આયવો એમાં ગાદલું પાથર્યું અને ચાર પાંચ આદમીએ જશીકાકીને ગાદલા માથે સુવડાવ્યા, જશીકાકીને ધોળી ચાદરમાં વીંટોળ્યાં હતાં ને ચાદરમાં લોહીના લાલ ને કાળા ડાઘ પડી ગ્યા હતા. શાંતીદ્દાની કોયલીએ તો એ જોઈને ઊલટી કરી. ક્યાંક ક્યાંક કોઈક રબારણુંના રોવાના ધીમા અવાજ આવતા હતા. બે રાતા ઓઢણા ટૅમ્પામાં ચડ્યા અને બાકીના ત્રણચાર કેડિયા-ચોરણા વાડે ટીંગાણા અને ટૅમ્પો ગામની બહાર.

"હેં જશીકાકીને ક્યાં લઈ ગ્યા હશે?" જાગુડી પૂછતી હતી.

"ભામનાગર જ તે, બાકી માર મમ્મી કે'તા'તા કે તાલુકે તો કોઈ ડૉક્ટર આ કેસને ટસ નો કરે" આ કશલી બોલતી હતી.

"ભાળી મોટી મમ્મીવાળી, આ કાલ્ય હવારની નય નવાઈની સુધરી ગઈ, બાકી આખો દી' બા બા જ કર્યા કરતી." જાગલીએ એને ઝાપટી નાખી.

"લે તને આંગળીએ સું થ્યું?" હેતલી મારો હાથ પકડતાં બોલી.

"કાંય નહીં, રોટલાં ઘડતા શીખતી હતી તે દાઝી ગઈ." મારું ધ્યાન જશીકાકીના ઘર તરફ હતું. બે ઓરડાનું ઢળતું વિલાયતી નળિયાનું ઘર ને નળિયા માથે ટી.વી.નું ઍન્ટેના, ફળિયામાં મોટો રુખડો ને પાછળ બાથરૂમ બનાવેલા અને એમાં પ્લાસ્ટર બાકી. વાડામાં ગાયું ને વાછરડા બાંધેલા. અત્યારે તો ન્યાં માણસો બેઠું બેઠું જાણે કશુંક બનવાની રાહ જોતાં હતા.

"હાલો હાલો હવે... મને ફેર ચડે છે." મેં કીધું ને બધ્યું કલબલ કલબલ કરતી હેઠે ઊતર્યું. મારા ઘરમાં બધ્યું ગોઠવાઈ ગઈ. મેં પાણિયારે જઈ પાણી પીધું અને કોરે ઊભા ઊભા મોઢું ધોયું. હેતલી મારી વાંહે આવી મારા ખભે હાથ મૂકીને ક્યે "હર્ષા, હું થાય છે?" મેં એની સામે જોયું "ખબર નથી...!" અમે ઘરમાં બેઠા. કોયલીએ ટી.વી. ચાલુ કરી અને ચૅનલું ફેરવવા લાગી.

"એય, અવાજ ધીમો કરો... ભમરાળીયું, કોક સાંભળશે તો ભૂંડા લાગશું, કેહે કે ગામમાં આવું થઈ ગ્યું ને આપડે ટી.વી. જોવી સવી." મેં કીધું એટલે કોયલીએ અવાજ ધીમો કર્યો અને મેં બારણાને સ્ટોપર

મારી દીધી. જાગલી એનાં ટેવ પરમાણે ઘરમાં ખાંખાંખોળા કરતી'તી ને એના હાથમાં માર ભરતની થેલી આવી ગઈ, તે ઉનના દોરા ને સૂયો ને મડી બધું કાઢવા. તે એમાં એણે હું જે ઓછાડમાં ભરત ભરતી હતી ઇ હાથમાં આયવો. "હાટ્ટ...મસ્તીનું ભરત ભરે છે તું તો છાનીમાની." જાગલી અડધા ભરેલા મોરલા ને મેના પોપટ જોઈને બોલી હતી,

"લે એમાં છાનામાનાની ક્યાં વાત આવી જ છે, હજી તો અડધુંય નથ ભરત ભરાણું." મેં એના હાથમાંથી મારો ઓછાડ લઈ લીધો. "હા તે જેદી' તેદી' તો પૂરો થાહે જ ને આ ઓછાડ...!" કશલી ખીખીયાટા કરતી આંખ મીંચકારતાં બોલી. મારાથી નિહાકો નંખાઈ ગયો. "હવે તો કોને ખબર્ય...!" મારાથી પલંગ માથે પથરાયેલા બીડીના તિખારાથી વીંધાય ગયેલાં બાના ઓછાડ તરફ જોવાઈ ગયું, પોપટ, મોર ને મેનાની ચાંચ ને પાંખમાં વીંધા પડી ગ્યા'તા.

કલાકેક માંડ થઈ ત્યાં ટૅમ્પાનો અવાજ આઈવો અને અમે બધ્યું ફટોફટ ટી.વી. બંધ કરી ધોડતી ધાબા માથે. ટૅમ્પો વેલજીકાકાના ઘર પાસે ઊભો રહ્યો. આદમી હેઠા ઊતર્યા. મારા ધબકારા વધી ગ્યા. પેલી બે બાયું જે ટૅમ્પામાં ચડી હતી, એણે ઊતરતાં તો જાણે લાંબાં સાદે રોવાનું ચાલુ કર્યું,

"એ આવા ઓચિંતા ગામતરા નો'તા કરવા મારી બહેન... પાપા પગલી પાડનારો તારો આ ખોરડે હવે કોણ?" અને જાણે વેલજીકાકાનું ઘર ધણધણી ઊઠ્યું, ભીંત્યું, પોપડા, થાંભલી, રુખડો, ગાયું ને બાયું હિબકે ચડ્યાં. બધા જોર જોરથી રોવા મંડ્યા. બાયુએ કૂટવાનું ચાલુ કર્યું.

"ગ્યા જશીકાકી...!" જાગુડી ધીમેથી બોલી. કોયલીએ કાંક હેઠેથી અવાજ સાંભળ્યો તે હેઠે ગઈ અને એની હારે અમારા પાડોશી દેવુમાને હાથ પકડીને એ ઉપર લેતી આવી. એમાં તો જાગલી રાતીપીળી થઈ ગઈ.

"હરખપદુડી, દેવુમાને હું કામ લેતી આવી ઉપર?"

"ગવુમાસીએ કીધું કે અમી સનાને જાવી સવી ડોશી એકલા છે તે હું ઉપર લેતી આવી. માડીને ખુડશી માથે બેસાડ્યા, એય તે નેઝવું કરીને અમારી જેમ જોતાં હતાં. શેરીમાંથી બાયું નાકમાંથી અને કાનમાંથી ને પગમાંથી બધું કાઢી, સાડલાના છેડાને ખોલી ને ઢળતો રાખી રોવા પોગી ગ્યું. થોડાક મોટા આદમી હાથમાં કુહાડા લઈ ગામની બહાર નીકળી ગ્યા. સાંજ થવામાં હતી બધું ફટોફટ પતતું'તું. રબારણું ને ગામની બીજી બાયું બે હાથે છાતી કૂટતી કૂટતી મરસિયા ગાતી હતી.

"બહેન, તાર ઉગમણા બારના થાપન ને આથમણા બારના ઉથાપન... તારા મૈયરના ઓઢણા રિસાણા... તારા હાથે રે કેમ દવ દેવાણા..." કેટલીક બાયું જશીકાકીને જે ઘરમાં લઈ ગ્યા'તા ન્યાં ઘૂમટા તાણતી ગઈ પછી પાણીનું તપેલું ને થોડીક કોથળિયું એ ઘરમાં બધાં વેવવા લાગ્યા.

"એ શું કરે છે ન્યાં ઘરમાં ઇ બાયું?" જાગુડી મને પૂછતી હતી. દેવુમા ગળફો કાઢીને અમારી સામે જોઈને બોલ્યાં.

"જશીને સણઘારવા એ બાયુ માલીપા ગ્યું છે. જેનો વર હયાત હોય અને બાઈ મરી જાય એને મસાણ લઈ જાતા પેલા નવી નવી બાયની જેમ તૈયાર કરે, નવડાવે." અમે બધ્યું દેવુમાની વાત આંખ્યું મોટી કરી સાંભળતી રહી.

"ને હજી તો એના પિયરિયા આવશે... એના બાપના ઘરની ઓઢણી ન ઓઢાડાય ત્યાં લગણ મસાણે નો લઈ જાવાય..."

"ને તોય લઈ જાવી તો?" કોયલ પૂછતી હતી.

"લે ગાંડી રિવાજ કોને કેવાય?"

જશીકાકીના પિયરિયાનો ટૅમ્પો આયવો અને જશીકાકીના બા જેવા એક ડોશીએ સાદ કાઢી કાઢીને છાતી કૂટવાનું ચાલુ કર્યું.

"હે મારી સગ્ગી સૈયર... પેટના બળેલ ફરી ઉજરશે પણ કાળજા કેમ કરીને કોળશે માર પેટ... તાર માવતરની ઓઢણી અભડાવી મારી સગ્ગી સૈયર રે..."

અમે જોયું કે વેલજીકાકા થાંભલીએ ટેકો દઈને જોર જોરથી રોતા હતા. આદમી અને અમુક બાયું એને છાના રાખતા હતા. મારું મોઢું થોડું કટાણું થઈ ગ્યું. ગામના બાબર ને બીજા છોકરા ફળિયામાં નનામી તૈયાર કરતા હતા. ફટાફટ આજુબાજુના ગામમાંથી માણસો આવવા માંડ્યું. એક ટૅમ્પામાં જશીકાકીના મોસાળિયાય આવ્યા, એક બહેન આગળ કૂટતા હતા, બે હાથ જોર જોરથી છાતી પર ભટકાડી એ કાળી શીંહું નાખતા'તા ને એની હાર્યની બીજી બે બાયું એના હાથ પકડી રાખતી હતી. અવાજો વધવા લાગ્યા...ચારેકોરથી મને બધું દબાતું હોય એવું લાગતું'તું. વેલજીકાકાને બેત્રણ મોટી ધોળી દાઢીવાળા આદમી અને કાળું થેપાડું પે'રેલાં બેન ઘરની બાર્ય લઈ એકબાજુ કાંક સમજાવવા લાગ્યા.

"અત્યારે હું વહીવટ કરવા ભેગા થ્યા હશે?" મારાથી બોલાઈ ગ્યું. દેવુમા થોડું દાંત કાઢતા બોલ્યા, "સોડીયું, અટાણે જ વહીવટ થાય..." અમી કોઈ સમજ્યા નહીં.

"ડોશીમા, સમજાય એવું કાંક બોલો ને... ગોળગોળ નો બોલો." કશલી બોલી હતી.

"એ જ કે તારે ભાઈ બીજું ઘર કરવાનું છે કે નહીં?" દેવુમા એક શ્વાસે બોલી ગ્યા.

"લે... કર્ય વાત... છે બધા ઘેલહાઘરીના... હજી તો ઓલી એની મા ઘરમાં મડદું બનીને સૂતી છે ત્યાં બીજા ઘરની વાતું??" હું થોડી ઊકળી ગઈ.

"હા. સોડીયું... બધું અટાણે જ નક્કી થાય." પેલા થોડા વહીવટવાળા ભેગા થ્યા'તા ઈ વેલજીકાકને કાંક સમજાવતા હતા અને પછી શું નક્કી થયું એ ખબર ન પડી અને પેલું કાળું થેપાડું ઉતાવળે ઉતાવળે ઘરમાં ને બાકીના રોકકળમાં. નનામી ઓરડાની બાર નીકળી. કાંઈ સરખું દેખાતું નો'તું. રોવાનો અવાજો વધી ગયા. વેલજીકાકાને પકડી એક ભાઈ જશીકાકી પાસે લાયવા, વેલજીકાકા સાદ કાઢી કાઢીને રોતાં હતા, એના હાથમાં કંકુ લેવડાવ્યું અને જશીકાકીનું કપાળ ભરી દીધું. એક રબારણે જશીકાકીના પાનેતરનો છેડો ફાડ્યો અને બારસાખે બાંધ્યો.

"દેવુમા, આ ઓઢણી કેમ ફાડીને બારસાખે બાંધી?" જાગલીએ પૂછ્યું.

"બસ પતી ગ્યું. નવું ઘર કરવાનું છ તમારા વેલજીકાકાને. હવે ઈ નવી બાઈ પયણીને આવે ત્યારે આ છેડો છોડીને એના ઓઢણે બાંધીને ઘરમાં આવશે." દેવુમા બે હાથ જોડી ઊભાં થઈ ગયાં. ચાર જનોઈ પેરેલા ધોતીવાળા આદમીએ નનામી ઉપાડી અને ઘરની બાર્ય નીકળ્યા. વેલજીકાકાને ખડકીથી પાછા વાળ્યા. એ કોરે બેહીને રોતાં હતા.

"જોયું, વેલજી મસાણે નો ગ્યો ને...? નવું ઘર કરવું હોય તો આદમી મસાણે નો જઈ હકે...!!" ડોશીનો અવાજ ભરાઈ ગયો. બાબરે રોતી કૂટતી બાયુંને હાથ લાંબો કરી મંદિરેથી પાછી વાળ્યું... બાયું પડતી આખડતી કૂટતી ચોકમાં આયવ્યું.

"અમારી વાડીએ વેલજીકાકા સાંઠીયું ખેંચતાં'તા ને ત્યારે બપોર ટાણે એને વાઈ આવેલી અને પડી ગ્યેલા તે ઈ ટાણે ને'રે લૂગડાં ધોતી જશીકાકીને ખબર પડી કે ઉઘાડા પગે ઓઢણા વન્યા તપેલી ડામર સડક પર ધોડતાં આવેલાં... અને અટાણે ઈ સાવ જાય છે ને વેલજીકાકા બે પગ લઈને મસાણ સુધી ય તે..." જાગુડી દેવુમાને કે'તી હતી.

"તમને નઈ હમજાય સોડિયું... બવ નાન્યું સવો તમી હજી..." દેવુમા માળાને આંખે અડાડતાં બોલ્યા. પાદરથી પાછી વળેલી બાયું ગોળ ગોળ ટોળે વળી મરસિયા ગાતી કૂટતી હતી.

"સતની સાખે બા પતિલોક હાલ્યા... માયાને મોહના તાંતણા રે તોડી...જુગ જુગન ફેરા રે ટળ્યા... બેની તારો અમ્મર ચૂડી ચાંદલો રે..." એક પતલા ઢાળવાળી બાઈ ગાતી હતી ને વાંહે બધ્યું બાયું કૂટતી કૂટતી "હાયે...બહેન મારી હાયે...હાયે..." ગાતી હતી ને ઝીલતી હતી. હું ભાગી છૂટી... મારી પાછળ દેવુમા બાકીની બધ્યું ને કે'તા હતા.

"જુવો, સાંભળો અને શીખજો... બાકી અત્યારની પરજાને આવું ગાતા ય નથ આવડતું... સારા દિવસે કોઈ મરસિયા ગાઈને નહીં શીખવાડે... આ ગાવાને આજ કારણ મળ્યું છે તો બે શબદ

સાંભળીને કાંક શીખજો..."

હું નીચે આવી પંખો ફુલ કરી, દુપટ્ટો ભીનો કરી, મોઢા પર ઢાંકીને સૂઈ ગઈ. છાતીમાં ભીંસ વધતી જતી હતી. બવ પરસેવો થાતો હતો. આખ્યું બંધ કરું ને નેરે લૂગડાં ધોતાં પાંચ હાથ પૂરા, બાવડે બળુંકા, રૂપાળા જશીકાકી દેખાય... ધુડ ખાણે બા પાસે રહરહ રોતા, માથે બકડિયું ભરીને ધુડ લેતાં જશીકાકી દેખાય... દશામાના વ્રત ટાણે મંદિરે લાંબા ઢાળે દશામાનો ગરબો ગાતાં જશીકાકી દેખાય... ને'રે એનાં ઓછાડમાંથી કદડો કાઢતા જ જાય... ડોળ નીકળતો જ જાય... ને ઈ હાંફતાં જાય... ને પછી બાપુની બીડીના તિખારાથી ચળાયેલો બાનો ઓછાડ દેખાય... એમાં વીંધા વધતા જ જાય... પાંખું ને ચાંચું કપાતી જ જાય... ને મને મારો અધૂરો પોપટ, મોર ને મેનાનાં અડધો ભરત ભરેલો ઓછાડ દેખાય... ઓછાડમાં સોયું ઉભરાતી જાય... મને વાગતી જાય...ને સેવની પતલી હાર જેવા કંઈ કેટલાય ગૂંચળામાં જશીકાકી...બા... હું... ઓછાડ... સોયું... ઊનો ઊનો મારી આંગળીયે ચોંટી ગયેલો લોટ...અડધો કશલીના મોઢામાં ને અડધો એના મોઢાની બહાર સેવનો ગૂંચળો...બળેલું ને અડધું પગમાં ચોંટેલું થેપાડું... મોટા સેવના મશીનમાં હું... જશીકાકી...કશલી... દેવુમા... બા... બધું પીંડામાં બંધાતું જાય ને હેન્ડલ ફરે ને આંટા ઊતરે ને મશીનમાં હેઠે તો મારી આંગળિયે બાંધેલો પાટો... મરસિયા... ભડકો... નાટે બાંધેલો પાનેતરનો લીરો... ઠાઠડીયે સૂતું લાલ કાપડું... લાલ ને કાળા ડાઘા...ઉબકો... છાતીમાં ભીંસ... હાંફ... ને પછી બધું શાંત... ને મારા કાનમાં એક લાંબું સુન્ન...

"હરસુડી... એય હર્ષા... જાગ્ય, ઊભી થા..." મેં આંખો ખોલી તો અંધારા ઊતરી ગ્યા હતા. બા કોરે ઊભી હતી. એ ધરામાં સનાન કરીને માથાબોળ થઈને આવી હતી. એના લૂગડામાંથી પાણી ટપકતું હતું.

"ઊભી થા કહું છું... હાશ... આ છોડી તો પણ બવ ટાઢી... જલદી અગરબત્તીનો ધૂપ દે મને... અને હું આ ભીના ગાભા બદલું ત્યાં રોટલાનો લોટ બાંધી નાખ્ય... ને બીજા ચૂલે તપેલામાં સેવ ચડાવી દે... હાલ્ય... તારા બાપ આવીને તલેલા નાખશે..." મેં ફટાફટ અગરબત્તી કરી. બાએ એક હાથે ધૂપ લીધો અને તુલસીક્યારે અગરબત્તી ખોડી દીધી. મેં ફળિયામાંથી સેવ લીધી ને તપેલામાં પાણી ભરી ને રસોડે આવી... રસોડામાં જઈ લાઇટ કરી ને ચૂલે તાપ કર્યો પછી તપેલું ચડાવ્યું... કથરોટમાં લોટ બાંધવા લાગી. ત્યાં બા આવી, "લાય આઘી ખસ... મોડું થઈ ગ્યું આજ તો..." હું ચૂપચાપ ઉંબરે બેસીને પાટો છૂટી ગ્યો એ આંગળીઓને જોતી હતી.

"હેં બા... જશીકાકીને મસાણમાં બળતા શું વાર લાગી હશે!"

"હવે, બળેલાને બળતા હું વાર લાગે...!" બાએ ચૂલામાં વધારે લાકડાં નાખ્યાં અને તાવડી ઊની કરી." લે હવે ફટોફટ... લહણ ફોલી નાખ્ય... તિખારી કરી નાખું... નકર પાછા ભાણું પછાડશે..."

મેં લસણનો ગાંઠિયો લીધો અને ફોલવા લાગી. દાઝેલી આંગળીઓ પર લહણ અડ્યું ને કાળી બળતરા થઈ. મોઢામાં આંગળી નાખી દીધી. પછી બા હામે જોયું. ચૂલો ઓલવાય ગ્યો હતો અને બા કાળી ફૂંકણીથી ફૂંક મારતા'તા.

"હેં બા... જશીકાકીને બળતા જીવ કેમ હાલ્યો હશે... બળતરા નઈ થઈ હોય..." આખા રાંધણિયામાં ધુમાડો ભરાઈ ગ્યો. તપેલામાં સેવનું પાણી વરાળ ભેગું ઉકળવા લાગ્યું... બાને કોરી ઉધરસ ચડી ને રાંધણિયામાં કાળી ફૂંકણીથી ફૂંક મારતી, આખેઆખી ફૂંકાઈ જાતી બા બોલી.

"જશી તો... નસીબદાર... ઉકલી ગઈ..." આખા રહોડામાં ધુમાડો થયો...જાળિયાનેય જાણે ધુમાડો બાર્ય કાઢવામાં હાંફ ચડ્યો. બા ફૂંક મારતી'તી ને હું બેય હાથ હવામાં આમ તેમ વીંઝતી ધુમાડો મારાથી થાય અટલો ને અટલો આઘો ને આઘો ધકેલવા મથતી રઈ.

– શબ્દસૃષ્ટિ (નવેમ્બર 2015)

◙

ગરમાળો, ગુલમહોર અને ખખડેલું બસસ્ટોપ !

ઘરને તાળું માર્યું તો જતાં જતાં અરીસા સામે જોવાનો લોભ રોકી ન શકી, કપાળ વચ્ચે લાગેલી નાની, સલવાર કુર્તાને મેચિંગ લાલકેસરી રંગની બિંદીને કશાય કારણ વિના કપાળ પરથી ઉખાડીને ફરી લગાવી અને સહેજ મલકાઈ, કાળા વાળની વચ્ચે એક નાનકડો આછો સફેદ વાળ દેખાયો, તરત જ ખેંચી કાઢ્યો ને મલકાઈ, સેન્ડલ કાઢ્યા ને ઘર બહાર નીકળવા ગઈ ને ઉંબરે ભટકાણી, સહેજ હળવો સીસકારો નીકળી ગયો, જમણા અંગૂઠાના નખ પર વાગ્યું હતું ને સેન્ડલની પટ્ટી તૂટી ગઈ હતી, ફટાફટ સેન્ડલ બદલી અંગૂઠો પંપાળી ઍપાર્ટમૅન્ટની બહાર નીકળી. સામેના મકાનવાળાં બહેન કચરો ફેંકવા બહાર નીકળ્યાં. એ મારી તરફ એકધારું જોવા લાગ્યાં એટલે મેં ચાલવાની ઝડપ વધારી દીધી. એની નજર એને ફેંકેલા કચરાની રજની જોડાજોડ મારી પાછળ ચીપકી ગઈ. થોડે આગળ નીકળી અને સામે શાકભાજીની લારીવાળી મળી. મેં એના પર ધ્યાન ન આપ્યું પણ એ તો કંઈ તંત મૂકે? “લ્યા બોન, કે બાજુ ચાલ્યા? શાક પાંદડું લેવું હે કે નહીં?” મેં ફટાફટ પર્સમાંથી દુપટ્ટો કાઢ્યો અને મોં ઢાંકતાં બોલી, “ફ્રેન્ડના ઘેર જાઉં છું, મમ્મી બહારગામ ગઈ છે.” મને જ મારી વાતમાં વજન ન વર્તાયું, સાવ બોદું બહાનું લાગ્યું. બીજાની આંખો વધુ સ્પષ્ટ જોવી ન પડે એ માટે મેં મારી આંખો પર ગોગલ્સ પહેરી લીધા. સોસાયટીના ગેટ સુધી પહોંચતાં તો પરસેવે રેબઝેબ, સારું છે ઉનાળો છે નહિતર આ પરસેવાનું દેખાવવાનું કોઈને કારણ શું આપત! સોસાયટીના બસસ્ટોપે હું ઊભી રહી ગઈ. પર્સમાંથી મોબાઇલ કાઢીને મેં સરને ટેક્સ્ટ કર્યો ‘આઇમ કમિંગ.’ અને એમનો કલાક પહેલાં આવેલો મૅસેજ ડિલીટ કર્યો. ‘આઇમ અલોન ઇન માય હોમ, કાજલ ઇઝ આઉટ ઑફ ધ સિટી, એના પૅઇન્ટિંગ્સનું ઍક્ઝિબિશન છે એટલે કાલે સાંજે આવશે.’ બસસ્ટોપના પડછાયે બેત્રણ ગાય બેઠી બેઠી વાગોળતી હતી. એનું સ્થિર ઉપરનું જડબું અને હલતાં નીચલા જડબા પર ફીણ બાજેલા હતા. બાજુના પાનના ગલ્લે ક્રિકેટ જોતાં બેત્રણ કૉલેજિયન મારી સામે જોઈને કંઈક કૉમેન્ટ પાસ કરી જોર જોરથી હસતાં અને એકબીજાને તાળીઓ આપતા હતા. ‘ખબર નહીં શું વાગોળતા હશે આ બધા, હરાયા.’ એવું બબડતાં મેં ચહેરા પર બાંધેલાં દુપટ્ટાને સરખો કર્યો અને ગોગલ્સ ઊંચા ચડાવ્યા. પછી થયું ક્યાંક આ બધા સરના ઘર બાજુના તો નથી ને? પણ એમ ખાતરી કરવા માટે પણ પછી એ તરફ બીજીવાર ધ્યાનથી જોવામાં મને બીક લાગી. રસ્તો પણ થોડો તપીને અકળાઈને એકલો પડ્યો હતો. બંને હથેળીઓ વારંવાર ભીંજાઈ જતી હતી. ગળે શોષ પડ્યો. સખત તાપ પડ્યો હતો. બૉટલ કાઢી અને પાણી પીધું. થોડું પાણી બસસ્ટોપના પતરાની બેંચ પર ઢોળ્યું, થોડું રેલાયું ને પછી પાછળ પાછળ સુકાતું ગયું જાણે અહીં કોઈએ પાણી ઢોળ્યું જ નથી. મને એમાં ગમ્મત પડતી તે તપી ગયેલાં બેંચના પતરા પર પાણી ઢોળ્યા કરતી ને સુકાયેલા પાણીના પ્રવાહની નિશાનીઓ જોયા કરતી ને જૂની સુકાયેલી નિશાનીઓ શોધ્યા કરતી. રંગ ઊખડી ગયેલાં, અડકો ત્યાં પોપડીઓ ખરે એવાં ખખડેલ બસસ્ટોપના પતરામાંના કાણામાંથી ચળાઈને તડકો મારી પીઠને દઝાડતો હતો. બસસ્ટોપની સાવ બાજુમાં ઊભેલાં એકવડિયા ગુલમહોર પર કેસરી ફૂલોના ગુચ્છે ગુચ્છા ફાલ્યા હતા. મને એ હંમેશાં બહુ સુંદર લાગે, મારો ફેવરિટ કલર એટલે લાલકેસરી રંગોનું મિશ્રણ, ગુલમહોર. ગુલમહોરના ટેકે બસસ્ટોપ છે કે બસસ્ટોપના ટેકે ગુલમહોર એ કહેવું મુશ્કેલ હતું ને હું હંમેશાં એ વિચારતી ત્યાં જોયા કરતી. સડકના સામા છેડે પાંજરામાં પાંગરેલો ગરમાળો પીળી ઉદાસીમાં મને આ બધું આમ કરતી જોયા કરતો અને પવનની લહેરખીઓમાં હાલકડોલક થયા કરતો. આટલાં વર્ષોથી અહીં રહું છું પણ આ ગરમાળા પાસે ગઈ નથી. જોયો છે માત્ર દૂરથી. ક્યારેક સૂંડલોક પાંદડાંની વચ્ચે શાંત તો ક્યારેક ઉનાળાની પીળી લહેરમાં સહેજ સહેજ હાલકડોલક. ન તો એ મારી પાસે આવવાનો હતો ન તો હું ક્યારેક એની પાસે જવાની હતી. બસ એકબીજાને દૂરથી તાક્યા કરવાના હતા. વચ્ચે જે આ કાળી તપેલી ખાબડખૂબડ સડક છે

એની મર્યાદા રાખી હતી અમે બંનેએ. હું અહીં ઊભી ઊભી જે કાંઈ કરું એ એને જોયા કરવાનું હતું ને એ જોયા કરે છે ચૂપચાપ. ને મારે રાહ જોવા સિવાય બીજું કોઈ કામ નહોતું કરવાનું. તે અત્યારે પણ બસની રાહ જોઈને ઊભી હતી. સહેજ કંટાળી હતી ત્યાં હાંફતી ધણધણતી બસ આવી. માંડ જગા મળી. સર મને પૂછતાં, "કાવ્યા, તમે બસમાં ગિરદી તો નથી નડતી ને?" ને મેં એકવાર જવાબ આપેલો, "ડૉન્ટ વરી સર, હું મારી જગા કરી જ લઉં છું, લટકવું ને ટીંગાવવું મને ન ફાવે." ને મારા જવાબથી થોડા અકળાયેલા મારી સામે જોઈ રહેલા ને પછી શર્ટ પહેરીને 'હું હમણાં આવું' કહીને પૅકેટમાંથી સિગારેટ કાઢી બહાર નીકળી ગયેલા. મને કંઈ સમજાયેલું નહિ કે મેં શું કહ્યું કે એ આમ સાવ...

"ટિકિટ... બેન... કઈ જવું છે?" કંટક્ટરે એટલા જોરથી કીધું કે આજુબાજુવાળા મારી સામે જોવા લાગ્યા. મને થોડી ગભરામણ થઈ ગઈ. જીભ તો જાણે ચોંટી જ ગઈ,

"હેં... મારે...?"

"ના, તમારે નહિ મારે જવું છે...!" કંડક્ટર એકદમ બેપરવાહીથી બોલ્યો. મને બહુ માઠું લાગ્યું કોઈએ ગાલ પર તમાચો માર્યો હોય એમ હું સમસમી ગઈ. સહેજ રડવા જેવું પણ થઈ ગયું.

"મારે ધ...ધરણી..." એકસાથે કેટલી બધી આંખો મારા તરફ મંડાઈ. મને તો એ નામ બોલતાં આટલી તકલીફ કેમ થઈ એ જ નહોતું સમજાતું.

"ભાઈ એમને ધરણીધર દેરાસરની જ આલી દે." મારી બાજુમાં બેસેલાં એક આન્ટી બોલ્યાં.

"નક્કી કરીને ચડતાં હોય તો, લ્યા આહીં નવરા થોડીને બેઠા છીયે, બોલવામાં બી કલાક કરે. એ બોલે ત્યાં ઘડીએ એનું સ્ટેશન બી આવી જાય ને પછી જવાબ તો અમારે આલવાનો ને..." એવું બબડતો બબડતો એ ટિકિટ ફાડીને પૈસા લઈને જતો રહ્યો. મેં બારીની બહાર પ્રયત્નપૂર્વક મોં દબાવી રાખ્યું. નજર પણ જાણે કે વધારાનો લોખંડનો સળિયો બની બસની બહાર બારીએ લાગી ગઈ. આંખો ભરાઈ આવી હતી.

"ધરણીધરમોં જોબ કરો છો? તમને આવા સમયે આ બસમોં ઘણીવારે જોયા છે એટલે. હું બી ન્યાં કોમ કરું છું, ચંદ્રનગરમોં. ડૉક્ટરનું બૈરું સાવ ગોંડા જેવું છે તે હું બેબીને રમાડું છું, આયા છું." મેં એ આન્ટીની વાતમાં ધ્યાન જ ન આપ્યું, આવા લોકો બહુ સ્માર્ટ હોય. કઈ ઘડીએ તમારી પાસેથી કઈ વાત કઢાવી લે ખબર પણ ન પડે. સહેજ વાત કરીશ તો કોના ઘેર જઉં છું? શું કામ?થી માંડીને એ તમારા શું થાય? સુધીનું પૂછી કાઢશે એ બીકે હું ચૂપ જ રહી. પછી એ બહેનને થયું હશે કે હું સૂઈ ગઈ એટલે એ ચૂપ થઈ ગયાં.

આવી ફિલિંગ્સ મને એકવાર પણ આવેલી ત્યારે પણ રડી પડેલી. લગભગ આવો જ ટાઇમ હતો. સરની સાથે જ હતી. એના બૅડરૂમમાં. અને ડોરબેલ રણકેલી. ખૂબ ગભરાઈ ગઈ હતી. સર પણ પરસેવે રેબઝેબ, કપડાં તો ક્યાંય. પેલ્લી વખત કશુંક સારું નથી કરતી એવો ભાવ મારા મનમાં આવ્યો. સર દોડીને બહાર ગયા, મને અંદર જ રહેવાનું કહ્યું. હું ક્યાં સંતાઉં એવો કોઈ આઇડિયા ન આવતાં એના મોટા ટેબલના નીચેના ભાગે સંતાઈ ગઈ. મારાં કપડાં તો... મારી સાથે ક્યારેક આવુંય... હું જોરથી રડી પડીશ એ બીકે મારાથી મારા મોઢે હાથ મુકાઈ ગયો. પછી સર દસ મિનિટમાં પાછા આવ્યા અને સિગારેટ સળગાવી, શર્ટ કાઢ્યો અને એસી ફુલ કરી ધુમાડાના ગોટેગોટા કાઢવા લાગ્યા. હું બહાર નીકળી અને રડી પડી. એમણે મને શાંત પાડી અને કીધું,

"ડૉન્ટ વરી, કાજલ હતી. પૅઇન્ટિંગ્સ ભૂલી ગઈ હતી. જતી રહી." હું બાથરૂમમાં પુરાઈ ગઈ અને ક્યાંય સુધી પાણીની છાલકો ચહેરા પર મારતી રહી. બાથરૂમમાં પહેલી વખત મને અરીસોય ડરાવતો હતો. હિંમત જ ન થઈ મારું મોઢું જોવાની. ફ્રેશ થઈને ફટાફટ નીકળી ગઈ પણ આંખો તો જાણે વરસવાનું બંધ જ નહોતી કરતી. રસ્તામાં પણ ગોગલ્સની અંદર રડતી રહી. એ રાત્રે એક અનનૉન નંબર પરથી એક મૅસેજ આવ્યો.

"સૉરી ફોર ધીસ નુન. જ્યારે આવ ત્યારે ચંપલ બહાર ન કાઢવા, ને હેરપીન ભૂલવી સારી આદત

નથી. નેક્સ્ટાઇમ પેઇન્ટિંગ્સ ભૂલ્યા વિના સાથે લઈ જઈશ." આખી રાત હું સૂઈ ન શકી. શું રિપ્લાય આપવો? થેંક્સ કે આઇમ સૉરી?? રાતભર મેં સરના ઘેર દીવાલો પર જોયેલા મેડમના ફોટા અને એમાંથી છલકાતા પીળા સલવાર ને પીળી સાડી અને એની મોટી પારદર્શક આંખો બધું ઊભરાતું રહ્યું મારી આંખોમાં. જાણે એમાંથી મને મારો જ પડછાયો મળતો હોય.

ઘણીવાર સરના ઘેર બાથરૂમમાં નહાવા જાઉં ત્યારે અરીસા પર મેડમની બિંદીઓ ચીપકેલી જોઉં પછી એ પીળી બિંદીઓને મારા ચહેરા પર લગાવું અને પછી ક્યાંય સુધી મને આમ અરીસામાં જોયા કરું, હું હવે અરીસામાં મારી જાતને ફેસ કરી શકતી ધીમે ધીમે. મેડમના વાળ તો બહુ જ મોટા ને એનો ઢળતો અંબોડો બહુ જ ફાઇન લે એ. હું અરીસામાં મારા વાળને ઢળતા અંબોડામાં બાંધવા જાઉં તો બંધાતા જ નહીં, તોય હું પ્રયત્ન કર્યા જ કરતી. મમ્મીએ એકવાર મને આમ અરીસા સામે મહેનત કરતાં જોઈને કહેલું કે, 'કાવ્યા, તારા વાળ ઢળતા અંબોડા માટે ટૂંકા પડે...' ને પછી બે ઘડી હું કંઈ કેટલુંય વિચાર્યા કરતી ને પછી અરીસા સામે જોઈ પીળી બિંદી કપાળ પરથી કાઢી નાખી, ને પાછા ગુલમહોરના રંગની રાતીકેસરી બિંદી લગાવી દીધી. ઘણીવાર થાય કે હું મેડમને મળવા જાઉં પણ બીજી પળે થાય કે હું શું બોલીશ એની મોટી પારદર્શક આંખોમાં જોઈને? મેડમને ભલે મળી નથી પણ એમનાં ચિત્રો જોઈ હું એના વ્યક્તિત્વને સમજવા મથ્યા કરું છું. એમનાં ચિત્રોમાં આકાશ બ્લ્યુ કલરનું જ હોય એવું નથી જોયું મેં, એ તો આકાશનેય લીલાશથી ભરી દે છે, એના ડુંગર ભૂખરા નથી જોયા, ડુંગરને ગુલાબી રંગે રંગતા હોય છે એ, એનાં ચિત્રોમાં પાણી પણ કેસરી ઝાંયવાળું હોય છે. બધું ન કલ્પી શકાય એવું જ. કોઈ વસ્તુ એવી નહીં જેવી અસલ રંગમાં હોય... ને પછી થાય કે એમનો ગરમાળા જેવો અસબાબ ભલે કોઈ પીંજરમાં છે પણ મારી જેમ કોઈ ખખડધજ બસસ્ટોપની...

"લ્યા બોન, જાગો તમારું ધરણીધર દેરાસર આઈ જ્યું, હેંડો..." હું ઝબકી ગઈ, ફટાફટ પર્સ સંભાળીને ઊભી થઈ અને ઊતરવા જઉં ત્યાં સુધીમાં બસ ઘણી આગળ નીકળી ગઈ હતી. પેલા આન્ટીએ રાડો પાડી, "લ્યા ભાઈ, રોકો આ બોનનું સ્ટેશન પાછળ રઈ જ્યુસ." બસ અધવચ્ચે ઊભી રહી હું નીચે ઊતરી. કંડક્ટર બબડતો રહ્યો. ઉપર આકાશમાં સફેદ વાદળોના ગુચ્છાઓ બાઝેલા હતા, એની પાછળથી સૂરજનો અસહ્ય તાપ પડતો હતો. ને હું રસ્તા વચ્ચે ઊભી હતી જાણે કે સરનામું ભૂલેલી. ખરેખર તો હું પણ અકળાઈ હતી આમ અધવચ્ચે ઊતરી જવું એ મારા સ્વભાવમાં જ નહીં. કાં તો મારા સ્ટોપે જ ઊતરું અથવા નીકળું જ નહીં! એકબે બાઇક મારી બાજુમાંથી ધીમી પડી પણ હું આ રસ્તાઓથી અજાણ નહોતી, હંમેશાંની જેમ ચાલતી રહી. સરે કહેલું,

"જેટલો પ્રયત્ન સંતાડવાનો કરીએ, એટલાં બહાર વધુ પડીએ એટલે આ દુપટ્ટા અને મોજાં ને ચશ્માં કાઢીને આ સોસાયટીમાં આવવાનું, તું તો મારી સેક્રેટરી છે. ડરવાનું નહિ."

મારે એને કેમ સમજાવવું કે આ બધું તમે સમજો છો તો તમે કેમ અમલમાં નથી મૂકતા. કાળા મખમલના ઓછાડ પર દીવાલને ટેકો દઈ એ સિગારેટ પીતાં હોય અને હું એમને અઢેચીને બેઠી હોઉં, એના ખભા પર મારી આંગળીઓ ફરે ત્યારે પોપડીઓ ખરે એમ એની પાસેથી બધી વાતો ખરતી હોય. હું જાણતી હોઉં કે ન જાણતી હોઉં એ બધાની વાતો, ફાયદો- નુકસાન, જશ-અપજશ, દુનિયાદારીની વાતો, સ્વાર્થી સંબંધો ને મેડમની વાતો, મેડમનો સ્વભાવ, દોષ ને વખાણ એ મને સંભળાવ્યા કરે, એ બધા લોકોને ગાળો આપ્યા કરે અને હું એના સ્વભાવના કાણામાંથી આવતા આ તડકાથી દાઝ્યા કરું. મેડમ સાથે તો જાણે એમને કોઈ લેણદેણ જ નહોતી. આવડા મોટા બંગલામાં બે માણસો સાથે રહીને પણ સાથે નહોતા. બૅડશીટની સળવટો બંને વચ્ચે જાણે જોજન અંતર. મેડમ પણ આ રૂમમાં ધીરે ધીરે સૂવા આવતાં સાવ બંધ થઈ ગયાં. એ મને બાથરૂમમાં અરીસા પર થાકેલી પીળા કલરની ઘટતી બિંદીઓ પરથી જાણવા મળ્યું. એક તબક્કે ત્યાં હવે માત્ર લાલકેસરી ગુલમહોર રંગની બિંદીઓ ફેલાતી જતી હતી. દીવાલો અને સોફાસેટના કવર સુધ્ધાં પીળી ઉદાસી ખંખેરી રહ્યા હતા અને ત્યાં રાતાકેસરી ગુચ્છે ગુચ્છા ફાલ્યા હતા. સિગારેટના કશ લેતાં લેતાં એ ક્યારેક મેડમની વાત

માંડવાનું શરૂ કરે ત્યારે મને એમના શરીર પર પીળાશ ફેલાતી જતી દેખાય ને તુરંત હું પીળાશ ખંખેરી નંખાવતી. ઘેર મમ્મી કહેતી કે “કાવ્યા, હવે હાથ પીળા કરવા અંગે કાંઈક વિચાર.”ને હું હસીને કહેતી, “હાથ પીળા જ તો નથી થવા દેવા મમ્મી!” મારાથી અપાય એ બધું હું સરને આપતી પણ સરને હંમેશાં ઓછું જ પડે, બધું સુકાઈ જતું. સરે મને પ્રૉમિસ કરેલી કે આગળ કહેલી કોઈ વાત યાદ ન રાખે ત્યારે હું ચિડાઈ જાઉં તો એ મારી પાસે સાબિતી માંગે ત્યારે હું એ બૅન્ચ પર હાથ ફેરવી એના પર, કાળી સડક જેવા ઓછાડ પર જૂની નિશાનીઓ શોધવા મથી પડું અને ગરમાળો તો એની મર્યાદામાં રહીને ક્યારેક હવામાં ઝૂલ્યા કરે. પણ હા, વર્ષોથી હું એમની પાસે નથી ગઈ, નથી એ મારી પાસે આવ્યા, માત્ર દૂરથી અમે એકબીજાને જોયા કરીએ છીએ. નથી આ સળવટોની સડક ઓળંગી મારી પાસે આવવાનો કે નથી ખખડધજ બસસ્ટોપને મૂકી હું ત્યાં જવાની. બસ, એકબીજાની આંખોમાં એકબીજાનાં પ્રતિબિંબને શોધ્યા કરીએ છીએ. સૂંડલો સૂંડલો પાંદડાં વચ્ચે તો ક્યારેક ઉનાળાના પીળા કે રાતાકેસરી ગુચ્છાઓ વચ્ચે કશીક રાહ જોતા.



નાથી

"હરસુડી... હાલ્ય અય..." હું રાંધણિયામાં મારી બાને વાળું હાટું ભીંડો સમારી દેતી હતી ત્યાં અમારી ડેલીની બાર્યથી નાથીનો અવાજ આયવો. શેરીમાં રામજી મંદિરની નવી આવેલી ઑટૉમેટિક ઝાલર વાગતી હતી. મારું ને નાથીનું આ જ ટાણું હતું.

"આ ઘડીએ આવી હોં બા..." કે'તી મેં ચાકુ ને ભીંડાની થાળી રોટલા ટીપતી બાની પાંહે મૂકી.

"હાશ... તને તો દિ' આથમ્યે જ કળશ્યે જાવાનું હાંભરે, ને ન્યાંય બેય હારોહાર હોવો પાશ્યું. ને નાથીને કેજે કે તાર બાપુની હાંભળતાં હરસુડી નો ક્યે... હર્ષાબા નો ક્યે તો કાંય નહીં, પણ આ હું વળી ગામ સાંભળે એમ ટુકારા કરે... ખબર સે વળી બે સોપડી વધારે ભણી ગઈ સે તે." મેં ફળિયામાં સામેની ભીંતે ટીંગાતા ત્રણચાર ડોલસામાંથી મારાવાળું ગોત્યું ને ટાંકીમાંથી પાણી લઈ ડોલસું છલકાવ્યું. મારી બા તો ક્યે પણ ઈને થોડી ખબર હોય કે બાઈ આ તો નાથી છે નાથી, કોઈના બાપનું નો રાખે એવી. ને આખાબોલી તો એવી કે એના બાપ મૂળાઆતાનેય નમતું નો આપે. એની આઈ મોંઘીબાઈ મારી બાને ઘણીફેર ને'રે લૂગડાં ધોતાં ધોતાં કે કે, "અમાર નાથી તો આયરના ખોરડે ગરાહણી થઈને જલમી છે."

આખા ગામને ઈર્ષ્યા આવે એવાં મારા ને નાથીના બેનપણા. જ્યાં હોય ન્યાં હાર્યે જ હોવી. મોળાકત, એવરત, દિવાસો ને ફૂલકાંજળી બધ્ધું અમી હાર્યે જ કરેલું ને હવે વડસાવિત્રીય હાર્યે જ કરવાન્યું, બસ એનું ભણતર પૂરું થાય એની વાટ છે. સવાર પડે અને હું આયરની શેરીમાં મૂળાઆતાની ડેલીમાં ખોડાઈ જાવ નકર નાથી તો દિ' ઊગ્યા કેડ્યે મારા ઘેર તો હાજર હોય જ. મને તો નાથીનું ઘર બવ ગોઠે. ઘરની માલીપા તાંબા-પિત્તળનાં ચમકતાં બેડાં જોઉં તો થાય કે નાથીય કરિયાવરમાં આવાં ચમકતાં ડાઘા વગર્યનાં બેડાં લઈ જાહેં? મારા ઘરે રાસરસીલું તો બવ જ પણ તોય મને આયરના ઓરડાના ચમકતાં બેડાં બવ જ ગોઠે. ગામમાં સરપંચની જાગલી, બાબરની બાવલી ને મેરાદ્દા ભરવાડની જશી એમ તો ગાડું ભરાઈ અટલી બેનપણિયું પણ નિશાળમાં સાહેબ એમ કે'તા કે તમારી પાક્કી બેનપણી ઉપર નિબંધ લખો તો પાટીમાં નામ તો નાથીનું જ હોય. અમી બધ્ધું ભરત હારે જ ભરવી. નાથીના કાકી રતનબાઈ ઘણીફેર ક્યે, "સોડિયું, તમી બેય એકબીજાને જોઈને સરખું ભરત ભરો સો પણ નાથી, હરષા જે ભરત ભરે ઈ એનામાં હાલે આપડે નો બકે... આપડું અલગ હોય..." તો નાથી એનેય સંભળાવી દેતી "હા તે ભલે, તો કોક રજપૂતના ઘરમાં બેહી જાઈશ પણ ભરત ની બદલું જાવ..." આમ તો ઈ લખ્ખણે જ ખાટીબડબાના પેટની પણ મારી હાર્યે એને બવ બને. મેં ચપ્પલ પેર્યા ને દુપટ્ટો માથે ઓઢ્યો અને અમી બેય અંધારાને ઓગાળત્યું હેઠલી શેરીમાંથી નદીકાંઠે કાટ્યમાં પોગી ગ્યું. બાવળની વાંહે ડોલસા મેલ્યા ને શાંતિથી બેઠ્યું. થોડીવારે ગોઠણ ઉપર આંગળી દબાવતાં મેં કીધું કે "નાથી, તારે વેકિશન કારે ખૂલી જાવાનું?" ઈ બેઠી હતી ન્યાંથી ઉભડક બેઠા બેઠા જગ્યા બદલાવતી ક્યે, "દહમાંના રિસલ્ટ આવતે મહિને આવી જાવાના, ઈ પશી સાયન્સ કરવું કે કૉમર્સ કરવું કે આર્ટ્સ ઈ નક્કી કરવાનું ને એડવીસન લેવાનું ઈ આખી માથાકૂટ બવ લાંબી છે, અટલે નય નય કરતાંય બે મહિના તો પાક્કા."

"ભમરાળી, તું તો તારી બૉર્ડિંગમાં ભણવા વય જા ને પશી મને આંયા જરાઈ જીવ નો લાગે. આખું ગામ સાવ અડવું અડવું લાગે. હું તો ઓલી જાગલી, બાવલી ને જશી ને ઈ બધ્ધું પાંહે જાવને તો ઈ ક્યે કે, 'જો હરસુડી વાની મારી આવી જો, બાકી નાથી હોય તારે તો બહેન આ દશના વાયરાય સૂંઘે નહી.' નીસન્યું બધ્ધું નણંદુ ને હાહુ જેવું બોલ્યા કરે અટલે હું તો જાવય નહીં, ને આમય બાપુ ગામમાં બવ જાવા તો નો જ દે. ઈ બધ્ધું મૂળે તારા ભણતરથી બળે છે, ના'વા નો મળે ને ક્યે પાણીમાં લીલ છે કાં?" જવાબમાં નાથી દાંત કાઢે.

નાથીના બાપા મુળાઆતા આયરોમાં માનભેર પુછાતું નામ તે એમાં નાતની પેલ્લી વેલ્લી બનેલી સોડિયું માટેની બોર્ડિંગમાં એણે સૌથી પેલ્લું નામ પોતાની દીકરી નાથીનું લખાવડાવ્યું. એટલે ગામની આમ તો ઈ પેલ્લી છોકરી જે બાર્ય ભણવા ગઈ હોય. મેં બેઠા બેઠા ઉપર જોયું. આભનાં ઓઢણામાં આભલાં ચમકતાં હતા.

"હર્ષા, તને ખબર છે અમારે ભણવામાં એવું આવે કે આ તારાઓ છે ને, ઈ સૂરજ ને ચાંદા કરતાં નાનાં સેજય નથી. આઘા છે એટલે નાના લાગે, બાકી તો બવ તેજવાળા છે." મને દાંત આવી ગ્યા.

"નાથી, અમી ભલે ભણ્યું નો હોવી પણ આવા ટાઢા પોરના ઝીંક્યા નો કર્ય. બત્તીની ગલોપડી ડિમ પડી જાય એવા લબુક ઝબુક થાતાં આ તારા સૂરજ જટલા તેજવાળા છે એમ? કોક ગાંડી કેહે બાઈ, ભણી ભણીને ભવન ફરી ગ્યું તારું..." હું હસી હસીને બેવડ વળી ગઈ ને મેં એનો થોબરો ચડી ગયેલો જોયો.

"માય જા નીસમારીની..." એ દાંત કસકસાવતાં બોલી. મેં દાંત કાઢવાનું બંધ કર્યું. ઈ આવી જ સે હાવ આમ. પોતાનું નો બકે કે નો હાલે તો ભુરાઈ થાય. ને એના ઘરમાં એનું હાલેય બવ. મોંઘીબાઈને નાથી પછી બીજીવાર ખોળો નો'તો ભરાણો.

"લ્યો હાલો હશે, આઈમ ચોરી બસ..." મેં ઊભા થાતાં કીધું ને એણે મોઢું મલકાવ્યું ને બોલી, "ભારે તમે તો... અંગરેજી શીખી ગ્યા." અમે દાંત કાઢત્યું કાટ્યમાંથી બાર્ય નીકળ્યું.

"હાંભળ્ય અય હર્ષા, કાલ્ય તારે મારી હારે આવવાનું છે." ઈ આમ આડેધડ બધું નક્કી કરી નાખતી હોય છે પૂછ્યા ઘાશ્યા વગર.

"ક્યા?" હું જોરથી બોલી ગઈ.

"હરખુડીની, ધીમેલી બોલ્ય." પછી અમે હેઠલી શેરીમાં પોગી ગ્યું એટલે એ હળવેકથી બોલી.

"નાગપાંચમનો મેળો ભરાઈ છે ન્યાં, પાણીયાળી ગામે ડેમે જાવાનું છે."

"ના... માર બાપુ નો જ જાવા દે."

"અરે પણ તારે આવવું જ પડશે, માણસુર આવવાનો છે મળવા." માણસુર નાથીના ફઈનો છોકરો થાય, એની હાર્યે નાથીનું નાનપણમાં સગપણ થઈ ગ્યેલું. અમી બેય વાતું કરતા હતા ત્યાં સામેથી થોડા આદમી આવતાં જોયા એટલે મેં ધીરેથી ફુસફુસિયાં અવાજે પૂછ્યું, "માણસુર આવવાનો છે? કોણે કીધું? કાલ્ય જ? મેળામાં?" પેલા આદમી વીયા ગ્યા ત્યાં સુધીમાં તો નાથીએ મને ચીંટીયો ભરી લીધો ને મારાથી રાડ્ય પડાય ગઈ.

"હા, માણસુર આવવાનો છે, મેંય સાંભળ્યું ને આ બાજુમાં હાલ્યા ગ્યા ઈ ગામની નવરી પાંચમુંયે ય સાંભળ્યું, તારા લીધે. તને એમ લાગે કે ફુસફુસિયાં અવાજે બોલીશ તો તું ને સામાવાળા બે જ સાંભળશો બીજાને નહીં ખબર પડે એમ? ઈ વહેમમાં તો ભમરાળી આખા ગામને તું દરફેલે બધું સંભળાવી દે સો." હું થોડી મૂંઝાઈ ગઈ. મારો ડેલો આવી ગ્યો. મેં ધીરેલી કીધું,

"આઈ એમ ચોરી!"

"હા લ્યો, હારું આવડી ગ્યું. તને તો છે ને કાંઈ તળિયું જ નથી."

"લે, આ તો જો..." હું એનો હાથ પકડવા ગઈ.

"એક આ જ્યારે તારો વાંક હોય ને ત્યારે 'આ તો જો' બોલવાનું બંધ કરી દે. જે કળા કરવી હોય એ કર્ય તારે કાલ્ય આવવાનું થાય છે સમજી." મારો જવાબ લીધા વિના સડસડાટ ઈ અંધારામાં ઓગળી ગઈ. ઘેર આવી. બા વાળુની તૈયારી કરતી હતી. બાપુ ઘરમાં માલીપા ટી.વી. જોતા હતા.

"હરસુડી, તાર બાપુને ક્યે વાળું તૈયાર છે." બા દૂધનું બોઘડું ઓશરીમાં મૂકતા બોલી. મેં બાપુને બોલાવ્યા. બાપુ વાળું કરતાં હતા. હું રાંધણિયામાં બા પાહેં આવી, બા મોટી તપેલીમાં ઘી ઊનું કરી અને ઊના થયેલાં ઘી પરથી સાંઠીકડાથી કીટુ કાઢતી હતી.

"બા, મારે કાલ્ય પાંચમના મેળામાં જાવું છે." બાએ મારી વાત સાંભળી ન હોય એમ ઊભી થઈ ને

પછી બોલી, “તાર બાપુનું વાળું પતી ગ્યું હશે જા, આયા માલીપા લીયાવ્ય બધું” હું પગ પછાડતી બહાર ગઈ, બધું અંદર લાવી લીધું ને બા હારે વાળું કરવા બેસી ગઈ.

“કાલ્ય, તાર બાપુ હવારે કટંબનો એક કજિયો પતાવવા બાર્યગામ જાવાના છે. ઠેઠ હાંજે આવવાના છે. વેલી પાશી આવી જાજે.” પછી એ ચૂપચાપ કોળિયા ભરતી હતી. મેં એની હામે દાંત કાઢ્યા.

ખાટલે સૂતી સૂતી હું કાલ્યની વાટ જોવા મંડી. માણસુરને નાનપણ આયા બવ જોયેલો. નાથીને એક જ ફુઈ. એમાં માણસુર પાછો ઈ ફુઈનો એકનો એક. આયરોમાં તો આવું જ. ફઈની વાંહે ભત્રીજી, જાણે કે એક નિયમ થઈ ગ્યેલો. ને ફઈ તો નાથી નાની હતી ત્યારે એની હાટું કાનની કડિયું ચડાવી ગયેલા. નાથી કે’તી “એને ‘મરકલ્યું’ કેવાય, અમારામાં ઈ મરકલ્યું કરી જાય એટલે પછી સોડી એની પાક્કી.” બહેનનું માગું એનામાં કોઈ ભાઈ પાછું નો ઠેલવે. ઈ પછી તો નાથી મોટી થઈ ત્યારે એક દિ’ ફુઈ ફરી આવેલાં. ત્યારે હું ને નાથી ઓશરીમાં પાશીકા રમત્યું હતી. ઈ ટાણે ફુઈ રકેબીમાં ચાના સબડકા લેતાં નાથીનાં આઈ મોંઘીબાઈને કે’તા હતા.

“જુવો ભોજાઈ, મારી નાથીને તો હવે કાન મોટાં વીંધાવી દ્યો એટલે હું કાનની મોટી પોખાની લેતી આવું ને પછી તો કેવડાની સળિયું નાખ્યા કરો ને જુઓ તમતમારે સોનાનાં ભારેમાંથી ઠોળિયા કરાવવાની.” કાળા કલરની ઝીમીમા પલોઠી વાળીને બેસેલા ફુઈને એનું રાતુંચોળ ઓઢણું ને તબકતા દોરા ગૂંથેલું કાપડું આ બધું હું તો જોઈ રે’તી. ફુઈને જોતી એટલે મને થાતું કે એક દિ’ નાથીય આવું પેરશે? મોંઘીબાઈ અને એના દેરાણી રતનબાઈ આવું પેરતા પણ વારતેવારે, પણ આ ફુઈ તો જ્યારે હોય ત્યારે કાનમાં મોટા ઠોળિયા, હાથમાં ચાંદીમાં કણંદા, ડોકમાં રૂપાની મોટી હાંહડી ને મોરહાર પેરેલા હોય જ. કેડ્યમાંય ફુઈને રૂપાનો કરઝુડો ને પગમાં કાંબ્યું આ બધું હું બસ જોયા જ કરતી. ને આ બધું મારી નાથીને કેવુંક સારું લાગશે એમ વિશાર્યા કરતી. જોકે ઈ ટાણે જ નાથીના આઈ મોંઘીબાઈએ કહી દીધેલું,

“ના બોન, મારી નાથીના કાન કાંય અટલાં ઉતરાવવાના નથી. હવે ક્યાં આવું કાંઈ ચલણ રયું છે?”

“ના રે... ભોજાઈ, મારે તો ન્યાં કળશી કટંબને આખ્ખું ગામ આયરોનું. અમારી બાયુંને તો ઓઢણાનો લાંબો હાથ એક જેવડોક ઘૂમટો કાઢવાનો ને મોટેરાની સામે તો ચંપલય ઉતારી દેવાનું જ બાઈ! રાખો તો બધ્ધા ચલણ રે’જ તે વળી. ને મલક વાત્યું નો કરે કે મેં તો મારી સાત ખોટ્યની એકની એક નાથીવહુને પૂરાં ઘરેણાંય ચડાવ્યાં નહીં? મારે તો કરિયાવરમાંય તે બાર જોડ જાડાં કાપડાંને ઓઢણાં જોવે જ હા, આ ઝીણા ગાભા ન્યાં નહીં હાલે હું...” એ વખતનું નાથીનું લાલઘૂમ મોઢું મને યાદ છે, ઈ તો પાંચિકા લાદીમાં પછાડી હાલતી થઈ ગયેલી. ક્યારેક ક્યારેક તો મારી બાય કે’તી, “તારી આ બહેનપણીના બધા વટાણા એના હાહરિયે વેરાઈ જાવાના, આંય તો એના મા ને બાપે ચડાવી છે પણ ન્યાં કાંય હાલવાનું નથી. મીયાની મીંદડી નો બની જાય તો હા કે’જે મને.” ત્યારે હુંય બાને કે’તી, “નાથી ક્યાં એના ફુઈના ઘેર હાહરે જાવાની, એના કોઈ લખ્ખણ નથી ન્યાં જાવાના. વેહવાળ તૂટી નો જાય તો મને હા કે’જે બા.” સૂપડામાં ધાન ને કસ્તર નોખા કરતી બાએ ફૂંક મારી ને બધા કસ્તર ઊડી ગ્યા પછી ધાનને હથેળીથી એની કોર્ય ઢસડી લેતાં એ બોલેલી. “ઈ કાંય વહવાયા થોડા છે કે છાશવારે છૂટું થાય? એકવાર નક્કી થ્યું ઈ થ્યું હવે તારી બહેનપણી સાત ટાંગા પછાડે તોય ઈ ઘરમાં જ જાવું પડશે. ઈ ઘરમાંથી હવે એનું ખાપણ નીકળે પણ નાથી નહીં સમજી? ને તુંય હવે એની હારે બવ હરવા ફરવાનું માંડી વાળજે.” બધું વીશારતી વીશારતી ક્યારે મારી આંખ મીંચાઈ ગઈ ઈય ખબર નો રહી.

સવારે આંખ ખૂલી તો દિ’ માથે ચડી આયવો હતો. ફટાફટ તૈયાર થાવ નો થાવ ત્યાં તો નાથી આછા ગુલાબી પંજાબી ચૂડીદાર પેરીને આવી. મસ્ત લાગતી’તી. એણે ડ્રેસ પેર્યો એટલે મેંય પછી જાંબલી કલરનો પંજાબી પેર્યો. મને એમ હતું કે એ ચણિયાચોળી પહેરશે એટલે મેંય આગલી રાતે નેટના રાખોડી ચણિયાચોળી કાઢી રાખેલા. કોઈ દિ’ નાથી આપડે ધાર્યું હોય એમ વર્તે જ નહીં. અમે ઉતાવળીયું ગામની બાર્ય હાલત્યું થઈ.

"મને એમ કે નાથી, તું માણસુરને મળવાની તે ચણિયાચોળી જ પેરીશ."

"ના રે... મને એવું નો ગમે, ને હું લૂગડા મારી હાટું પેરું છું, માણસુર હાટું નહી." માણસુર તો મનેય બવ કાંય ગોઠતો નહીં. નકર બેનપણીયુંમાં તો એવું જ હોય કે આપડા વર કરતાં બહેનપણીનો વર વધુ રૂપાળો હોય તો પછી તમી વાતેવાતે એની ભૂલો તમારી બહેનપણી પાંહે કાઢ્યા કરો, એને ઉતારી પાડવાની એકય તક જાવા તો ન જ દે... ઈ બધું દાંત દાંતમાં પણ બધ્યું એકબીજાને કહી દે, પણ જો બહેનપણીનો વર હારો નો હોય તો આપડેય કાળજે કરવત મુકાય. માણસુર તો ભમરાળો સાતય નહીં ભણેલો. ઢોર ચારે ને વાડીમાં ટ્રેક્ટર હાકે ને અમારી નાથી તો કલેક્ટરનેય ઊભો ઊભો મૂતરાવે એવી. નાથી કોઈ દિ' ઊઘડીને પોતાનો અણગમો ક્યે નહીં. પણ જો તક મળી હોય તો એના આતાને આઈને કે'વાનું ચૂકેય નહીં કે એની બધી હોંશિયારી આખરે તો કાપડાને કાંબીયુમાં ખોવાઈ જાવાની. મૂળાતા ને મોંઘીઆઈ ગમ્મે ત્યારે નાથી હાટુ ગમ્મે ઈ કરી છૂટે એવા, એટલે મને ખાતરી કે ક્યારેક તો કાંઈક તોડ આવશે જ. પણ તોય નાથી માણસુરને મળવા રાજી થઈ ઈ જ મને બવ મોટી વાત લાગી.

"તાર હાવડો આવી ગ્યો નાથી?" મેં ઉતાવળાં હાલતાં કીધું.

"મય ગ્યો હાવડો, તને તો આવા લપ બવ બાપા. બે ઘડી મૂંગી નો રહી હક. મારી આઈ મરે જો ભમરાળી તું અડધો કલાક મૂંગી રહી હકતી હો તો." હું તો સમસમી ગયેલી. પશી અડધી કલાક ઉપર થઈ પણ હું નો બોલી. બોલે ઈ બીજા.

"હર્ષા, તારી કૅસેટ કેમ બંધ થઈ ગઈ? સીસોટી ગળી ગઈ કે હું?" એણે દુપટ્ટાના છેડાથી પરસેવો લૂંછ્યો. હું તો એની હામે જોઈ રહી ને પછી તાડૂકી,

"તું તો નભ્ભાય, બોલું તો કે ભૂંગળું વાગે ને નો બોલું તો કે સીસોટી ગળી ગઈ... કેમ પોગવું?" એણે દાંત કાઢ્યા. ઈ પાછી એવું મોઢું કરે કે આપણને નો દાંત આવતાં હોય તોય આવી જાય. અમારા ગામથી થોડે આઘે નાગદાદાની દેરીએ દરવરશે મેળો ભરાય. બધા છોકરા-છોકરીયું એકબીજાને મળવા ન્યાં બહુ જ આવે. જ્યાં જ્યાં નજર કરો ન્યાં આવાં જોડકાં ઊભાં ઊભાં લેર્યું કરે. બળે અમારી જેવાં જેને એકેય ખૂણે લીલપ નો હોય. છોકરીયું તો ચણિયાચોળીને માથામાં વેણી નાખીને આવે, બેય હાથમાં ઢગલો બંગડીયું હોય, ડોકમાં તડકામાં ઝબકીને હોંકારો દે એવા ડાયમંડ, આંગળીયુંમાં સાંકળિયુંવાળી ભાત ભાતની વીંટી પેરેલી હોય, હાથમાં આગલી રાતે ધોયેલી લાલચટ્ટક મેંદી હોય, મોઢામાં તડકા ભેગો પાવડર ચમકતો હોય, હાથમાં વાળીને સાચવેલો અત્તર લગાવેલા રૂમાલ હોય. ને અલકાતી મલકાતી એઓના 'એ'નો હાથ પકડી પવનની હારોહાર લળી લળીને વારે વારે રૂમાલથી મોઢું ઢાંકીને શરમાઈ લેતી હોય. એનો અડધો રૂમાલ તો એની લાલીથી જ લાલ થઈ ગ્યો હોય. ને એઓના 'એ' પણ રંગબેરંગી બુટકટ પેન્ટ ને જાતજાતનાં બુશર્ટ ને ભાત ભાતનું ચીતરેલું ટીશર્ટ પેરીને ગલોફું ફુલાવીને, ગળે રૂમાલ નાખીને લાંબા લાલ કેસરી ઝટિયાને ઉલાળતાં હરખાતાં હોય. મને આમ તો આવું બધું બહુ ગોઠે નહીં. અમી એક મોટા ચકડોળ પાંહે આવીને ઊભ્યું રહી ગઈ. થોડીવારે અમે બેય ગોળ ગોળ ફરતાં મોટાં ચકડોળને જોઈ રહી ને પછી નાથી મારો હાથ પકડતાં ક્યે,

"હાલ્ય, ચકડોળમાં બેહવી..."

"અરે... લે તું મને પૂછ્યાં વન્યા દરફેલે બધું નક્કી નો કરી નાખ્ય. મારે નથી બેહવું" મેં મારો હાથ ઝટકાવીને છોડાવી નાખ્યો.

"આવવું છે? હું જાવ છું" એણે દુપટ્ટો અને એના લાંબા ઊડતા વાળને હરખા કર્યા.

"નાથી, મને ફેર બવ ચડે... તું જા હું આંય ઊભી. માણસુર આવે તારે કહીશ જા." એ તો તરત જ પોગી ગઈ ને ચકડોળમાં ગોઠવાઈ. હું જોઈ રહી. મારા ધબકારા અચાનક વધી ગયા. આખા ડિલે પરસેવો થયો. નાથી એક મોટા પીંજરામાં બેઠી, એના પીંજરાનું બારણું દેવાયું ને સાંકળ લગાવાઈ. થોડીવારે આખું ચકડોળ ધીમે ધીમે હલ્યું, મારી ને નાથીની આખ્યું એક થઈ એ હજીય દાંત કાઢતી હતી, બેય હાથે પાંજરું કસકસાવીને પકડી રાખેલું એણે. મેં પરસેવો ફરી લૂંછ્યો. ચકડોળ ધીમેલી ચાલુ

થયું. ગોળ ગોળ ફરવા માંડ્યું. એની ઝડપ વધતી હાલી. ને પછી ઉપર હેઠે પાંજરા થાય નાથી શીહું નાખે, તાળીયું પાડે, આખું ચકડોળ કિકિયારીમાં ફેરવાઈ ગ્યું. મારાથીય એક શીહ નીકળી ગઈ, મને ચક્કર જેવું થ્યું તે હેઠે પાણા પર બેહી ગઈ. એક ઉબકો આવીને જાણે છાતીમાં ઠહકાય ગયો. આંખે અંધારા આવવા લાગ્યા, બધ્ધું બબ્બે દેખાવવા માંડ્યું, જોશથી આંખ્યું મીંચી દીધી. મારી પીઠ પર કોઈએ હાથ મેલ્યો ને હું ઝબકી ગઈ, જોઉં તો નાથી ઊભી હતી, હજીય દાંત કાઢતી હતી.

"હું થ્યું હર્ષા?" હું ઊભી થઈને એને ભેટી પડી.

"ગાંડી તું તો હાવ. હું કાંય ન્યાં મરી નોતી જાવાની." મને એવું લાગ્યું કે હું રોઈ પડત. મારો હાથ પકડી એ પાણીપુરીની લારીએ લાવી. પાણી પીવરાવ્યું ને બે પાણીપુરીની ડિશનો ઓરડર કર્યો. અમી હજી માંડ એક એક પાણીપુરી ખાધી હશે ને ગલોફા ફૂલ્યાં નો ફૂલ્યાં ત્યાં તો હામેથી એક રાજદૂત આવતું જોયું. હું તો નો ઓળખી હકી પણ નાથી ઓળખી ગઈ, પડખું ફરી ગઈ. એનું મોઢું બદલાઈ ગયું. રાજદૂત માથે 'તોફાની કાનુડો' લખેલું જોયું ને હું હમજી કે અરરર આ માણસુર છે? પાંચ-છ વરહ પહેલાં જોયેલો અત્યારે તો મોટો જોંગો જનાવર જોઈ લ્યો. આ સોકરાઓ તો સાવ ઊભા ટોયા જેવા હોય ખપાટિયાની જેમ વધતાં હાલે. માણસુરની તો મોટી મોટી મુંશ, આખા ગાલે વકરી ગ્યેલી દાઢી, ગળામાં ઘૂઘરાળા ને ચાંદીનો જાડ્ડો દોરો, મોટા ચશ્માં ચડાવેલા, આંગળિયુંમાં બબ્બે વેઢ પેરેલા. ભરત ભરેલી મોજડી ને બુશર્ટના બે બટન ખુલ્લા.

"ઓય બાપા, નાથી આ તો જો કેવો જમના દૂત જેવો લાગે છે." હું દાંત કાઢવાનું માંડ રોકી હકી. માણસુરની હારે નવરી ચમસાગીરીવાળો એક નક્કામોય આયવો'તો. ઈ આયવો ત્યારનો મને જોતો હતો ઈય મને વર્તાય ગયું. માણસુરે ઘડી બેઘડી અમારી હાર્યે વાત કરી ને પછી ઈ ને નાથી બેય તળાવની પાળ હેઠે પાણા ઉપર બાવળિયે બેહવાં ગ્યાં. ઈ જાતાં હતાં ત્યારે મેં જોયું કે માણસુરના ભાઈબંધે માણસુરના હાથમાં કાંઈક નાની ગુલાબી પડીકી જેવું કાંઈક પકડાવ્યું, ને હળવી આંખ મીંચકારી. મને પેલાં તો કાંય વહેમ નો પડ્યો પણ પછી રહી રહીને ટી.વી.ની બધ્ધી એડબટાયું સાંભરી ગઈ, કાંઈક જેવું તેવું જે હમજાણું કે મારી હથેળિયું ભીની થઈ ગઈ. બવ જ વાર લાગી એટલે મને મૂંઝારો થાવા માંડ્યો. મેં ઓલાને કીધુંય ખરું કે,

"ભાઈ, માણસુરને ફોન કરીને ક્યો દિ' આથમવા આયવો છે. બવ વાર લાગી અમારે મોડું થાય છે." મારો અવાજ સહેજ ભરાઈ ગ્યો. મારી આંખે આછાં ઝળઝળિયાં બાઝી ગ્યાં. પેલાએ દાંત કાઢતાં કીધું,

"અમારેય બવ બધી ઉતાવળ સે, તમતમારે ચિંતા નો કરો." હું એને પડતો મેલી દાંત કસકસાવતી મુઠ્ઠીયું વાળીને નાથી ગઈ હતી ન્યાં તળાવની પાળ હેઠ્યે બાવળિયામાં હાલતી થઈ ત્યાં તો મારી હામે નાથી ધોડતી આવી. સીધી મારી હાર્યે ભટકાણી. આખી ધરુજતી હતી. મેં જોયું તો એનાં જમણા ગાલે પાંચ આંગળાં ઊપસી આયવા'તા. આંખ્યું વરસવાનું બંધ જ નો'તી કરતી.

"હરસુડી, હાલ્ય, ઝટ ઘર હાલ્ય..." મારું બાવડું પકડી એ મને ખેંચવા લાગી. મેં વાંહે ફરીને જોયું તો માણસુર કાંઈક બડબડાટ કરતો'તો. એનું મોઢું ચડી ગયું હતું. આંખ્યું દાઝ ભરેલી હતી. મેં નાથી હામે જોયું તો નાથી તો પારેવું ફફડે એમ ફફડતી હતી. મારો હાથ દબાવી નાથી રોઈ પડી. આવી માંદલ તો આ સોડીને મેં કોઈ દા'ડો નો'તી જોયેલી. મારામાં ખબર નો રહી કે હુ ઝનૂન સવાર થઈ ગ્યું ને હું સાત ગામ હાંભળે એમ બરાડી ઊઠી,

"નીસમારીના, તારી માને... ભેરબા તાર સાત પેઢીનુ..." નાથીએ મારું મોઢું દાબી દીધું ને ઘર ભણી ખેંચવા લાગી. મેં પાછું વળીને જોયું, ઓલા હજી અમારી સામે જોતા'તા ને ખીખીયાટાં કરતાં હતાં.

"હાથ શેનો ઉપાડે સો ઢોરના પેટ્યના... તાર બાપના રોટલા..." નાથીએ મારું બાવડું જોર કરીને દબાવ્યું ને ખેંચવા લાગી.

"...મારા મૂળાઆતાને બોલાવીને તારા ભડવાઈના કાંકરા નો કરાવી નાખું તો ફટ્ટ કેજે આ ગરાહણીને..." મારા બેય ગાલ ધરુજતાં હતા ને વારે વારે દાંત ભીંસાય જાતા'તા ને નાથીને જોઈ

આંખ્યમાં પાણી આવી જાતા હતા. અમી બેય ઘર ભણી હાલત્યું થઈ. આખે રસ્તે હું પૂછતી રહી ને નાથી જબાબ દીધા વન્યાં રોતી રહી. હું માણસુરને એની મા ને બોન સામે મણમણની દેતી રહી, ગામનું પાદર આયવું ને મેં એને માંડ છાની રખાવી ને માથે ઓઢીને જલદી ગામમાં પોગી ગયું. ફટોફટ આયરની શેરીમાં થઈ ને નાથીના ઘરમાં ગર્યું. ફળિયામાં રસોડા પાંહે સાતમની ગાર્ય કરવા હાટું ભેગા કરી રાખેલા છાણમાં પાણી નાખી મોંઘીબાઈ છાણ મહોળતાં હતાં. લીમડા પાંહે રતનબાઈ લીંબુથી તાંબા-પિત્તળના ઠામડાને ઘસી ઘસી ઊજળા કરતાં હતાં. નાથીએ સીધી ઘરમાં દોટ મેલી ને લાંબા ઢાળે રોઈ પડી. મોંઘીબાઈ ને રતનબાઈ એની વાંહોવાંહ ઓયડામાં ગ્યા. હું ઉંબરે ઊભી રહી ગઈ. નાથી રોવાનું બંધ નો'તી કરતી.

"કાંઈક નામ તો પાડ્ય નભ્ભાઈ... મારો જીવ બેહી જાહે, હું થ્યુંસ?" મોંઘીબાઈ નાથીને હલબલાવતા હતા. રતનબાઈ મને ક્યે, "બટા, હરશા, હું થ્યું સે?"

"કાકી, મને તો કાંય હમજાતું જ નથી... હું તમને હું કવ... કાંઈ કે'તીય નથી ને પાશી રોવે સે ને... મને કાંઈ નથ ખબર... મને તો હું ખબર્ય પડે...આખે રસ્તે હુંય તે..."

"તું તો છાની રે પેલા...જા, કળશ્યો ભરી આવ્ય ને ડેલો બંધ કરી આવ્ય." રતનબાઈ બોલ્યાં ત્યારે મને હમજાણું કે હુંયે ધ્રુસકે ધ્રુસકે રોવ છું. મેં પાણિયારે જઈ પાણી પીધું ને કળશ્યો ભરી અંદર ઓયડામાં દઈ આવી. નાથી હિબકાં ભરતી હતી,

"માર પેટ...રો મા, તું મને કે માર સાવજ હું થ્યું..." મોંઘીબાઈનો ફફડાટ વધતો હાલ્યો. હું જઈને બેય ડેલા બંધ કરી આવી. પાશી આવીને જોયું તો નાથી કાંઈક તૂટક તૂટક અવાજે બોલતી હતી... હિબકા ભરતી હતી ને બોલતી હતી...

"આઈ... મને... ઈ છે ને... આઈ..."

"હા... બેટા બોલ્ય, બોલ્ય કોઈએ કાંય કીધું, કોઈએ કાંય કર્યું?" રતનબાઈ નાથીના વાંહામાં હાથ ફેરવતા હતા.

"મને ઈ ક્યે કે... મને... આઈ... હું તો જાવાની જ નોતી... તમી...તમી મને મોકલી... હું તો જાવાની જ નોતી... ને હું... હું... મેં એને ના પાડી તો એણે મને... મને મારી...ને મને..." ફરી હિબકે ચડી ને એણે એનું કુર્તુ ઊંચું કર્યું અને અમી જોયું તો સાથળ પાંહેની આખી ચોરણી ફાટેલી હતી. રતનબાઈ ડચકારા બોલાવતાં મોઢું ફેરવી ગ્યા.

"મેં... કાંઈ નો થાવા દીધું... મેં... આઈ... મેં... હું ઊભી થઈ ગઈથી..." મોંઘીબાઈ ફળફળતો નિસાસો નાખી ગયા. રતનબાઈની આંખ્યું ભરાઈ ગઈ.

"આઈ, હું ન્યાં ની જાવાની... મારે ઈ ઘરમાં પૈયણીને જાવું જ પડે...એવું થોડું સે...?"

"હા, કાકી સોડિયું કાંય વડના ટેટા નથી કે ફાવે ઈ ઠોલી ખાય, મન એનો બાપ વાંઢો રે'તો આવા કૂતરીનાવને તો..." રતનબાઈ મારી હામે એકધારું જોઈ રહ્યા ને મારી જીભડી અટકી. નાથી એની આઈ હામે જોઈ રહી. નાથીના કાકી રતનબાઈ ઊભાં થ્યાં ને એની જેઠાણી મોંઘીબાઈ હામે જોઈને બોલ્યાં, "મોટા, મેં તમને નો'તું કીધું કે રેવા દ્યો, મેળે નથી મેલવી આને. તમી ખાલી ખોટા મનમેળની ચંત્યા કરો સો. હું ને તમી મનમેળ કરીને આ ઘરમાં પયણીને આયવા'તા?" થોડીવાર લગી કોઈ કાંય બોલ્યું નહીં પછી રતનબાઈ હાલતાં થ્યાંને ઉંબરે ઊભાં રયાં ને પાછું વળું ફરી નાથી હામે જોઈને બોલ્યાં, "રોણાને રોકતા શીખ્ય બટા, સાત વાના કરશું તોય કાંઈ નથ થાવાનું... સગામાં સગું થ્યું છે... લોઢે લીટો..." રતનબાઈ તો આગળ પાછળ જોયાં વન્યાં સીધાં ફળિયામાં ને એને ચાકુથી એક ઘાએ લીંબુના બે ફાડિયાં કરી નાખ્યાં. મોંઘીબાઈ ઘડીબેઘડી નાથી સામે જોઈ રહ્યાં, પછી ઉંબરે ઊભેલી મારી હામે જોયું ને છાણવાળા હાથે મોઢું લૂછ્યું અને ઊભાં થયાં.

"લે હવે, મોઢું ધોઈ નાખ્ય... કામના કોઈ માપ નથી... રોટલા માંડ્ય. હાલ્ય, દિ' હવે તો ક્યારનોય આથમી ગ્યો સે." ઈ ઉતાવળા પગે ઓયડાની બાર્ય નીકળી ગ્યા. નાથી ફાટી આંખે એને આમ જાતાં

જોઈ રહી. મોંઘીબાઈના પંપાળવાથી ઈ આખી છાણ છાણ બગડી'તી. પછી એણે મારી હામે જોયું ને પછી મોઢા ઉપર હાથ મૂકી ટૂટિયું વાળી ઈ રોઈ પડી. મેં જોયું તો ઘર આખાનાં તાંબા-પિત્તળનાં ઠામડાનો ઢગલો ફળિયામાં આવી ગયેલો ને રતનબાઈ રાતા ઓઢણાના છેડાને દાંત તળે દબાવી ઠામડા માથે ઊઘડેલાં ડાઘા કાઢવા લીંબુ લઈને બમણા ઝનૂનથી ઠામડા પર તૂટી પડ્યા. મોંઘીબાઈ છાણના ઢગ પાંહે પડખું ફેરવીને એવી રીતે બેહી ગ્યા કે જોનારાને તો એમ જ લાગે કે ઈ જાણે આખા માલીપા ખૂંપી ગયા અને ગાર્યના છાણના ઢગ માથે જાણે કોકે ખાલી રાખોડી ઓઢણું ઓઢાડ્યું છે. મને ડીલે પરસેવો બાઝયો, આંખે અંધારા આયવા, બધ્ધું ગોળ ગોળ ફેરફુદડી લેવા મંડ્યું ને બધું આમ ફંગોળાય ને તેમ ફંગોળાય ને ચીચીયારી, રાડારોળ, એક ઉબકો આવીને જાણે છાતીમાં ઠહકાઈ ગ્યો ને મેં આંખો જોશથી મીંચી દીધી. પડવા ગઈ કે બારસાખનો ટેકો લઈ બરોબર ઉંબર માથે બેહી પડી.

– એતદ્ (એપ્રિલ 2015)



થડકાર

સાવ સાંજ ઢળી ગઈ હતી એટલે હું ઘેર આવી. ઝડપથી દાદરા ચડવા લાગી. થયું કે ઝટ આવે પાંચમો માળ અને ઘરમાં ઘૂસી જવાતું હોત તો કેટલું સારું! આજકાલ દાદરાની ઊંચાઈ ખૂબ વધી ગઈ હોય એવું લાગ્યા કરે છે. જેટલી ઝડપે હું દાદરા ચડું એ ઝડપ મને ઓછી જ પડે છે. પેલ્લી વખત થયું કે ઘર ભોંયતળિયે હોત તો કેવું સારું થાત, દોડતાં ઘરમાં ઘૂસી જવાય અને સીધી આવે મારી રૂમ. નીચેથી જ કાળા ગોગલ્સમાંની આંખો તો સજ્જડ બંધ રાખીને દાદરા ચડતી જતી હતી, બાજુવાળા માલતીમાસી જોઈ જાય અને કદાચ પૂછી બેસે "કેમ છે, ગાર્ગી તને...? દવા લે છો? ડૉક્ટરે શું કીધું? કાંઈ ફેર પડશે?" મને હાંફ ચડવા લાગ્યો. પગ પર જોર કરી પગથિયાં ઠેકવા લાગી પણ પાછું એકાએક કશું યાદ આવતાં કાન પર હથેળીઓ દાબી દીધી, રખેને ને મને કદાચ કોઈ રૂમમાંથી ગીતોના અવાજ સંભળાય કે "એક બિલાડી જાડી, એને પે'રી સાડી..." ને પછી સવાલો પુછાય ચારેબાજુથી કે "બિલાડી કેવી દેખાય છે?" ને કોઈક ખૂણામાંથી કેટલા બધા એક સરખા જવાબો સંભળાય છે... "કાબરચીતરી" એકસાથે કંઈ કેટલીય આંગળિયો મારા તરફ ચીંધાય છે... હું માથું ખંખેરતી જીવ પર આવીને ભાગી છૂટી અને જાણે કે એક હડદોલો લાગ્યો કે સીધી પાંચમાં માળે ઘરે પહોંચી ગઈ. ત્યાં સુધીમાં તો આખી પરસેવાથી પલળી ગઈ હતી. મે ડોરબેલની સ્વીચ પર આંગળી દબાવી અને મોઢે બાંધેલા દુપટ્ટાની અંદર પલળી ગયેલી ગરદન સાફ કરી. અચાનક મારું ધ્યાન બાજુવાળા રશ્મિતા આન્ટીના ઘરના બંધ દરવાજાની બાજુમાં મુકાયેલાં કુંડા તરફ ગયું. એ કુંડામાં છોડ મોટો થયો હતો અને એના લીલા લાંબા પાન કુંડામાંથી બહાર લળી ગયા હતા. એ બધા પાન પર પડેલાં સફેદ ડાઘાઓ જોયા અને મેં મોઢું ફેરવી લીધું, પછી બમણા ઝનૂનથી ડોરબેલની સ્વીચ દબાવી. કશુંક બબડતાં મમ્મીએ દરવાજો ખોલ્યો. રૂમમાં આવી કે તરત મારી પાછળ બારણું દેવાઈ ગયું.

મેં ગોગલ્સ, દુપટ્ટો ને હેન્ડગ્લવ્સ કાઢ્યા અને સોફા માથે ફેંક્યા. ગૅલરીમાં મગ અને અડદ સાફ કરી મમ્મી પાછી આવી "થાકી ગઈ હોઈશ ને? ચા લાવું." કહેતી મારા હેન્ડગ્લવ્સ અને દુપટ્ટો લઈને જતી રહી. મેં ત્રાંસી નજરે જોયું, મને ખાતરી હતી કે એ આ બધું બાથરૂમમાં ધોવા ફેંકશે અને એને ફેંક્યા. હું શોકેસના કાચમાંથી મારા ચહેરાને જોવા લાગી. આંખોની નીચેના ભાગેથી લઈને કાન પૂરો થાય ત્યાં સુધી ડાબા ગાલે લાંબા બે-ત્રણ અને જમણા ગાલે આછા પણ વધુ ડાઘાઓ પડ્યા હતા. નાકની નીચે એક ખીલ જેવો ડાઘો પડ્યો હતો. મેં આંખ બંધ કરી કાચમાં જોતાં એને જમણા હાથે દબાવી એ ડાઘા જેવો ભાગ ફોડી નાખ્યો. રૂમાલથી લૂંછ્યો. પહેલાં સફેદ પરું જેવું પાણી ને પાછળથી લોહીનો ટશિયો. મેં ફરી કાચમાં જોઈ લીધું.

"લ્યા ભઈ રૂપાળી જ છે હવે તું... ઓમ તો જરા નવરી પડી નથી કે તરત અરીસામો ડાચું પરોયું... કરોળિયા જ નીકર્યા છે કાંઈ રક્તપિત્ત નથી થ્યો. સમજી? ખાલી ખોટી વહેમીલી થઈ ગઈ છ તું. કરોળિયા બી કાંઈ ચેપી નથી.." મેં એક નજર બ્લીચિંગ પાઉડરમાં બોળેલાં મારા દુપટ્ટા ને હેન્ડગ્લવ્સવાળી ડોલ તરફ કરી. સોફા પર બેસીને પંખો ચાલુ કર્યો, પંખો બહુ જ ધીમો ચાલતો હોય એવું લાગ્યું. બારી ખોલવાની ઇચ્છા થઈ પણ બેસી રહી.

"પપ્પા ક્યાં છે, મમ્મી?" મેં પેલા ડાઘાને ફરી રૂમાલથી સાફ કર્યો અને રૂમાલ ટેબલ પર મૂક્યો.

"સવારે તો તારા રિપોર્ટ લેવા ગયા જ્યાં હતા. પેલો સ્કીન સ્પેશ્યાલીસ્ટ ખરોન... રે ભઈ જ્યાં તું જઈ હતી. બે દિવસ પહેલાં તું જે ટેસ્ટ દઈ આવેલી એ બધા આવી જ્યાસ...ને પછી છેક બપોરે આયા ને અત્યારે કશુંક કોમ સારું બહાર જ્યાં છે." એ રસોડામાંથી બોલતી હતી.

"રિપોર્ટ આવી ગયા? ક્યાં છે?" કાન પાસેથી લઈ ગરદન સુધી પરસેવાનાં ટીપાં બાઝી ગયાં. કપાળે પણ થોડું પાણી બાઝી ગયું હોય એમ લાગ્યું. મેં લોહીથી બગડેલો રૂમાલ ઊલટાવીને પરસેવો લૂછ્યો.

મમ્મી ચાનો કપ લઈને આવી અને ચા આપી પછી ટેબલ પર પડેલાં રૂમાલને હળવેથી લઈ લીધો.

"મેં તો પહેલેથી જ કીધું હતું કે ડુંગળી ને દૂધની શોખીન છો એટલે જ આ કરોળિયા નીકર્યા છે, તે મુઆ ડૉક્ટરે બી એ જ કીધું કે એલર્જી છે...!" એણે રૂમાલ ડોલમાં નાખ્યો ને લિક્વીડથી હાથ ધોયા અને પાછી કોબીજના મોટા પાંદડામાં પુરાઈ ગઈ. ચાના બે ઘૂંટડા તો માંડ પી શકી. રિપોર્ટ જોવાની ઇચ્છા તો જરાય ન થઈ, ક્યાં છે એ જાણવાની ઇચ્છાય ન થઈ. એવું લાગ્યું કે મોબાઇલમાં બીપ અવાજ થયો, તરત પર્સમાંથી મોબાઇલ કાઢી ચેક કર્યો. કોઈ રિપ્લાય ન હતો! ફરી ટેક્સ્ટ કરતી કરતી હું રૂમમાં આવી. મેં મૅસેજ ટાઇપ કર્યો.

"હાઈ, પુનિત, મૅસેજ પૂરા થયા છે? આઇ વૉન્ટ ટુ મીટ યુ નાઉ, આઇમ ફિલિંગ ટોટલી અલોન.. 'આલ્ફા વન' મોલમાં મળીએ? તારી ફૅવરિટ જગ્યા પર... કૉફી?" સેન્ડ કર્યો... સેન્ડિંગ ફેઇલ... રી સેન્ડ કર્યો પણ ફરી ફેઇલ. ગૅલરીમાંય ગઈ. છૂટાંછવાયાં વાદળાં આખા ભૂખરા આકાશને ગૂમડાં થયા હોય એમ ઢાંકી બેઠા હતા.

"બ્લડી નૅટવર્ક..." બબડતી બબડતી મેં ફોન હવામાં ઊંચો કર્યો. બાજુવાળી માસી દોરી પરથી કપડાં લેવા આવી અને એનું ધ્યાન મારા તરફ ગયું.

"ગાર્ગી, ડાઘા મટ્યા કે નહીં? દવા લે છે તું?" હું કશું બોલવા ગઈ કે પાછળથી મમ્મી સૂકવેલા પાપડ લેવા આવી.

"હા... રિપોર્ટ તો આઈ જ્યાંસ. એલર્જી જ મૂઈ... લ્યા મને તો પેલ્લેથી ખબર હતી. હું તો બોલી બી હતી... પણ આપણું થોડું કોઈ કશું માને... આ ભઈ રોજે પાઉડર ન ઓલી નયી નયી ટ્યૂબો આઈસ... લગાયા કરે ને કોમ તો કઈ ના આવે ને સરીર..." હું ત્યાંથી ભાગીને રૂમમાં આવી. બેડ પર સૂઈ ગઈ. મને સતત એવું લાગ્યા કરતું હતું કે મમ્મી કશુંક ઢાંક્યા કરે છે. પડખું બદલી મેં ફરી મૅસેજ ચેક કર્યો. પુનિતનો કોઈ રિપ્લાય નહોતો. એનું વૉટ્સઅપ પણ બંધ હતું, લાસ્ટસીન એણે હાઈડ કર્યું હતું એટલે ખબર ન પડી કે એણે છેલ્લે ક્યારે વૉટ્સઅપ યુઝ કર્યું હશે. વૉટ્સઅપ અને ફેસબુક બંને પર મૅસેજ કરી દીધાં અને પછી મોબાઇલમાં મેં સેવ કરી રાખેલાં એનાં અને મારા ફોટોસ ઓપન કરી સ્ક્રીન પર આંગળી ફેરવતી રહી. આ પર્પલ ટીશર્ટ ને લૉ બ્લેક જીન્સવાળો એનો આ મારો ફૅવરિટ ફોટો છે, 'પીવીઆર'માં મેં ક્લીક કરેલો. હું એ ફોટાને જોતી રહી અને આંખ બંધ કરી.

અમે 'વસ્ત્રાપુર લેક'માં બેઠાં હતાં. હું અને પુનિત. હું થોડી લેઇટ હતી તો એ સ્માર્ટીનું મોં ચડેલું હતું. હું એને મનાવતી હતી. એ લોનમાં એક બાજુ નાના ટેકરા પર બેઠો, હું એને સાવ અડીને બેસી ગઈ. એના હાથને પસવારતી એની સાથે વાતો કરતી હતી. સાંજની ઠંડકમાં આ સ્થળ મને વધુ રોમૅન્ટિક લાગતું. ચારેકોર આછું આછું અંધારું છવાયેલું હતું અને નાની ખજૂરી પાછળ બેસેલાં અમે બંને. એ પણ હવે મારી સામે સ્મિત કરે છે, હું એના તરફ ખેંચાઉં છું. એ હળવેથી મારા ચહેરા પર બાંધેલા દુપટ્ટાને ખોલે છે. હું આંખો બંધ રાખું છું, મને મારા અને એના ધબકારા સંભળાય છે. અધખુલ્લા હોઠે હું હસી પડું છું. હમણાં એના ગરમ શ્વાસ અથડાશે ને સિગારેટ પીતાં કાળા હોઠ...ને ગાર્ડનમાં બધી લાઇટ્સ શરૂ થઈ એક પછી એક... "ઓહ શીટ્...મેન, તને આ ડાઘા શેના પડ્યા છે?" કોઈ જોર જોરથી ડોરબેલ વગાડતું હતું. મેં આંખો ખોલી. ફોટોસ ક્લોસ કર્યા. મોબાઇલ સાઇડમાં મૂક્યો.

"મમ્મી..." મેં બૂમ પાડી. કોઈ અવાજ ઘરમાંથી સંભળાયો નહીં. હું ઊભી થઈ. ડોરબેલ હજુ વાગતી જ હતી. હું દરવાજો ખોલવા ગઈ કે મમ્મી ગૅલરીમાંથી દોડી આવી.

"લ્યા બેન ઊભી રહે ગાર્ગી... ખોલ નહીં... હું ખોલું છું...!" મેં એની સામે જોયું, કશુંય પકડાતું નહોતું. એણે કી-હૉલમાંથી જોયું.

"આપણી ધરા જ છે...!" દરવાજો ખૂલ્યો. ધરાએ કૉલેજબૅગ એકબાજુ ફેંકી અને હાથમાં રહેલા ઍક્ઝામ પેપરને વાંચતી વાંચતી રૂમમાં આવી.

"કેવું ગયું પેપર?" એવું પૂછવાની ઇચ્છા થઈ પણ ન પૂછી શકી. હું પણ એની પાછળ પાછળ

અમારા રૂમમાં આવી. સ્ટડી ટેબલ પરના ટેબલ લૅમ્પના અજવાળે થોથાંઓ ઊંચકી ઊંચકીને એ એમાંથી જોઈ કશુંક ટીક કરતી હતી. ધરા એમબીબીએસ કરે છે, ફર્સ્ટ યરમાં છે. હું થોડો સમય આમ એને રેફરન્સબુક્સ ઉથલાવતી જોઈ રહી. પછી ડ્રેસિંગ ટેબલ પર બેઠી અને સાઇડ બૉક્સ ખોલ્યું. અંદર જાત જાતની ટ્યૂબ, મોશ્ચરાઇઝેશન, પાઉડર ને બીજો મૅકઅપનો સામાન હતો. મેં એના પર સહેજ હળવો સ્પર્શ કર્યો અને પછી અરીસામાં મારા ચહેરાને જોયો. અંધારામાં મને મારો ચહેરો જોવો ગમ્યો. રૂમની મેઇન લાઇટ અચાનક શરૂ થઈ, ધરાએ કરી હતી. અરીસો મને જોઈને ભડક્યો હોય એવું લાગ્યું. મેં ધરા તરફ જોયું.

"દી' આજે પેપર મસ્ત ગયો! એક પ્રશ્ન તો વાંચ્યો નહોતો તોય આવડી ગયો."

"ક્યો પ્રશ્ન?" હું એની પાસે ગઈ ને એનો હાથ પકડીને પેપર જોતાં પૂછ્યું.

"રંગસૂત્રતાની સ્કીન પરની અસરો વિશેનો પ્રશ્ન હતો. સિમ્પલ હતો દી', ટ્રેવલ્થમાં અમે ભણ્યાં જ હતાં." મને એવું લાગ્યું કે એણે હાથ છોડાવી લીધો, સભાનપણે. ફૅસવોશ લઈને એ બાથરૂમમાં ગઈ.

મેં મોબાઇલ લીધો અને ફરી પુનિતને કૉલ કર્યો. કૉલ લાગતો જ નહોતો. હું ગૅલરીમાં ગઈ અને બેચેન બની આંટા મારતી હતી. મારું ધ્યાન સોસાયટીના બીજા મકાનો તરફ ગયું, જુદા જુદા કલરથી રંગાયેલી એ બિલ્ડિંગોમાં ભૂકંપના લીધે પડેલી તિરાડોને સફેદ સિમેન્ટથી પૂરવામાં આવી હતી. એક પળ માટે તો મને એવું લાગ્યું જાણે આખી સોસાયટીના ગાલે કરોળિયા નીકળ્યા છે. હું રૂમમાં આવી. ધરા ફ્રેશ થઈને બાથરૂમમાંથી બહાર આવી. અમારે બંનેને હંમેશાં ટુવાલને લઈને બહુ જ ઝઘડા થાય. એ આળસુ મારો જ ટુવાલ યુઝ કરે, એનો ટુવાલ લેવા ક્યારેય બહાર ન નીકળે. હું હજુ એ વિશે કશું બોલવા જતી જ હતી કે મારું ધ્યાન ગયું કે એના હાથમાં એનો પોતાનો ટુવાલ હતો. ભીના વાળને ટુવાલથી એ ઘસવા લાગી. એણે મારો ટુવાલ કેમ ન વાપર્યો? એ ગણતરીમાં હું પડું એ પહેલાં એ બોલી.

"કોને કોલ કરે છે દી'?"

"પુનિતને."

"નથી લાગતો?"

"ના, બટ ટ્રાય કરું છું, લાગી જશે!"

"આઉટ ઓફ કવરેજ જતો રહ્યો હશે!" મેં એની સામે જોયું, હું સમસમી ગઈ હતી એના આ જવાબથી. એને વાળ ઓળતી થોડીવાર જોઈ રહી. એણે મારો મૅકઅપ બૉક્સ ખોલ્યો અને પછી એ તરફ અછડતી નજર નાખી અને બંધ કરી દીધો. પછી પાછી એ પોતાના અસ્થિકંકાલ, રંગસૂત્રતા, શીરા અને ધમનીના થોથામાં ખોવાઈ ગઈ.

પલંગના એક છેડે બેસીને હું મોબાઇલની સ્ક્રીનને, બારીને અને વાદળોને જોતી હતી. ત્યાં ફરી ડોરબેલ સંભળાઈ પણ આ વખતે ઊભી ન થઈ. દરવાજા ખૂલવાનો અવાજ સંભળાયો, પપ્પા જ આવ્યા હતા. કોઈ જોડે મોટે મોટેથી ફોનમાં વાતો કરતાં હતાં.

"હાજી, જરૂર... હા, તો તમો કાલે આવો છો ને?" પપ્પા બહુ મોટેથી બોલતા હતા એટલે ધરા દરવાજો બંધ કરવા ઊભી થઈ.

"જી... હા... તમે છોકરાને બી સાથે લેતા આવજો." ધરા દરવાજો બંધ કરતાં અટકી ગઈ, પાછળ ફરી મારી તરફ એક આંખ મારી સ્મિત કરવા લાગી.

"દી' તમને જોવા આવવાનો છે છોકરો? વાઉ!"

"તમે જમવાનું બી અહીં રાખજો... ના...ના ભઈ એમાં તકલીફ શાની...હા અમારી દીકરી બી ઘેર જ છે કાલે બહાર નહીં જવાની."

મેં બૅગમાંથી ઑફિસ ફાઇલ કાઢી અને પ્રેઝન્ટેશનનાં કાગળિયાં કાઢ્યાં. કાલે તો મારે બૅંગ્લોર જવાનું છે પ્રૅઝન્ટેશન માટે અને પપ્પાએ મને પૂછ્યા વિના આ બધું કેમ ગોઠવી આપ્યું. મને થોડો અણગમો થઈ

આવ્યો પણ તરત યાદ આવ્યું કે બે મહિના પહેલાં ફિક્સ થયેલાં આ પ્રૅઝન્ટેશનમાં હવે બૉસ પણ રાજી નહોતા કદાચ, એના વર્તન પરથી દેખાતું હતું... જાણે કહેતા હોય, "મીસ ગાર્ગી, તમારે બૅંગ્લોર પ્રૅઝન્ટેશન આપવા જવાની જરૂર નથી." એ પછી 'કેમ?' એ પૂછવાનું પણ ખબર નહીં કેમ પણ મને મન જ નહીં થવાનું. "હા, અમારી દીકરી એમબીબીએસના ફર્સ્ટ યરમો છે. હા, ગવર્મેન્ટ કૉલેજમો જ તો!" પપ્પાનો અવાજ સંભળાયો અને ધરા તો જાણે છળી મરી.

"વૉટ ધ હેલ વીથ..." કરતી એ રૂમની બહાર નીકળી સીધી પાપાનો ઊધડો લેવા. મેં ફાઇલ બંધ કરી દીધી. સામેની દીવાલે મારો અને ધરાનો મોટો ફોટો હતો, ધરા મારા ગાલે કીસ કરતી હતી, પપ્પાની ક્લિક હતી. મારો હાથ અનાયાસે અત્યારે એ ગાલ પર પડ્યો, અરીસામાં જોયું ને મોઢું ફેરવી લીધું. ધરા બહાર ડ્રૉઇંગરૂમમાં રાતીપીળી થતી ગઈ, ત્યાં મમ્મી પણ ઊભી હતી. હવે પછી બહાર જે અવાજો આવવાના હતા એનો મને ખ્યાલ હતો જ.

"પપ્પા, મારા માટે છોકરો? તમે શું માંડ્યું છે આ બધું? મારી ઉંમર છે આ બધા માટે? મારે લગ્ન ન જ જોઈએ... ના પાડી દો એ જે હોય એને."

"ગાર્ગીના પપ્પા, તમો કંઈક તો વિચાર કરો. આપણી મોટી બાકી છે ને નાનીનું સગપણ કરીશું તો લોકો શું કેસે. ના ભઈ, મારી મોટી ને છોડી ન હું નાનીનું સગપણ નહીં કરાબ્વાની." ને પછી પપ્પા એ લોકોને કહેશે "સાંભળો મારી વાત, ગાર્ગીના તો ઑલરેડી બેત્રણ માગા તો મારી પાસે આયેલા છે જ, તો આ ધરાનું બી જરા..."

...પણ કશુંય એવું સંભળાયું નહીં. પપ્પાનો ધીરો અવાજ સંભળાતો હતો ને રસોડામાં કૂકરની તીણી સીટી સીસકારા કરતી હતી.

"જો ધરા, છોકરો ડૉક્ટર છે, અમેરિકા ભણ્યો છે. મારો પેલો મિત્ર ખરોને કાનજી નાકરાણી? ઈનો ભત્રીજો. પસંદ પડે તો હા... ક્યાં દબાણ છે તારી પર." મને હતું જ કે ધરા તો બોલશે જ કે "દી' તો કાલે ઑફિસના કામે બૅંગ્લોર જવાની છે, એના વિના હું..." કૂકરની સીટી બંધ થઈ ગઈ.

મને એવું કેમ લાગે છે કે કાલે હું અહીં નથી જ એવી એ લોકોને ખબર હતી એટલે જ ગોઠવાયું છે આ બધું? કદાચ મારા આ ડાઘા... મેં આંખ મીંચીને કપાળ પરથી ખીલ કાઢી નાખ્યો. પીળાશ પડતું સફેદ પાણી નીકળ્યું અને પછી લોહીનો આછો લાલ ટશિયો, મેં કાચમાં જોયું. પછી મોબાઇલ ચેક કર્યો ને ઝનૂનથી કપાળ લૂંછી નાખ્યું. મારી અંદરથી બહાર આવવા જાણે કે બધું ધક્કે ચડ્યું. એવું લાગ્યું કે સામે કાચમાં, બિલ્ડિંગની દીવાલોમાં, ખુરશી પર સુકાતા મારા ટુવાલમાં, મૅકઅપ બૉક્સમાં અને કપડાં બોળેલી ડોલમાં ડાઘા પડે છે, પોપડીઓ બને છે, ખરે છે, પીળાશ પડતું સફેદ પાણી ઊભરાવવા લાગ્યું અને લોહીના ટશિયા ફૂટવા માંડ્યા. મેં બે પગ વચ્ચે બંને હાથે મોં ઢાંકી દીધું અને લાઇટ બંધ થઈ ગઈ!

◙

સારા દિ’

ગીતાવહુએ ચાની તપેલીમાં કાંકરા નાખ્યા અને પછી અંદર હાથ નાખી કાંકરા ઘસી તળિયું સાફ કરવા લાગી. કાંકરા ટીનની તપેલીના તળિયે ઘસાઈને વિચિત્ર અવાજ કરતાં હતા. ઉપસેલા પેટના લીધે ઉભડક બેસવામાં થોડી તકલીફ પડતી હતી તે વારે વારે એ પગ બદલાવ્યા કરતી હતી પણ એનું પેટ બે પગ વચ્ચે થઈને વધુ પડતું નમી ગયું હોય એવું એને લાગ્યા કરતું. ગીતાવહુને થાક લાગ્યો. મોઢા ઉપર આવી ગયેલી કોરી લટને વધારે જોશથી એણે પાછળ ધકેલી દીધી. અત્યારે જેઠાણી સાથે મોટા ફળિયામાં એ વાસણો ધોતી હતી. ઓશરીમાં એની સાસુ અને વર જગદીશ ઝઘડતાં હતાં. એ લોકોના ઝઘડવાના મોટા મોટા અવાજથી ગીતાવહુને સહેજ સહેજ રોવા જેવું થઈ જતું હતું પણ એની સામે અત્યારે નાના જેઠાણી બબડાટ કરતાં કરતાં થાળી-વાટકાં પછાડતાં હતાં એટલે ગીતાવહુએ રોણું દબાવી રાખ્યું. એણે ફરી હળવેકથી ઓશરીમાં નજર કરી.

“તે એમાં રાડું શેની પાડે છે તું? તળાજાથી ટીલું લઈને આયવો છો? હાંઢિયાને ઊભા ગળે મીઠું દે એવડો થ્યો પણ સુધર્યો નથ. દિ-રાત મલકમાં ટણકવું ને ગળસવા ટાણે ખોટા રૂપિયાની જેમ ઘેર પાછો. આ તારા મોટા ભાયું પાહેથી કાંક તો શીખ્ય... તાર બાપુ આ દિ’ દેખાડવા હાટું મને મૂકીને ઉપર વિયા ગ્યા’તા? બળતરા મારી મા ખોડિયાર ભવ આખાની મારે બળતરા...” બે માળની સાતેક ઓરડા ને લાંબી ઓશરીની સાગસીસમ ને લીમડાને ફાડી બંધાયેલાં મેડીવાળા એ ઘરમાં ખાટલે ગોમુખીમાં માળા ફેરવતાં ઉંમરે ઓઝપાયેલા માડી રાતના નવેક વાગે કકળાટ કરતાં હતાં. તેની સામે એનો ચોવીસક વર્ષનો પાંચમા નંબરનો દીકરો જગદીશ તીખા લેતો હતો. ગીતાવહુએ સરી જતાં સાડલાને વધુ ખેંચીને ઘૂમટો વધુ લાંબો ખેંચ્યો. સાડીની ફૂલપાંદડીની આછી ટમેટી ભાત વચ્ચેથી એણે જેઠાણીના ખ્યાલ બહાર ઓશરીમાં ઝઘડતાં સાસુ ને વર તરફ ફરી જોઈ લીધું. એ સહેજ ત્રાંસી થવા ગઈ કે એનો ભૂકી ભીનો પગ ચપ્પલમાંથી ખસી ગયો, થોડું સંતુલન ગુમાવ્યું અને એ બેસી પડી. ઉપસેલા પેટને થોડો હડદોલો લાગ્યો. એ સાસુ અને વરની માથાકૂટથી અજાણ રહેવા માગતી હોય એમ ફટાફટ ચાની તપેલીમાં વધારે કાંકરા નાખ્યા અને તળિયે ચોંટેલી બળેલી ભૂકી અને મેંશને ઘસી ઘસીને દૂર કરવા બમણી ઝડપે મચી પડી. એણે એક અછડતી નજર એની સાથે વાસણ ધોતી નાની જેઠાણી તરફ કરી તો નાની જેઠાણીનું ધ્યાન ઓસરીમાં ચાલતાં મા-દીકરાના ઝઘડામાં હતું. જેઠાણીએ નિસાસો નાખ્યો.

“હેં દુવારક્યાવાળા, હું થાહે જગદીશભાઈનું? લગન પછી તો સુધરી જાહે એમ લાગતું’તું પણ એમ કાંઈ બળીનેય શીંધરી વળ શેની મેલે?” ગીતાવહુએ દાંત તળે હોઠ દબાવ્યો. પેટમાં થોડો થોડો દુખાવો થતો હતો. જેમ જેમ દિવસો થતાં હતા એમ એમ ઝડપથી ચાલવામાં, ઉભડક બેસવામાં, કામ કરવામાં તકલીફ પડતી હતી. પાડોશી દેવુમાએ તો કીધેલું કે,

“ગીતાવોવ, આ ટાણો ‘દોહદ’નો કે’વાય, જે મન થાય ઈ ખાઈ લેવું, બાળેકની તાસીર હારી બને ને માને તપલીખય ઓછી પડે, બેયના ડિલ ભર્યાં ભર્યાં રે, નહિતર તો વેલ સુકાય એમ સુકાઈ જાહે બધું.” નવા જમાનાની ગીતાવહુ જમાનો જીરવેલી દેવુમાડીને ખુલ્લા મોઢે સાંભળી રહેલી. ‘દોહદ’ એટલે જે ખાવાનું મન થાય એ ગર્ભવતીબાઈએ પેટ ભરીને ખાઈ લેવું એટલું એ સમયે એ સમજેલી.

“એય ગીતાવોવ... આ લાડ ગવરનરને વાળું દઈ દ્યો, થાકીન આયવા છે. ગળસાવી દ્યો.” ડોશીના એક એક વેણ ઉના તવેથાના ડામ જેવા લાગતા હતા. એણે હાથ ધોયા અને ટમેટી કલરની બાંધણીથી હાથ લૂંછતી લૂંછતી જાળવીને ઊભી થવા ગઈ કે જેઠાણીના ઘોડિયામાં સૂતા લાલીયાએ જાગીને રોવાનું ચાલુ કર્યું. જેઠાણી વાસણ મૂકીને હડફ દઈને ઊભી થઈ.

“ગીતા, મારે લાલીયાનું પેટ ભરાવવાનું છે. ભાણા તું જ ધોઈ નાખ્ય.” જેઠાણી સાડલાના છેડાને સરખો કરતી પાટલી બદલતાં બોલી.

"પણ ભાભી, તમાર દિયરને વાળું..." ગીતાવહુએ ઓશરીમાં બારસાખે ઊભા ઊભા મોબાઇલમાં ગેમ રમતાં જગદીશ તરફ જોયું.

"સહેજ મોડું થાય તો ઈને કાંઈ ખાટુંમોળું નહીં થઈ જાય, તમાર જેઠ તો ઠેઠ અડધીરાતે ધાન ભેળા થાય છે તોય કોઈ દાડો હરફ ઉચ્ચાર્યો છે મેં કે એણે? ભાળ્યા મોટા તે નો જોયા હોય વળી વાળુવાળા..." જેઠાણી બબડતી બબડતી એના ઓયડા તરફ પોલકું ઢીલું કરતાં જતી રહી. ગીતાએ ફટાફટ વાસણ પાણી ભેગા કરી નાખ્યા પછી ખાટલી એને કોરે ગોઠવી અને નેપકીનથી હાથ લૂંછીને તરત રસોડામાંથી પાટલો અને દૂધનું બોઘડું એ બધું ઓશરીમાં ગોઠવ્યું. જગદીશે મોબાઇલ સાઇડમાં મૂક્યો અને રિમોટ લઈ ટી.વી. ચાલુ કર્યું અને મૅચના સ્કોર જોવા લાગ્યો. રસોડાના બારસાખને ટેકો દઈ ઘૂમટો તાણેલી ગીતા જગદીશને જમતો જોઈ રહી.

"આ ચા ઠરી ગઈ છે... ઊની કર્ય." જગદીશે કીટલીને અડીને પાછી ઠેલવી. ગીતાએ ચૂપચાપ કીટલી લીધી. એનું ધ્યાન ઓટલે મુકાયેલી જગદીશની થેલી તરફ ગયું. હળવેકથી ઉપાડી અને રસોડામાં લાવી. રસોડાના પીળા બલ્બના અજવાસમાં એ થેલી ફંફોસતી રહી. એણે જોયેલું કે મોટા જેઠ તાલુકેથી રોજ રાત્રે પોલીસની નોકરી પૂરી કરીને આવતા ત્યારે જેઠાણીના સારા દિવસોમાં કાંઈક ને કાંઈક થેલીમાં નાખીને લાવતા જ. અડધી રાતે આવેલા જેઠને અને એની થેલીને જોઈ મેડીએથી ગીતાવહુ કલ્પના કર્યા કરતી કે 'આજ શું હશે? આશગરમ? પાવભાજી? ભેળ? સમોસા? પાતરા કે પેંડા?' વારેતહેવારે હટાણું કરવા ગયેલા બીજા બે જેઠ પણ આવું ને આવું મોડેથી લાવતા અને ગીતા એ બધી ફૂલેલી થેલી અને ફૂલેલા પેટના મર્મને મમળાવતી જગદીશની થેલીને ફંફોસતી રહી. લીલા અને લાલ દડા, ત્રણ જાડા સ્ટંપ, એની માથે મૂકવાની ચકલ્યું ને તળિયે બેત્રણ મેલાં ફોતરાં ચોંટેલાં મોજાં. એની આંખે આછું પાણી બાઝી ગયું. છાતીમાં અંદરથી જાણે કશુંક તપતું હતું, એકસાથે બધ્ધું અંદર ધક્કે ચડ્યું.

"એલી ચા ઉની કરવામાં કટલીવાર?" નવ્વાણુંએ આઉટ થયેલાં ખેલાડીની દાઝ જગદીશે વાટકો પછાડીને પૂરી કરી.

"મલક આખાને ઘેર દીકરા છે પણ કોઈના દિ' ફર્યા નથ. આ કાળી રાતેય શીહું શેની પાડે છે? ઘરમાં તારા ગળસવા સિવાય બીજા કામ હોય કે નહીં?" ડોશીએ બબડાટ ચાલુ રાખ્યો, માળાને આંખે અડાડી અને ખીંટીંએ ટીંગાડી પછી ઘોડિયાની દોરી હલાવી એણે હળવો હિંચકો ચાલુ કર્યો.

"તો બીજા કામ હોય તો આ ક્યાં એકલી વોવ છે? નાની મોટી પાંચ બાયું છે ડેલામાં. તોય વાર લાગે?" જગદીશ થોડો ફુંગરાણો.

"એ નશીબદારના દીકરા પેલા બે રૂપિયા કમાઈને ઘરમાં દેતો થા, પછી વહીવટ કર્ય ઘર આખાનો. નાની બેય વોવ આખો દાડો કપાહ વીણતી'તી દાડિયાની હારોહાર, તે થાકીને ઘેંશ થઈને વાળુય લૂસલૂસ કરીને ખાટલા ભેગી થઈ ગ્યુંસ. ને બીજી નાની વોવે તો નયનવાયનો છોકરો જણ્યો છે તે આખો દિ' ઇ લાલીયાના ગૂમૂતરમાંથી ને એને પપલાવવામાંથી ઊંચી નથ આવતી ને સૌથી મોટીને તો કાંય કેવાતું નથ કેમકે એનો ભાયડો તો પાછો પોલીસ બન્યો છે તે ઈને તો છાશવારે નોખા થાવાના ઓરતા ચડ્યાં કરે છે. બાકી રહી તે આ તારી વોવ... બસ પાંચ પાંચ છે તોય મેડીને હખ નથી..." ગીતાવહુ ફટાફટ ઊની ચા દઈ ગઈ ને રસોડામાં જતી રહી. જગદીશ મૂંગા મોઢે ચા-દૂધ રોટલો ઝાપટવા મંડ્યો. નવા જમાનાના ઊભા રસોડાના પ્લૅટફૉર્મ પર ટેકો દઈને ગીતાએ જાળિયામાંથી નેવે બેઠેલી કાળી મીંદડી તરફ નજર કરી. પેટમાં કંઈ કેટલીય નહીં ઉકેલાયેલી ગૂંચ ઊભરાતી હતી. ગાલ અંદરથી ખેંચાતા હતા. દૂંટી હેઠે ખંજવાળય બહુ જ આવતી હતી. અંદરથી તો જાણે એક કોરી આગ ભડક્યા કરતી હતી. એણે ફરી જગદીશની થેલી સામે જોયું અને પછી અભરાયે ગોઠવાયેલા રવાના લોટ ભરેલા ડબ્બા તરફ જોયું. એ વિચારવા લાગી કે શીરો કરીને ખાઈ લઉં કે ટોપરું ભભરાવીને સુખડી કરી નાખું? મોઢામાં બેય દાઢ પાહેથી પાણી ઊભરાવવા લાગ્યા. જીભ ભીની થતી હતી અને એના નાકમાં સુખડી ને શીરાની સુવાસ ઊભરાતી હતી. અંદર પેટમાંય થોડી હલનચલન થતી હતી.

દિ' આથમ્યાથી ગળ્યું ખાવાની તલપ વધતી ગઈ હતી. ઉપસેલા પેટ ઉપર હાથ મૂકીને એણે તવી ગૅસ પર ચડાવી અને ટોપરું ઉતાર્યું.

"એલા જગલા, કાલ્ય દેવલીમાં તમી બધા મેચુંવાળા શું બાખડ્યા'તા?" ચોકડીમાં હાથપગ ધોતાં જેઠનો વજનદાર અવાજ આયવો એટલે ગીતાવહુ રસોડાની બહાર નીકળી અને કોરે મુકાયેલા જેઠના ખાલી ટિફિનને લઈ ફળિયામાં ધોવા ગઈ. જગદીશ મૂંગા મોઢે ટી.વી.માં બૅટિંગ જોતો હતો.

"હાહરા, ગઢા થ્યા પછી તો કાંક સુધરો, ચોકીએ રિપોર્ટ લખાવવા આયવાતા ઈ બધા, મારપીટનો કેસ દાખલ થયો છે. એમાં તારું નામય ઇ લોકોએ લખાવ્યું'તું. ઈ તો ભલું પુશ કે મારા સંબંધો ન્યાં હારા છે તે મોટા સાહેબે તારું નામ કાઢી નાખ્યું. નકર જિંદગી આખી જાત ભામનાગરની મોટી જેલમાં. માણસ ટીપવા જાવ છવો કે બેટદડા? હવે સુધરો કાંક શરમ ભરો ભાયુના આબરૂની..." ડોશી ફફડતાં જીવે મોટાની વાતું સાંભળતાં રહ્યાં.

"એ ય જગા... આ મોટ ભાઈ હું કે છ... જો જબાબ તો ભણ્ય..." જગદીશે પાણી પીધું અને જવાબ દીધા વિના ધડ ધડ મેડીનાં પગથિયાં ચડી ગયો.

"ઘેલહાઘરીનાવને કાંક ક્યો તો ગોઠતું નથ લે... ભાયું છવી કાંઈ દુશ્મન થોડા છવી? આ કાલ્ય હવારે છોકરા થાહે. બધી જગ્યાએ આવા તોર કરશે તો એના બૈરી-છોકરા હું સીઝનના દડા ને ટ્રોફિયું ખાહે?" જેઠ બબડતાં બબડતાં મેડીએ એના ઓયડામાં જતા રહ્યા. ડોશી પણ ન સમજાય એવા નિસાસા નાખતા રહ્યા.

ટિફિન ધોતી ગીતાની આંખ્યું દડદડ વરસી પડી. ગળ્યું ખાવાની તલપ મનથી તો મરી ગઈ પણ પેટ કાંઈ સમજે? અંદર આંતરડાં તો જાણે વળ ખાતાં હતાં ને ડિલની એકોએક રગ ખેંચાતી હતી. પોતાનો રડવાનો અવાજ એણે સાડીના છેડાથી દબાવી દીધો. એ વાસણ ગોઠવીને રસોડામાં આવી ત્યાં કાળી મીંદડી ટોપરાનો ડબલો ઢોળીને ઊભી પૂંછડીએ પ્લૅટફૉર્મ પર આંટા મારતી હતી. ગીતાને જોઈને એ મીંદડી જાળિયે ઠેકડો દઈ ઉઘાડા નળિયેથી ભાગી ગઈ. જેઠાણી દેખે એ પહેલાં ગીતા ફટાફટ ટોપરું ભેગું કરવા લાગી. એણે જલદી જલદી બધું સાફ કરી નાખ્યું. આખી ડેલી ને મેડીના પીળા બલ્બ ઓલવાવા મંડ્યા. રસોડામાં એ એકલી ઊભી ઊભી અભરાઈને તાકતી હતી.

"ગીતાવોવ.. હજી હું કરો છવો ન્યાં? ને શેના આ ડબ્બા ખૂલે છે? જટ ખાટલા ભેળા થાવ, કાલ્ય તમારેય કપાહ વીણવા જાવાનું છે, એક દાડિયો ઓછો છે." કાથીના વાણના ટ...ટ...ટ... સાથે ડોશીનો પડખા બદલતો અવાજ આયવો કે ઝડપથી ગીતાએ રસોડાની લાઇટ બંધ કરી. સાંકળ દીધી. નાઇટલૅમ્પના આછા લાલ અજવાસમાં ડોશીએ નેઝવું કરી આખ્યું ઝીણી કરી અને ગીતાવહુ તરફ નજર કરી. પાલવમાં કાંઈક ભર્યું હોય એવું ડોશીને લાગ્યું પણ એ શું છે એ વિચારે અને જુએ એ પહેલાં તો ગીતાવહુ મેડી ચડી ગયા. ગીતા રૂમમાં આવી, સ્ટોપર દઈ દીધી. જાંબલી નાઇટલૅમ્પના અજવાસમાં જગદીશ બરમૂડો પહેરીને ઘોરતો હતો. ગીતાએ કમરમાં ટાઇટ કરી ખોંસેલી સાડી હળવી કરી, ઘાઘરીના કસકસાવીને બાંધેલાં નાડાની ગાંઠ સહેજ ઢીલી કરી અને શેટી માંથે આડી પડી. પછી એને જગદીશ સામે નજર કરી અને એ સૂઈ ગયો છે એવી ખાતરી કરી લીધા પછી હળવેકથી પલ્લુંની ગાંઠ છોડી, ગોદડું ઓઢીને પાલવમાં બાંધી રાખીને લાવી હતી એ મોરસના દાણા ચગળવા લાગી. ગળ્યો પ્રવાહ એના પેટમાં જતો હતો અને ખારો પ્રવાહ ઓશીકાની ખોઈમાં. એ મોરસ ચગળતાં ચગળતાં તો એણે આખી રાત ચગળી નાખી. બહાર બારણે ભળભાંખળે જેઠાણીની થાપ પડી કે,

"ગીતા... જાગો, વાશીદું કરવાનું છે!" ત્યારે એ ઊભી થઈ. લાઇટ કરી અને ઓછાડ માંથે પડેલાં ને હેઠે પડેલાં મોરસના એક એક દાણાને વીણી લીધા પછી સીધી પહોંચી ગઈ વાડામાં વાશીદું કરવા. ધોળા દિ'ની વહેલી સવારે આખી મેડીમાં છોકરાઓની રોકકળ હોય, નોકરીના અને હીરાઘસુના ટિફિન ભરાય અને ફટાફટ ગૅસ પર ચા ઉપર ચા મુકાતી જાય અને ચોકડીમાં વાસણ ઉભરાતા જાય. એ બધું પરવારી બેય જેઠાણી અને દાડિયાની સાથે ગીતાવહુ પહોંચી ગઈ સીધી વાડીયે. ત્રણ ત્રણ હાથનો

કપાસ. માણસ તો દેખાય જ નહીં. આખી સીમ તવડીથી રૂથી અને માણસથી. શેઢે ઊભા ઊભા દાડિયાએ અને વહુઓએ બુશર્ટ ચડાવ્યા પછી સલાખા લઈને રૂ વીણવાનું ચાલુ કર્યું. કૂવા કાંઠે ઊગેલી આંબલીની ડાળો કૂંડીમાંથી થઈને કૂવા તરફ ઢળેલી હતી. પાક્કલ આંબલીઓ ડાળમાં લહેરાતી હતી. એના વજનથી આંબલીની ડાળ વધારે ઝોલાં ખાતી હતી. હજી તો ખેતરની એક જ ઉથલ માંડ વળ્યા હશે પણ ગીતાનો જીવ તો આંબલીની ડાળ પર ચોંટેલો હતો. મોઢામાં પાણી અને ખટાશ ઊભરાતી હતી, જીભમાં તમતમાટ થતો હતો. એ હાંફતી હતી અને આંબલીને જોઈ કપાસના પાન અને જીંડવા ચોળી નાખતી હતી. બંને પગમાં કીડીયું ચડી હોય એમ લાગતું હતું. ઘડી ઘડીમાં પેટનું વજન વધઘટ વધઘટ થયા કરતું હતું જાણે.

"ભાભી, હું જરા જઈ આવું..." હાથની ટચલી આંગળી બતાડતાં એણે જેઠાણીને કહ્યું અને જેઠાણીએ હકારમાં માથું હલાવ્યું પછી એ ગઈ ગોળી કાઢ્યે.

"આ દિવસોમાં તરસને એકી વધી જાય ને કાં ઘટી જાય... મનેય માર ઘૂઘલો પેટમાં હતો ત્યારે આવું થાતું." પાછળથી જેઠાણીનો અવાજ સંભળાયો ન સંભળાયો એ તો ક્યાંય સુધી દોડતી રહી. ખાસ્સીવાર થઈ એટલે જેઠાણીને ચિંતા થઈ.

"એ ગીતા...ગીતા...હોયે... એ ગીતા..."

"આ આયવા જોવો ને..." દાડિયે આવેલી એક પંદરેક વર્ષની છોકરીએ ગીતાવહુને ફટાફટ આવતાં જોઈ એટલે બોલી. પછી તો ગીતા આખા દિવસમાં છ-સાત વાર હળવી ભારે થઈ આવી. કપાસની ડાળો થોડી આઘીપાછી કરીને દાડિયે આવેલી એ પેલી છોકરીએ ગીતાવહુ તરફ નજર કરી. એ છોકરી અને ગીતાવહુની નજર એક થઈ. પેલી થોડુંક હસી, ગીતાને થોડી ફાળ પડી. પેલી મરક મરક હસતાં બોલી.

"ગીતાભાભી, ડાબે પડખે તમાર બલાઉઝમાંથી આંબલી દેખાય છે, હરખી સંતાડો." ગીતાને એ ટાણે ભોં ભારે થઈ ગઈ. કંઈ કેટલાય તમાચા જાણે ગાલ પર પડ્યા. એ નીચે બેસી ગઈ અને આંબલી ફેંકી દીધી, પછી મોઢા પર હાથ દઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. જેઠાણીઓ તો કપાસ વીણતાં વીણતાં આગળ નીકળી ગઈ હતી. એણે ગીતાવહુનો રડતો અવાજ સાંભળ્યો એટલે બોલ્યાં,

"ગીતા... પેટમાં બવ દુખતું હોય તો જા શેઢે જઈને જરીક આડી પડ્ય. દિ' આથમવા જ આયવો છે, જા." ગીતાવહુ તો જાણે આ જ સાંભળવા માંગતી હોય એમ એ શેઢે ભાગી. પાછળ જેઠાણીનો અવાજ આવતો હતો,

"જેનો ધણી કાંય નો કમાઈ ઈ બાઈને તો ભેગા ઘરમાં આવું જ હોય... વરની કોઈ કમાણી નહીં ત્યારે જ બાઈને આમ ડબલ મે'નત કરવી પડ્યે ને... આ તો ઓલા જેવી વાત..." ગીતા કુંડીયે ગઈ અને ખોબે ખોબે પાણીની છાલક મોઢા પર મારવા લાગી. પછી થાળે બેસીને એ ક્યાંય સુધી હિબકાં ભરતી રહી.

દિ' આથમ્યો ને બધા ઘેર આયવા. મેડીના રસોડામાં રોટલા ટિપાતા હતા. છોકરાઓ ફળિયામાં દોડાદોડી કરતા હતા. ડોશી માળા ફેરવતાં હતા અને છોકરાને ઘોડિયામાં હિંચકો નાખતાં હતા. એક જેઠાણી ઉંબરે બેહીને એના લાલીયાને ધવરાવતી હતી. ચોકડીમાં બેસીને ગીતાવહુએ હાથપગ ધોયા. મોટી જેઠાણી દેવમંદિરમાં બેઠાં બેઠાં ઘીમાં પલાળી રૂની વાટ બનાવતાં હતાં. ગીતાએ જોયું કે રસોડું ચાલુ છે, ભેંસો દોવાઈ ગઈ છે અને ચોકડી ખાલી છે. એને ઉપર એના રૂમમાં આરામ કરવા જવાનું મન થયું પણ પગ ઊપડ્યા નહીં. ગોઠણથી બંને પગમાં થોડી થોડી તરોડ થતી હતી. આંખે થોડું ઘેન પણ ચડ્યું હતું ને ગળું સુકાતું હતું. પાણિયારે જઈ લોટો ભરી પાણી પીધું પછી મોટી જેઠાણી જ્યાં હતાં ત્યાં દેવમંદિરમાં એ આવી અને હળવેથી બોલી,

"લાવો મોટાભાભી, હું વાટ્યું તૈયાર કરી નાખું." મોટા જેઠાણી હા કે ના કહે એ પહેલાં તો એનો નાનો છોકરો રડતો રડતો દેવમંદિરમાં આયવો.

"બા, મને કાકાના અરજણે માર્યું..." મોટાભાભી ઘીનો વાટકો અને વાટ્યું એકબાજુ ખસેડીને ઊભાં થયાં. છોકરાના આંસુ પાલવથી લૂંછીને સીધા ફળિયામાં ગયાં. ને પોતાના જ છોકરાનું બાવડું પકડીને ધમકાવતાં બોલ્યાં,

"તે તાર બાપે બંગડિયું ક્યાં પે'રી છે? સામું આંટી દેતો હો તો, બધાના માર ખાવા થોડા આયાં રે'વી સવી? આવવા દે તાર બાપને આજ પોલીસની નોકરી પૂરી કરીને. આજ તો તડ ને ફડ, આ ભેગો રોટલો હવે તો મને આકરો પડે છે. બધી ખબર છે મને કે કોની કોની ચડામણી છે હું? આંખ્યું આડા કાન બવ કર્યાં પણ હવે નહીં... બોકા ભર્યાં ન્યાં ભમરાળાઓએ ખાહડાં માર્યા સે તે વળી..." એ રડતાં છોકરાનું બાવડું ઝાલીને મેડીનો દાદરો ચડી ગયા. ગીતાએ વાટ્ય ઘીમાં બોળી. ડોશીનો બબડાટ હજુ પણ સંભળાતો હતો, મંદિરની ઝાલર વાગતી હતી, ઓશરીમાંથી ટી.વી.નો અવાજ સંભળાતો હતો, રસોડામાંથી રોટલાના ટપાકાનો અવાજ આવતો હતો. ગીતાએ ઘી ભરેલા વાટકા સામે જોયું અને નસું ખેંચાતા માથા પર હાથ દબાવ્યો. ગળું બળતું હતું અને પેટમાં આલોચના વધતી જતી હતી, આખા ડિલે જાણે આછી બળતરા. એણે મન મક્કમ કર્યું. મંદિરમાં બેઠેલાં લાલજીની મૂર્તિ સામે નજર કરી, એ હસતી હતી. મંદિરની પાછળ મુકાયેલી બારીએ લટકતાં અરીસામાં ગીતાને એનું મોઢું દેખાતું હતું. રૂમમાં પીળો બલ્બ બળતો હતો. ઉંબરે ઊભેલી કાળી મીંદડી ઘીના વાટકાને ટાંપીને બેઠી હોય એમ પૂંછડી પટપટાવતી આમ તેમ નજર કરી ગીતાનાં જતાં રહેવાની રાહ જોતી હતી. ગીતાએ એક નજર ફળિયા તરફ કરી, લાલજીની મૂર્તિ તરફ કરી, પાછળ ઊભેલી હોઠ પર જીભ ફેરવતી મીંદડી તરફ કરી અને સાડીનો છેડો વધારે ખેંચી માથું ઢાંકતાં એણે ઘીનો વાટકો ઊંચો કર્યો. એની અંદર કંઈ કેટલીય આંબલીઓ હિલોળા લેતી હતી, ટોપરું વેરાયું હતું ને મોરસના દાણા ચમકવા લાગ્યા. એ ઘીને, લાલજીને, મીંદડીની જીભને અને અરીસામાં પોતાને જોતી રહી.

– પરબ (સપ્ટેમ્બર 2015)



"એ તો છે જ એવા!"

તો ફાઇનલી આજે રવિવાર છે, મારા માટે તો ઘણાં ઘણાં દિવસે આવતો રવિવાર. આ ઘરમાં પરણીને આવી એ વાતને કદાચ આવતાં મહિને બે વર્ષ પૂરાં થાશે. નર્યા ઍરેંજ મૅરેજ હતા. મારી કૉલેજ અધૂરી છૂટી ગયેલી. હજુ તો ક્લાસમાં મેડમ 'પ્રિયજન' નવલકથા ભણાવતાં હતાં ને તાસ્ક પૂરો થઈ ગયેલો. કૅન્ટિનમાં બધી ફ્રૅન્ડ્સ સાથે આ વખતના એન્યુઅલ ડે માટેની 'ક્રિષ્નાઃ ધ ગ્લોબલ ગુરુ' થીમ વિશેની ચર્ચાઓ કરતાં હતાં. એક બે ફ્રૅન્ડ્સ લોકોએ તો એ વખતે મને ખીજવી પણ લીધેલી કે "મેહા, તું જ ક્રિષ્ન બનજે, કૉલેજને મૅકઅપનો ખર્ચો બચી જશે." પછી એ લોકો અંદરોઅંદર હસી પડેલા. તાળીઓ આપતાં હતાં ને જાણે કે બહુ જ મોટી જૉક કહેવાઈ હોય એમ હસવું રોકી નહોતાં શકતાં. એ જ વખતે મેં છણકો કરી દીધેલો. "હું કાળી નથી, નમણી છું!" ને પછી પાછું ફરીને જોયા વિના મારા લાઇટ પોપટી ડ્રેસને મેચિંગ દુપટ્ટાને હાથમાં કસકસાવીને પકડીને સડસડાટ ચાલતી થઈ ગયેલી. મારી પાછળ મારી બેસ્ટ ફ્રૅન્ડ દિવ્યા એ બધી છોકરીઓને ધમકાવતી હતી, એના અવાજો મને છેક કૉલેજના ગેટ સુધી સંભળાતા હતા.

"વ્હોટ આર યુ ડુઇંગ ગર્લ્સ? તમને કેટલીવાર કીધું છે કે એને કાળી ન કહો, એને નમણી કહેવાય. એને નથી ગમતું કે કોઈ એને..."

"એમ કાંઈ અમારા કહેવાથી થોડી એ રૂપાળી થઈ જવાની છે? સાચું છે એ કીધું એમાં તે..."

* * *

ઓહ... હાઈશ આંગળી દાઝી ગઈ. ઉની ઉની તપેલી પર આંગળી અડી ગઈ. હજુ તો તૈયાર પણ ન થયા હોય ને બા તૂટી પડે, "વહુ, મારા માટે જરા કૉફી..." તે દિવસે પણ આમ જ બોલેલાં ને કે –

* * *

"બેટા, મારે ચાની બાધા છે, કૉફી બનાવજે..." કૉલેજથી છૂટીને કિલો રીંગણાં ને કોથમીરની ઝૂડી ને છાશની થેલી લઈ ઘેર આવી હતી. દિવ્યા પાસેથી 'આગંતુક' વાંચવા લાવી હતી. એ કહેતી હતી કે મેહા, ધીસ નૉવેલ ઇઝ ટુ ગુડ યાર, યુ મસ્ટ રીડ ઇટ! એટલે મેં નક્કી કરેલું કે ઘેર જઈને સૌથી પહેલાં તો આ નૉવેલ વાંચીશ. હજુ તો ઘેર પહોંચું પહોંચું ત્યાં તો ડ્રૉઇંગરૂમમાં બ્લ્યુ શર્ટમાં મારી ઉંમરનો એક છોકરો ને એક આધેડ બહેન મમ્મી સાથે બેઠાં હતાં.

"આ જુઓ આવી ગઈ! આવી ગઈ બેટા? કેમ આજે મોડું થયું?" મમ્મી રોજે ન પૂછતી એ સવાલો આજે આટલાં બધાં વહાલથી કેમ પૂછતી હતી એ ન સમજાયું. પેલાં આધેડ બહેન પણ સસ્મિત મને માપી રહ્યાં પણ ધીમે ધીમે નાનું બનતું જતું એમનું સ્મિત એમની આંખોમાં મારો રંગ મને બતાવતું હતું. ને પેલો છોકરો એકધારું મારી સામે જોઈ રહ્યો એના જોવામાં કોઈ ફેરફાર ન વર્તાયો. સવારે જ મમ્મીએ ફોર્સ કરેલો કે ના, આજે તો ડ્રેસ પહેરીને જ જા, એટલે રેગ્યુલર કુર્તી જીન્સના બદલે આજે આછાં પોપટી ચૂડીદાર પહેરેલાં હતાં. બંને હાથમાં શાકભાજીની થેલી, ચહેરા પર ચોટલામાંથી છૂટી પડીને પરસેવાથી ગાલો પર ચીપકી ગયેલી કોરી લટો, ખભે કચ્છી ભરત ગૂંથેલું કૉલેજબૅગ ને આંગળીમાં ઍક્ટિવાની ચાવી. મેં મારો દુપટ્ટો વ્યવસ્થિત કર્યો અને જેવી સડાસડાટ ઘરમાં ગઈ કે મમ્મી ફરી બોલી ઊઠી હતી.

"મેહા... ચા બનાવ."

"બેટા, મારે ચાની બાધા છે, કૉફી બનાવજે." પછી એ બહેને ફરી પાછું એની બાજુમાં બેસેલા છોકરા તરફ જોઈને મલકાઈ લીધેલું. હું કિચનમાં ગઈ અને ગૅસ પર કૉફી મૂકી. ડ્રૉઇંગરૂમમાંથી મમ્મીનો અવાજ સંભળાયો હતો,

"ઘરનું બધું કામ અમારી મેહા જ કરે...!"

* * *

"વહુ, મારી કૉફી?" દાઝેલી આંગળી મોંમાં મૂકી ને કપ લેવા ગઈ કે કપ હાથમાંથી છટક્યો. કપે જોરથી તૂટીને સવાર સવારમાં આખા ઘરને મારી ફરિયાદ કરી. બાએ પૂજા ઘરમાં ટંકોરી થોડા વધુ જોરથી વગાડીને પૂજા પૂરી કરીને ડ્રૉઇંગરૂમમાં સસરાએ છાપાનો થોડો વધુ મોટો અવાજ થાય એમ પાનું ફેરવ્યું ને મને ખાતરી જ હતી કે આ અવાજથી બૅડરૂમમાં સ્કાયબ્લ્યુ નાઇટડ્રેસમાં સૂતેલાં ચિંતને ઓશીકાથી પોતાનાં મોઢા અને કાનને ઢાંક્યા હશે જ...

* * *

"દિલ્હીમાં જ રહે છે, કયું ભણતર કે'વાય તારું બેટા ચિંતન?" ડ્રૉઇંગરૂમમાં મમ્મી સાથે બેસેલાં એ બહેને એની બાજુમાં બેસેલા એ છોકરાને પૂછ્યું. હું કૉફી લઈને આવી. એણે એનાં બ્લ્યુ શર્ટના ઉપલાં બટન સાથે રમતાં હાથને અટકાવી ને મારી સામે જોતાં જવાબ આપ્યો,

"જી, ઇન્ટરિયર ડિઝાઇનિંગ." મારી ને એની આંખો મળી. મારા કરતાં તો ક્યાંય એ વધુ રૂપાળો હતો. પછી મમ્મી તરફ જોઈને બોલેલો,

"આન્ટી, મને લેમન ટી જ ફાવશે. કૉફી નથી પીતો."

"ચિંતન, પહેલાં કહેવું જોઈતું હતું ને! મને એમ કે અહીંયા તો તું કૉફીથી ચલાવી..." સોફા પર પલોઠી વાળીને બેસેલાં એ બહેન આ છોકરા તરફ મીઠો ગુસ્સો કરતાં વધુ બોલવા ગયેલાં કે મમ્મીએ તરત મને કીધું,

"મેહા, જા લેમન ટી બનાવી લાવ." હું થોડી ધૂંધવાણી, મનોમન જ. ને મને દેખાઈ ગયું કે મારો ધૂંધવાટ એ છોકરો સમજી ગયો એને સ્મિત જેવું કશુંક કર્યું ને હું વધુ ગૂંચવાતી સીધી કિચનમાં. પણ અંદર જઈને મૂંઝાણી કે લીંબુ તો છેલ્લા બે હતા ને એય મેં સવારે કૉલેજમાં સાથે નાસ્તામાં લઈ જવા બટેટાપૌઆ બનાવેલાં એમાં નીચોવી દીધેલાં. મમ્મીએ કીધેલું કે "બહુ ખાટું ખાઈશ નહીં, ખટાશ ચડશે!" પણ મને ક્યાં ખબર હતી કે ખટાશ અત્યારે આ રીતે ચડી જશે લેમન ટીના નામે...

* * *

"મેહાવહુ... ચિંતનની લેમન ટી માટે લીંબુ ખૂટી ગ્યા છે? ફ્રીઝ ખોલીને જોઈ જોવો તો. અને એને જગાડો જાવ. દિવસ માથે ચડી ગયો છે." બા સોફા પર પલોઠી વાળીને બેસી ગયાં ને મેં આપેલાં કૉફીના કપને મોઢે લગાવ્યો. હું એમને ઉઠાડવા બૅડરૂમમાં આવી, એ ઘસઘસાટ સૂતાં હતા. ઓશીકાથી એના મોઢાને ઢાંક્યું હતું. મેં એનો અંગૂઠો હળવેથી મરડ્યો અને એ પડખું ફેરવી ગયા. એ જે તરફ પડખું ફેરવી ગયા હતા હું એ બાજુ ગઈ અને એના ખભાને હલબલાવતી હતી તો એમણે મારો હાથ પકડી લીધો અને પોતાના બંને હાથે મારા હાથને પોતાની છાતીમાં દબાવતાં પડખું ફરી ગયા.

"તમને કહુ ઊઠો, આઠ વાગી જશે હમણાં." એમણે કોઈ જવાબ આપ્યો નહીં. મને કૂકરમાં મૂકેલી દાળની દાઝવાની વાસ આવી, ફટાફટ મારો હાથ છોડાવીને ભાગી ને હડબડાટીમાં બહાર નીકળવા ગઈ કે સામે આવતાં બા સાથે માંડ માંડ ભટકાઈ જતાં બચી. "ન જાગ્યો ને? મને ખબર જ હતી... એમ તો મારો દીકરો છે, મારા સાદ વિના ઊઠે શેનો એ?" બા મારી સામે વિજયી સ્મિત કરતાં બોલ્યાં ને હું સીધી કિચનમાં. ત્યાં સુધીમાં તો સહેજ મોડી પડવા બદલ તો કૂકરે તીણી સીસોટી બોલાવી બોલાવી મને આખી ઝાટકી નાખી. ગૅસ બંધ કર્યો. મસાલાનું બૉક્સ ખોલી જીરું, રાઈ, હીંગ અને સૂકા મરચા કાઢી રકાબીમાં મૂક્યાં. કૂકર ખોલ્યું તો પાણી બળી ગયું હતું. કૂકરના ખૂલ્યા પછી દાઝવાની વાસ આવી. ચમચીથી નહીં દાઝેલી સારી દાળને અલગ કરવા માંડી. બૅડરૂમમાંથી બાનો અવાજ સંભળાતો હતો.

"હા ઊઠો, ચાલ બેટા... જો તારી લેમન ટી બનાવી નાખીયે ત્યાં સુધીમાં તું ફ્રેશ થઈ જા." મેં જોયું કે

નહીં દાઝેલી દાળમાંય દાઝયાની લાલાશ તો દેખાતી જ હતી. પછી હું બબડી.

"ખબર જ છે કે તમારા ઉઠાડવાથી જ એની ઊંઘ પૂરી થાય છે તો રોજ તમે જ ઉઠાડતા હો તમારા રાજકુંવરને... તમને ખબર હોય એમ જ થાતું હોય આ ઘરમાં તો તમારે જ કરવું. આરામ આપી દેવો મને... ઊઠ બેટા, અમે લેમન ટી બનાવીએ...???? ક્યારેય મારા આવ્યા પછી હરામ છે રસોઈમાં ડોકાયા હોય તો!" પાછળથી બા આવ્યાં.

"શું થયું વહુ? દાળ દાઝી ગઈ?" એક પગે સહેજ ખોડંગાતા બા કીચનમાં આવ્યાં ને મેં અલગ કરેલી બફાયેલી દાળ જોઈને એ બોલ્યાં.

"હા, હું હમણાં બીજી મૂકી દઉં છું બા!"

"ના હવે નસીબમાં દાઝેલી દાળ હશે બીજું શું! આમાં ટમેટા થોડા વધુ નાખી દે એટલે દાઝયાનો સ્વાદ નહીં આવે." પછી ઘડી બે ઘડી બાએ મારી સાડી સામે જોયું. મેં મારા લાલ કેસરી લેરિયાનો છેડો થોડો વધુ ખેંચીને માથે ઓઢ્યો.

"મેહાવહુ, આવા કલરના લેરિયા તમારી સ્કીન સાથે સ્યૂટ નથી થતું. તમારે લાઇટ કલર પહેરવાં જોઈએ. આ કલર તો ગોરા હોય એને સારા લાગે." કૂકરની બાજુમાં મૂકેલી તપેલીમાં તેલ ગરમ થયું અને મેં જીરું, રાઈ અને હીંગ ભરેલી રકાબી સીધી એમાં ઠાલવી દીધી. મસાલાનો સહેજ તીખો ધુમાડો થયો અને ઉધરસ ખાતાં ખોડંગાતા બા કીચનની બહાર નીકળી ગયાં. સામે વાસણોના સ્ટેન્ડ પર થાળી કાઢવા ગઈ ને એમાં મને મારો ચહેરો દેખાયો, ઘડી બે ઘડી ચહેરાને જોયો. આંખોની નીચે સહેજ કાળાશ બાઝી ગઈ હોય એવું લાગ્યું અને થયું એટલી પણ કાળી નથી જેટલી બધા કહે છે. નાની સ્ટીલની તપેલીમાં પાણી ગરમ કર્યું અને ચાની ભૂકી નાખી ને ફ્રીઝ ખોલી લીંબુ કાઢ્યા, ચપ્પુની ધાર લીંબુ પર ચાલી.

* * *

"કલ્પનામાસી... લીંબુ આપજો" પોપટી દુપટ્ટાથી પરસેવો લૂંછતી હું અમારા પાડોશી કલ્પનામાસીના અને અમારા ઘરની દીવાલ પર બેય હાથ ટેકવી બૂમ પાડતી હતી.

"કેમ, મહેમાન આવ્યા છે મેહા?" કલ્પનામાસી લીંબુ લાવ્યાં અને મારા હાથમાં મૂકતાં પૂછવા લાગ્યાં.

"હા જુઓ ને માસી, હું તો હજી કૉલેજથી આવી છું..."

મારો હાથ દબાવી કલ્પનામાસી નીચલા હોઠ પર દાંત દબાવી મલકાતાં બોલ્યાં:

"હા જાણે તને તો ખબર જ નહીં હોય કે આજ વળી મહેમાન આવવાના છે. નાનીને અમસ્તી કાંઈ કારણ વગર મોકલી દીધી મોસાળ?" હું એના ભાવ સમજી ન સમજી અને ઘરમાં આવવા ગઈ કે પેલાં આધેડ બહેન જે મહેમાન થઈને આવ્યાં હતાં એ અમારાં ઘરની પાછળ ગાર્ડનમાંથી મોટે મોટેથી કોઈ જોડે ફોનમાં વાત કરતાં હતાં. હું અટકીને ઊભી રહી ગઈ અને એનો અવાજ સાંભળવા લાગી,

"હા... છોકરી જોઈ લીધી... હા, ઘર પણ સરસ છે... હેં... ના રે... હા...બધી વાત થઈ ગઈ છે... ચિંતને જ પસંદ કરી છે... હા પણ..." એ બહેનનો અવાજ સહેજ ધીમો પડ્યો "છોકરી થોડી કાળી છે...!"

મારા હાથમાં રહેલાં લીંબુને મેં બમણી ભીંસથી દબાવી દીધાં.

* * *

લેમન ટીને ઊભરા જેવું થઈ આવ્યું, ગૅસ પરથી ઉતારી, કપમાં ભરીને અમારા બૅડરૂમમાં આવી. એમને કપ આપ્યો. એમણે કપ હાથમાં લીધો અને સ્મિત કર્યું.

"તમારાં કપડાં કબાટમાંથી કાઢી રાખું. તમે નાહી લો એટલે પછી હુંય તૈયાર થઈ જાવ."

"હા આજે તો મેં તને ફિલ્મ દેખાડવાનું નક્કી કરેલું... યા, હું તો ભૂલી ગયેલો." મેં એની સામે આંખો નચાવી અને ખોટો મીઠો ગુસ્સો કરતાં કબાટ ખોલ્યો અને એના માટે ઑફવાઇટ શર્ટ અને બ્લ્યુ જીન્સ

કાઢ્યું. એક આ રવિવાર જ હોય છે જેમાં લાગે કે હાશ... આજે કાંઈક થોડી મોકળાશ મળશે. બિલાડી પ્લૅટફૉર્મ પર ઢાંકી રાખેલાં દૂધને ટાંપીને બેઠી હોય એમ હું રવિવારને ટાંપીને બેઠી હોઉં. આ બધાં કપડાં, બ્લીચિંગ પાઉડર, વાસણો, ઝાડુ પોતા, એંઠી રકાબીઓ, ફ્રીઝમાં મૂકેલું દહીંનું મેળવણ, લેમન ટી, સેવ મમરાની ભરેલી પ્લેટો, ઈસ્ત્રી, વળગણી પર અગાશીમાં સુકાતી સાડીઓ, ફળિયામાં ધમેડા પડેલા તપવા મૂકેલાં બાજરો, શાકભાજીની ખરીદી, તૂટતાં ફૂટતાં વાસણો, બાથરૂમમાં જામ થઈ ગયેલી ગટર, ઘસી ઘસીને હાંફી જાઓ તોય જેની પીળાશ ને ચીકાશ ન જાય એ ટૉઇલેટ ને ગેંડી અને જ્યાં ત્યાં ડૂચો થઈ વીખરાયેલાં છાપાંઓમાંથી માંડ માંડ મને થોડીવાર માટે છૂટકારો મળે એ પણ આજના દિવસે અને સમયનો એ નાનકડો ટુકડો અને એની ક્ષણજીવી સુગંધ એમની સાથે ગાળેલી સાંજની લાલીમાં સાથે મારા ચહેરાં પર લીપાઈ જાય. પછી આખ્ખે આખ્ખા છ દિવસ સુધી કામ કરતાં કરતાં પણ જ્યારે થાક લાગે ત્યારે અરીસામાં જોઈને એ લાલાશ યાદ કરી લઉં. કબાટમાંથી એમનાં કપડાં કાઢી ટુવાલ બાથરૂમમાં મૂકવા ગઈ કે બાનો અવાજ સંભળાયો,

"ચિંતન, જલદી નાહીને તૈયાર થઈ જા... આપણે બેત્રણ જગ્યાએ ખબર કાઢવા જવાનું છે. તારા પપ્પાને તો શ્વાસ ચડે છે નહીંતર એને જ લઈ જાત." એ બહાર આવ્યા. હું બૅડરૂમની બારસાખમાં જ ખોડાઈ રહી, એમનો જવાબ સાંભળવા. એમણે મારી સામે જોયું.

"હા એટલે વહુને પૂછવાનું હોય તો પછી જવાબ દેજે." બા ધર્મલોકના પાનાં ફેરવતાં બોલ્યાં. ચશ્માં એણે નાક પર ટેકવ્યા હતા અને એમની નજર અમારા બંને તરફ હતી.

"હા મમ્મી, બસ દસ-પંદર મિનિટમાં તૈયાર થઈ જાઉં છું." કહીને એ ઊભા થયા. હું ખસી ગઈ અને એ બાથરૂમ તરફ અંદર બૅડરૂમમાં ગયા. હું સીધી પાછળ આવી ને હજુ બોલવા જાઉં કે એ બોલ્યા,

"લીસન મેહા, આપણે ફરી ક્યારેક જઈશું. મમ્મીને કેમ ના પાડી શકું યાર? નેક્સ્ટ ટાઇમ શ્યોર... એમના હાથમાં સાબુ પકડાવી હું રસોડામાં ગઈ. દાળનો વઘાર કર્યો. બારી બહાર જોઈ રહી. આંખમાંથી અનાયાસે જળજળિયાં આવી ગયાં. હંમેશાં કેટલું બધું કામ નેક્સ્ટ ટાઇમે ઠેલાતું હોય છે અને કેટલુંય કામ નેક્સ્ટ ટાઇમે ચાલુ કરવાનું હોય છે પણ ખબર નહીં આ નેક્સ્ટ ટાઇમ તો ભીના હાથમાંથી સરી જતાં સાબુની ગોટીની જેમ પકડાતો જ નથી.

"મેહા... મારું વૉલેટ નથી મળતું..." આંસુ લૂંછીને હું બૅડરૂમમાં આવી. ધડામ કરતું કબાટનું બારણું ખોલ્યું અને એમના હાથમાં વૉલેટ આપ્યું અને ધડામ દઈને બારણું બંધ કર્યું. અલબત્ત એમની સાથે નજર તો મેળવી જ નહોતી. હું ટુવાલ લઈ બાથરૂમ તરફ ચાલવા ગઈ અને એમણે મારો હાથ પકડી એમની નજીક ખેંચી. એમના ભીના શરીરમાંથી તાજા નાહ્યાની તાજગી અને ભીના વાળમાંથી શૅમ્પુની સુગંધ મને અનુભવાતી હતી. મેં મોઢું ફેરવી લીધું.

"કેમ? આટલી બધી રીસ ચડી ગઈ છે!"

"મને મૂકો, મારે ઘણું કામ બાકી છે, તમારી જેમ નથી કે મન ફાવે ત્યારે મન ફાવે એ કામ પાછું ઠેલવી શકાય." મારી બંને આંખોના ખૂણે પાણી ભરાઈ આવ્યા.

"અરે, તું આ વાતને આટલો ગંભીર ઈશ્યુ ન બનાવ." મેં એમનો હાથ ઝટકાવી છોડાવી નાખ્યો.

"મને બધી ખબર છે..."

"શું?" કમરે બાંધેલાં વ્હાઇટ ટુવાલને ટાઇટ કરતાં એ મારી આંખોમાં જોવા લાગ્યા.

"હું કાળી છું એટલે તમને મને બહાર ફરવા લઈ જતાં શરમ આવે છે. હા એટલે જ દરેક વખતે તમને મને બહાર નહીં લઈ જવાના ઢાળ મળી જ જાય છે."

મેં જાણે કોઈ જોક કીધી હોય એમ એ હસી પડ્યા. હું વધું છંછેડાઈ.

"ચલ તું પણ આવ અમારી જોડે... હું વૅઇટ કરું છું."

"મારે ક્યાંય આવવું નથી જાવ." કહીને મેં બાથરૂમનો દરવાજો અંદરથી ખૂબ જોરથી બંધ કરી દીધો અને શાવર નીચે ઊભી રહી ગઈ અને શાવર ચાલુ કરી દીધો.

* * *

બાથરૂમના બારણે થાપ પડી. મેં પોપટી ચૂડીદારની ઓઢણી ગળે નાખી અને બારણું ખોલ્યું,

"બોલ મમ્મી..."

"મેહાડી, કાંઈ ભાન પડે છે? સાવ ઊભા ઘોડા જેવી છો. મહેમાન બહાર બેઠાં હતાં અને વાતો કરવાને બદલે નહાવા જતી રહી... લેમન ટી પીવરાવી સીધી બાથરૂમમાં પુરાઈ ગઈ. રહી ગઈ હતી જાણે નાહ્યા વગરની, માણસ કાંઈક વાતચીત તો કરે ને..."

"તમે કરી તો લીધી મમ્મી." મેં દાંત કસકસાવ્યા અને શરીર ફરતે ટુવાલ વીંટાળી બહાર નીકળી અને ભીના વાળ ઝાટકવા લાગી.

"છોકરાએ તને પસંદ કરી લીધી." મમ્મીએ હરખાતાં કીધું.

"હા, ઉપકાર કર્યો મારી ઉપર બીજું શું!"

"એવું શું બકે છો વળી? બાકી તું તો બેટા થોડી ભીનેવાન એટલે જલદી ગોઠવાય એવું લાગતું જ નહોતું." એણે ખુલ્લી બારીઓ બંધ કરી.

"હા એટલે જ તમે નાનકીને બહાર મોકલી આપી કેમ? મને પૂછવું જરા પણ જરૂરી ન લાગ્યું?"

"બંધ થા હવે, સહેજ પણ સારી નથ લાગતી આવા બબડાટમાં. આ બધાં વ્યવહારમાં તને શું ખબર પડે? આટલું સરસ ઘર છે, છોકરો કેટલો સરસ છે, પાછો રૂપાળો ને તોય તને..." એ બોલતી બોલતી અટકી અને બહાર નીકળી ને હું બૅડ પર બેઠી અને કૉલેજબૅગમાંથી 'આગંતુક' કાઢીને વાંચવા લાગી. બેત્રણ પેજ માંડ વાંચ્યા કે દિવ્યાનો ફોન આવ્યો,

"હેલ્લો, મેહા, નૉવેલ વાંચી?"

* * *

નાહીને બહાર નીકળી ને સાડી પહેરી પછી અરીસામાં જોઈ સેથામાં કંકુ પૂર્યું, પછી બૅડરૂમ, ડ્રૉઇંગરૂમ અને કીચન ઝાપટીને સાફ કર્યું. મનને સતત કામમાં રાખવા લાગી. તોય બેત્રણ કલાકમાં કામ પતી ગયું. સસરાને જમવાનું આપ્યું. મને જમવાની કોઈ ઇચ્છા થઈ નહીં. બા અને ચિંતન તો મોડા આવવાના હતા. મને મારી થાળી ભરવાની આળસ થઈ અને બૅડરૂમમાં જઈ બેઠી. ક્યાંય સુધી ગુમસૂમ રહી. બહાર નીકળવાનો તો કોઈ સવાલ જ નહોતો કેમકે કોઈ સાથે વાતો જ નહોતી કરતી. આડોશ પાડોશ સાથે મને એટલે નહોતું ફાવ્યું કે પરણીને આવી ત્યારે જ વધામણી ખાતાં એ લોકો બોલેલાં,

"હિરલબહેન, મેહાવહુ તમને થોડી કાળી ન લાગી?"

"હા, એટલે ક્યાં આપણો ચિંતન ને ક્યાં આ વહુ?"

"નસીબ છોકરીના, બકરી સફરજન ગળી ગઈ."

અગાશી ઉપર સૂકવેલાં પાપડ લેવા જતાં પણ મને બીક લાગતી કે બાજુની અગાશીવાળા જોશે ને તો એની નજરમાં રહેલો મારો રંગ મને જંપવા નહીં જ દે. મેં ડ્રેસિંગ ગ્લાસમાં મારા ચહેરાને જોયો. ત્યાં ફોનની રિંગ વાગી. દિવ્યાનો ફોન હતો.

"હેઈ, મેહાડી, તું તો સાવ ભૂલી જ ગઈ પરણ્યા પછી યાર... કેમ છે?"

"હેઈ... તું રડે છે મેહા? વ્હોટ હેપ્પન... ટેલ મી... બોલ શું થયું... એય તું રડવાનું બંધ કર મેહા. તને કોઈએ કશું કીધું છે? ચિંતન કશું બોલ્યો? તારા સાસુ?" દિવ્યાને કારણ જણાવ્યા વિના સતત કેટલાંય દિવસનું રડી લીધું. પછી ફ્રેશ થઈ થોડી વાતો કરી અને મારી આંખ મીંચાઈ ગઈ. ઊંઘમાં પણ મને સતત ગરમાટો અનુભવાતો હતો. તૂટક તૂટક આંખ ખૂલી તો આખું શરીર ધખારા મારતું હતું. ખબર નહીં કેટલી કલાકો સુધી હું સૂઈ રહી હતી. આછો આછો ચિંતન દેખાયો, મારા કપાળે હાથ મૂકતા હતા. બા દેખાયા... મીઠાના પાણીના પોતા મુકાતાં હોવાનું અનુભવાયું, કશુંક સોય જેવું જમણા હાથે ભોંકાયું ને ફરી આંખ મીચાઈ ગઈ. આંખ ખૂલી તો રાતના અગિયાર વાગ્યા હતા. કોઈ મીઠાના પાણીના પોતા

નહોતા. સહેજ આળસ અને થાક વર્તાયો. હાથમાં ઇંજેક્શનની સોય ભોંકાઈ હોય એવું નિશાન શોધવા લાગી. જોયું તો ચિંતન બાજુમાં બેઠો હતો.

"હેઈ, બહુ સૂતી તું તો આજ."

મેં અનુભવ્યું કે શરીર થાકેલું હતું પણ ઠંડું હતું. તાવ જેવું કશું અનુભવાયું નહીં.

"મને જગાડાય નહીં? ક્યારે આવ્યા? રસોઈ?"

"અરે રીલેક્સ. બાએ બનાવી નાખી છે. અમે લોકોએ જમી લીધું છે. તારી થાળી ઢાંકી રાખી છે. લઈ આવું?"

"ના મારે નથી જમવું" કહીને હું પડખું ફેરવી ગઈ. ચિંતન મારી પીઠ પર હાથ મૂકવા ગયો કે મેં એનો હાથ ઝટકાવી નાખ્યો, એ હસવા લાગ્યો. મેં બ્લેન્કેટ કસકસાવીને પકડી રાખ્યું. એણે હજુ પણ પેલું ઑફવ્હાઇટ શર્ટ ને બ્લ્યુ જીન્સ પહેરેલું હતું. એ મારી બાજુમાં આવ્યો,

"હેઇ આઇમ સૉરી... તું થાકેલી લાગે છે એટલે જ તને બાએ ઉઠાડવાની ના પાડી. સવાર માટે સૉરી."

મેં મારું મોઢું ઢાંકી દીધું અને મને લાઇટની સ્વીચ બંધ થવાનો અવાજ સંભળાયો.

સવારે આંખ ખૂલી તો સાત વાગી ગયા હતા. જોયું તો મારું માથું ચિંતનના ખોળામાં હતું, એ બૅડનો ટેકો લઈ બેઠા બેઠા સૂતા હતા. એનો એક હાથ મારા વાળમાં હતો. હું ફટાફટ ઊભી થઈ. લાઇટ ચાલુ કરી.

"હાય હાય... બિચ્ચારા આખી રાત નાઇટડ્રેસ પહેર્યા વિના બેઠા રહ્યા. સરખું સૂતાય નહીં! આમ તો રાત કઈ રીતે ગઈ હશે એની?" હું ક્યાંય સુધી ચિંતનની સામે જોઈ રહી. મને અપરાધભાવ જેવું થઈ આવ્યું.

"અરેરેરેરે... એક માંડ રવિવાર મળ્યો હોય એય મેં ઝઘડવામાં વેડફી નાખ્યો. બિચ્ચારા એ તો કેટલીય વાતો કરવા માંગતાં હતાં. હું જ ડફર છું સાવ. ઝઘડ્યા વિના રિસાયા વિના રહી ગઈ હતી તે..." મેં એમને સરખા સુવડાવ્યા. બ્લેન્કેટ ઓઢાડ્યો. એના ગોરા ચહેરા પર સ્મિત હતું મને એની બંધ પાંપણો જોઈ બહુ વહાલ ભરાઈ આવ્યું. હળવેથી એમના ગાલ પર ઝૂકીને હળવું ચુંબન કર્યું અને પછી ફટાફટ વાળ બાંધતી રસોડામાં આવી. ગૅસ પર તપેલી મૂકી. દૂધ ગરમ કર્યું અને કૉફીના બિસ્કિટ નાખ્યા. એકાએક મારું ધ્યાન પ્લૅટફૉર્મના છેડે પડેલાં મીઠાવાળા પાણી અને વ્હાઇટ પકડાં તરફ ગયું. મેં બારીમાંથી આવતાં પ્રકાશમાં જમણા હાથની કોણી જોઈ, ઇન્જેક્શનની સોયનું નાનકડું લાલ ટપકું દેખાયું. હું હસી પડી. સામે સ્ટીલના સ્ટેન્ડમાં મારો ચહેરો મને દેખાયો, અંબોડામાં બાંધેલા લાંબા કોરા વાળની એક લટને જમણા કાન પાછળથી અલગ કરી અને જમણાં ગાલ પર છોડી. ઊગતા સૂરજના ગુલાબી તડકામાં મારા ચહેરા પર, સ્ટીલના સ્ટેન્ડ પર અને ઇંજેક્શનની સોયના ટપકા પર લાલીમા છવાઈ ગઈ. થયું કે જગત આખાનું સુખ મારી એકલીની ઝોળીમાં છલકાઈ ગયું. સાડીનો છેડો માથે ઓઢ્યો ને બાનો અવાજ સંભળાય સંભળાય કે 'વહુ... મારી કૉફી...' એ પહેલાં ડ્રૉઇંગરૂમ તરફ કૉફીનો કપ લઈ ચાલતી થઈ.

– નવનીત સમર્પણ (2016)



પોપડી

"સોનલા ઈંઢોણી સીતાને રુપલા ઘડુલો... સાત સાત સૈયરનો સાથ રે પાણીડા ગ્યા'તા રામ તળાવે..." બોખા અને છીંકણીથી કાળા પડી ગયેલા મોઢામાંથી તરડાઈને ઘોળ નીકળ્યો પણ મંડપમાં ચાલુ પરણેતરમાં જાનડિયુંના કલબલાટમાં ગીત ધક્કે ચડ્યું અને ઝીલવાવાળાને આટલું લાંબું ગીત ફાવ્યું નહીં એટલે ગાનારા માડી ભોંઠા પડ્યા. ત્યાં તો ગુલાબી પીળી નેટના ચણિયાચોળીમાં રંગબેરંગી ડાયમંડથી મલકાતી છોકરીયું હોઠ પર વધુ પડતી થઈ ગયેલી લિપસ્ટિકને હાથરૂમાલથી લૂંછતી નવું ગીત ઉપાડવા લાગી.

"માર વીરાને ફૅશન ઇંગ્લિશ જોશે રે હો ભાભી મારા, હજી તમારે વિચારવા ટેમ છે...!" આ પંક્તિને હોંશભેર બીજી જાનડિયું ઝીલવા લાગી એટલે ડોશીમાઉંએ ટચાકા ફોડીને હોઠ વંકાવીને એકબીજાની સામું સોગિયું મોઢું કર્યું.

"બાપા... આ આજકાલ્યની સોડિયું... રામ ક્યો રામ... હું ભલીવારી કાઢવી એના ગીતમાં... બે સબદય હારા ગાતા નો આવડે... જમાનો બગડી ગ્યો મારી બેન... કળજગ ફાટ્યો કળજગ." જવાબમાં બીજી બધી ધોળા માથાની બાયુંએ વાતમાં પોતાની સહમતી હોય એમ માથા હલાવ્યા અને એકબીજાને સ્ટીલની નાની છીંકણી ભરેલી ડબ્બીઓ ધરી દીધી, આંગળીમાં છીંકણી ભરી લીધી અને છેક છેલ્લી દાઢ સુધી લઈ જઈ દાંતના તળિયે બજરનું ઑઇલિંગ કર્યું. મંડપમાં બેસેલી રૂપલીએ કોઈ દેખતું તો નથી ને એની ખાતરી કરી અને પછી સહેજ ઊંચી નજર કરી એના થનાર વર ભાવેશને ધારી ધારીને જોતી હતી. એકાએક એનું ધ્યાન ભાવેશની ચોયણી તરફ ગયું. શેરવાની પૂરી થાય અને ચોયણીનો ભાગ ચાલુ થાય એ ભાગને ફૂલેલો જોયો ને એના ગાલ થીજી ગયા. બંને હથેળી થોડી થોડીવારે ભીની થઈ જતી હતી. પગમાં પહેરેલી મોડિયા પરના પાનેતરને મેચિંગ હાઇહીલના સેંડલની પટ્ટીઓમાં અંગૂઠા અને આંગળીઓને કસકસાવીને પકડી રાખ્યા. પોપડી ખોતરવાના એના સ્વભાવ મુજબ એ જેના પર બેસેલી હતી એ રજવાડી ઠાઠની વૅલ્વેટના લાલ સિંહાસન જેવી ખુરશીના હાથા પર નખ ખોતરી એ પોપડી ઉખાડતી હતી. એની આંખો નીચે જમીન તરફ જ મંડાયેલી હતી. પાંપણો પર જાણે કે મણમણના ભાર મુકાયેલા હતા. એને વારંવાર ગઈકાલે બહેનપણીઓ સાથે થયેલી વાત યાદ આવી જતી હતી.

"જોજે પાછી ગામના પાણીને ભોંઠું ન પાડતી. આજ સુધી અમે અમારાને હંફાવ્યા છે હવે તારો વારો..."

ગઈકાલે રાત્રે જ એના બંને હાથમાં બ્યુટીપાર્લરવાળી છોકરીયું જે મહેંદી મૂકીને જતી રહી હતી એ મહેંદી પર એની બહેનપણીયું ચૂનો, લીંબુ અને ખાંડના પાણી ભીના રૂના પૂમડાં મૂકતી હતી. રૂપલીની બધ્ધી બહેનપણીઓ આવી ગયેલી. આમ તો રૂપલીની જે શેરી હતી એમાં છોકરીઓનું જે ધણ હતું એમાં ઉંમરલાયક છેલ્લી આ એક રૂપલી જ હતી એટલે સાસરિયે ગયેલી બધ્ધી બહેનપણીઓ લગ્નમાં આવી ગયેલી. રૂપલી પ્લાસ્ટિકની ખુરશી પર બેઠી હતી. બીજી બધ્યું લાદી પર શેતરંજી પાથરી એના પર બેઠી બેઠી એકબીજાના વધી ગયેલા વજન, ફૂલી ગયેલા પેટ અને બદલાઈ ગયેલા સ્વભાવ પર ખીખીયાટા કરતી હતી. રૂપલી પણ એ બધ્યુંના બદલાયેલા વાનસાનની નોંધ લેતી હતી, એટલામાં બંને હાથમાં બાજોટ લઈને ભાભી છોકરીઓની રૂમમાં આવ્યાં અને માથા ઉપરથી સાડીનો છેડો સરખો કરતાં બોલ્યાં,

"અરે વાહ, બધ્યું આવી ગઈ ને કાંઈ!" જવાબમાં બધ્યુંએ જાણ્યે કે ચોખા ઉડાડી ભાભીને વધાવ્યા હોય એમ બોલવા લાગી,

"હા હો..."

"કેમ છો ભાભી."

"અરે વાહ લગન પછી તો મસ્ત દેખાવ છો."

"કોઈ હેરાનગતિ તો નથી ને અમારા ભાઈની."

અને ફરી પાછા ખીખીયાટા અને લીંબુંખાંડના પાણીના મહેંદીવાળા હાથમાં રેલા.

"જાવને ગઢ્યું આખી, ભોંઠી પડો વાંદરિયું, લખ્ખણની તો પૂરી છો બધ્યું." જવાબમાં ફરી હસાહસને એકબીજીયુંને હડદોલા.

"હાશ રાંડ ભમરાળી, કેવું વાગ્યું... હાથ છૂટીબવ તું તો."

"કેમ વળી, હડદોલાની તને હજુ ટેવ નથી પડી હમાખી." ફરી હસાહસ ને ખીખીયાટા. રૂપલીને આવી બધી મશ્કરી બહુ ગમે નહીં, એ ભોંઠી પડતી હતી. નાનપણથી એ આ બધી વાતોથી આઘી ને આઘી. નોરતામાં આખ્યાન જોવા જવાને બહાને છોકરીયું ચોક સુધી શણના કોથળા અને નાની ખાટલીઓ લઈ જગ્યાઓ રોકી આગળ બેસી જાતી ત્યારે આખ્યાન જોવો આવેલાં છોકરાઓ આ બધીયુંને ટીકીટીકીને જોવે તો બધી બહેનપણીયું એ વખતે સવારે વાતો કરતી.

"મારી સામે તો બાપા ઓલા ગગજી પટેલનો રુખડો કેવું એકધારું જોતો'તો."

"મારી હામે ઓલા રતન ફઈબાનો સુરીયો જોતો હતો, હળવી આંખ્ય ય મીંસકારેલી બોલ્ય."

"જાને વાંદરી ખોટી તું તો હાવ, તારું ડાચું જોઈને તો દૂધનો ઉભરોય ચૂલેથી હેઠો બેસી જાય એમાં કોઈ આંખ હું મીંસકારે." આવી વાતોમાં બહેનપણીયું રૂપલીને પૂછી લે "અય તારી હામે કોણ જોતું તું?"

ચોટલામાં વાળની ગૂંચને એ હાથે ઉકેલતી એ કહેતી કે "મને તો બાપા આખ્યાનમાં સગુણા ભેગું હું રોવું આવે... હું રોવું આવે... ભગવાન કોઈને ભાય વગરના નો રાખે... એની હાહુય કેવી નભ્ભાઈ એને તો..." બધ્ધી બહેનપણીયુંના મોઢા પર ગાર્ય ગંધાયાનો અણગમો વર્તાઈ જાય. પછી સરવાળે કીધા વગરય એવું જાહેર થઈ ગયેલું કે રૂપલી સાવ ડોબા જેવી છે, એ હજીય નાની જ છે ને ખબર નહીં કે'દી' મોટી થાય. અત્યારે આ બધી વાતો થાતી હતી તોય ઈ તો બેઠી બેઠી પગમાં પહેરેલી ઝાંઝરીની ઘૂઘરીઓ મરોડતી હતી. ભાભીએ ઢળી પડેલા અંબોડાને કસકસાવ્યો પછી બંને હાથે સાડીના છેડા પકડી પાટલી વાળતાં બોલ્યા,

"ઓલી જમકી કેમ નો આવી લગનમાં? એને તો ઠેઠ કંકોતરી પોગાડી હતી."

ફરી ચોખા ઊડ્યા,

"છેલ્લી ઘડી સુધી આવું આવું કરીને આવી નહીં."

"મને તો કે'તી'તી કે પાર્લરમાં જઈને આઇબ્રો ય કરાયાવી'તી."

"મારામાં બૅલેન્સ નથી, તે મેં તો સવારના ત્રણ મિશકોલ કરેલા પણ ચીકણીના પેટનીએ સામો ફોન નથી કર્યો."

"એના વરને એના વગર હાલવું જોવેને... જમકીને પૂછી પૂછીને પાણી પીવે."

"ને પછી જમકી રોજ રાતના લૂગડા ધોકાવવામાંથી નવરી થાય તો મલકમાં ભળેને..." ફરી હસાહસ, ખીખીયાટા ને હડદોલા.

"હવે સાંભળો મારી વાત, જમકીને મારો ગોળી." પછી રૂપલી સામે જોઈને ભાભી બોલ્યા, "આને કાંક શીખવાડો... કાલ્ય આનું ઉદ્‌ઘાટન છે." રૂપલીને તો એવી શરમ આવી કે હેઠું જોઈ ગઈ.

"જાવ, ભાભી... તમારું કામ કરો... અમારે નથી શીખવું કાંય."

"લે, એમાં ભોંઠા શું પડો છો, મનમાં તો ફુવારા ફૂટતાં હશે નહીં?" પછી ટોળા સામે જોતાં બોલ્યા.

"હું કાંઈક સમજાવીશ તો મારી સમજણમાં એને એનો ભાઈ દેખાશે... એટલે તમે શીખવાડો." સાડીનો છેડો માથે ઓઢી ભાભી દાંત કાઢતાં ઘરમાંથી નીકળી ગ્યા. મહેંદીને ખાટું ને ગળ્યું પાણી ચડી ગયું હતું. રૂપલી નીચે બેસી ગઈ અને ચૂનાની સફેદ પોપડીને મહેંદી ઉપરથી ઉખાડતી હતી.

"તે અમારી હામે જોને... શરમાઈ શું ગઈ એમાં, ભાભી હાચું તો કેસે. શીખવું તો જોશેને. નકર કેહે સાવ બુલુ છે આ છોકરી."

"હવે વર કન્યાને મંગલફેરાં માટે ઊભાં કરો... મંગલમ ભગવાન વિષ્ણુ, મંગલમ ગરુડધ્વજ, મંગલાય..." રૂપલીની માંડવા બહેનપણી બનેલી દીવલીએ રૂપલીને ખભો પકડી ધીરેથી હલબલાવી."

"એય રૂપલી..." પછી જીભ કચરી સંબોધન સુધારી ફરી બોલી,

"એય રૂપલ, ક્યાં ખોવાઈ ગઈ? હાલ્ય જાળવીને ઊભી થા." રૂપલીના કપાળે પરસેવો જોયો અને દીવલીએ નેપ્કીનથી હળવા હાથે મેકઅપ બગડે નહીં એમ કપાળ લૂંછી દીધું.

"કેમ અટલો પરસેવો વળે છે? કાંઈ થાય છે? પાણી પીવું છે?" રૂપલીએ માથું હલાવ્યું. એણે સહેજ ઊંચી નજર કરી તો બધ્ધા એની સામે એકધારું જોઈ રહ્યા હતા. એને મનમાં થયું,

"આ સુધરી ગયા, સુધરી ગયા કરીને તો મા હાણી છે. લાજ કાઢેલી હોત તો કેવું સારું થાત, કોઈ આપડું મોઢું જોવે તો નહીં ને આપડે જે રીતે જેનું મોઢું જોવું હોય એમ જોઈ શકીએ. આ તો ઉઘાડા દૂધની તર્ય આખું ગામ જોવે એમ ડાચા હામું જોઈ ર્યા બધા." ફેરાં ચાલુ થયા. ભાવેશ થોડો ઝડપથીમાં ફેરાં ફરતો હતો અને પાછળ રૂપલી ધીમે ધીમે ચાલતી હતી તો નાડાછેડી ખેંચાતી હતી. ગોરબાપા એના લાલ પંચિયાથી પરસેવો લૂંછતા વાહર નાખતાં બોલ્યા,

"રૂપલબેન, ચાલવામાં થોડી ઉતાવળ રાખો. મુહૂર્ત સાચવવાનું છે બેટા." મંડપની પાસે બેસેલી રૂપલીની મામીએ મુકવાસનો બોકડો વેવાણુંના હાથમાં મૂકતાં હરખાતાં મોટેથી બોલ્યા,

"અમારી ભાણી થોડા ધીમા છે હોં...!" રૂપલીના કાનમાં આ વાક્ય તો રીતસર ભોંકાયું. એણે ચાલવાની સ્પીડ વધારી દીધી. ફરી ગઈકાલ રાતે બહેનપણી વાતુ એને ધુમરાઈને ધુમરાઈને ગળું સૂકવતી હતી.

એ હજુ પણ દીવાલને ટેકો દઈ ચૂનાની પોપડી ઉખાડતી હતી ને એની બહેનપણીયું પોતપોતાના અનુભવોના ચોખા ઉડાડતી હતી.

"જો રૂપલી, પડખું નો ફરી જાતી... નહીં તો આખી જિંદગી મેણા સાંભળીશ કે ટાઢુડીના પેટની છે આ બાઈ."

"સાવ સાચી વાત છે, હું તો હાંફી ગઈ'થી અને મેં પગ ફેરવી લીધા તો હજી ઘણીવાર કીધા કરે... ચા ઠરેલી હોય તો હું કહું કે લાવો ચા ઊની કરી દવ તો મને તરત સંભળાવી દે, રેવા દે તારાથી કાંઈ ઊનું થાય એમ નથી."

"હા અલી મારે તો કેવું થાય કે હું કવને કે આ ભાખરી ટાઢી છે તો ઘડીક ખમો બીજી ઉતારી દઉં, તો ભમરાળો બધા હોય ને તોય એમ બોલી નાખે 'રે'વા દે ટાઢું ટાઢું ય હવે ફાવી ગ્યુંસ.' સમજીએ અમે બે જણા તોય મને તો ભોં ભારે થાય બેન."

"મૂળે તો મને એવું લાગે કે જેણે આદમીનને કૂતરા કીધા ઈ હાવ હાચી વાત છે, આખો દિવસ ગામ આખાના દેખતા આપડી ઉપર હાથ છૂટો કરી લે અને પછી રાત્રે મિયાંની મીંદડી..."

"અરે હોતું હશે, આપણને સાચવતા આવડવું જોઈએ. મારે તો જો ઈ કાંઈક આડાઅવળું કે મારી વિરુદ્ધમાં એની મા કે ભાભીની ભેર તાણવા જાય તો તરત જ હું તો એની દેખતાં સાડીનો છેડો બમણા જોરથી ખેંચીને છાતી ઢાંકી દવ એટલે ઈ હમજી જાય કે આ એને હવે નહીં મળે તો તરત ઢીલો ઢબ ઘેંશ જેવો!"

"મને તો ઈ હરાયા જેવો વાતવાતે તમાચા લગાવી દે અને જે ને તે વસ્તુના છૂટા ઘા કરી લે અને પછી મારું મન પૂછ્યા વગર રાતના અંધારે સમાધાન ગોતી લે."

"અમે તો બોવ થાકી ગ્યા હતા આખો દિ' લગનની બધી વિધિમાં. લપ્પન સપ્પન વગર અમે નસકોરા બોલાવ્યા ને રાત થઈ પૂરી."

"અરે, અમારી તો મા અણાઈ ગઈ'તી, નીસના પેટ્ન્યું મારી નણંદુએ પંખાના પાંખડા પર છીકણી

ભરેલી અને ઓછાડ હેઠે પાપડ. આખી રાત છીંકાછીંક અને પાપડનું તડ તડ્માં રાત નંદવાઈ ગઈ.”

“અમારે તો એવું કે કુળદેવીને પગે લાગો પછી જ વરઘોડિયાને ખાવા મળે અને મારા સાસરિયાના કુળદેવી તો બવ આઘા ન્યાં માંડ પોગ્યા પછી વળતાં વાડિયુંમાંથી ગાડી હાંકી તો પડ્યું પંચર તે આખી રાત ગઈ રફ્ફામાં.”

“મને તો ઈ એવી હાચવે એવી હાચવે...”

“મને તો એવું થયું કે પેલ્લા વેલ્લા તો કેટલુંય શણઘાર્યું હશે, ટી.વી. જોઈ જોઈને સિરિયલુંમાંથી એવું ધારી બેસેલી પણ ન્યાં ગઈ તો મારી શેટી ઉપર મારું ગાદલું અને રૂમમાં પાણીની ડોલ... બે મીઠી વાતય નોતી કરીને બધું સંકેલાઈ ગયું એની દસ મીલીટમાં...”

“હા મારેય એવું થયેલું કે હજુ તો મને ખબર પડે કે હું થ્યું ને હું થાય સે ત્યાં તો ઈ બાજુમાં ઢળી ગ્યો અને પરસેવે રેબઝેબ. હું તો ચત્તીપાટ આખી રાત નળિયા ગણતી રહેલી.” “મને ત બાપા એવી શરમ આવે ઈ ક્યે કે લાઇટ ચાલુ રાખશું મેં કીધું ‘નારે... મને એમ નો ફાવે!’ પણ ઈ કાંઈ હમજે આટલા અજવાળામાં મને તો એવી શરમ આવેલી ઠેઠ લગી મેં તો આંખ્યું બંધ જ કરી રાખેલી.”

“સો વાતની એક વાત રૂપલી, નમતું નો મૂકતી, દેખાડી દે કે તુંય કાંઈ ઓછી નથી. ગામનું પાણી નો લજવતી.”

ફેરા પૂરા થઈ ગયા અને ઘરમાં ગણેશ સ્થાપના પાસે વરઘોડિયાં પગે લાગવા ગયાં. રૂપલીના મનમાં તો બધું ગોળ ગોળ. કૅમેરાવાળાએ કીધું કે થોડા ફોટા લઈ લેવા છે પછી મૅકઅપ વીંખાય જશે અને જમ્યા પછી તો બધાને વળાવવાની ઉતાવળ હશે તો કેટલાંક પોઝ કરી લઈ લઈએ. રૂપલીએ એની બહેનપણી દીવલી સામે જોઈ લીધું, દીવલીએ માથું હલાવ્યું એટલે રૂપલી તૈયાર થઈ ગઈ. ફોટા પડાવતી વખતેય કૅમેરાવાળો ભાવેશ અને રૂપલીને એમ કે કે ‘થોડા નજીક આવો, હા, હજુ નજીક, માથા અડાડો, મૅડમના ખભા પર એક હાથ, બીજો પાછળ પીઠ પર, સ્માઇલ, આ બાજુ જુવો, સ્માઇલ,” ભાવેશનો હાથ રૂપલીની ખુલ્લી પીઠ પર હાથ મુકાય અને રૂપલીને આખા શરીરે ટાઢ ફરી વળતી. એક આછી ધ્રુજારી આવીને જતી રહી. તરત જ બધ્ધી બહેનપણીયુંની સલાહ યાદ આવી ગઈ.

“નમતું ન આપતી.”

“શરૂઆત એ જ કરે એવું થોડું છે, પેલો ઘા રાણાનો.” એકબીજાને ભેટવાના પોઝમાં રૂપલી થોડું જોર કરીને ભાવેશને ભેટી અને કૅમેરા સામે જોઈ રહી. ભાવેશ તો આ સમજી જ ન શક્યો. રૂપલી ભાવેશ સામે જોઈ રહી, કોઈ ભાવ પકડાયો નહીં પણ એ એટલું તો સમજી જ કે ભાવેશે આ વાતની અપેક્ષા નહીં જ રાખી હોય. આમ તો છેક નાનપણથી રૂપલીને પોતાના માટે કહેવાતાં વાક્યો ને વિશેષણો હજુય યાદ,

“અરે આ સોડી તો બાપા બવ ટાઢી.”

“આ હું માંદલની જેમ હાલ્યા કરેશ, થોડી તો ઉતાવળ રાખ્ય.” તે આવું જ એને પાછું જાન ઉઘલાવી ત્યારેય સાંભળ્યું. રડતાં રડતાં રૂપલીએ જ્યારે માંડવો વધાવ્યો અને બંને હાથમાં ચોખા લઈ પાછળ શુકન વધાવ્યા કે એને એની બા થનાર સાસુ પાસે બોર બોર આંસુડા પાડીને રડતી દેખાણી. બા નાકને સાડીને છેડાથી લૂંછતાં લૂછતાં રૂપલીની સાસુને કહેતાં હતાં,

“સાચવી લેજો વેવાણ, અમાર રૂપલી થોડી ટાઢી છે.” બાના ઈ વેણથી તો રૂપલીને મરવા જેવું થઈ ગયું. એને એવું લાગ્યું કે ભાવેશ આ વાતને લીધે જ અણવર સાથે દાંત કાઢે છે. એને તો એની બા ઉપર ખરેખરની ખીજ ચડી. મોટરમાં બેસી ગઈ પછી પાણીનો કળશ્યો લઈને બા આવી તો એણે બા હારે વાત જ નો કરી. મનોમન ધૂંધવાતી રહી.

“ન્યાં શું કહેવાની જરૂર હતી?” એને થયું કે હવે તો પેલો ન ધારતો હોય તોય હવે પોતાના વિશે તો કેવી કેવી ધારણાઓ બાંધતો હશે. છેલ્લે છેલ્લે કાર થોડી આગળ ચાલી અને પૈડું સીંચવા જે નારિયેળ મૂક્યું એ ફૂટે એ ભેગી બેત્રણ બહેનપણી કારના દરવાજે ડોકાણી અને ધીરેથી રૂપલી સાંભળે એમ

બોલ્યું,

"રૂપલી, હાલ્ય ભમરાળી આવજે." અને પછી ભાવેશ તરફ ઇશારો કરીને બોલ્યું, "આજ આને સંભાળી લેજે...!" કાર આગળ ચાલી અને ભાવેશ અણવર સાથે સતત કશીક વાતો કરતો હતો. રૂપલીએ એ વાતો સમજવાનો પ્રયત્ન કર્યો પણ ન સમજાયું. એ બેઠી બેઠી કારની વિન્ડોમાં લાગેલા પેપરને આંગળીઓથી ખોતરવા લાગી પણ પોપડીઓ એમાંથી ખરતી જ નહોતી.

રાતે નણંદુએ રૂપલીને એના રૂમમાં બેસાડી. નવી નક્કોર શેટી, ઉપર ગાદલું, ઓછાડ, એક બાજુ પાણીની બે ડોલ ભરીને મૂકેલી. ખુરશી પર બે ટુવાલ અને નેપ્કીન. ઘડી બે ઘડી તો ઈ રૂમને ટીકી ટીકીને જોવા લાગી. એક નણંદે આવીને કીધું,

"ભાભી, આ ડાબી બાજુ બાથરૂમ છે!" રૂપલીએ હકારમાં માથું હલાવ્યું. પછી દરવાજે ઊભેલા ટોળા સામે જોયું. એનાથી નાની ઉંમરની છોકરીઓ વિસ્મયથી નવી નવી આવેલી વહુનો ઓરડો જોતી હતી. આ બધી સામગ્રી અને ઓરડાની સુગંધ એ છોકરીઓની આંખમાં પતંગિયા બની ઊડાઊડ કરતી હતી એ રૂપલીને વર્તાઈ ગયું. નણંદે બધ્ધી છોકરીને હાંકી કાઢી પછી રૂપલી સામે જોતાં બોલી,

"માર ભાઈ હમણાં આવે છે હોં ભાભી!" અને પછી દાંત કાઢતી, બારણા બંધ કરતી બહાર જતી રહી. રૂપલી રૂમમાં એકલી પડી. એ બેઠા બેઠા નખ પર લાગેલી નેઇલ પૉલિશ ઉખાડવા લાગી. સામેની ભીંતે લાગેલી ઘડિયાળમાં રાઇટ લેફ્ટ ડોલતાં લોલકમાં એની બહેનપણીનો ચહેરો દેખાયો,

"રૂપલી, મૂંઝાતી નહીં, દેખાડી દેજે એને કે તું ટાઢી જરાય નથી." એ થોડી આડી પડી તો ઉપર ફુલ સ્પીડે ફરતાં પંખાના ગોળ ચહેરામાં બીજી બહેનપણી દેખાણી, "રૂપલી, અમે તો બહુ સહન કર્યા આ 'ઠંડા' હોવાના મેણા. બાપા તું આ દખ ન વહોરતી" એ પડખું ફરી ગઈ તો બારીના સળિયામાં બીજી બે બહેનપણીઓના ચહેરાં દેખાયા,

'હા રૂપલી, શરૂઆત તું જ કરી દેજે.'

"હા, નહીં તો આખી જિંદગી ઠરી ગયેલી ચા કહેવાઈશ." શેટીના ચારે પાયામાંથી ચાર બહેનપણીના ચહેરા નીકળ્યા.

"જોજે ના નહીં પાડતી કશી વાતની."

"સાંભળ ઓયે, એકે બાબતે મોળી ન ઊતરતી."

"ભલે તને બધાએ આખી જિંદગી માંદલ કીધી હોય પણ તું માંદલ નથી, ઈ વાત કરી દેખાડ્ય હાલ્ય."

બારણું ખૂલ્યું, ભાવેશ અંદર પ્રવેશ્યો. એણે સ્ટોપર મારી અને રૂપલી પાસે પલંગ પર બેઠો. રૂપલી તો બંને હાથે ગાદલાના ઓછાડને કસકસાવીને પકડીને બેસેલી હતી. ભાવેશ કશુંક બોલતો હતો. રૂપલીએ જોશથી મીંચેલી આંખો ખોલી અને એને ભાવેશ દેખાણો, એ કશુંક બોલતો હતો, રૂપલીએ ભાવેશના હોઠ સામે જોયું. શિયાળાની ઠંડીના લીધે ફાટી ગયેલા હોઠ પર સુક્કી ચામડીની પોપડીઓ બાઝેલી હતી. રૂપલીને તો કશું પણ જાણે કે સંભળાતું જ નહોતું. એને થયું કે પેલી ઘડિયાળનું લોલક એટલી ઝડપે બંને બાજુ ડોલવા લાગ્યું કે ઘડિયાળનો કાચ તૂટી ગયો અને તોયે લોલક આખા ઘરમાં આગળ પાછળ ડોલવા લાગ્યું, ઉપરથી પંખો છેક નીચે આવી ગયો અને રૂપલી જે કાંઈ વિચારે ઈ બધું એના પાંખડે કપાઈ કપાઈ આખી રૂમમાં વેરાઈ જવા લાગ્યું, બારીઓના સળિયા બારણા પર ઠોકાવવા લાગ્યા, શેટીના ચારે પાયા હચમચવા લાગ્યા અને આખું ઘર ગોળ ગોળ ફરવા લાગ્યું, રૂપલી ગભરાઈ ગઈ, એના કાનમાં "ઠરી ગયેલી ચા... જોજે ગામનું નાક... અમે અમારાને હંફાવ્યા... વેવાણ સંભાળજો અમારી રૂપલ થોડી... મેડમ થોડાક તો નજીક આવો, ઓકે સ્માઇલ... ટાઢી ભાખરી... માંદલ... પેલો ઘા રાણાનો...દેખાડી દે... અમે સહન કર્યું એ તું..."

ઘડી બે ઘડી રૂપલી ભાવેશના હોઠની પોપડીઓ જોતી રહી અને પછી ભાવેશ કશું સમજે કે આ શું થયું કે આ શું થાય છે એ પહેલાં તો એણે ભાવેશ પર સીધી તરાપ મારી. સીધ્ધા એણે હોઠ જ મોઢામાં

લઈ લીધા. ઘડી બે ઘડી તો ભાવેશ કંઈ સમજી જ શક્યો નહીં પણ તુરંત એણે બમણા ઝનૂનથી રૂપલીને ધક્કો માર્યો અને રૂપલી નીચે ભોંય પર સત્તાપાટ પટકાણી. હોઠમાંથી નીકળતા લોહીને લૂંછીને ભાવેશ ઊભો થયો અને રૂપલીને પાટું મારતા બોલ્યો,

"હાહરી રાંડ...!" એ મોટી લાંઘ ભરતો સ્ટોપર ખોલી ઓરડાની બહાર નીકળી ગયો. બમણા જોરથી બારણા એકબીજા સાથે ભટકાયા. રૂપલી ભોંય પર ટૂંટિયું વાળીને પડી રહી, બંને હાથથી એણે પોતાના કાનને ઢાંકી દીધા અને એના મોઢામાં ભાવેશના હોઠ પરથી ઊખડી ગયેલી ને પોતાના મોઢામાં આવી ગયેલી પોપડીને એ કાઢવા ગઈ પણ પોપડી એના તાળવે ચોંટી ગઈ હતી. એને લાગ્યું કે ઘડિયાળના લોલકમાંથી, પંખામાંથી, બારીના સળિયામાંથી અને શેટીના ચારે પાયામાંથી એની બહેનપણીઓ આવી અને એને ઘેરી વળીને સૌ પોતપોતાના વધેલા ઘટેલા નખથી રૂપલીના શરીર પરથી પોપડીઓ ખોતરવા લાગી.



હવડ

લગભગ સાંજ ઢળી ચૂકી હતી. વિદિશાએ રંગ ઊખડી ગયેલી ખરબચડી દીવાલ પર લાગેલી જૂની ઘડિયાળ તરફ નજર કરી. સાંજના પાંચ વાગ્યા હતા. અહીં અંધારાં બહુ ઝડપથી ઊતરી જાય છે. એ આસમાની ફ્લાવર પ્રિન્ટેડ ગાઉનને વ્યવસ્થિત કરી ગૅલરી જેવા કઠેરામાં ગઈ અને દોરીએ સૂકવેલાં કપડાં એકઠા કરવા લાગી. લાકડાને ખીલા ઠોકી ઠોકીને બનાવેલી ફર્શ અને પતરાની છતથી બનેલી ચાલના ત્રીજા માળે એ ઊભી હતી. એ કોઈ અજાણ્યા દેખાતા આ વિસ્તારને ભાવશૂન્ય નજરે તાકવા લાગી. બેઠી દડીની કંઈ કેટલીય ચાલ. દરેક ઝૂંપડાની છત પર પ્લાસ્ટિક ભરેલી બોરિયો, ભંગાર અને કાટમાળ, કંઈ કેટલાય ધબ્બાથી રંગાયેલી, ખરબચડી દીવાલો, કેટલાય સમયથી નહીં ધોવાયેલા બારીઓના પડદા, છત પર બાંધેલી દોરી પર લટકતા ભડકીલા રંગના ફિક્કાં કપડાં, પતરા અને સિમેન્ટની ઘોકલી જેવા ખડકાઈ ગયેલાં મકાનોની ઉંબરે સૂતેલી પાઇપલાઇન, ઉભરાયેલી ગટરનું રસ્તા વચ્ચે ચાલતું વહેણ, ખાબડખૂબડ રસ્તાઓ અને અંધારી સાંકડી શેરીઓ કે જેનો કોઈ છેડો જ દેખાતો ન હોય. એણે એક હળવો નિસાસો નાખ્યો અને પતરા તપેલી સાંકડી રૂમમાં જતી રહી. કપડાંને ગડી વાળવા બેઠી. રાકેશનો સૂરજમુખીનાં ફૂલોની પ્રિન્ટવાળો લાલ શર્ટ તેના હાથમાં આવ્યો. ઘડી બે ઘડી એ શર્ટને જોતી રહી અને પછી શર્ટ સૂંઘ્યો. પાણીપુરીના મસાલાની તેલવાળી વાસ એમાં આવી. વિદિશાએ ફરી શર્ટ સૂંઘ્યો, ફરી એ જ મસાલો અને બફાયેલા બટેટાની વાસે એને અંદરથી છૂંદી નાખી. પોતાની કોઈ ગંધ એ શર્ટમાં નહોતી. એણે ઢગલામાંથી પોતાના કૂર્તા કાઢ્યા અને સૂંઘવા લાગી પણ ફરી એ જ મસાલા, બટેટા અને પાણીપુરીની તેલવાળી વાસ. એનું મોઢું વંકાઈ ગયું. એ પોતાના હાથને ખભાને અને આંગળીઓને સૂંઘવા લાગી. એને ઊબકો આવ્યો અને દોડીને પતરાથી કટાઈને કાણા કાણા થઈ ગયેલા બારણાવાળા બાથરૂમમાં ભરાઈ ગઈ. આંખોના ડોળા બહાર આવી જાય એટલા પ્રેશરથી એને ઊલટીઓ થવા લાગી, પેટમાં તો આંતરડાઓએ તો જાણે કે રીતસરનો ભરડો લીધો હતો. એ બાથરૂમમાં ખાલી થઈ ગઈ. ઊલટીની ખાટી વાસમાં પણ રાકેશની પાણીપુરીના બટેટા અને કાંદાની વાસે જાણે કે વિદિશાને દબોચી લીધી. એ રડી પડી. નાની એવી એ રૂમના ખૂણામાં બેસી પડી. છાતીમાં અંદરથી જાણે કે કાળી લાહ્ય લાગી. આ વાસ એને હવે અકળાવતી હતી, હવે અકળાવતી હતી પણ પહેલા તો...

"એય રાકેશ પાણીપુરી, કેમ આજે લેઇટ છો?" કૉલેજથી છૂટીને હંમેશની જેમ પાણીપુરી ખાવા આવનારી વિદિશા ખુલ્લા વાળને જમણી બાજુ ખસેડતી અને પોતાની બૅગ, પાણીની બૉટલ, મોબાઇલ અને સ્કુટીની ચાવી લારીએ ગોઠવી દેતી પછી સ્ટૂલ ખસેડી એના પર પગ ઉપર પગ ચડાવીને બોલતી જતી.

"એકલો આદમી હુ મૅમસાબ, મારે થોડીન ઘર પે ખાણા બનાવવવારી હે, બધું હું જ કરું તો વાર લાગે સે." વિદિશા આટલું સાંભળીને ખડખડાટ હસી પડતી. આ જ સૂરજમુખીનાં ફૂલોની પ્રિન્ટવાળું લાલ શર્ટ ત્યારે પણ રાકેશ પહેરતો. વિદિશા એને જોઈ રહેતી અને રાકેશ સ્મિત કરીને કહેતો.

"કશું ઍક્સ્ટ્રા આપું મેડમ?" વિદિશા હસી પડતી અને પાણીપુરીની કિનારીઓ પર વધુ મસાલો ભભરાવીને ખાઈ જતી. વ્યસન હતું એને રાકેશનું અને રાકેશની પાણીપુરીનું.

અત્યારે હિબકા ભરતી એ ઊભી થઈ અને કપડાને ઊંચકી ચીકણી કાળાશથી ઢંકાયેલા બારણાવાળા કબાટમાં મૂકીને સવારના બટેટા તરફ નજર કરી. રાકેશ રોજ રાત્રે માર્કેટમાં મોડેથી જતો અને મસાલા માટે બટેટા અને ચણા ખરીદીને લાવતો. લવમૅરેજના બીજા જ દિવસે જ્યારે રાત્રે એ મસાલા માટે બટેટા અને ચણા લઈ આવેલો ત્યારે વિદિશા ફાટી આંખે સડેલા, કચરાછાપ ખવાયેલા બટેટા અને ચણાને જોઈ રહી હતી.

"સું જોવે સે? સસ્તામાં તો આવો જ માલ મળે!" એ રાકેશની સામે તાકી રહી અને રાકેશના વાક્યને સમજવા મથતી રહી. પછી એ સડેલા બટેટા અલગ કરવા લાગી તો રાકેશ બરાડી ઊઠ્યો,

"સું કરે છો? આ છે તો જ મીઠી લાગે મારી પાણીપૂડી, ઈ કાઢીશ તો ખાઈશું શું? મારે થોડીન ફાઇવસ્ટાર હોટેલોમાં પાણીપૂડી વેચવાની સે?" આ એ જ પાણીપૂરી હતી કે વિદિશા જમવાનું ભૂલી જતી. આ એ જ રાકેશ હતો,

"કશું ઍક્સ્ટ્રા આપું મેડમ?" એકસરખા ગોઠવાયેલા બત્રીસ દાંતનું સફેદ સ્મિત અને સૂરજમુખીના પ્રિન્ટવાળા લાલ શર્ટમાં ફૂલેલું કસાયેલું શરીર.વિદિશા માથું પકડીને ગુમસૂમ બેસી રહી. છેલ્લા કેટલાય દિવસથી એક સ્વપ્ન રોજ આવતું. .....સામે કૉલેજ છે, બધી ફ્રૅન્ડ્ઝ ગેટ પાસે ઊભી રાહ જુએ છે.

"ચલ વિદિશા, કમઓન. ક્લાસ છે! હરિઅપ યાર!" વિદિશા દોડે છે... એ ખૂબ દોડે છે પણ એને એવું અનુભવાય છે કે ગેટ સુધી પહોંચી જ શકાતું નથી. એ વધારે ઝનૂનથી ભાગવા જાય છે તો એના પગ કોઈ જગ્યાએ ખૂંપવા લાગે છે, એ વધારે જોર કરવા જાય તો વધારે ખૂંપતી જાય છે. એણે ધ્યાનથી જોયું તો એ જેમાં ખૂંપી રહી હતી એ બટેટાનો છૂંદો હતો. એ બમણા ઝનૂનથી બહાર નીકળવા મથતી રહે છે, એ હાંફવા લાગે છે, બંને હાથે જોર કરીને એ બટેટા અને ચણાના ગંધાતા મસાલાને ખસેડતી રહે છે. એની સામે મસાલાનો વંટોળ આવે છે અને આંખ કાન નાકમાં મસાલો ઘૂસી જાય છે, કાળી બળતરા થવા લાગે છે, એનો શ્વાસ રૂંધાય છે, એ જોરજોરથી રડી પડે છે પણ અવાજ બહાર નીકળી શકતો નથી. એની સામે સૂરજમુખીના પ્રિન્ટવાળું લાલ શર્ટ પહેરેલું સફેદ સ્મિત "કશું ઍક્સ્ટ્રા આપું મેડમ?" અને વિદિશાની આંખો ખૂલી જતી...

એણે રાકેશને કહેલું પણ ખરું કે,

"રાકેશ, મારે ફાઇનલ સેમની ઍક્ઝામ આપવી છે!" એ ચિડાઈ ગયેલો.

"રોજના ખર્ચો બાદ કરતાં પાંચસો કમાઉં છું, તન્ને ઓછા પડે હૈ કે? ધાડે કો પઢને કી કોઈ જરૂરત નહીં." એની લાલ આંખો જોઈને વિદિશા એ સમયે ચૂપ થઈ ગયેલી. રૂમમાં પંખાનો ખટ્ક ખટ્ક અવાજ ચીડવતો હતો. એ ગૅલરીમાં જઈને ઊભી રહી.

નીચે કેટલીક સ્ત્રીઓ ઝૂંપડા સિમેન્ટિયાની બહાર બેસીને શાકભાજી સમારતી વાતો કરતી હતી. સાંકડી શેરીઓમાં અર્ધા નાગા છોકરાઓ ચિત્રવિચિત્ર બૂમો પાડતા આમથી તેમ દોડતાં હતા. કેટલાક લુંગી પહેરેલા પુરુષો તંબાકુ ચોળતા રિક્ષા ગલ્લા પાસે ક્રિકેટ જોવા એકઠા થયા હતા. ફેરિયાઓની બૂમાબૂમ, છોકરાઓની કિકિયારી, સ્ત્રીઓના હસવાના અવાજો, કોઈક ઝૂંપડેથી મારામારી કે બૂમરાણ ને ગાળાગાળીના અવાજો પતરામાંથી ચળાઈને ડમરી જોડે ઊડ્યાઊડ કરતાં હતા. શેરીના નાકે મંડપ શણગારાયેલો હતો. કોઈના લગ્ન હતા. વિદિશા ત્યાં જોવા લાગી. ચાલનો ત્રીજો માળ હતો એટલે એને મોટાભાગે અંધારી સાંકડી શેરીઓમાં નીચે પતરા અને કચરા ભરેલી બોરીઓ અને ભંગાર સિવાય બહુ સ્પષ્ટ દેખાતું નહીં. ફક્ત અવાજો સંભળાતા. વિદિશા આખો દિવસ એ અવાજો સમજવા મથ્યા કરતી, અવાજો કઈ દિશામાંથી આવે છે અને આ અવાજો પાછળનું કારણ શું એ સમજવામાં એ આખો દિવસ ટૂંકાવતી. નીચેના માળે સહેજ ઝૂકીને એણે નજર કરી. મોટાભાગે એ ત્યાં બહુ ડોકાતી નહીં, એને પોતાની ચાલીનો એ ભાગ જ નહોતો ગમતો. અલગ અલગ અવાજો પરથી એણે નક્કી કરી લીધું હતું કે બારેક છોકરીઓ ત્યાં રહે છે. અત્યારે એને ગૅલરીમાં ત્રણેક છોકરીઓ ઊભેલી દેખાઈ. એકે ભડકીલી નારંગી સાડી પહેરી હતી, કઠેરાને કોણી ટેકવી એ નીચે નજર કરી રહી હતી. એના માળામાંથી ફિલ્મી ગીતો સંભળાતા હતા. લેંગીસ ટીશર્ટ પહેરેલી એક બીજી છોકરીએ વાળ રમાડતા રમાડતા પેલી સાડીવાળીને કહ્યું,

"વાહ રે શબનમ, તું તો આજ બૉસ ફટાકડી લગરેલી હૈ, એ મૈસુરી સાડી, ગજરા... ક્યા બાત હૈ!" પેલી સાડીવાળીએ ટીશર્ટવાળીનો કાન મરોડ્યો,

"સાલી, તું મેરકો મસ્કા બોત મારેલી, અપુન કા તો સારા કસ્ટમર લોગ તુમ નયી લોંડિયા ખા જાતી

હો... ઔર અબ મેરે કો શાનપટ્ટી પઢાતી હો..."

"ઉઈ બાબા, તુમ તો બુરા માન ગઈ... અપુન કા કસ્ટમર લોગ ના, વોહીજ કુછ નયા નમકીન મંગતા હૈ... તું ના અબ નયે ઝલવે દીખા... નયે ગાને સીખલે... યે જો નયી લડકિયા હૈ વો પૂરી ફિલ્મી હોકે આઈ હૈ... ઉનસે કુછ સીખ લે, વરના કોઈ લોંડા તેરકો ભાવ નહીં દેગા!" ત્રીજી છોકરી ખડખડાટ હસતા હસતા બોલતી હતી. પેલીએ મસાલો ખોલીને ચૂનાની પડીકી હાથમાં રમાડી પછી હવામાં ચૂનાની સફેદ પીચકારી ઉડાડી અને ખીખીયાટા કરતી બોલી,

"એ વો અપૂન લોગન કી મંજરી કો હી જ દેખલોના, સાલે સારે ભડવે વો હી જ લડકી મંગતા હૈ, માનો પૂરે ઈલાકે મે વો અકેલી સયાની..."

વિદિશાએ મંજરીને ક્યારેય કોઈની પણ સાથે વાતો કરતા જોઈ નહોતી. બજારમાં જવા જ્યારે પણ એ દાદરો ઊતરતી ત્યારે બીજા માળે બારી પાસે બેઠી બેઠી મંજરી સિગારેટના કશ લેતી હોય, ધુમાડાની આરપાર બંને એકબીજાને ઘડી બે ઘડી જોઈ લેતી અને તુરંત વિદિશા નજર ફેરવી લેતી અથવા મંજરી મોઢામાંથી ધુમાડો કાઢી વિદિશાને ધૂંધળી કરી નાખતી. પણ એને મંજરીની વેણીની સુગંધ ગમતી. દાદરો ઊતરતા ચડતા એ વેણીની સુગંધ એને ઊભી રાખી દેતી.

એ છોકરીઓમાંથી એકનું ધ્યાન અચાનક ઉપરની તરફ ગયું, એની અને વિદિશાની આંખો એક થઈ, વિદિશા એકદમ ડરી ગઈ અને ગૅલરીમાંથી હટી ગઈ. એને આ બોલી, આ લોકો અને આ વાતાવરણ વિચિત્ર લાગતું. એણે મકાન બદલવા બાબતે રાકેશને કહેલું પણ પેલાએ કશો જવાબ નહોતો આપ્યો. સાડા સાત થઈ ગયા હતા. વાદળાંઓ ઘેરાવવા લાગ્યાં હતાં. અહીં આવ્યા પછી વિદિશા દિવસમાં એકવાર તો ભોંયતળિયે રહેતી સવિતાને મળવા જતી જ. સવિતા પાસે એને સારું લાગતું. એક સવિતા જ હતી કે જેની આગળ એ મન ભરીને વાતો કરી શકતી. એણે ખીંટીએ બાંધેલો દુપટ્ટો લીધો ને રૂમને તાળું મારી સવિતાની પાસે જવા દાદરો ઊતરવા લાગી.

મંજરી પલંગ પરથી ઊભી થઈ. કસ્ટમર જતો રહ્યો હતો. એણે દરવાજો અંદરથી બંધ કર્યો. ટીશર્ટ પહેર્યું. સિગારેટ સળગાવી. છુટ્ટા વાળને બહારથી વાળીને બટરફ્લાય લગાવ્યું. સિગારેટના કશ લેતાં લેતાં એણે બારી ખોલવા સ્ટોપર ખોલી અને બારીના બારણાને ધક્કો માર્યો, થોડું જોર કરવું પડ્યું. ઉનાળું ઝાપટાને લીધે બારીઓ ભીંજાઈ ગઈ હતી. બારીનો પડદો સાઇડમાં ખસેડીને બારીના કટાઈ ગયેલા સળિયા પકડીને એ શેરી જોવા લાગી. બહાર ઝરમર ઝરમર વરસાદના છાંટા પડતા હતા. ગલીના દૂર દૂર સુધી પથરાયેલા અંધારા વચ્ચે કાળાશ ઓઢી બેસેલા પીળા બલ્બ માંદલ અજવાળા પાથરી પવનમાં ઝોકા ખાતા હતા. ગલીના નાકે નાચગાન ચાલુ હતા. મંજરીએ ચહેરાને વધારે ત્રાંસો કરી ત્યાં ધ્યાન દીધું. વચ્ચે એણે સિગારેટનો કશ લીધો અને ધુમાડો બારીની ગ્રીલ પર ફેંક્યો, ગ્રીલ પરથી ભટકાઈને ધુમાડો એના મૅકઅપ નીતરેલા ચહેરા પર ફેલાયો. વીસ-પચ્ચીસ મરાઠી સ્ત્રીઓ લાલ અને લીલી નવવારી અને મોગરાનો ગજરો લગાવી નાચતી હતી, નાના બાળકો નાચતા હતા, શરબતના ગ્લાસ પીવાતા હતા, જોરશોરથી બૅન્ડ વાગી રહ્યું હતું, ગાનારા રાગ તાણી તાણીને કોઈ મરાઠી ગીત ગાતા હતા, એના બીટ્સ પર સ્ત્રીઓ બમણા ઝનૂનથી નાચતી હતી. એકબાજુ નવદંપતિ પ્લાસ્ટિકની ખુરશી પર આ બધી ધમાલથી થોડે દૂર હતા. એમના પર કોઈ છત્રી રાખીને ઊભું હતું. નવવધૂએ સોનેરી બૉર્ડરવાળી પીળી મૈસુરી સાડી પહેરી હતી. તેના હાથમાં ખૂબ બધી લીલી અને સોનેરી બંગડીઓ ચળકતી હતી. ગળામાં સોનાનો હાર અને ગલગોટા ગુલાબની લગ્નમાળા હતી. આટલા દૂરથી પણ મંજરી એ નવોઢાની મોટી નથણી અને ફૂલહાર વચ્ચે ઢંકાઈ જતા ચહેરા પરની લાલી જોઈ શકતી હતી. એ થોડીથોડીવારે તેના વર સામે જોઈ લેતી હતી. ગીતોની સ્પીડ વધી એ સાથે બધાની નાચવાની ઝડપ વધી. ઝરમર ઝરમર વરસાદ વચ્ચે ગલીના નાકાનો આખો માહોલ મંજરી જોવા લાગી. એના ચહેરા પર આછું આછું સ્મિત રેલાયું. એને ધીરે ધીરે બધા અવાજો સંભળાતા બંધ થઈ ગયા. માત્ર પેલી નવોઢાની રણકતી બંગડીઓ અને વાળની લટને કે સાડીને સંકોરવા મથતા હાથની

કાચની લીલીપીળી બંગડીનો ખનકાર એને સંભળાતો રહ્યો, વર નવોઢાના શરમાઈ જવા પર હસતો હતો. એ હાસ્યનો ખડખડાટ મંજરીની અંદર કૂંપળની જેમ કોળી ગયો. મંજરીએ સળિયાને વધુ મજબૂતાઈથી પકડી લીધા. એ એના પગની પાની પર ઊંચી થઈને જોતી હતી. ચહેરાને બની શકે એટલો ત્રાંસો કરી સાવ અંગૂઠા પર ઊભી રહીને એ આખો માહોલ જોતી હતી.

"મંજરી, દરવાજા ખોલરી બાબા, કસ્ટમર આરેલા હૈ!"

વીજળીનો એક પ્રચંડ કડાકો થયો, ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. પેલા નાચતા જાનૈયા અને માંડવિયા બેઠી દડીના ચાલની ઓથમાં લપાઈ ગયા.ઝરમર વરસાદે ભીંજાયેલી મંજરી ધોધમાર વરસાદે પલળી ગઈ. સિગારેટ ઓલવાઈ ગઈ હતી. એણે સિગારેટનો ઘા કર્યો. બટરફ્લાય ખોલી નાખ્યું. વાળ છુટ્ટા કરી નાખ્યા. ટીશર્ટ કાઢીને ખીંટીએ લગાવી દીધું. દરવાજો હજુ પણ ખખડતો હતો.

"હારે મૌસી, કિં કોરબો તુમી? આરેલી હુ. થોડી દેર રુકેગી તો મર જાઈગી ક્યા?" એણે ફટાફટ લિપસ્ટિક ઠીક કરી લીધી. અરીસામાં ધ્યાનથી જોયું તો ઉપરનો હોઠ થોડો સૂજી ગયો હતો. બહાર પેલી જોરજોરથી બૂમરાણ મચાવતી હતી.

"ડ્રામા બહોત હો ગયે હૈ તેરે, મેરેકું નખરા નઈ દીખાને કા, બોત દેખી હે તેરી જૈસી, સાલી કલ કી આઈ બંગાલન... ખોલ દરવાજા... ઘંટા ઘંટા વેઈટ કરવાતી હે..."

મંજરીએ પરસેવો લૂંછ્યો અને વાળ સરખા કરી દરવાજો ખોલ્યો. અચાનક એનું ધ્યાન ગયું. ઉપરનો માળ ઊતરતી વિદિશા અને મંજરીની આંખો એક થઈ. વિદિશા દાદરો ઊતરવા લાગી અને મંજરીએ કંટાળીને ક્યારનીય બફાટ કરતી મૌસી સામે જોયું. પાછળથી વાંછટ સાથે પવન આવ્યો અને બારી ધડામ અવાજ સાથે બંધ થઈ ગઈ.

વિદિશા બીજો માળ ઊતરતી હતી ત્યાં તેની અછડતી નજર થઈ. પેલી નારંગી સાડીવાળી સ્ત્રી એક રૂમનો દરવાજો ખખડાવતી હતી અને બાજુમાં ઊભેલા પુરુષ સાથે કશીક બાબતે લમણાઝીંક કરતી હતી. વચ્ચે વચ્ચે એ દરવાજે થાપ મારીને રાડો પાડતી હતી,

"ડ્રામા બહોત હો ગયે હૈ તેરે, મેરેકું નખરા નઈ દીખાને કા, બોત દેખી હે તેરી જૈસી, સાલી કલ કી આઈ બંગાલન... ખોલ દરવાજા... ઘંટા ઘંટા વેઈટ કરવાતી હે..."

વિદિશાએ દરવાજો ખૂલતો જોયો. પેલી મંજરી બહાર નીકળી. ક્ષણભર વિદિશા મંજરી સામે જોઈ રહી અને મંજરી વિદિશાને તાકવા લાગી. વિદિશા નજર નીચી ઢાળીને બમણી ઝડપથી સાંકડા વરસાદથી ફૂલી ગયેલા પગથિયાને ઠેકતી ભોંયતળિયે આવી ગઈ. સવિતા બહાર બેસીને વટાણા ફોલતી હતી. વિદિશાને જોતાં જ સવિતાનું મોં મલકાયું.

"અરે! આવ આવ. કસે આહત?"

વિદિશા સ્મિત કરીને એની બાજુમાં બેસી ગઈ અને વટાણા ફોલવા લાગી.

"પાણી ભરી લીધું ને?" સવિતાએ એકબે વટાણા મોંમાં નાખ્યા.

"હા, બપોરે જ ભરી લીધું." વિદિશા સવિતાની સાડી જોવા લાગી, બોગનવેલની પીળી ભાતની લીલી મરાઠી સાડીમાં સવિતા સુંદર લાગતી હતી. સવિતાની સાડીમાંથી આવતી કપૂરની ગોળીની વાસ વિદિશાને બહુ ગમતી.

"સવિતા, તું આજે ખૂબ સુંદર દેખાય છે." સવિતાએ સાડીના પલ્લુને ફરી જોઈ લીધું પછી એ પલ્લુને સંકોરી ખભા પર નાખ્યું અને મલકાતા બોલી, "થેંક્યુ!" એના 'થેંક્યુ'ની લઢણ પર વિદિશા હસી પડી. થોડીવારે વિદિશા પગના અંગૂઠાના નખને ખોતરવા લાગી અને પછી ધીરેથી બોલી,

"સવિતા, આજે ય મેં પેલીને મારી સામે જોતાં જોઈ, ઘડી બે ઘડી હુંય એને જોતી રહી."

"કોણ? પેલી બંગાલણ? તો તું વાત કરી લેને એની સાથે, આટલા સમયથી એકબીજાને જોયા જ કરો છો તો."

"ના બાબા ના, આ તો તારા ઘરે આવતી હોઉં કે કશાક કામથી નીચે આવતી હોઉં ત્યારે જ એને

દેખતી હોઉં છું. મારે એની જોડે વાતો કરવી તોય શું? અને પાછું રાકેશને ખબર પડી હોય તો... એને ગમે ન ગમે!"

"હમ્મમમ... આમ પણ એ મીંઢી છે, કોઈ દિવસ કોઈ સાથે વાતો કરતા નહીં જોઈ એને" સવિતાએ જમીન પર પડેલા ફોતરા હવામાં ઉડાડી નાખ્યા. ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો, શેરીમાં પાણી ભરાવવા લાગ્યા. નાના છોકરાઓ વરસાદમાં નહાવા નીકળી પડ્યા હતા. ગલીમાંથી બધે પાણી ઉભરાવવા લાગ્યું. વધારે વાંછટ આવતા વિદિશા અને સવિતા અંદર રૂમમાં જતાં રહ્યાં. વિદિશાએ ગૅસ ચાલુ કરી તપેલી મૂકી અને તેલ ગરમ કરવા મૂકી દીધું.

"સારું થયું વરસાદ આવ્યો, આ બૅન્ડવાજા બંધ થઈ ગયા. બપોરથી આખી ગલી માથે લીધી હતી. જાણે આખી ગલીમાં પહેલી વખત કોઈના ધામધૂમથી લગ્ન થતાં હોય." સવિતા બબડાટ કરતી હતી. વિદિશા અંધારામાં વાછટને જોતી ઉંબરે ઊભી ઊભી રસ્તો તાકતી હતી.

"અરે હા, વિદિશા, તે તારા મરદને કીધું કે તારે ભણવું છે આગળ?"

"એ ના પાડે છે..." કાળાં વાદળોમાં એક વીજળી ચમકીને ઓલવાઈ ગઈ. વિદિશા વરસાદના છાંટાને હાથમાં ઝીલવા મથતી રહી.

"વિદિશા, તું જતી રહે ને...!" વિદિશા લોખંડની ફોલ્ડિંગ ખુરશીમાં ફસડાઈ પડી.

"સવિતાબાઈ..." વિદિશાએ આંખો બંધ કરી દીધી. વટાણા ગરમ થયેલા તેલમાં પડ્યા અને છમ્મ કરતા તેલના છાંટા ઊડ્યા. સવિતાનો કડછો તપેલીમાં અવાજ કરી ગોળ ગોળ ફરતો હતો. વરસાદ લગભગ બંધ થવા લાગ્યો હતો.

"સવિતાબાઈ..." વિદિશા ઊભી થઈ અને બારસાખના લાકડાની તિરાડમાં નખ ભરાવતી બોલી,

"હા, બોલ, સાંભળું જ છું!" સવિતાએ ગૅસ ધીમો કર્યો.

"તને એવું નથી લાગતું કે તારે હવે શંભુભાઉ જોડે પરણી જવું જોઈએ...ક્યાં સુધી એની સાથે આમ..."

"રખાત બનીને રહીશ એમ જ ને...!" સવિતા બારી બહાર પીળા બલ્બની આસપાસ ગોળ ગોળ ફરતાં ફૂદાઓને જોતી રહી.

"એમ નથી કહેતી સવિતા પણ... કેટલા સમયથી તું એની સાથે રહે છે, તો તારે..." વિદિશા સવિતાના ખભે હાથ મૂકીને શબ્દો ગોઠવવા લાગી.

"પરણી જવું જોઈએ એમને... શું થશે એનાથી એ મને સમજાવ..." વિદિશાની આંખો ભરાઈ આવી પછી એકદમથી પડખું ફેરવી એ દરવાજે શરીર કમાન જેમ ટેકવી છલકાયેલી આંખોથી અંધારું ઉલેચવા લાગી. સવિતાએ સાડીનો પલ્લું પાછળથી લઈ માથે ઓઢ્યો, દિવાસળી પેટાવી અને ગણપતિની મૂર્તિ સામે દીવો કર્યો. બે હાથ જોડી કશું ગણગણવા લાગી. પછી વિદિશા પાસે આવી અને એની સામે બારણાને ટેકો દઈ ધીમા પડેલા વરસાદને જોવા લાગી.

"એની બૈરી શંભુને ગણકારતી જ નહીં. હું એને રાખું છું, સાચવું છું, દારૂના પૈસા પણ આપું છું..."

"અને માર પણ ખાઉં છું એમ બોલ!" વિદિશાએ સવિતા સામે નજર કરી. સવિતા હસી પડી.

"બહુ કારણો નથી હોતાં અમુક સંબંધોમાં સાથે રહેવાના વિદિશા. તારા જેટલું ભણી નથી પણ આ ચાલીઓના અંધારે મોટી થઈને એટલું તો સમજી શકી છું કે કોઈ તો કારણ જોઈએ જ ટકી રહેવાનું... વધારે વિચારતી નથી કેમકે બહુ વિચારીને તો તકલીફ જ થાય છે." પછી થોડીવાર અટકીને વિદિશાના ગાલે હાથ મૂકીને બોલી,

"તું તો બહુ વિચારી શકે છે ને... ખબર જ છે ને તને કે સહેલું નથી બધી જગ્યાએથી પાછા ફરી શકવાનું."

વરસાદ ધીમો પડ્યો. એક છોકરો સવિતાના ઘર સામે ઊભો રહ્યો અને ઉપર બીજા માળા તરફ નજર કરી સીસોટી મારીને બોલવા લાગ્યો,

"અબે ઓય, ફ્રી હે ક્યા..."

બીજા માળામાંથી હસવાનો અવાજ આવ્યો.

"અબે ઓય, અભી તો અંડે સે બહાર નીકલા કી દાને ખાને આ ગયા..." વિદિશા અને સવિતા અવાજ ઓળખી ગયા, પેલી નારંગી સાડીવાળીનો જ અવાજ હતો.

"અપુન લડકી મંગતા હૈ અમ્મા નહીં!" પેલાએ આંખ મીચકારી અને ઉપર હાહાહીહી થઈ ગઈ. પેલી નારંગી સાડીવાળીનો ધૂંધવાયેલો અવાજ આવ્યો,

"ઉધર હીજ રુક કમીને, તેરકુ મૈં બતાતી કી લડકી મંગના ક્યા હોતા હૈ..." પેલો છોકરો તો નાસી ગયો પણ ઉપર છોકરીઓના ખીખીયાટા સંભળાતા રહ્યા. સવિતાએ નિસાસો નાખ્યો.

દૂર ગલીના નાકેથી લથડિયા ખાતા શંભુનો અવાજ સંભળાયો. સવિતા થાળી તૈયાર કરવા લાગી. વિદિશા હજુ બારણે ઉંબર ઉપર જ ઊભી હતી. દારૂની અને પરસેવાની ગંધાતી વાસ સાથે શંભુ બારણા સાથે અથડાતા બચ્યો. વિદિશા દૂર ખસી ગઈ. સવિતાએ શંભુને સંભાળ્યો.

"શંભુ, ખાના ખાલો."

"મેરેકો આજ મૂડ મંગતા હૈ..."

"ખાના ઠંડા હો જાયેગા રે."

"ચલના નખરે કાય કો દિખાતી હે તુ... એ ચલ તુ ભી આ..." શંભુ વિદિશાનો હાથ પકડવા ગયો અને વિદિશાથી એક હળવી ચીસ નીકળી ગઈ. એ ઘરની બહાર નીકળી ગઈ. સવિતાએ બંને હાથે શંભુને પકડીને ખસેડ્યો અને શંભુ એના પર ઢળ્યો, સવિતા ફર્શ પર પછડાઈ. શંભુએ ભીંસ વધારી, સવિતા શંભુના ભારેખમ શરીરને ખસેડવા ગઈ અને શંભુએ જોર વધારી દીધું. વિદિશા ત્યાંથી ભાગી છૂટી. દાદરો ચડવા ગઈ કે અંધારામાં બીડી પીતો અજાણ્યો પુરુષ સામે મળ્યો. વિદિશા એને જોઈ દૂર ખસી ગઈ. આ એ જ પુરુષ હતો જે પોતે નીચે સવિતા પાસે આવી ત્યારે બીજા માળે મંજરીના રૂમમાં ગયો હતો. સાંકડા દાદરામાં બે લોકોને સામસામે ઊતરવું ચડવું મુશ્કેલ હતું. વિદિશા દીવાલ સાથે ચીપકી શકાય એટલું ચીપકી ગઈ તો પણ પેલા પુરુષનું શરીર એની સાથે ઘસાયું. વિદિશાના શ્વાસ અધ્ધર થઈ ગયા. પેલો પુરુષ જતો રહ્યો. વિદિશાએ શ્વાસ હેઠા મૂક્યા. એને અંધારામાં પોતાને ઘસાઈને ગયેલાં પુરુષના પરસેવાની અને બીડીની ગંધ આવી. ઊંડા શ્વાસ લઈ મંજરીની વેણીની સુગંધ લેવાનો પ્રયત્ન કર્યો પણ પરસેવાની તીવ્ર વાસ આવી. એને થયું કે અત્યારે ત્રીજા માળે જશે તો પેલી બીજા માળાની બારીએ ગ્રીલ પાસે બેઠી બેઠી સિગારેટ પીતી હશે. કદાચ પોતાને જોયા કરશે. એ ફરી નીચે ઊતરી ગઈ. ઘડી બેઘડી ચાલ તરફ ઝૂંપડાંઓ તરફ, અંધારા તરફ અને બલ્બની આસપાસ ફરતાં ફૂદાંઓને જોઈ કશુંક નક્કી કરતી ગણતરીઓ સાથે આગળ વધવા ગઈ અને અંધારામાં એનો પગ છાણ પર પડ્યો. એ વરસાદના પાણી ભરેલા ખાબોચિયામાં લપસી પડી. માંડ ઊભી થઈ અને ઉપર જોયું તો બીજા માળાની બારી પાસે મંજરી સિગારેટના કશ લેતી લેતી એને જોયા કરતી હતી. સવિતાના ઘરમાં દારૂની વાસ આવતી હતી એ સિવાય સન્નાટો હતો. વિદિશા ઊભી થઈ તો સ્લીપરની પટ્ટી તૂટી ગઈ હતી. સામે ગલીના નાકે રાકેશની પાણીપુરીની લારી આવતી દેખાઈ અને વિદિશા પોતાના માળામાં પાછી ભાગી. આંખોને મીંચી એ દાદરા ઠેકવા લાગી અને પોતાની ઓરડીમાં પહોંચી તાળું ખોલવા લાગી. ચાવી તાળામાં જામ થઈ ગઈ હોય એવું લાગ્યું. એ મહામહેનતે તાળું ખોલવા લાગી. રાકેશ દાદરા ચડતો હોય એવાં પગલાંના અવાજ સંભળાવવા લાગ્યા. ખૂબ મહેનત કરી તો પણ તાળું ખૂલતું નહોતું અને એ ઝનૂનથી તાળા પર તૂટી પડી, ચહેરા પર લોહી ભરાઈ આવ્યું, તાળા સાથે રીતસરની ઝઘડી પડી, મોઢામાંથી લાળ નીકળવા લાગી, શ્વાસ ચડવા લાગ્યો, આંખમાં ખુન્નસ ભરાઈ આવ્યું અને આખરે એ થાકી, પછી હાંફતી હાંફતી દીવાલને ટેકો દઈ બહાર બેસી પડી ને માથે હાથ મૂકીને ચીસો પાડી પાડીને રોઈ પડી.

– શબ્દસર (ઓક્ટોબર 2015)



વાવ

“ધૂબાંગ્ગ્...” કરતો એક અવાજ વાવમાંથી સંભળાય. દર વખતની જેમ જ. કોણ ગયું? કોઈ ઘરચોળું? કોઈ બાંધણી? કોઈ લેરિયું? કોઈ કાપડું? કોઈ દુપટ્ટો? ધૂબાંગ... પાણીમાં સ્હેજ ઊઠેલા વમળ... બુડબુડિયા... વાવની કિનારીએ લીલ સાથે બાઝી જતાં પરપોટા અને પછી બધ્ધું શાંત... દર વખતની જેમ જ. કોણ ગયું? કણબીના ફળિયામાંથી... પરમારોની પછીતેથી... ભરવાડોના નેસમાંથી... દરબારોની ડેલીએથી... વાણિયાની મેડીએથી... રબારીઓની ખડકીએથી એક હિબકું, ધ્રાસકો ને પરબારી દોટ સીધી વાવમાં. ધૂબાંગ... પાણીમાં સ્હેજ ઊઠેલા વમળ... બુડબુડિયા... વાવની કિનારીએ લીલ સાથે બાઝી જતાં પરપોટા અને પછી બધ્ધું શાંત... દર વખતની જેમ જ. પ્રાગડવાહે ઈ ધૂબકો આખા ગામમાં સંભળાય. એ પછી વાશીદા ટાણે આખો ધૂબકો બકડિયામાં ભરાઈ જાય અને ઉકરડે ઠલવાઈ જાય, તપેલીમાં તળિયે બળીને ચોંટી ગયેલી ચાની ભૂકીની જેમ કાંકરા ભેગો ઘસાઈને આખો ધૂબકો કદડામાં નીકળી જાય, નદીયે શીપર ઉપર ધબાધબ ધોકાથી ધોકાવાતા લૂગડાંના ડોળ ભેગો નીતરી જાય ધૂબકો, ધૂડખાણ્યે તગારામાં ભરેલી ધૂડ્યના ફોતરાં ભેગો ઊડી જાય ધૂબકો. પણ તોય ઈ ધૂબકો કેટલાય દિવસ સુધી ગામની બાયુના મૂંગાપણામાં સંભળાતો રહે. વાવમાં આવી પડેલા ધૂબકાથી પાણી ઉપર વળેલ ફીણ દિવસો સુધી ગામની બાયુના મોઢા પર વળતા રહે. વાવમાં ધૂબકા પછીના બુડબુડિયાનો મૂંઝારો ગામની બાયુની આંખ્યુંમાં ગોરંભાયા કરે. ધૂબાંગ...પાણીમાં સ્હેજ ઊઠેલા વમળ... બુડબુડિયા... વાવની કિનારીએ લીલ સાથે બાઝી જતાં પરપોટા અને પછી બધ્ધું શાંત...દર વખતની જેમ જ. પણ હવે ધીરે ધીરે આખી આ વાત નયણ્યા કોઠે ચા પીતા હોય એમ કોઠે પડી ગઈ હતી. હાલતા હાલતા ચપ્પલની પટ્ટી તૂટી જાય અને ચપ્પલ ફેંકી દેવી પડે એટલી સામાન્ય. ચા કરતા કરતા મોરસ વધુ પડી જાય એટલી સામાન્ય. મમરી તળતી વખતે ગમ્મે એટલું ધારો તોય મમરીનો અમુક તમુક ભાગ દાઝી જાય એટલી સામાન્ય. કઢી કરતા કરતા મીઠા લીમડાના પાન નાખવાનું ભૂલી જવાય એટલી સામાન્ય. જમતા જમતા જીભે બચકું ભરાઈ જાય એટલી હદે સામાન્ય. ધૂબકામાં જોકે ગામને મન ખાસ નવાઈ નોતી રહી. પણ તોય ડંકીએ પાણી ભરવા આવેલા બે બેડા અંદરોઅંદર મૂંગા મૂંગા ઑઇલિંગ કર્યા વિનાની ડંકીના ધન્ગધબ્બબ્ ધન્ગ્ ધન્ગધબ્બ્ ધન્ગ્ અવાજની વચ્ચેય ધૂબકાની વાત કરીને કાંઠેથી થોડા છલકાઈ જાય. વાડીયે કપાસમાં ચાલતી દાતરડિયોય પહોરો ખાઈને પરસેવા હારે ધૂબકાના નામનું નાહી નાખે. નદીએ એકબીજાના લૂગડાં ધોવાનો સાબુ માગવા લાંબા થયેલા હાથમાંથી સાબુની ગોટી ભેગો લપસી જતો ધૂબકો. ચાર રસ્તે ભેગા થઈ ગયેલા બે લેરિયામાંય થોડો ભીનો થઈ જતો ધૂબકો. ધૂબાંગ... પાણીમાં સ્હેજ ઊઠેલા વમળ... બુડબુડિયા... વાવની કિનારીએ લીલ સાથે બાઝી જતાં પરપોટા અને પછી બધ્ધું શાંત... દર વખતની જેમ જ.

મંજુને સમજાતું નહોતું કે વાવમાં એવું તો શું દાટ્યું છે કે બધ્ધું ધોડી ધોડીને ન્યાં જ પોગે છે? એણે જોયેલું કે બા હારે વાડીયેથી રજકાનો ભારો લઈ ઘરે આવતી હોય ત્યારે જે જે બાયું રસ્તે મળતી ઈ બાયુંને બા વાતવાતમાં એમ પૂછે કે,

“બીજું તો બધું ઠીક મારી બહેન, પણ છે તો તું મજામાંને?” અને જવાબમાં નર્યા હિબકાં ને દિવસો પછી ઈ હિબકાંનો વાવમાં ધૂબકો.

એક દિવસ બપોર ટાણે બાબરની બાવલી હારે ડેલીએ બેઠી બેઠી સાસુ થેલીમાં ભરત ભરતા ભરતા મંજુએ પૂછેલું કે,

“હે બાવલી, આ વાવમાં હું હશે?”

“સાવ ગાંડુ ખાતું છે મંજુ તારું તો. વાવમાં તો પાણી જ હોય ને.” બાવલીએ ‘મૈયરમાં મનડું નથી લાગતું’ અક્ષરનો છેલ્લો દોરો દાંતથી તોડ્યો અને ઓશીકાનું ભરત સંકેલતા જવાબ દીધો.

"હા, હવે ગિલિન્ડર, ઈ તો ખબર જ છે પણ બીજું શું હશે એમ?" મંજુ સોયમાં દોરો પોરવતાં બોલેલી. બે ઘડી બાવલી મૂંઝાણી પણ જવાબ ન સૂઝયો એટલે કે,

"તું તો બાપા આવી જ સાવ ધડમાથા વગર્યની વાત્યું કરતી હોય છે. આ નિશાળે ભણતર પૂરું થયું ઈ કેડ્યે તો તારું સહકી ગ્યું."

મંજુથી દોરો સોયમાં પરોવાતો નહોતો એટલે એ ધૂંધવાણી,

"માય જા નીસમારીની. કવ છું કાંક હોવું તો જોવે જ, નકર બધ્યું ધોડી ધોડીને ન્યાં હું લેવા પોગી જાત્યું હશે? બધ્યુંના વાંધાના ઉકેલ વાવની માલીપાથી જ મળે?"

મૂળે તો આ વાવ ગામની ભાગોળે આવેલી. આમ તો વર્ષોથી બંધ, એમાં પાણી છે કે કેમ એ પણ જોવા કોઈ જતું નથી. સહુને લાગ્યું કે આમ તો વાવનો કોઈ ઉપયોગ છે નહીં એટલે હવે એને પૂરી દ્યો. પણ પછી કોઈકે ના પાડી કે માલીપા જે જે જીવ હશે ઈ બધાને મૂંઝારો થશે તો પાછું ગામનું આવી બનશે. મંજુને થતું કે જો મૂંઝારો જ થાય છે તો બાયું શું કામ વાવમાં પડતી હશે? છેવટે ગામે એવું નક્કી કર્યું કે વાવને પૂરીએ નહીં તો કાંઈ નહીં પણ ફરતી ફરતી છાતી સમાણી ભીંત ચણી લઈએ. પછી તો ગામમાં સત્યનારાયણની કથા કરી ગૌમૂત્ર છાંટીને વાવ ફરતે ભીંત ચણી લીધી. પણ તોય જાનારાના બાવડા કોઈ કેટણી ઘડી ઝાલી રાખે? નસીબને તો કાંઈ નાડા બાંધીને ખેંચી શકાય નહીં. ગામની વહુવારુ વાવ ફરતે છાતી સમાણી બનાવેલી ભીંત પર ચડીનેય ધૂબકો લગાવી આવે. પછી તો ગામમાં એવી વાતું થઈ કે વાવ ભોગ માંગે છે. વાવની આજુબાજુ આવળ, બાવળ, બોરડી, દેશી બાવળ અને ડાંડલા થોર ઊગેલા. ગામનું વેંત જેવડું છોકરુંય વાવ બાજુ ફરકે નહીં. નદીના આ કાંઠે વાવ અને સામાકાંઠે વડસાવિત્રીનો વડલો. વડલો પૂજવા આવે ઈ બધ્ધી છોકરીઓ વડલાને સૂતરના દોરાથી વીંટોળે ત્યારે વાવ સામે જોઈ રહે. મંજુને દિવસે દિવસે વાવમાં ડોકાવવાની તલપ વધતી હાલી.

તે એ દિવસોમાં કુટુંબની દીકરી સેજલ પગફેરો કરવા પિયર આવેલી. સેજલને બા નહોતી તો મંજુની બાને જ નાનપણથી બા જેવી ગણેલી. સેજલ ફળિયે બેહવા આવી ત્યારે મંજુ હરખાઈ ગયેલી. બા રસોડામાં ઘી ઊનું કરતી હતી. સેજલ સીધી ન્યાં જ બેસવા ગઈ. મંજુ પણ દોડીને ત્યાં પહોંચી ગઈ પછી ટી.વી.માંથી જોઈ જોઈને શીખી હોય એવા નખરા કરતી કરતી "સેજુદીદી, જીજા કેમ છે? જીજા શું કરે? અમી તમારા લગનમાં એની હારે બોવ મસ્તી કરી'તી" એવું બોલ્યા કરતી હતી. મંજુનું ધ્યાન ન ગયું પણ ગરમ થયેલા ઘી પર બાઝેલા કીટુંને સાંઠીકડાથી આઘું કરી ફૂંક મારતી બા સેજલની ડબડબ થતી આખ્યું દેખી ગયા. બાએ રસોડાની ગાર્યની પોપડી ખોતરતી સેજલને કીધું,

"સેજલી, તને સરખાઈ તો છે ને?" રસોડામાં ચૂલાના તાપથી કાળી પડી ગયેલી ભીંતના ઊખડી ગયેલા પોપડાને સેજલ ઘડીક એકીટશે જોઈ રહી અને પછી હેઠું જોઈ ગઈ. બાએ બળતું લાકડું આઘાપાછું કરીને ચૂલાનું અજવાળું થોડું ઓછું કર્યું. રસોડામાં ગલોપની ફરતે કાળી મેશ બાઝી ગઈ હતી એટલે બળી ગયેલો પ્રકાશ રસોડામાં ખૂણે ને ખાંચરે બધ્ધે ઢોળાઈ ગયો હતો. ગલોપની ફરતે જીવડાં ગોળ ગોળ ફરતાં હતાં અને એક ગરોળી ગલોપની પાછળ લપાઈને બેઠી બેઠી આંખો પટપટાવતી હતી. મંજુને ઘડીક તો એવું લાગ્યું જાણે એને એકલીને જ આ બધું દેખાય છે. અચાનક એણે હિબકાં જેવું કાંઈક સાંભળ્યું. મંજુએ જોયું તો સેજલ હિબકે ચડી હતી. બા સેજલની સામું એકધારું જોઈ રહ્યાં. સેજલે આંસુ લૂછીને પોતાની ઘાઘરી ઊંચી કરીને બાને સાથળ સુધીના પગ બતાવ્યા. મંજુએ જોયું કે સેજલની પિંડીઓમાં અને સાથળમાં ખૂબ સોજા ચડેલા હતા. બાએ ત્યાં હળવેથી હાથ મૂક્યો. મંજુ આ બધું સમજવા મથતી રહી.

"ના નથી પાડી હકતી?" મંજુને બાનો અવાજ બોદો લાગ્યો.

"જનાવર જેવો છે કાકી એ તો... હું તો એને કાંઈ કે'તા કાંઈ..." સેજલ એટલું માંડ બોલી શકી અને એનો અવાજ ચૂલાના લાકડામાંથી ફટ્ટ અવાજ આવે એમ ફાટી ગયો. તરત બાએ ચૂલામાં એક લાકડું વધારે નાખી તાપ વધાર્યો. બાજુમાં વાસણોમાંથી નાની વાટકી કાઢી એમાં ઘી ભર્યું અને હીંગના થોડા

દાણા નાખી વાટકી ગરમ કરી. તાપમાં બાનું લાલચોળ મોઢું મંજુ જોતી રહી. મંજુને લાગ્યું કે ગરોળીએ ઝપટ મારીને જીવડું મોઢામાં લઈ લીધું, જીવડું ફફડાટ કરતું રહે છે અને ગલોપનું બળેલું અજવાળું સહેજ સહેજ હાલકડોલક થયા કરે છે. સેજલે સાડીના છેડાથી નાક લૂંછ્યું અને બા સામે જોતા બોલી,

"કાકી, તમી માર કાકાને કયને માર સાસરિયે..." સેજલની વાત અડધેથી કાપતાં બા બોલી,

"આ ઘીમાં હીંગ ફૂટે પછી ઉતારી લેવાનું ને હળવા હાથે માલીશ કરીશ તો સોજો ઊતરી જાશે." પછી બાએ તરત ફૂંક મારીને ચૂલાનું છેલ્લે વધેલું ઘટેલું અજવાળુંય ઓલવી નાખ્યું. મંજુ જેટલું પણ સમજી હતી એટલી વાતે પણ એનો જીવ ચૂંથાતો હોવાનું એને લાગ્યું, એને થયું કે વાવમાં પડ્યા પછીય આવો જ જીવ ચૂંથાતો હશે? તરત એ રસોડાની બહાર નીકળી ગઈ અને બાવલીના ઘર બાજુ ચાલતી થઈ. શેરીમાં નાકે પુરીમા બેઠાં બેઠાં માળા ફેરવતાં હતાં એણે નેઝવું કર્યું અને સાદ પાડ્યો,

"કોણ મંજુડી કે? લેને બટા, નળ આયવા છે... મા પાણિયારું ભરી દેને માર પેટ... આજ કેડ્ય બવ દુખેસ, નકર તો વાંકાં વાંકાય હું ભરી જ લવ..." પુરીમા વર્ષોથી એકલાં રહે. મંજુએ મોઢું બગાડ્યું.

"હા માડી હા... પણ આખ્ખું નહીં ભરું હોં? મારી સિરિયલ ચાલુ થઈ જાહે બાવલીના ઘરે" મંજુએ ફટાફટ પાણિયારું ધોઈને ગોળો ભરી દીધો. પુરીમા બહાર ઓટલેથી આવીને ઓશરીની કોરે બેઠાં પછી તૂટી ગયેલા ચપ્પલની પટ્ટીને લીરાથી બાંધવા લાગ્યા. મંજુએ ઓશરીની લાઇટ ચાલુ કરી અને એની પાંહે બેઠી પછી ધીરેથી બોલી,

"હેં પુરીમા, આ ગામની વાવમાં તો હું હશે?" ડોશીએ હળવા દાંત કાઢ્યા અને પછી બોખા મોઢામાંથી પડતી લાળને બજરિયા સાડલાના છેડાથી લૂંછી.

"વાવમાં તો હું હોય..." એટલું બોલીને પુરીમાએ અંધારા સામે મોઢું ઊંચું કર્યું. મંજુએ જોયું કે પુરીમા નાકને આગળ પાછળ ડાબે જમણે મરોડી રહ્યા છે, ઘડીક તો એવું લાગ્યું કે પુરીમા વાવની લીલવાળી ભીંતો સૂંઘી રહ્યાં છે.

"...વાવમાં તો હું હોય... ગંધાતું પાણી... લીલ... કદડો... કાંટાળા ડાળખા ને અનગળ અંધારા..." એટલું બોલ્યાં ત્યાં પુરીમાનો શ્વાસ ચડી ગયો. ઓશરીમાં લાગેલા બલ્બના અજવાશમાં મંજુએ ધ્યાનથી પુરીમાનું મોઢું જોયું. એને લાગ્યું કે પુરીમાની આખ્યું જ વાવ જેટલી ઊંડી ઊતરી ગઈ છે, ઈ આખ્યુંમાં ગંધાતા પાણી તગતગતા દેખાણા, આખ્યુંના બેય છેડે લીલ જેવા શીપડા બાઝયા હતા અને ફિક્કાશ ભરેલી કીકીઓના ડાળખામાંથી અંધારું ઉલેચાયને આખ્યુંની બહાર નીતરી રહ્યું છે. એ સીધી ભાગી. પુરીમાની ખડકીની બહાર અંધારામાં સૂતેલી કૂતરીની પૂંછડી પર ભૂલથી પગ દઈને એ બાવલીના ઘર તરફ ભાગી. કૂતરીના કાવ્વ...કાવ્વ...કાવ્વમાં મંજુને પુરીમાના વાક્યો સંભળાતાં રહ્યાં.

"...વાવમાં તો હું હોય... ગંધાતું પાણી... લીલ... કદડો... કાંટાળા ડાળખા ને અનગળ અંધારા..."

બાવલીના ઘેર બેસીને સિરિયલ જોવામાંય જીવ ન ચોંટ્યો અને એ રાત્રે લૂસલૂસ ખાઈને બા સાથે ખાટલે આડી પડી. રાત્રે એ બા સાથે જ સૂવે અને બા પણ મંજુ એની સાથે જ સૂવે એવો વધારે પડતો આગ્રહ રાખતી એવું મંજુને લાગ્યા કરતું. આકાશમાં કાળાં વાદળાંઓએ ઘેરો ઘાલ્યો હતો એટલે ક્યાંય તારોડિયાનો અજવાસ કળાતો નહોતો. રાત્રે નવેક વાગ્યાના સુમારે લાઇટ જતી રહી હતી. બાએ ઓશરીમાં બત્તી ચાલુ કરી પાણિયારે ટીંગાડી. સવારે બત્તી ચાર્જ કરવાનું બા ભૂલી ગઈ હશે એટલે બત્તીમાંથી ખૂબ ઓછું અજવાળું નીકળતું હતું. એ બત્તીના આછા અજવાળાનો ગોળ ચંદો પાણિયારે ઊખડી ગયેલી ચૂનાની પોપડીઓ પર પડતો હતો. મંજુ એકીટશે પાણિયારે બત્તીના આછા અજવાસના ચંદાને જોતી હતી. એને થયું કે આ અજવાસના ચંદામાં ઓગળતું અંધારું ય છે તો વાવ જેવું જ. બા વાસણ ધોઈને મંજુની બાજુમાં સૂતી. ધીમો ધીમો વરસાદ શરૂ થયો. વચ્ચે વચ્ચે વીજળીનો ચમકારો થતો, મંજુ બાપુના મોબાઇલમાં ફોટા પાડતી વખતે ક્લીક કરે અને ઝબૂક લાઇટ થઈ ઓલવાઈ જાય એમ. પવન ફૂંકાતો હતો અને બત્તી પાણિયારે જ્યાં ટીંગાડી હતી ત્યાંથી હલ્યા કરતી હતી. બત્તી હલતી હતી એટલે આછું અજવાસ ભર્યું માંદલ ચાંદરણુંય હલ્યા કરતું હતું. મંજુને લાગ્યું કે જાણે વાવમાં બધું

હિલોળે ચડ્યું છે. થોડીવાર મંજુએ આંખો બંધ રાખી અને બત્તીની સ્વીચ બંધ થવાનો અવાજ સંભળાયો. મંજુએ આંખ્યું ખોલી. અંધારામાં સરખું કશું દેખાતું નહોતું. અંધારામાં એક ઓળો બા પાસે આવ્યો. મંજુએ આંખ્યુંને થોડી ખોલી અને ઓળાને ઓળખવા મથતી રહી. ઓળામાંથી અવાજ આવ્યો.

"અય... કવ છું ઊભી થા હાલ્ય."

"હાશ... સૂવા દ્યોને... આજ બવ થાકી ગઈ સવ."

"ઊભી થાને... કીધું ને તને એકવાર..." મંજુને થયું કે વીજળીની ઝબૂક લાઇટ નો થાય તો પાડ માતાજીનો.

"ધીરેલી બોલો... મંજુડી જાગી જાહે કવ સુ."

"હાલ્યને સાનીમાની."

"શરમ કરો હવે ઉંમરની કાંઈક મરજાદ... છોકરાવય તે હવે તો મોટા..." અંધારામાં એક ઝાપટ બાના ગાલ પર પડી.

"ઓયમાં મારી આંખ્ય... હાશ..."

"મોડું નો કરતી." મંજુએ જોયું તો એ ઓળો અંદર ઓરડામાં જતો રહ્યો. થોડીવાર સુધી બા ખાટલામાં બેઠી રહી પછી મંજુ સામે ધારી ધારીને જોઈ રહી. મંજુએ જોશથી આંખો મીંચી રાખી. બાએ અંધારામાં આંસુ લૂંછ્યા. સાડીનો છેડો ખૂલો કરી વાળ છોડીને અંધારામાં અંદર ઓરડામાં ઓળા પાછળ ઓગળી ગઈ. મંજુની બંને હથેળીઓમાં પરસેવો વધવા લાગ્યો. એને લાગ્યું કે શ્વાસ લેવામાં એને તકલીફ પડી રહી છે. વરસાદ વધ્યો, વીજળીના અવાજો વધ્યા. ગોદડાને કસકસાવી મંજુ નેવેથી નીતરતા પાણીને વીજળીના અજવાસમાં જોતી રહી. થોડીવારે અંધારામાંથી એ ઓળો બહાર આવ્યો. ડેલી બાજુના ઢોલિયે જતો રહ્યો. મંજુ બધું ઉકેલવા મથતી રહી. બત્તીની સ્વીચ ચાલુ થવાનો અવાજ આવ્યો એટલે મંજુ સમજી ગઈ કે બા આવી ગઈ. બા સીધી મંજુના ખાટલે બેસી ગઈ. એ આખી હાંફતી હતી, પરસેવે રેબઝેબ. બાએ સાડલાથી પરસેવો લૂંછ્યો. બાના હિબકા મંજુની છાતીમાં ઊગ્યા. ઘડીક તો મંજુને લાગ્યું કે બા પેલી ભમ્મર અંધારી વાવમાંથી નીતરીને બાર્ય આવી છે. રાતે મંજુને સપનુંય એવું આવ્યું કે વાવમાંથી કોઈ લાંબા ઢાળે ગીત ગાઈ રહ્યું છે અને ઝાંઝરનો અવાજ તાળીઓના ટપાકા સાથે આખા ગામમાં સંભળાય છે. એ ઝબકીને જાગી ગઈ અને જુવે તો સવાર પડી ગઈ હતી.

સવારમાં જાગીને વડસાવિત્રીના વ્રતની પૂજાથાળી તૈયાર કરવા લાગી. સવાર પડી ગઈ તોય વાતાવરણ સાંજ જેવું હતું. વાદળાંઓએ આકાશ ઢાંકી રાખ્યું હતું. ધીમો ધીમો પવન વાઈ રહ્યો હતો. રાણી કલરના ચણિયાચોળી પહેરીને પૂજાની થાળી અને તાંબાનો લોટો લઈ એ બાવલી, જાગલી, ગવરી અને હરસુડી સાથે વડલો પૂજવા ગઈ. આખી પૂજામાં મંજુ નદીના સામા કાંઠાની વાવને ધારી ધારીને જોયા કરતી હતી. પ્રવીણ મહારાજ છોકરીઓને વડપૂજા કરાવતા કરાવતા કહેતા હતા, "હવે અબીલ ગુલાલ કંકુથી વડદેવતાને વધાવો... બે હાથ જોડીને કુળદેવીનું નામ બોલો... પછી વડદેવતાને પ્રાર્થના કરો કે હે વડદેવતા, અમે તનમનધનથી વ્રત કર્યા છે... જેમ તમે સાવિત્રીને ફળ્યા એમ અમનેય..." બાવલીને વહેમ પડ્યો કે મંજુની ધ્યાન નથી. એણે જોયું તો મંજુ વાવ સામે જોયા કરતી હતી. બાવલીએ હડદોલો માર્યો,

"એય મંજુડી, આંય પૂજામાં ધ્યાન દેને બાપા... ન્યાં હું દાટી સે કે ટગર ટગર જોયા કરે સ" મંજુ જવાબ દીધા વિના થાળીમાં કમળકાકડી રમાડતી રહી. પૂજા પૂરી થઈ એટલે પ્રવિણ મહારાજ બોલ્યા,

"સોડિયું, બટા હટ ઘરે પોગજો... મે અંધાર્યો છે." બધ્યું કલબલ કલબલ કરતી ઘર ભણી હાલતી થઈ. મંજુએ બાવલીને થાળી પકડાવી અને બોલી,

"બાવલી, તું ઘરે પોગ્ય, હું આવું હમણે." મંજુને વાવ બાજુ જતા જોઈને આશલી બોલી,

"એલી અય મંજુ, આંય વાવ બાજુ નો બેસતી... થોડી આઘે જઈને બેસજે અને થૂંકીને બેસજે"

મંજુએ તો જાણે કશું સાંભળ્યું જ નથી એ વાવ બાજુ ચાલતી રહી. બાવલીનો જીવ મૂંઝાણો.

"મંજુડી... બવ આઘી જા મા. ન્યાં હનુમાનદાદાનું નામ લઈન બેહી જા." થોડીવારે બાવલીને સમજાઈ ગયું કે મંજુ હળવીભારે થવા તો નથી જ જાતી. એની છાતીના ધબકારા વધી ગયા. મંજુ બાવળિયાના ડાળખા અને કાંટાને ઠેકતી આગળ વાવ બાજુ ચાલવા લાગી.

"મંજુડી પાછી વળ્ય... તાર બાપુને કઈ દશ હો... આમ જો મેહ ખરેખરનો અંધાર્યો છે." બાવલી પોતાની ચણિયાચોળી કાંટામાં ન ભરાઈ જાય એવું ધ્યાન રાખતી પોતાની અને મંજુની થાળી સંભાળતી ડરતી ડરતી મંજુ પાછળ આવી. ધીમે ધીમે છાંટા પડવાના ચાલુ થઈ ગયા. વાતાવરણમાં વરસાદનો ગડગડાટ વધ્યો. બાવલીએ મંજુ પાછળ દોડવાની ઝડપ વધારી.

"મંજુ... મારી મા... પાછી વળ્ય... મને બોવ બીક લાગે છે." એણે જોયું કે મંજુ વાવ પાસે પહોંચી ગઈ.

મંજુ વાવ પાસે પહોંચી ગઈ હતી. એણે જોયું તો છાતી સમાણી ભીંતમાં જ્યાં જ્યાં ટેકો લઈ બાયું વાવમાં પડી હશે ઈ બધા ટોસાઈ ગયેલા ભાગમાં પીપળા ઊગ્યા હતા. મંજુએ એ ટોસાયેલા ભાગ પર અંગૂઠો ગોઠવ્યો અને ભીંત પર ચડી. બાવલીનો જીવ ઊંચો થઈ ગયો. મંજુએ ભીંતનો આધાર લીધો અને વાવ તરફ નમી. બાવલીએ રાડારોળ્ય મચાવી,

"એય મંજુડી... ઊભી રે મારી મા... એય તું માલીપા પડી જાશ... તાર બાપુને કહી દઈશ... ધોડો...ધોડો... મંજુ વાવમાં જાય છે..." મંજુનું અડધા ભાગ ઉપરનું શરીર વાવમાં નમેલું હતું. એ ધારી ધારીને વાવના અંધારાને જોવા લાગી. ઘડીક તો કાંઈ સરખું દેખાયું જ નહીં. અચાનક મંજુને લાગ્યું કે કોઈ બાઈ વાવ બાજુ ધોડતી આવે છે... એ બાઈના ઝાંઝરનો અવાજ અને હિબકાં મંજુના કાનમાં ઉભરાઈ ગયા. મંજુએ પાછળ ફરીને જોયું. મંજુને રાડો પાડતી બાવલી ન દેખાણી પણ સાચ્ચે જ ખૂબ ઝડપથી દોડી આવતી બાઈ દેખાણી. મંજુ ફાટી આંખે એ બાઈને ઓળખવા મથતી રહી. એ બાઈ કાંટામાં દોડતી હતી, એ હિબકાં ભરતી હતી, એનું મોઢું રાણી કલરના લેરિયાના ઘૂમટામાં ઢંકાયેલું હતું. બંને હાથમાં કાચની લીલા રંગની બંગડીઓ હતી, એ બાઈના પગના જાડ્ડા ઝાંઝરનો અને એકબીજા સાથે અથડાતી બંગડીઓનો અવાજ વાદળાંઓની ગડગડાટીમાંય મંજુને સંભળાતો હતો. એના લાંબા વાળ ઘૂમટામાંથી બહાર ડોકાઈ રહ્યા હતા. એ હાંફતી હાંફતી વાવ બાજુ દોડી આવતી હતી. વરસાદ એકદમથી વધી ગયો અને મોટા મોટા છાંટા પડવા લાગ્યા. એ બાઈ પોતાની તરફ દોડી આવતી હતી એ જોઈ મંજુએ વરસાદે ઊભા કરેલા અંધારામાં બાવલીને શોધી. ચહેરા પર વરસાદથી ભીંજાઈને ચોંટી ગયેલી લટને ખસેડી એણે બૂમ પણ પાડી,

"બાવલી, આમ જો કોઈ બાઈ ધોડી આવે છે... આ બાજુ... વાવ પાંહે જો..." બાવલી બેબાકળી બનીને મંજુ જે દિશામાં હાથ ચીંધતી હતી એ દિશામાં જોવા લાગી પણ ત્યાં કશું દેખાતું નહોતું. વરસાદ એકદમથી ખૂબ વધી ગયો... પવન ફૂંકાવા લાગ્યો. બાવલીના ચણિયાચોળી બોરડીના ઝાળામાં ફસાઈ ગયા. એ ધૂંઆપૂંઆ થઈ ગઈ.

"મંજુડી, હવે બોવ થ્યું હો... વાવમાં જોઈ લીધું હોય તો આંય પાછી ગુડા... કભારજા તું મારો જીવ લઈ લેવાની આજ તો... હેઠી ઊતર કવ સવ..." બાવલીએ ફરી મંજુ જે દિશામાં આંગળી ચીંધતી હતી એ દિશામાં જોયું પણ કશું દેખાતું નહોતું પણ તોય મંજુ ફરી ફરીને બાવલીને કહેતી હતી,

"જો જો બાવલી... કોઈ બાઈ દોડતી આ બાજુ આવે છે." મંજુને ક્યાંય બાવલી દેખાઈ નહીં. પેલી બાઈ એકદમ વાવની નજીક આવી ગઈ. એના હિબકાંનો અવાજ એકદમથી વધી ગયો. એ બાઈએ વાવની ભીંત પર પગ મૂક્યો અને વીજળીનો કડાકો થયો, વીજળીના ઝબકારામાં મંજુને એ બાઈનો ચહેરો દેખાયો. પવનની લહેરખી આવી અને એ બાઈનો ઘૂમટો ઊડી ગયો. મંજુને એકદમથી ધ્રાસકો પડ્યો કે આ બાઈને તો હું ઓળખું જ છું... આ બાઈને ક્યાંક મેં તો જોઈ જ છે... એ હજુ વિચારીને કશું યાદ કરે એ પહેલા એ બાઈએ વાવમાં સીધો ભૂસકો લગાવ્યો. મંજુથી કાળી ચીસ નીકળી ગઈ.

મંજુનો ચહેરો ફિક્કો પડી ગયો. ગળું રૂંધાઈ ગયું. એને કશું જ સંભળાતું નહોતું. બધું સુન્ન થઈ ગયું. વરસાદનો અવાજ... વીજળીના કડાકા... વાદળાંઓનો ગડગડાટ... બાવલીની ચીસો... બધું શાંત... એને માત્ર પોતાના ધબકાર સંભળાતા હતા... મંજુએ વધારે નીચા નમીને વાવના તળિયે જોયું તો એની આંખો પહોળી થઈ ગઈ... મોઢું આશ્ચર્યથી પહોળું થઈ ગયું...

...વાવમાં તળિયે ક્યાંય પાણી નહોતું, કોઈ લીલ નહોતી, કોઈ ડાળખા નહોતા, નર્યો અજવાસ વાવના તળિયે પથરાયેલો હતો. મંજુની આંખો અંજાઈ ગઈ. એણે આંખો બંધ કરી દીધી. એને ધીમે ધીમે ગીત સંભળાવવા લાગ્યું, તાલબદ્ધ તાળીઓ સંભળાવવા લાગી.

"સૈયર મોરી વરસ્યો જોને શ્રાવણ અનરાધાર રે
એ આખી પલળી તોય કોરી ઓઢણાની કોર રે...!"

એણે આંખ્યું ખોલી તો કેટલી બધી બાયું તળિયે બેસેલી હતી. કોઈ બંગડીઓ પહેરતી હતી, કોઈ ઉભડક બેસીને પગના નખ રંગતી હતી, કોઈ લાંબા વાળમાં કાંસકો ફેરવતી હતી, કોઈ સાડીના છેડાની પાટલી વાળી કમરમાં ખોસતી હતી, કોઈ કોડિયે ને પાંચીકે રમતી હતી, કોઈ ખોળામાં અરીસો રાખી વાવની ભીંતનો ટેકો લઈ આંખોમાં મેશ આંજતી હતી, કોઈ નિરાંતે કપાળે ચાંદલો લગાવીને ધારી ધારીને ચાંદલો રમાડતી હતી, કોઈ બેઠી બેઠી આંબલિયા ખાતી હતી, કોઈ ભરત ભરતી હતી. અજવાસમાં બાંધણી, લેરિયા, કાપડા, ઓઢણા, દુપટ્ટાનો રંગ બાયુના ચહેરાને ઢાંકી દેતો હતો. મંજુએ માંડ માંડ ગળે થૂંક ઉતાર્યું. તળિયે અજવાસ વધવા લાગ્યો. મંજુએ ધારી ધારીને બાયુને જોઈ... એના અચંબાનો કોઈ પાર ન રહ્યો... એને બા દેખાણી, સેજલ દેખાણી, પુરીમા દેખાણા. એક આછી કંપારી મંજુના શરીરમાંથી છૂટી ગઈ. ધીરે ધીરે બાવલી, ગવરી, હરસુડી, આશલી બધું વાવમાં દેખાણી. ગીતો ગાતી હતી... આંબલિયા ખાતી હતી... ભરત ભરતી હતી... ઠીકરીથી રમતી હતી...પેલી જે હમણાં જ વાવમાં પડી હતી એ બાઈ આ બધાની વચ્ચે બેસેલી મંજુને દેખાઈ. બધી બાયું એને ઘેરીને બેસેલી હતી. મંજુ એ બાઈને ફરી ધારી ધારીને જોવા લાગી. પેલીએ માથા પરથી સાડીનો છેડો ખસેડ્યો અને વાળ છૂટા કર્યા. અજવાસ વધવા લાગ્યો. પેલી બાઈ પગ લાંબા કરીને બેઠી. વાવમાં બધી બાયું જોરજોરથી હસવા લાગી. એકબીજાને તાળીઓ આપવા લાગી. હસવાના અવાજ વધવા લાગ્યા. પેલી બાઈએ હસતા હસતા ઉપર મંજુ સામે જોયું. એ બાઈની અને મંજુની આંખો એક થઈ. હસવાના અવાજો વધવા લાગ્યા. અજવાળું વાવની બહાર નીકળી ગયું. એ બાઈને મંજુ ઓળખી ગઈ. મંજુ હબક ખાઈ ગઈ... એની જીભ તાળવે ચોંટી ગઈ હોય એમ એનો અવાજ નીકળતો બંધ થઈ ગયો. એ માંડ એટલું બોલી શકી,

"આ તો હું જ સવ..."

એના ધબકારા એકદમથી વધી ગયા. વીજળીનો પ્રચંડ કડાકો થયો. વાવમાંથી હસવાના અવાજો બહાર નીકળી ગયા એવું મંજુને લાગ્યું. એણે બાવલીને શોધવા આજુબાજુ નજર કરી પણ વરસાદમાં એને કાંઈ દેખાયું નહીં. એણે ઉપર નજર કરી તો કાળા ડિબાંગ વાદળાંઓ નીચે ઝૂકી રહ્યાં હોય એવું એને લાગ્યું, એણે ફરી વાવમાંથી આવતા અજવાસમાં તરફ જોયું. મંજુને થયું કે હેઠ્યે તો નર્યું અજવાળું જ છે... અંધારું તો મારી ઉપર તોળાઈ રહ્યું છે!

◙

ઠેસ

"કોઈ ચોરી ચોરી મેરે સપનોમેં આયે..."
કિચૂડ...કિચૂડાક...કિચૂડ...
"હો યે દિલ અનઝાની ડોરી સે બંધા ઝાયે..."
કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

વિલાયતી નળિયાથી તપતા બે ઓરડાની ખુલ્લી ઓશરીમાં ખાટ જોલા ખાતી હતી. સપના ખાટ પર પથરાયેલી હતી. એના જમણા પગના અંગૂઠાની ઠેસ પર ખાટ ઝૂલ્યા કરતી હતી. પાણિયારાની અડોઅડ ઊભેલા ઊભા પથ્થરે બનાવેલા રસોડાને ટેકે ડોશી દૂધમાં બોળીને રૂની વાટ બનાવતા હતા.

"આ આખો દિ' માંસડાની જેમ પડી પડી હિંસકે સો તો જરીક ઊભી થઈન નાટે કડા માથે પળી તેલ ફેરવી દેતી હો તો? કેવો અવાજ કર્યા કરે સે." ડોશીના રાવની સુનાવણી કરતાં હોય એમ સપનાની ઠેસ પર ખાટ ફરી બોલી ઊઠી,

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

ડોશીએ ડિલે બાઝેલો પરસેવો નાની વહુએ આણામાં લાવીને ઓઢાડેલા જાંબૂડિયા સાડલાથી લૂંછ્યો,

"હાશ... કેવો ઘામ થાય સે મારા રામ, માણહ મારી નાખે... તે દિ' આખો નવરી ગાણા ગાયા કરે સો તો બે પગ લઈન નળિયે કળશે કળશે પાણી સાંટી દેતી હો તો અટાણે કેવી ટાઢક રે વળી?" ડોશીએ કમરે હાથ મૂક્યો અને જાળવીને પંડ ઊંચક્યો ને તોય મોઢામાંથી "હેં... રાજપરાવાળી..." તો નીકળી જ ગયું.

"હંધાયને ખાલી નળિયા જ ઠારવાનો ખટકો છે..." આ ફેરે ખાટ્યના કડાની હારોહાર સપનાનોય ઑઇલિંગ વનાનો ઘોઘરો અવાજ સંભળાયો. ડોશીએ અડધુંપડધું હાંભળ્યું નો હાંભળ્યુંને બોલવા ગયા કે ખડકીમાં પડોશી સમજુમાડી કાંખે છોકરું તેડીને હાથ હવામાં આગળ પાછળ ઝુલાવતાં આવ્યાં. ડોશીએ બલોયા વનાના અડવા હાથે નેઝવું કર્યું ને એના મોઢાની એક-બે કરચલી આઘીપાછી થઈ.

"લે... આવો ને, મા-દીકરો આજ અટાણમાં ભૂલા પડ્યાને કાંય!"

"એ... આ તાપમાં ઊંઘ તો આવતી નો'તીને ઘામ કે મારું કામ. પડખા ઘસતી'તી તાં આણે રોવાનું સાલુ કર્યું, ઘોડિયા વના તો હૂવે જ નયને...પાશી વસન આવી સે અગિયારશ કરવા, તે એની ભાણકી... બાપા... એવી તો રાશી કે ઈય તે ઘોડિયા વના ઘોંટાય જ નયને. તે વસન મન કે કે બા તમી આ ભોલ્યાને લઈ થોડા આઘાપાસા થાવ તો ભાણકીને હૂવરાવી દઉં." સમજુમાડીના બોખા મોઢામાંથી લાળની હારોહાર આખી બપોર નીકળે નો નીકળે ત્યાં લગીમા તો ડોશીએ ગલાસ ભરીન પાણી સમજુમાડીને આપી દીધું ને ટાંકો ખોલીન ભોલ્યાને ભાખરીનું બટકું પકડાવી દીધું. સમજુમાડીનો ભોલ્યો એના નવા આવેલા ચાર દૂધીયા દાંતથી ભાખરીના બટકાને ચાવતો ચાવતો ખાટના ખખડતા કડાને જોતો હતો. શેરીમાં ગાગર ખખડાવતા કેસલા કહારાના હાકોટા સંભળાતા હતા.

"ગાગર... બોઘડાને ગોળીયું... રેણ કરાવી લ્યો... ગાગર, બોઘડા, ગોળીયું..." ખાટ્ય ધીમી પડી, સપના ઊભી થઈ તાં ડોશી બોલ્યાં.

"હેલને હાંડા તાર ભાભી હવારે દયાવ્યા સે, હવે કેસલો રેણ કરીન લાવે તારે લઈ લે જે પાશી." એ ફરી ખાટ પર લંબાણી.

"વસન આવી સે એમ... કટલા દિ' રે'વાની?" ડોશીએ પાણિયેરેથી આવળનું દાતણ અને ટોડલે મૂકેલી ઇસ્ટીલની છીંકણીની ડબ્બી લીધીને કોરે બેઠા.

"હા, કાલ્ય પટેલ આયવા'તા મોટર લઈને. તે ભાણકીને ને વસનને મૂકી ગ્યા." સમજુમાડીએ રાતા સાડલાના છેડાથી ગળું લૂછ્યું, પછી સપના તરફ જોઈને બોલ્યાં, "બટા સપની, તને વસન હંભારતી'થી

હોં, નવરી પડ તો જરીક અમાર ઘર ભણી આંટો મારી જાજે પાશી."

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...કિચૂડ...

"બાદલપરવાળા જોવા આયવા'તા તે હું થ્યું? વાત આગળ વધી?" સમજુમાડી સપનાના જમણા પગના અંગૂઠાની ઠેસ જોઈને બોલ્યાં.

"એ તણ્ય તો નણંદ સે બહેન...ને છોકરા પાછા હુરત જાવાની ના પાડે સે, જમીન સે પણ ઈય તે ડેમના ભરોસે, તે આખો ભવ થોડો ઈનો બાપ ઈ ભર્યો રે'વાનો સે?" ડોશીની વાત પર સમજુમાડીએ હકારમાં માથું હલાવ્યું ને ફળિયે પડેલા એક પતલા સાંઠીકડાથી દાંત ખોતરવા લાગ્યા. ભોલ્યો ડગુમગુ હાલતો હાલતો ખાટ પાસે ગયો. સપનાએ એને ઊંચકી લીધો અને છાતી માથે બેસાડ્યો.

"માગા તો બહેન લાટ આવે સે પણ આપડેય જરા આગળપાછળ જોવું તો જોવેને, દીકરી દેવી સે કાંય ડોબુ થોડું જોતરાવવું સે, કાંક વેવારેબેવારે લાંબો હાથ હોય, આશરો ઘાંટો હોય અને રોટલો મીઠો હોય એટલે બસ."

"તમાર મોટી વહુના ભાઈ વેરેય તે કાંક વાત હાલીથીને?" સમજુમાડી દાંતમાંથી સાંઠીકડું કાઢીને ફળિયું ખોતરવા લાગ્યા.

"જમીન નથી બવ... છોકરો થોડો ભીનેવાન સે પાછો, અને ઈ ચાર તો ભાયુ સે, ને... કળશી કટંબમાંથી પાછું કોઈ હુરત નથી, આ જમાઈ હુરતી મળે તો વાંહે કેડ્યે નાનકાને ને મોટાનોય મેળ પડી જાય ને. બાકી આંય તો શું દાટ્યું સે?" ડોશી સમજુમાડીની ખોતરેલી ધૂળ પર ગોબરું થૂંક્યા.

"થાહે બહેન એને જોગ આછુંપાતળું એને મળી રેહે અને હજી ઉંમર જ ક્યા સે એની આ અમાર વસન કરતા તો..."

કિચૂડ... કરતી ખાટ થોભી ગઈ.

"તમારા વસન કરતાં ખાલી પાસ વરહ મોટી સવ, હમજુમા. અને ઓણસાલ જેઠ ઊતરતાં તો મારે ઓગણત્રીસ પૂરા થાહે." છાતી પર બેઠેલા ભોલ્યાએ સપનાને પલાળી દીધી. એણે એને ખાટ પરથી હેઠો ઉતાર્યો અને રસોડા પાછળ સલાખા બાંધીને શીપર ગોઠવી બનાવેલા બાથરૂમમાં કૂર્તું ધોવા જતી રહી. ખાટે થોડું સંતુલન ગુમાવ્યું અને ઓશરીની દીવાલ પર ખાટનો ખૂણો ઘસાયો ને દીવાલે પાછો ઉઝરડો પડ્યો. ડોશી સમસમી ગઈ.

નાના ભાભીના કરિયાવરની ગુલાબી પ્લાસ્ટિકની ડોલમાંથી ટબ ભરી ભરીને સપના પાણી આડેધડ મંડી છાતી પર ઢોળવા. છાતી ભીની થઈ ગઈ. એ ક્યાંય સુધી હાંફતી રહી. પછી ભીના ડિલને એકધારી જોતી રહી ને વિચિત્ર અપરાધભાવથી એ ભાગી, ભાગી ભાગી તે સીધી ખાટ પર. તપતા નળિયાની લ્હાય વચ્ચે ખાટ ઝૂલતી હતી. ડોશી, સમજુમાડી ને ભોલ્યો ઓશરીમાં ક્યાંય નહોતા. એણે જમણા પગની ઠેસ લીધી ને કિચૂડ...કિચૂડાક... કરતી ખાટ પાછળ હડસેલાઈ.

બંને ભાયું બાને કે'તા, "બા, વાડીયુમાં હવે કાંઈ બવ ભલીવારી રય નથી. દિવાળી ટાણે વરહ આખાનું વૈતરું ગણીયે તો ખાટલા વસાળ ને વસાળ જ હોવી સવી. આ આપણા જીલુદા પટેલનો જમાઈ કેવા તૈણેય સાળાને હુરત લઈ ગ્યો ને બેહાડી દીધા એમ્બ્રોડરીના મશીને. ઈ તૈણેય ગામમાં આવે તય ઈનો વટ પડે, ઈને તો ઈના બનેવી ફળ્યા." બા ખાટ તરફ ત્રાંસું જોતી અને કહેતી, "એ રામ રામ કરોન તમી બેય ભાયું, આમ તો આપડી નાતમાં સોડિયુંની તાણ્ય સે, એટલે એક કે'તા તો એકાવન માગા આવતા હોય સે. હુંય તે વાલામૂઈ હુરતી મોટા ઘરની વાટ રાખીને જ બેઠી સવ. જાન ભેળા તમનેય કરિયાવરમાં ગૂડી દઈશ. બાકી બળ્યું આ ગામમાં...આંય હું સે?"

શેરીમાં એના સિવાય મોચીની મંજુ બાકી હતી પણ એનુંય ઓણસાલ ગોઠવાઈ ગ્યું. બાબરની જલ્પી, ભીખુક્કા ભરવાડની જશી, પ્રવિણ મા'રાજની આરતી, ચોથાદા કોળીની બાઘી ને ભગવાનદા પટેલની વસની બધી એક પછી એક કોથળામાંથી બાકોરા કરતી ઊડી ગઈ. ને આઠમ અગિયારસે હવે તો ભાણિયા ભાણક્યું લઈને આવતી, નવું લોહી ને ભરાયેલા નવા ડિલે મણમણનું મલકાતી, ને પોતે

હજી તો...

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

સપનાની નજર સામેની ભીંતે ઊગેલા પીપળા તરફ ગઈ. ભગવાનદા પટેલની સિમેન્ટની બનેલી પછીત ફાડીને પીપળાએ મૂળિયા આખી ભીંતમાં ફેલાવી દીધા હતા. સપના એ પીપળાને અને મૂળીયાને નવરી નવરી જોયા કરતી.

"યે રિસ્તા ક્યા કહેલાતા હે..."

માગા તો બવ આવતા. બપોરા થાતા. સપના તો ત્યાર જ હતી, બાનો ભાઈ 'હા' પાડવા જોવે. વાતું વહટી થાતી. આંખની ઓળખાણું નીકળતી પણ આ બધાની વચ્ચે અંદર ઓરડામાં સપના તો ઊંચી નીચી થયા કરતી. મોટાભાભી બાને પૂછતાં કે "બા, રોટલા માંડું?" બા આંખ્યું ઝીણી કરી, છીંકણીવાળા હાથ જાંબુડિયા સાડલાના મસોતા જેવા છેડે લૂછીને કમખાની ખીસીમાંથી દહની નોટ કાઢીને નાનકાને ક્યે કે "જા, મંગળુક્કાની દુકાનેથી દહના ગાંઠિયા લીયાય, મે'માનને રોંઢા ભેળા કરી દેવી." એટલે સપનાએ સમજી જવાનું કે આ ફેરેય કોથળામાંથી બાકોરું નય પડે. સૂરમું કરવા બનેલી ભાખરી ગાંઠિયાના શાક હારે દેવાઈ જતી.

"જમીનમાં કાંઈ ભલીવારી નથી!"

"હુરતમાં ઘરના ઘર નથી."

"છોકરો સપૂડી કરતા નીચો દેખાય સે!"

"સાસુ સાનખાખરા ગામની છે, ને ન્યાંની બાયું તો બાપા આખી બવ..."

"એને ન્યાં તો કળશી કટંબમાં બેનું દીકરીયું તો ડઝનેક છે ને પાછો વેવારે હાથ ટૂંકો છે." આવા ને આવા માગાની સામે પડતા કારણોના છીંકણી ઘસાયેલા દોરાથી સપનાનું બાકોરું સીવાતું જતું. એ ટાંગા પછાડતી અંદર બેસી રહેતી. એવું નહોતું કે સારા માગા નહોતા આવતા, આ ગયા ચૈતરવૈશાખે નાની વિરડી ગામથી માગું આવેલું. છોકરો પોતે અને એના બનેવી બેય ધોળી મોટર લઈન જોવા આવ્યા'તા. છોકરો તો દેખાવે જ સુરતી લાગતો હતો. નવી ઇસ્ટાઈલના વાળ ને પાછી બેત્રણ લટુ એમાંય રંગાવેલી, એક કાનમાં ડાયમંડ જડાવેલો, પાંચ-છ વીંટીયું ને હાથમાં રમતી મોટરની ચાવી, મગરના મોઢા જેવી લાંબી અણીયુંવાળા કાળા બૂટ, ગોઠણથી ફાટેલું જીન્સ અને રાખોડી ટીશર્ટ ને મોઢામાં એક્સો પાત્રીસ કાશી સાદીનું ફૂલેલું ગલોફું. સપનાને તો ઈ ઓલો ટી.વી.માં આવે ને ઈ 'સાથ નિભાના સાથિયા'ના 'જીગર' કરતાંય રૂપાળો લાગેલો. છોકરો પાછો સુરત જ રહે, ઘરે જમીન, બેન નહીં, અને એની મા પાછું ઓછું સાંભળે. નાનકાને ગોઠી ગ્યું, મોટાને ગોઠી ગ્યું, બાનેય ગોઠી ગ્યું, ભાભીયુંએ તો બાને પૂછીને સૂરમું ભાંગવાનું શરૂય કરી દીધું, સપના તો બારણાની આડશમાં ઊભી ઊભી એને ટીકીટીકીને જોતી'તી. ખડકી બા'રથી મોટો ફોનમાં વાત કરતો કરતો ઓશરીમાં આવ્યો અને બાનું બાવડું ઝાલીને સપના હતી ઈ ઓયડામાં લાવ્યો.

"એ બા, ગોવિંદમામાનો ફોન આયવો'તો ને ઈ કેતા'તા કે મામીના પિયરને અને આ છોકરા આવ્યા છે ઈના કટંબની હારે ત્રણ પેઢી જૂની વેહવાળ તોડ્યાની આંટી છે. તે મામાએ તો સોખ્ખું કીધું કે તમતમારે ગોળધાણા ખાઈ લ્યો પણ માંડવે હું કે તાર મામી નય આવી હકીયે." સપનાના ધબકારા વધી ગયેલા. ડોશીએ એક નજર સપના તરફ કરી પછી વાંકાવાંકા એક ફરફદુડી ઓયડામાં ફરી લીધી અને કમખાની ખીસીમાંથી દહની નોટ નાનકાના હાથમાં મેલી દીધી. નાનકો ઉતાવળે પગે મંગળુક્કાની દુકાને. ડોશી પંડ હંભાળીને બહાર કોરે બેસી ગ્યા. સપનાનું ગળું ભરાઈ ગ્યું, એણે ટી.વી.માં જોયું તો 'જીગર' હાથ હલાવતો મોટરમાં બેસીને જતો રહ્યો.

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

ખડકી ખૂલવાનો અવાજ આવ્યો. સપનાએ ખાટ્ય પર સૂતાં સૂતાં જ ડોક ત્રાંસી કરી નજર કરી. ઉઘડિયાનો છોકરો દિલપો આવ્યો હતો.

"બહેન, દસબાર કોથળા ને બે સલાખા આપો, મોટભાઈએ કીધું છે." એ કોરે બેઠી ગ્યો. સપના ખાટ પરથી ઊભી થઈ. ગળે ઓઢણી નાખવા ગઈ પછી ઘડીક વિચારીને પાછી ઓઢણી કાઢી નાખી. દિલપા સામે દાંત કાઢતી એ ઓયડીમાં કોથળા લેવા ગઈ. કોથળા સલાખા બધું બુંગણમાં બાંધ્યા પછી એ અંધારામાં ઊભી રહી. કુર્તાની ચેઈન ઢીલી કરી ને ભીની છાતી થોડી વધુ ભીંજાઈ.

"દિલપા... આંય ઓયડીમાં હાલ્ય, કોથળા લેવડાવ્ય." દિલપો ઓયડીના દરવાજે ઊભો રહ્યો અને સપના સામે જોવા લાગ્યો. ગયા વખતનો અનુભવ એને કદાચ અત્યારે થથરાવતો હોય એમ ધ્રૂજતો હતો. સપનાએ હળવેકથી પોટકા દિલપાના હાથમાં મૂકી દીધા ને દિલપો થોથવાઈ ગ્યો.

"બેન, મોડું થાય છે...!" ભાગ્યો ઈ તો ચોથા ગિયરમાં. ખીખીયાટા કરતી સપના ખાટ્ય પર લાંબી થઈ ને ઠેસ લીધી.

રાત્રે એ જ્યારે ખાટ પર સૂતી સૂતી નાટ ને નળિયાને તાકતી હોય ત્યારે નાનાભાઈના ઓયડામાંથી હસવાના અને વાતો કરવાના ધીમા અવાજો સપનાની રહીસહી ઊંઘ ઉડાડી મેલતા. એ પાણિયારે જઈ બે કળશા પાણી પી જતી, મોઢે પાણી છાંટતી અને પાછી ખાટમાં ગોદડું ઓઢીને પડી રહેતી. રાત ઢળે અને અવાજો વધતાં ને સપના ગોદડાને પગના અંગૂઠામાં ખોસીને બે પગ વચ્ચેથી ગોદડાને ખેંચતી અને આંગળા ખાટ્યના અલંગના વાણમાં ખોસીને શરીરને એના પર ભીંસી નાખતી ને હાંફતી હાંફતી રાત કાઢી નાખતી. હવે રોજ મોટાભાભી સવારે સપનાને હારોહાર જગાડતા અને વલોણું હાંડામાં ગોઠવી સપનાને વલોણું પકડી રાખવાનું કહી ચાપ દબાવીને ઈ ફળિયું વાળતા. નાનાભાભીને હમણાં વહેલાં કોઈ જગાડતું નહીં. વલોણું પકડીને સપના હાંડાને જોયા કરતી. વલોણાના અવાજથી નાનાભાઈના રૂમમાં પીળો ગલોપ શરૂ થઈ જતો. એ વખતના નાનાભાભી અને નાનકાની ગુપચુપ વાતોના અવાજો સપનાને ફરી વાણ હારે ભીંસી નાખતા. હાંડાને કાંઠે બાઝેલા માખણના ફોદા સપનાની અંદરથી ઊભરાઈ જતા.

આઠમને અગિયારશ કરવા આવેલી સોડિયુંની વાતો સપના ધ્યાન દઈને સાંભળતી. એ વાતો કરતી આ સોડિયુંના રાતા ગાલ ને બદલાયેલી હાલ્યને ટીકીટીકીને જોયા કરતી. આવા ટાણે ને વારેતેવારે સૂરત ગયેલા ગામના બુટકટ ગોઠણને કૂલે ફાટેલા જીન્સ બની પાછા ફરતાં ને ઓટલે ને નાકે ગોઠવાઈ જતા. સપના ત્યારે લેગીસ ને ટીશર્ટને ટી.વી.માં જોઈ હોય એવી ઊંચી એડી પહેરતી. પછી વગર કારણે શેરીમાંથી ત્રણચાર વખત આંટા મારી આવતી પણ એની હાર્યના બધાની એ ફઈ અને માસી બની ગઈ હતી.

ત્રીજી શેરીમાંથી હાંડાગાગર ખખડાવતા કેસલાના હાકોટા સંભળાતા હતા.

"ગાગર... બોઘડા ને... ગોળીયું... રેણ કરાવી લ્યો..." સામેની ભીંતે ઊગેલા પીપળાના પાન સહેજ ધ્રૂજ્યા. સપનાએ હળવી ઠેસ લીધી.

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

હવે આખો દા'ડો ખાસ કોઈ કામ હોતું નથી. પેલા તો લૂગડા ધોવા નદીએ જાતી પણ હમણાંથી તો એય બંધ હતું. ભાભી કહેતા.

"સપુબહેન, તમી લૂગડા કઈ રીતે ધોવો સવો? તમાર બેય ભાયુના પેન્ટની ચેઈન બગડી જાય છે, શીપર માથે ઓછા ધોકાવતા હો તો!" ભાભીની વાત સાંભળી એને નદી ને કાળી શીપર યાદ આવી જતી. જે ઝનૂનથી એ પેન્ટની ચેઈન બંધ કરતી અને ખોલતી એ જોઈ આજુબાજુની બાયું ને બકરા પાવા આવેલો દાનો ભરવાડ ખીખીયાટા કરવા લાગ્યા હતા, એ જોઈને તો એને મરવા જેવું થયેલું ને હટ દૈન બકડિયું ભરીને ભાગી આવેલી. તે દિ'થી લૂગડાં ધોવા જાવાનુંય બંધ. બા કે'તી.

'હાવ ભૂત જેવી સો સોડી તું તો, તાર ગોદડાને મારે બીજી ફેર બનાવવા પડશે. અંદર સીવેલા બધ્ધા ગાભા દોરાથી આઘા ફગી ગ્યા સે, તે ગોદડું તો પતલી ચાદર થઈ ગ્યું સે. હેં... તે વળી... એવી તે કેવી ટાઢ લાગે સે તને કે ઓઢવામાંય આટલું બધું જોર કરે સો?"

કિચૂડ...કિચૂડ...કિચૂડાક...

ઓશરીમાં ટીપણાં માંથે ઈંટડા ગોઠવીને મેલેલી ટી.વી. એણે શરૂ કરી. એ રિમોટથી ચૅનલ ફેરવતી હતી. એકાદી અંગરેજી ચૅનલ આવી અને ટૂંકી ભૂરી ચડ્ડી પે'રેલો મોટો છોકરો પાણીમાંથી બહાર નીકળતો હતો. ઘરમાં લાદી ફીટ કરતી વખતે કાનાદા કડિયાએ રસોડામાં જે ધોળી ટાઈલ્સુ ફીટ કરી હતી એવી જ સુંવાળી ટાઈલ્સુના કટકા ફીટ કર્યા હોય એવી છાતી અને લીસ્સું મોવળા વનાનું પેટ. સપના ખાટ થોભાવીને પાંપણ પલકાર્યા વિના એ જોતી રહી. એણે ફરી ઠેસ લીધી અને એને વાડામાં ઊના પાણીએ નહાતા નાનકાને ટુવાલ દેવા ગઈ ને સલાખાની આડમાંથી નાનકાનો ભીનો ખુલ્લો વાંહો ઈ જોઈ ગઈ'તી ઈ યાદ આવી ગ્યું. ખડકી ખૂલીને સપનાએ ફટોફટ ટી.વી. બંધ કરી. કેસલો કંઈ કેટલીય ખાલી ગાગર ને બોઘડા ને ગોળીયું લઈ આવ્યો.

"લ્યો, રેણ કરી દીધું છે."

સપનાએ ગળે ઓઢણી નાખી, ઊભી થઈ અને પરસેવે નીતરતા ગુલાબી જાળીવાળી ગંજીની આરપાર દેખાતા કેસલાને જોતી, એની નજીક ગઈ ને ગાગર લેવા હાથ લાંબો કર્યો. કેસલાએ ગાગર આપી.

"પાણી પાશો? તરસ છે!" પહોળા ખભાને થાંભલીના ટેકે ગોઠવી એ કોરે બેસી ગયો અને કાળા જીન્સમાંથી પીળો વેલવેટનો રૂમાલ કાઢીને એણે પરસેવો લૂછ્યો. મહેંદીના કલરે રંગાયેલા રંગીન લાંબા ઝટિયાને બે હાથે હોળવા લાગ્યો. તડકામાં એના બેય કાનમાં પે'રેલા લાલ ડાયમંડ ચળકતા હતા. ખાટ હજી હવામાં ધીમે ધીમે ઝૂલતી હતી.

કિચૂડ...કિચૂડ...કિચૂડાક...કિચૂડ...

સપના પાણિયારે ગઈ, કળશો ભર્યો. કેસલાએ ખાટ પર હાથ મૂક્યો ને તપતી બપોરનો છેલ્લો અવાજ ય બંધ થયો. સપના પાણી દેવા ઝૂકી ને કેસલાયે દાંત કાઢીને કળશો લીધો, પછી હવામાં પાણીની ધાર કરી અને ઉપરથી પડતા પાણીને એક હાથે ખોબો કરી પીવા લાગ્યો. એની કાળી ભમ્મર આંખ, જાડા નેણ, બીડી પી પીને થઈ ગયેલા જાડા ડફ્ફર કાળા હોઠ ને ઘાટી મૂંછ, તડકે તપેલા કસાયેલા તાંબાવર્ણા દેહની ગરદનનો લઢીયો, પહોળી છાતી, ફૂલેલા બાવડા, કાળા જીન્સમાંથી ફાટુ ફાટુ થઈને ઊભરાતા સાથળ. ગાગર ઊભરાવા લાગી. સપના હાંડાને ઊંચો કરી ચારેબાજુથી તપાસવા લાગી.

"જોવાનું હોય જ નહીં, મને રેણ કરતા હારું આવડે સે. ભાંગ્યુંતૂટ્યું જોડવામાં તો પેલ્લેથી માહેર સવ." સપના હાંડાને મૂકવા પાણિયારે જતાં પાછળ ફરી કેસલાને જોતી હતી તે ખ્યાલ બહાર પાણિયારાની સિમેન્ટની ચોકડી સાથે ભટકાણી.

"ઓય મા..." કરતી ભીંતના ટેકે ઊભી રહી ગઈ. જમણા પગને ઊંચો કરી અંગૂઠાને ફૂંક મારવા લાગી. અંગૂઠાનો નખ નીકળી ગયો હતો અને દડદડ લોહી વહેતું હતું. એ વહેતા લોહીને જોઈ સપનાની આંખો ઘેરાવવા લાગી ને એ ઢળવા ગઈ કે કેસલાએ એને બાવડેથી ઝાલી લીધી. બેયની આંખો મળી... આંખોમાં કહારાના તપતા દેતવાએ ટિપાતા વાસણો ઊભરાયા, કેસલાએ સપનાના જખ્મી અંગૂઠાને ઢાંકી દીધો. સપનાએ જોશથી આંખો મીંચી દીધી. ઘડીકભર તો એને એમ લાગ્યું કે ભગવાનદા પટેલની સિમેન્ટવાળી ભીંતમાંથી ઊખડીને પીપળો એના બે પગ વચાળ ઊગ્યો છે અને એના મૂળિયા એની નસેનસમાં પહોંચી ગયો. તપતી બપોરે નળિયાની લૂમાં ટાઢક ફરી વળી અને ખાટ ભીંતે ઉઝરડો પાડ્યા વિના ઝૂલતી રહી.

દિ' આથમે ભાભીયું ને ભાયું માંડવી ખેંચીને ઘરે આવ્યાં. ડોશી કોરે બેઠાં બેઠાં છીંકણી ઘસતાં હતાં. પાણિયારું ખાલી હતું. નાનાભાભી ઓરડામાં ગયાં ને રાડ ફાટી ગઈ.

"માડી રે... તેજોરી ખુલ્લી સે... કપાટ કોણે ખોલ્યો??? સપુબેન..."

"બાંગુ શેની પાડો સો બાયું? સપની પાણીયે ગઈ છે." ડોશીએ કોગળો કર્યો અને શેરીમાં સંભળાતા રામજી મંદિરની ઇલેક્ટ્રિક ઝાલર ને નગારા બાજુ હાથ જોડ્યા. બેય ભાયું અંદર ઓરડામાં દોડ્યા.

મોટાભાભીએ તો બાની ઓયડીમાં દોટ મેલી. સપનાની ટ્રંકનો કે સામાનનો કોઈ પત્તો નહોતો. નાનકો ઘરની પાછળ જોવા ગયો. પાણીથી છલોછલ ભરેલા હાંડાગાગર ન્યાં જ પડ્યા હતા. મોટાભાભી બારસાખે બેસી પડ્યા. એણે છાજીયું કર્યું.

"હાય રે નભ્ભાઈ... ભમરાળી મૂઈ... કજાતના નોરની લેતી ગઈ બધું..." નાનકો હાંફતો હાંફતો ડોશી પાસે આવ્યો.

"બા...ઈ બાઘડ પાણીયે નથ ગઈ... હાંડા ને ગાગર તો વાડામાં પડ્યા છે!" એનો અવાજ ભાંગીને ભુક્કો થઈ ગયો. ડોશી ખુલ્લા ઓરડાને, ફળિયાને, ભગવાનદા પટેલની સિમેન્ટની બનેલી પછીતને ને પાણિયારાને થીજી ગયેલી આંખે તાકતા રહ્યા. થાંભલીનો ટેકો લઈ ફફડાટને જાંબલી સાડલાના છેડે ઢાંકતા બેસી પડ્યા, એનાથી અલંગના ઢીલા પડેલા વાણવાળી ખાટ તરફ જોવાઈ ગયું, વગર ઠેસે દાંતીયા કરતી ખાટ ઉંબરો વટી ગઈ.

કિચૂડ...કિચૂડાક...કિચૂડ...



હલ્લો ભાનુમતી !

પોતાના શરીરને હળવો ધક્કો દઈ ભાનુમતી રૂમમાં પ્રવેશ્યાં. બૅડ પર બેસી ગયાં. ઉંમર સહજ આખા શરીરમાં થાક વર્તાતો હતો પણ એથીય વધુ થાક અંદર બેઠો હતો. સમયની થપાટોએ ફિક્કા પડેલા સફેદ વાળના નાના અંબોડાને એણે છોડી નાખ્યો. પોતાના ઓરડાને એ ચારે બાજુ જોવા લાગ્યાં. બધું જ એમનું એમ હતું. બધું જ વ્યવસ્થિત છતાં ભીતરથી ઢંગધડા વિનાનું. જીવન જરૂરિયાતની કેટલીક વસ્તુઓ, થોડાં શૉ-પીસ અને રદ્દી થયેલાં પુસ્તકોથી ભરાયેલો એ ઓરડો સાવ ખાલી દેખાતો હતો. સફેદ સાડીના પાલવથી એણે આંખ લૂંછી. ક્યારે ભરાઈ આવી ખબર જ ન રહી.

અનંતરાય બહુ જ ઉત્તમ ચિત્રકાર હતા. તેમણે ભાનુમતી માટે એક ચિત્ર દોરી આપ્યું હતું, પારિજાત. એ એમનું છેલ્લું ચિત્ર. ભાનુમતીને એ દશ્ય યાદ આવતાં તો જાણે શરીરમાંથી લખલખું પસાર થઈ ગયું. ચા-નાસ્તાની ટ્રે સાથે એ રૂમમાં પ્રવેશે છે ત્યાં હાથમાં પીંછી અને કલરડિશ લઈ અનંતરાયનું શરીર બૅડના ટેકે દીવાલે લગાવેલા પોતાના નવા ચિત્ર પારિજાતને તાકતું હતું. સ્થિર લાલલીલી ડિઝાઇનની ફર્શ પર કલરડિશમાંથી કાળો રંગ ધબ્બો બની ફેલાયો હતો. અત્યારે પણ એ યાદ આવતાં ભાનુમતીથી સામેની દીવાલે લગાવેલા ચિત્ર તરફ જોવાઈ ગયું. ખૂબ જ સુંદર રીતે સફેદ-કેસરી રંગોનું મિશ્રણ કરી બનાવેલા ફૂલ અને હમણાં લસરી પડશે એવો ભાસ થાય તેવા લીલા પાન. ભાનુમતી ચિત્ર જોઈ રહ્યાં. આંખ થોડી વધારે મોટી કરી. પછી આમતેમ ચશ્માં શોધી આંખે ચડાવી ફરી ચિત્ર જોયું. સાવ બુઠ્ઠું કેમ દેખાય છે? એ બબડતાં બબડતાં ઊભાં થઈ ચિત્ર પાસે પહોંચી ગયાં. સ્પર્શ પણ કરી લીધો. નજીકથી જોયું તો ચિત્ર બરોબર જ હતું, પણ ફરી મનોમન બબડતાં બબડતાં બૅડના એક ખૂણે બેસી પડ્યાં. લાઇટ બંધ કરી અને બૅડ પર શરીર લંબાવ્યું. નાઇટ લૅમ્પ સ્ટૂલ પર અનંતરાયની હસુંહસું થતી તસવીર તરફ એ જોઈ રહ્યાં. ચશ્માં વિનાની આંખે પણ એ આ તસવીરને સ્પષ્ટ જોઈ શકતાં. આખા ઓરડામાં જાંબલી રંગનો પ્રકાશ પથરાયેલો હતો. રૂમનું બારણું સહેજ ખુલ્લું હતું. બહાર ડ્રૉઇંગરૂમમાં ટી.વી. જોતી અનામિકા અને કેતકીવહુના હસવાનો અવાજ રૂમમાં બારણાં નીચે કાંકરી ભરાઈ હોય ને જે વિચિત્ર ઘસારો થાય એમ ભાનુમતીના રૂમમાં પ્રવેશતો હતો. દીકરો મિહિર તો તેની રૂમમાં લૅપટૉપ પર કામ કરતો હશે. બધું જ બરોબર હતું. રૂટિન હતું. અદશ્ય રીતે નક્કી થયેલું. ભાનુમતીના ગળે ડૂમો ભરાઈ ગયો. એ અનંતરાયની તસવીરને સ્પર્શીને બોલ્યાં.

“કહું છું, કેમ છો?” રૂમમાં બફારો વધી ગયો. “મારી સહેજ પણ ચિંતા ન કરતાં, હું તો બહુ જ ખુશ છું. મને તો કોઈ તકલીફ જ નથી. બધા મને બહુ જ સાચવે છે.” એમનો અવાજ થોડો ભારે થઈ ગયો. “આપણી અનામિકા હવે તો કૉલેજ જાય છે, દીકરાને પ્રમોશન મળ્યું છે અને તમને કહી દઉં, તમે દાદા બનવાના છો. હા, મિહિરની વહુ કેતકીને સારા દિવસો જાય છે. આજે જ બધાને ખબર પડી. સાચું કહું, મને તો તમને યાદ કરવાનો ટાઇમ જ...” છુટ્ટા મોંએ રડી પડાયું. કદાચ જાતને છેતરવાની વાત હતી. એણે પ્રયત્નપૂર્વક પાલવથી મોં ઢાંકી દીધું અને અવાજ દાબી દીધો. થોડીવાર સુધી નાના બાળકની જેમ હિબકાં ભર્યાં.

“કહું છું, મને તમારી પાસે આવવું છે. તમને મારી યાદ નથી આવતી? મને એકલી મૂકીને જતાં રહ્યાં. મને લઈ જાઓ, મહેરબાની કરો. અહીં ક્યાંય જીવ...” એ ફરી પડી પડ્યાં. રૂમમાં બફારો વધતો જતો હતો. બહાર તમરાં બોલતા હતા. રાતનો બીજો પ્રહર ઢળી ચૂક્યો હતો. ઘરમાં બધે લાઇટો બંધ થઈ. ટીવીના અવાજો શાંત થયા. ઘડિયાળના કાંટા ટ્...ક, ટ્...ક, ટ્...ક સમયને ધક્કો મારે છે. રાત્રિના બાર વાગ્યાના તાલબદ્ધ ડંકા પડ્યા. ભાનુમતી તકિયામાં મોં છુપાવી હિબકાં ભરતાં હતાં. બારીમાંથી એક ઠંડી હળવી લહેરખી આવી અને ભાનુમતીની પીઠ પર રેળાઈ ગઈ. બફારા વચ્ચે પણ એ ઠંડી હળવી લહેરખીએ સ્મરણોના પટારાના તળિયે મુકાયેલા ચીંથરા જેવા સ્પર્શીલા સુખની યાદ અપાવી.

ભાનુમતીએ આંખ લૂંછી અને અનંતરાયની તસવીરને તાકવા લાગ્યાં. તસવીરમાંનો ચહેરો વધુ ને વધુ મોટું સ્મિત કરવા લાગ્યો. કદાચ આ ભ્રમ હતો? ભાનુમતી બારીકાઈથી તસવીર જોવા લાગ્યાં. હા, તસવીર હસતી હતી ને અચાનક, "હલ્લો ભાનુમતી..." ચિરપરિચિત એ અવાજે ભાનુમતીના રૂંવાડાં ખડાં કરી દીધાં. સુકાયેલાં લાગણીના વોકળામાં જાણે કે પૂર આવ્યું, એય અચાનક. એ વિચારવા લાગ્યા. અવાજ તો એ જ છે, ઘેરો ખરલ ઘૂંટતો મીઠડો.

"હલ્લો, માય ડિયર ભાનુમતી, અહીં જો હું જ બોલું છું."

"હે ભગવાન..." ભાનુમતી ડરના માર્યા થોડા પાછળ સરકી ગયાં. એક ચિત્કાર આવીને ગળામાં જ અટવાઈ ગયો.

"અરે ડર નહિ મૂરખ. હું ભૂત નથી, તારો વર છું. તમારા પૃથ્વીલોકની આ જ તો મોટી સમસ્યા છે, જ્યારે તમારા નસીબમાં કશું નથી હોતું ત્યારે કકળાટ કરો છો અને જ્યારે મેળવો છો ત્યારે ખુદ પર ભરોસો કરતા નથી." એ જ અવાજ, એ જ ગુસ્સો, એ જ લહેકો, ભાનુમતી હર્ષથી ઘેલાં થઈ ગયાં. એ ફોટાની સાવ નજીક ગયાં. એની આંખ છલકાઈ ગઈ. માન્યામાં ન આવે તેવી વાત હતી.

"તમે? અત્યારે? આમ? કેમ?" ભાનુમતીની જીભ થોથવાઈ. શું બોલવું એ ખુદનેય સમજાતું ન હતું.

"બહુ પ્રશ્નો પૂછે છે તું તો. તારી જૂની આદત હજી ગઈ નથી?" ભાનુમતી હિબકે હિબકે ફરી રડી પડ્યાં. તસવીરમાંથી અનંતરાયનો હાથ બહાર આવ્યો. એણે ભાનુમતીની આંખ લૂંછી. ભાનુમતી એમનો હાથ પકડીને ક્યાંય સુધી ગુમસૂમ બેસી રહ્યાં. રૂમમાં નીરવ શાંતિ પથરાયેલી હતી. ઘડિયાળનો કાંટો ટક્...ટક્...ટક્... સમયને આગળ ધકેલતો હતો.

"ભાનુમતી, બધું જ સમજું છું. તારી આંખ મને બધું જ કહી દે છે. મારી આગળ છોકરાઓના ખોટા વખાણ શા માટે કરે છે?" ભાનુમતીને ઉધરસ ચડી. એણે પાણી પીધું પછી માંડ માંડ કોરી ઉધરસ બેઠી. અનંતરાય એને ટગર ટગર જોતા બોલ્યાઃ

"દવા નથી લેતી?"

"મિહિરને ગયા મહિને કીધું હતું. પણ..."

"પણ શું? ભૂલી ગયો એમ? એની જાતનો, શું કહેવું મારે?" અનંતરાય સહેજ તપી ગયા કે ભાનુમતી બોલી ઊઠ્યાં.

"હહ... તમે ગુસ્સે ન થાય. ડૉક્ટર કહ્યું છે કે તમારા હૃદય માટે સારું ન..." દાંત તળે જીભ કચરાઈ ગઈ. અનંતરાય એની મોટી મૂંછમાં હસી પડ્યા. પછી થોડીવારે બોલ્યાઃ

"સાચી મજા તો હવે છે ભાનુમતી. નથી સ્યૂગર વધી જવાની બીક કે નથી કોલેસ્ટરૉલની બીક. શ્વાસ ચડવા, ઉધરસ અને સાંધાના દુઃખાવા. શું જિંદગી છે તમારી?" પછી થોડીવાર અટકીને બોલ્યાઃ

"શું કરતી હો છો આખો દિવસ?"

"બસ, ઘરમાં જીવતા ભૂતની જેમ આંટા માર્યા કરું છું. કોઈની પણ પાસે મારા માટે સમય જ નથી. જાણે મારા જ ઘરમાં હું મહેમાન હોઉં એવું લાગ્યા કરે છે. કેતકી વહુને સારા દિવસો છે એની ખબર મને નોકરાણી આપે છે. મારા ખુદના સંતાનોને એ સમાચાર કહેવા માટે પણ હું પાકી લાગી."

"છોડને બધી પંચાત. હું તારા વિશે તારી સાથે વાત કરવા આવ્યો છું. એ બધા વિશે નહિ." ફરી શાંતિ પથરાઈ.

"ચાલ, મારી સાથે ચાલ" અનંતરાયે ફરી તસવીરમાંથી હાથ બહાર કાઢ્યા.

"ક્યાં?" ભાનુમતી સહેજ ગભરાઈ ગયાં.

"અરે, સાવ લેવા નથી આવ્યો પણ સવાર સુધી તો આવ."

"પણ જઈશું ક્યાં?" ભાનુમતી એમની સાડી તપાસતાં અને વાળ બાંધતા બોલ્યાં.

"પ્રશ્નો બહુ પૂછે છે ભઈસાબ તું યાર." ભાનુમતીએ અનંતરાયનો હાથ પકડ્યો અને આંખ બંધ કરી. થોડી ક્ષણોની ચૂપકીદી પથરાઈ. ભાનુમતીને એવું લાગ્યું જાણે કંઈ કેટલીય હવા કાન પાસેથી

પસાર થઈ ગઈ.

"હવે આંખ ખોલો." અનંતરાયનો ઘેરો ખરલ ઘૂંટતો અવાજ સંભળાયો. ભાનુમતીએ આંખ ખોલી. તેનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું. જો કે વાત જ આશ્ચર્ય પમાડે એવી હતી. આજુબાજુ કોઈ નવી જ સૃષ્ટિ ઊભી હતી. વાતાવરણમાં હળવો મધુર શાસ્ત્રીય અને મિક્સિંગ પોપ આલાપ સંભળાઈ રહ્યો હતો. આજુબાજુ રંગબેરંગી સૃષ્ટિ ઊભી હતી. ઊંચી ઊંચી જાત જાતની કલાત્મક અને આધુનિક શૈલીમાં બંધાયેલી બિલ્ડિંગ. હવામાં પીંછાની જેમ લસરતા દિવ્ય સ્ત્રી-પુરુષો ઑફ શોલ્ડર ઇવનિંગ ગાઉન અને બ્લેક સૂટ, બ્લૂ જીન્સમાં એક મોટા બારમાં જતાં હતાં. આસપાસ ઘુમરાયા કરતી શ્વેત વાદળીઓ. એક તરફ ધન્વંતરી હૉસ્પિટલ, એક તરફ વિશ્વકર્મા ઍન્ડ કંપની કન્સ્ટ્રક્શન, ચિત્રલેખા આર્ટ ગૅલરી, અન્નપૂર્ણા હોટેલ ઍન્ડ રેસ્ટોરન્ટ્સ, ભરતમુની મલ્ટીપ્લેક્સ, નટરાજ ડાન્સ એકૅડમી, અબ્યૂટી પાર્લર ઍન્ડ સ્પા, કામદેવ હેલ્થ જીમ, પુષ્પગંધા ગાર્ડન્સ ઍન્ડ ડેટ પૉઇન્ટ અને દૂર સૂરગંગા વૉટરપાર્ક. આહ! ચોતરફ પરસન્નતા. નર્યો આનંદ અને કિલ્લો. ભાનુમતી ફાટી આંખે બધું જોઈ રહ્યાં.

"આ... આ... શું છે?"

"યેસ માય ડિયર, આ હેવન છે. સ્વર્ગ." અનંતરાયે ગર્વિષ્ઠ દૃષ્ટિ ચોતરફ ફેંકી.

"અદ્‌ભુત, મનોરમ્ય!" ભાનુમતીના હર્ષની કોઈ સીમા નહોતી. અનંતરાયે ભાનુમતીનો હાથ પકડી એને એક પૂર્ણકદના અરીસા સામે લઈ ગયા.

"તું પહેલાં તને તો જો... જસ્ટ લુક યોર સેલ્ફ..."

"ઓહ!" ભાનુમતીની આંખ આશ્ચર્ય સમાવવા માટે નાની પડી. એના ફિક્કા સફેદવાળ એકદમ રેશમી સુંવાળા અને કર્વિંગ થયેલા કાળા બની ગયા, ચહેરા પરની કરચલીઓ ગાયબ થઈ ગઈ. જાણે હમણાં જ પ્લાસ્ટિક સર્જરી કરી હોય, સફેદ સાડીનું વન સાઇડ ઑફ શોલ્ડર લાલ લાંબું રોયન ગાઉન બની ગયું. તુલસીની માળાના બદલે ડાયમંડ નેકલેસ, જાણે કોઈ વીસ વર્ષની કન્યા જ જોઈ લો. ભાનુમતી સ્કાયબ્લૂ રોયલ જયપુરી પહેરેલાં યંગ, ટોલ ઍન્ડ ચાર્મિંગ કુલ અનંતરાયને જોઈ રહ્યાં. અનંતરાય ભાનુમતીને જોઈ રહ્યા. અનંતરાયે ઝૂકીને ભાનુમતીના હાથે ચુંબન કર્યું. જિંદગી આખી ભાનુમતીએ જે જોયું પણ નહોતું કે કલ્પ્યું પણ નહોતું એ અત્યારે બધું જ બનતું હતું. સ્વપ્નની જેમ. ભાનુમતી મનોમન બબડી ઊઠ્યાં.

"આવું મૃત્યુ હોય તો તો રોજેરોજ મરવું ગમે."

"ચાલ, તારો જવાનો સમય થઈ ગયો છે." અનંતરાય મોટી મૂંછને વળ ચડાવતા બોલ્યા.

"ઘડીકમાં?" હજી તો હું તમને ધરાઈને જોઈ પણ નથી શકી. ભાનુમતી આજુબાજુ પથરાયેલાં સૌંદર્યને જોતાં અનંતરાયની સ્કાયબ્લૂ જયપુરીની કૉલર સાથે રમતાં બોલ્યાં.

"હા, તમારા મૃત્યુલોકનો સમય અમારા લોક કરતાં ઝડપથી આગળ વધતો હોય છે." ફરી ભાનુમતીની આંખ બંધ, કંઈ કેટલીય હવાનું કાન પાસેથી પસાર થવું. આંખ ખૂલે ત્યાં તો બૅડ પર સવાર. પછી તો આ સિલસિલો અવિરત શરૂ રહ્યો. ભાનુમતી નવા અવતારે જીવવા લાગ્યાં. આખો દિવસ રાત પડવાની રાહ જુએ. રાત્રિના બારના ડંકા પડે અને અનંતરાયની તસવીર બોલી ઊઠે.

"હલ્લો ભાનુમતી..." બસ પછી પાછી સ્વપ્નસૃષ્ટિની સફર અને કંઈ કેટલીય વાતો. ભાનુમતી વિચારતાં.

"લોકો ભલે મને વિધવા સમજે પણ દરેક રાતે હું સુહાગણ તો બનું જ છું." આ સફેદ વાળનું કાળા થવું, પાલખી લઈને આખી સફેદ સાડીનું જાતજાતના સ્કર્ટ્સ અને ગાઉનમાં રૂપાંતર થવું, તુલસીમાળાનું જાતજાતની ડિઝાઇનના નેકલેસ બનવું, અનંતરાયનું જેન્ટલમૅનની સ્ટાઇલમાં ઘૂમવું... ભાનુમતીને ગમતું. એનો આખો દિવસ સુધરી જતો. અનંતરાય ઘણીવાર કહેતા:

"માય ડિયર ભાનુમતી... હંમેશાં માટે તમે મારી સાથે અહીં રહેતાં હો તો કેવું સારું!" ભાનુમતી ફક્ત વળતું સ્મિત આપતાં, જો કે હવે એ પણ ત્યાં કાયમી ધોરણે રહેવા માંગતાં હતાં. આખરે અહીં તો શું

હતું? ઉપેક્ષા સિવાય. આખરે એમણે એક દિવસ અનંતરાયને કહી જ દીધું.

"કાલે હું તમારી સાથે હંમેશાં માટે આવું છું." અનંતરાય તો બહુ ખુશ થયા. ભાનુમતીનો છેલ્લો દિવસ હતો પૃથ્વી પર.

આખો દિવસ તો એણે પુસ્તકોનાં પાનાં ફેરવવામાં, પોતાને ગમતાં સ્થળોએ લટાર મારવામાં અને મિત્રોને મળવામાં કાઢી નાખ્યો. બધું જ એણે છેલ્લી વાર જોઈ લીધું. મિહિર, કેતકી વહુ અને અનામિકા સાથે તો ખપ પૂરતી જ વાત કરી. જે લોકોને પોતાના અસ્તિત્વની જ પડી નથી એને અલવિદા કહેવું એ એને શબ્દો વેડફવા જેવું લાગ્યું. રાત્રે પણ લુસલુસ જમીને ફટાફટ એ પોતાની રૂમમાં ઘૂસી ગયાં. બેસી ગયાં અનંતરાયની તસવીર સામે. ઘડિયાળના કાંટા ટ્કટ્ક...ટ્કટ્ક...ટ્કટ્ક... સમયને ધક્કો મારતા હતા. એણે રૂમમાં આંટા માર્યા, માળા કરી. ગૅલરીમાં ગયાં, ઘડીક સૂતાં પણ સમયે જાણે કે કાચબાનું રૂપ લઈ લીધું. લગભગ અગિયારનો સમય થયો. ચોતરફ ધીરે ધીરે શાંતિ પથરાવા લાગી. ડ્રૉઇંગરૂમમાં અનામિકા ટીવી જોતી હતી. મિહિર અને કેતકી જમીને બહાર ગયાં હતાં. કશું કામ હશે. એ બંનેએ કહેવાની તસદી લીધી નહોતી અને ભાનુમતીને પૂછવાની તસદી લીધી નહોતી. આમ પણ આ જ સવારથી એ ત્રણેય કંઈક વિચિત્ર રીતે કશુંક છુપાવતા હતા એવું ભાનુમતીને લાગ્યું. કશુંક હતું પણ બીજી પળે એને વિચાર આવ્યો. ના, ના, આ તો ભ્રમ છે, સાચી વાત તો એ છે કે કેટલાક દિવસથી હું જ રહસ્યમાં ફરું છું અને આ કોઈનેય ખ્યાલ નથી. એમણે મનોમન હસી પણ લીધું.

પોતાના અરધા ખુલ્લા દરવાજામાંથી ભાનુમતીને બહારથી આવતો ડ્રૉઇંગરૂમની ડોરબેલનો અવાજ સંભળાયો. પણ એણે જાણવાની કોઈ ઉત્સુકતા બતાવી નહિ. કદાચ મિહિર ને કેતકી જ આવ્યાં હશે. થોડીવાર શાંતિ પથરાઈ પછી ડ્રૉઇંગરૂમમાં આવતા અવાજો તરફ અનાયસે ભાનુમતીએ કાન માંડ્યા. ખાસ અનુસંધાન મળતું નહોતું.

"ભાઈ વેજિટેરિયન છે ને? મમ્મી નૉનવેજિટેરિયન નથી ખાતી."

"અનામિકા, મિહિરે તો મોલમાં દોડાવી દોડાવી થકવી નાખી. પરસેવો વળી ગયો."

"મમ્મી, ક્યાં છે અનુ?"

"સૂતી છે. આજે આખો દિવસ એ બહાર હતી એટલે થાકી ગઈ હશે."

"મિહિર, હું કહેતા ભૂલી ગઈ. મમ્મીજીને તો ઉધરસ છે અને તમે તો..."

"ડૉન્ટ વરી કેતકી. સ્યુગર અને ચીઝ ઓછી છે."

"ભાઈ, તું મમ્મીને ટૅબ્લેટ નથી લાવી આપતો. મમ્મીએ તને છેક ગયા મહિને કીધું હતું."

"અનુ, ડૉ. મહેતાએ ચોખ્ખી ના પાડી છે. નો મોર ટૅબ્લેટ. આ ઉંમર સહજ એમને વારંવાર દુ:ખાવો થાય તો શું ટૅબ્લેટ લીધા કરવાની? વધુ પડતી ટૅબ્લેટ એમની હેલ્થ માટે નુકસાનકારક છે. આ વાત સમજીને હું જાણી જોઈને જ ટૅબ્લેટ ટાળું છું."

"પ્લીઝ મિહિર, આજે તો મમ્મીને ગિફ્ટમાં હું મારી પ્રેગનન્સીના ન્યૂઝ આપીશ જ. કેટલા દિવસથી સરપ્રાઇઝ આ દિવસ માટે છુપાવી હતી. કેટલા ખુશ થશે જ્યારે જાણશે કે..."

"ભાભી, પછી વાતો કરીએ. બાર વાગી જશે. આપણે ફટાફટ બધું તૈયાર કરીએ. ભાઈ, રિબન, ફુગ્ગા..."

"અનુ, જરા ધીરેથી બોલ, મમ્મીને જગાડવી નથી."

"ભાઈ, સોશિયલ વર્કિંગ ક્લબ સાથે જોડાઈ છું તે દિવસથી મમ્મીને સમય નથી આપી શકતી. એટલે આજે વધુ પડતી એક્સાઇટેડ છું એને ખુશ કરી દેવા..."

બારીમાંથી ઠંડા પવનની એકસામટી લહેરખીઓ આવી અને ભાનુમતીને ઘેરી વળી. અંધારી રાતમાં પણ એને લાગ્યું. ગળે ડૂમો બાઝી ગયો. એ ક્યાંય સુધી વિચારતા બેસી રહ્યાં. ગુમસૂમ પોતાની ભીતરે એ એક લાંબા પ્રવાસે ચાલ્યાં ગયાં. શું વિચારવું? શું કરવું? શું છે આ બધું? ટક્ટક્ટક્...ટક્ટક્ટક્...ટક્ટક્ટક્ સમયને ધક્કો મારે છે. બહારની દુનિયાના અવાજો શાંત થવા લાગ્યા પણ

ભીતર એક મોટો કોલાહલ ઊભો થયો હતો. વ્યવસ્થિત દેખાતી પરિસ્થિતિએ હૃદયમાં અવ્યવસ્થા ફેલાવી હતી. અચાનક બારના તાલબદ્ધ ડંકા પડ્યા... અનંતરાયની તસવીર હસી પડી...

"હલ્લો ભાનુમતી..." એ જ ઘેરો વજનદાર ખરલ ઘૂંટતો મીઠડો અવાજ. પ્રયત્નપૂર્વક મીચેલી આંખ ભાનુમતીએ ખોલી નાખી, એ જોઈ રહી બહાર દિવાસળી સળગાવવા મથતા અનામિકા, કેતકી અને મિહિરનો ધીમો ગણગણાટ... ઘડિયાળના કાંટાની ટક્ટક્ટક્...ટક્ટક્ટક્...ટક્ટક્ટક્... અનંતરાયની હસતી તસવીરમાંનો હર્ષ... બારણાં બહારની દુનિયાનો ઉલ્લાસ અને ખરલ ઘૂંટતો અનંતરાય "હલ્લો ભાનુમતી!"નો અવાજ એ બસ, જોઈ રહી!



બાજુ

લે, તમે જીવીને નથી ઓળખતા? આ રામજી મંદિરની બાજુમાં પટેલ અને ભાયાતુંના જે ડેલાં છે... હા, એટલે એ ન્યાં નથી રહેતી, પણ એ ડેલીની બાજુમાં પતરાની જે કાટ ખાઈ ગયેલ ઝાંપા જેવા બારણાવાળી ખડકી છે ને ઈ જીવીનું સરનામું. તમે ગામમાં જઈને પૂછો કે જીવીનું ઘર ક્યાં? તો વેંત જેવડું છોકરુંય તમને જીવીની ખડકી ચીંધી જાય. એટલે એ આટલી જાણીતી કેમ એવું પણ તમને થાય તો કહી દઉં કે એ જીવરી બહુ. વા સાથેય વાત્યું કરે એવી મીઠડી. કોઈ પણ ને પરાણે વહાલી લાગે એવી. આ જુઓ, આપણે વાતું કરીએ જ છીએ ત્યાં જુઓ પેલી હાથમાં દૂધની નાની બરણી લઈને, એની ઝાંઝરીની ઘૂઘરી રણકે એમ પથરો ઠેકતી, લાંબો ચોટલો ને એમાં દેવુબાનું પાથીએ પાથીએ સીંચી આપેલું તેલ, એની મોટી કોડી જેવી આંખોને પટપટાવતી, ગામ આખું સાંભળે એમ ગીત ગાતી ગાતી આ જે ચૌદ વરસનું વાવાઝોડું આવે છે ને એ જીવી. સો વરસ જીવવાની ભમરાળી. ચાર બહેનું ને ત્રણ ભાઈઓમાં સૌથી નાની. જીવીના જનમ પછી જીવી તો જીવી પણ એના બાપુ નો જીવી શક્યા, કોઈક અકસ્માતે એ લાંબે ગામતરે જતા રહ્યા. પણ જીવીનાં બા દેવુમાએ પછી રાત-દિ' જોયા વિના કાળી મજૂરી કરીને આઠ જણાનાં પેટ ભરવાનું ચાલુ કરી દીધું પણ બહેન એમ તો કાંઈ પેટ ભરાય? ઇ તો ટંકે ટંક નકટું થઈ તમારી સામે કોરી આગ અંદર ફૂંક્યા કરે. ને દેવુમાને બે છેડા ભેગાં કરતાં તો મોઢે ફીણ આવી જાય. પણ જાતની ભાઈ ઈ તો અસલ રજપૂતાણી, મરી જાવ પણ માગું નહીં! એ ધરમે એ તો ભવ આખો ખભે ચડાવી બાપડી ઘર ખેંચતી રહી ને છોકરાઓય બે પૈસા કમાવવા જ્યાં ત્યાં ફૂલ કે પાંખડી મળે એમાં જાત તોડવા માંડ્યા. રાત પડ્યે ને બધા ખડકીમાં થાક્યા પાક્યા એક ઓરડાને નાની ઓશરીવાળા ઘરમાં ગાર્ય પર ગોદડા પાથરીને બખોલમાં ગલૂડિયા લપાઈ એમ સૂઈ રહે. આ જીવી તો સૌથી નાની એટલે એ કામે ન જતી પણ આખો દિવસ ઘરકામ કર્યા કરતી. દેવુમા રોટલા ઘડી નાખે ત્યાં સુધીમાં જીવી ગામની ડેરીએથી દૂધ લઈને આવતી રહે. રોટલાં ઘડાતાં જાય એમ જીવી એક એક ભાનુડાને જગાડતી જાય ને વાળું કરાવતી જાય. બહુ જ બોલ્ય બોલ્ય કર્યા કરે જીવી. એનાથી ન કંટાળે એક એનાં બા દેવુબા ને બીજી કરશન પટેલની રેખડી. આ બે જીવીના ખાસ. ને જીવીના ગીતોનું ગણગણ તો આખો દિવસ ચાલુ જ હોય... ને એમાં કોઈકે ભૂલથી વખાણ કર્યા કે "વાહ રે સોડી, તારો તો કાંઈ અવાજ...!" ને બસ થઈ રહેતું, જીવી નૉનસ્ટોપ ગીતો ગાયા કરે, કોઈ ગીત આખું તો ન જ આવડે એટલે ગીતો ગાતા ગાતા એક ગીત બીજા ગીતની સરહદમાં જતું રહે એની નો ખબર રે જીવી ને કે નો ખબર રે સામાવાળાને. ને એવું નહીં કે એ જે ગીતો ગાય એનાં શબ્દો જે હોય એ જ રહે, જીવી ભૂલી જાય તો ગાતી ગાતી હાથેય શબ્દો ઉમેરી દે ને તે પોતાનો લાભ ગીતનેય દેતી જાય. કોઈક આ સાંભળે તો કે, "જીવી, આવું આપજોડિયું હું કામ ગાતી હો છો?" તો તરત જીવી નિશાળમાં જોષીસાહેબે શીખવેલું વાક્ય એની આંખો પટપટાવતી, ટચાકા ફોડી, નાકને ઓતર દખ્ખણ મરોડતી કહી દે, "એ તમને હું ખબર પડે... આ તો લોકગીત કે'વાય... એમાં લોકો જ બનાવે. અટલે બધું હાલે..." સામાવાળો હજુ કાંઈ બોલવાની તૈયારી કરે કે તરત જીવી રોકડું પરખાવી દે, "મારે નથી લપ કરવી, તમે સાચા બસ. રાજી" ને પાછી ગીત ગાતી પગની ઠેક લેતી ઝાંઝરી રણકાવતી હાલતી થાય અલબત મણમણનું મલકાતી તો હોય જ. નિશાળે જોષીસાહેબે દેવુબાને કીધુંય ખરું કે, "દેવુબા, તમે જીવીને આગળ ભણવા દ્યો. હવે તો દસ સુધી ભણે ત્યાં માસ્તરની નોકરી મળી જાય છે. બાજુના ગામ સુધી અપડાઉન કરવું પડે એટલું જ" પણ દેવુબાનો જીવ ન હાલ્યો, "ના રે માસ્તર, તમી ક્યો ઈ હંધુય હાચું પણ અસતરીના અવતારને તો ઉંબરોય નેજવાનું મન પૂછીને ઠેકવાનું હોય, ઈમાં પાછી હું તો ભવની દાઝેલી, એકલા પંડે. ને ટેમ કટલો ખરાબ છે, બળ્યું મારી સોડીનું નશીબ બીજું હું. હવે કામ શીખશે ઘર રહીને." એ આખો દિવસ જીવી મૂંગી રહેલી. ઘરની પાછળ વાડામાં દૂધી તોડી આવવાના

બહાને રોઈ આવેલી. જીવીની રગેરગ જાણનાર દેવુબા બોલ્યાં, "જીવી, ઓલ્યું ગીત ગાતો... દાદા હો દીકરી..." ને પછી અડધી કલાક જીવીની કૅસેટ વાગેલી.

અહીં સુધી તો બધું બરોબર, પણ વાંધો પડ્યો. વડસાવિત્રીના વ્રતની પૂજા ટાણે. જીવીની ખાસ બહેનપણી રેખડી એના બાનું ઘરચોળું પહેરીને આવેલી ને જીવીએ પે'રીથી જૂની લાલ દરબારી બાંધણી. ત્યાં સુધીય વાંધો નહોતો આવ્યો પણ જીવી આખી પૂજામાં જોતી રહી રેખડીના જમણા હાથની કોણી ઉપર પહેરેલું સોનાનું બાજુ. એ બાજુમાં અંદર જડાવેલ લાલ પથ્થર ને છેડે લાઇનબદ્ધ ગોઠવાયેલી ઘૂઘરીઓ. એ ન્યાં તો કંઈ ન બોલી પણ ઘેર આવીને દેવુમાને ક્યે, "બા, મને તમારું બાજુ પહેરવા આપો!" જીવીએ કરેલી આ વિચિત્ર માગણીની અપેક્ષા તો દેવુમા સહિત કોઈએ રાખી નહોતી.

"આ વળી હું નવું સૂઝયું તને?" મોટીબહેન ફળિયું વાળતાં વાળતાં બોલી.

"લે હવે, ફરાળ કરવા બેહી જા...!" દેવુમાએ તાવડી પર શેકેલી સિંગ જીવી સામે ધરી. જીવી તો પૂજાની થાળી કોરે મૂકીને સીધી ઓયડામાં ગઈને પેટી ખોલીને બધા પોટલા કાઢવા લાગી, અડધી પેટી ખાલી કરી નાખી પછી ઉપવાસના લીધે હાંફી ગઈ ને બેસી પડી. દેવુબા અંદર ઓયડામાં આવ્યાં અને બધો સામાન ફેંદાયેલો જોયો કે એની કમાન છટકી,

"કાંઈ ભાનબાન પડે છે? આ હું ફેંદવા બેઠી? કામ તો કાંઈ કરે નહીં ને કામ વધારતી જ હોય છે. કાંય કે'તા નથી ને દાડે દિ' બગડતી જાય છે."

"બા, મને બાજુ જોવે છે."

"બાજુ ક્યાંથી લાવું, પેર્ય તારી માનું કપાળ. આંય તમાર બાપ ખજાના દાટી ગ્યો સે?" ને દેવુબા ફેંદાયેલાં લૂગડાનાં ઢગલાં પર બેહી પડ્યાં ને બે હાથે મોઢું ઢાંકીને રોઈ પડ્યાં. બાને તો બાપુ વીયા ગ્યા ઈ ટાણેય આવાં રોતાં નો'તા જોયેલાં. જીવીની તો કાપો તો લોહી નો નીકળે એવી સ્થિતિ થઈ ગઈ. બીજા ભાંડરડાઓય રોવા લાગ્યા. એ સાંજ આખી બધાંએ દેવુબાને ભેટીને કાઢી. કોઈ વાળું કરવા ઊભું જ નો થયું. જીવીને એ રાતે ખાટલીમાં સૂતાં સૂતાં એની બા વધુ સમજાણી.

અંધારામાં ફાનસની ટૂંકી કરેલી વાટ્યના અજવાસમાં ઘરની દીવાલો પીળા રંગ ઓઢીને ખરી પડતાં પોપડાને ટેકો આપતી હતી. બાજુમાં સૂતેલી બાના કપાળ પર જીવીએ હાથ ફેરવ્યો ને બાએ જીવીને ગાલે હાથ મૂક્યો.

"જીવી."

"હંમ."

"તારે બાજુ જોઈતું છે?" અંધારામાં દેવુબાની આંખ્યું જીવી જોતી રહી. એને લાગ્યું કે ફાનસની ટૂંકી વાટ્યમાંથી ઊતરીને પીળો અજવાસ બાની આંખ્યુંમાં બેસી ગ્યો છે. પછી એ ધીમેથી બોલી,

"નથ જોઈતું બા!" જીવીની આંખ્યું ભરાઈ આવી. બાએ જીવીના જમણા હાથની કોણીના ઉપરના ભાગને હથેળીથી ઢાંકતા કીધું,

"જીવી, આ લે જો, બાજુ તને પેરાવ્યું, સાચવજે... ખોવાઈ નો જાય." જીવી એના જમણા હાથના કોણી ઉપરના ભાગને જોતી રહી. કાંઈ જ નહોતું તોય બા હેતથી બાજુ પે'રાવતી હોય એમ ખાલીખાલી ન્યાં હાથ ફેરવતી રહી.

"જો, મેં બાજુ કાળા દોરાથી ટાઇટ બાંધ્યું છે, થોડી ચામડી ભીંસાશે પણ સરી નહીં જાય." બાની આંખ્યું દડદડ વરસી પડી. આખી રાત મા-દીકરી વાત્યું કરતી રહી ને જીવી બાજુ પહેર્યું હોય એમ હાથને ઢાંકીને રાતનો છેલ્લો પ્રહર થયો ત્યાં સુધી જાગતી રહી.

પછી તો વડસાવિત્રી પૂરા થઈ ગ્યા અને જીવીની ખાસ રેખડીનું વેવિશાળ નક્કી થયું. સામાવાળા સુધરેલા હતા તો એ ક્યે કે અમારે ચાંદલા કરવા આવવું છે વેવાઈ, ખાલી રૂપિયો નારિયેળમાં પતાવવું નથી, અમારે તો એકનો એક છોકરો છે. આ તરફ રેખડીના બાય તે વેવાઈની એક ઓશરીએ આઠ ઘર ને બાપુ સુરતમાં હીરાનાં ત્રણ કારખાનાં ભાળી ગ્યા'તા તે રામેરામ. ચૂંદડી ઓઢાડવાનો દિવસ

આવ્યો. ગામડા ગામમાં ચોરાના ચાર ડોસલા, રામજી મંદિરની દસ ડોશીને નાકે બેસતાં બાર-તેર જુવાનડાઓને મન કૌતુક આવ્યું. ગામડા ગામમાં આ પેલ્લું વેલ્લું હતું. બસ ભરીને વેવાઈ ચાંદલો કરવા આવ્યા ત્યારે તો ડોશીયુંના મોતીયે ચડેલ ચશ્માંય આંખ્યું હંભાળવા નાના પડતાં હતા. જીવી તો રેખડીની પાછી ખાસ એટલે એ તો બે દિવસથી ત્યાં ડેરો નાખી બેઠી હતી. એણેય આજે જાંબુડિયા કલરના નેટના ચણિયાચોળી પહેર્યા હતા. આમ તો આ ચારે બેનું વચ્ચે સહિયારી ચણિયાચોળી હતી, બ્લાઉઝના સલ્લા તોડીને ભરીને એકબીજી પેર્યા કરતી. જીવીએ તો તવેથો ઊનો કરી એના વાળની લટને એ તવેથાના છેડામાં વીંટાળી તવેથો સેરવી લીધો અને વાળની લટ ટી.વી.માં આવે એવી એકદમ આંટીવાળી થઈ ગયેલી. એની ચોલીની ઈસ્ત્રીય જીવી છાલિયામાં દેતવા ભરીને કરી નાખતી, ઊનું ઊનું છાલિયું કપડાં માથે ફરતું જાય ને કપડાંની ગડ વીંખાતી જાય. જીવીની આ બધી હોંશિયારી ઉપર તો દેવુબાને બહુ માન. તે ઈ ચાંદલામાં બાજોટ માથે બેસેલી રેખડીને એની નણંદું ચૂંદડી ઓઢાડી ઘરેણાં ચડાવતી હતી ને જીવી ફોટાવાળાને જોઈ લટ સરખી કરીને કૅમેરા સામે સ્માઇલ આપી દેતી. ને જીવીનું ધ્યાન રેખડીના જમણા હાથ પર એની નણંદે ચડાવેલ સોનાના બાજુ તરફ ગયું. જોઈ રહી ચૂપચાપ. પછી રાત્રે ઘેર આવીને દેવુબાને ક્યે કે, “બા, મારા સાસરિયાવાળાને ચાંદલા માટે બોલાવો ને...!” અને દેવુબા સહિત બધા ભાંડરડાઓ દાંતે બક્કા પડી ગયા. જીવી સહિત બધી બહેનુંના સગપણ નાનપણમાં નક્કી થઈ ગયેલાં. પછી ચાંદલા તો નો નક્કી થયા પણ દિવાળીએ બધ્ધી બહેનોનાં દેવુબાએ લગ્ન નક્કી કરી નાખ્યાં. બાકીની ત્રણેય બહેનુંના આણા સાથે અને જીવીના ખાલી લગ્ન જ કરવાનાં આ રીતે લગ્ન લેવાયા. જાડી જાન આવી. ઘરમાં ચાર ચાર મંડપ રોપાયા. બધ્ધી બહેનોને સાસરિયેથી આવેલ ઘરેણાં પહેરાવવામાં આવ્યા. જીવી તો એની સાસરિયાની છાબ જોઈ રહી, એક સાડી ને મોડિયા પર પે’રવાનું પાનેતર ને કટલેરી ને નારિયેળ, સાકર ને મોડિયો. જીવીની તો આંખ્યું ભરાઈ ગઈ. જે શોધવા છાબ વીંખી નાખી ઇ તો કાંઈ જડ્યું જ નહીં. દેવુબાએ એને સમજાવી, “આ તારી ત્રણેય બહેનું પરણીને સાસરે વયું જાવાન્યું છે એટલે એના સાસરિયા સોનું લાયવા છે પણ બટા તારા તો ખાલી લગન છે, આણું નહીં... એટલે તારા ઘરેણાં નથી આયવા.” જીવી રોઈ પડી, તરડાયેલા અવાજે એ બાને ક્યે, “હા તો મારુંય આણું હારે કરી નાખો ને બા...” થોડાક દાંત કાઢતી ધીમેથી બા ક્યે, “ધીમે બોલ્ય નભ્ભાઈ, કોઈક સાંભળશે તો દાંત કાઢશે... કેશે કે ગાંડી થઈ ગઈ છે, જાન પાછી જાશે! સાનીમાની માંડવામાં બેસી જાજે” પછી જીવીની માંડવા બહેનપણી બનેલી રેખડીને આ ગાંડીને સંભાળવાની ખાસ ભલામણ કરીને દેવુબા લગ્નના કામમાં પરોવાયાં, પણ મોટી ત્રણેય બહેનુંના સોનાના બાજુ જોઈને જીવલીની આંખ્યું વરસવાનું બંધ નહોતી કરતી. માંડવામાં બધા જોઈ રહ્યા કે ચાલુ પરણેતરમાંય જીવી તો હિબકે ચડી. ગામની બાયું ને સામેવાળી વેવાણુંએ સીધું લીધું કે, “જોયું બહેન, કેટલી મમત છે એને એની મોટી બેન્યુંની... કેવી રોવે છે બીશ્શારી... ગમ્મે એમ તોય દેવુબાનાં સસકાર હોં... જીવી તો જીવરી બહુ જ!” જીવીના રોણામાં લગન પૂરા થઈ ગ્યા, ત્રણેય બહેનો સાસરે જતી રહી પણ જીવીનું મોઢું બગડી ગ્યું એ વાતે કે લોભિયો મારો સસરો એક નાના સોનાના બાજુમાંથીય ગયો. પટેલવાસની છોકરિયું આગળ તો લગન આવ્યા ત્યારે પોતાની સસરાની જમીન અને મિલકતના બહુ ફાંકાં મારેલા તે હવે એ ફાંકા પર જીવીને પસ્તાવો થતો હતો કે બધ્યુંને કે’વું તો શું કે’વું? કટલાય દિવસ થ્યા, મહેંદી ઘસાઈ હાથમાંથી નીકળી ગઈ પણ જીવી ઘરની બહાર નો’તી નીકળી.

એ પછી પગફેરો કરવા માટે મોટી બહેન ઘેર આવી અને એણે જોયું કે જીવીને મોઘરો હજુ મરડાયેલો જ છે. બધી છોકરીઓ ભાદરવીના મેળામાં જવા તૈયાર થઈ પણ જીવી તો કાંઈ ચહલપહલ બતાવતી નહોતી તો મોટી બહેને એની પેટડીમાંથી સોનાનું બાજુ કાઢ્યું ને જીવીના હાથમાં પહેરાવી દીધું. જીવી તો આંખ્યું ફાડી ફાડીને જોઈ રહી ને એવી તો હરખાણી એવી તો હરખાણી કે લગનનું ઘરચોળુ પહેરી લીધું ને પછી ઉતાવળી ઉતાવળી ગામમાં બધી શેરીઓમાં ભાયાતુંના ને પટેલના ડેલામાં બહેનપણીઓને બાજુ દેખાડી આવી. એને તો જાણે નવી પાંખ આવી. આખો દિવસ મેળામાં ચકડોળમાં

ન બેઠી, ન ભેળ ખાધી કે ન તો કટલેરી લીધી પણ એ માટે બચાવેલાં પૈસામાં ઈ મૉડલિંગ ફોટો પડાવી આવી. મોઢા પર મણનું સ્માઇલ ને સેંથામાં કંકુ ભરેલું, બંને હાથમાં બંગડી ને પાટલા, ગળામાં મોતીની માળા ને સાઈબાબાનું ચગદું, કેડ્યમાં ચાંદીનો કરજુડો ને જમણા હાથે પહેરેલાં બાજુની નીચે હાથ મૂકીને કૅમેરા સામે ઊભી રહી ગયેલી. ફોટાવાળાનો તો એ જીવ ખાઈ ગઈ કે, “ભાઈ, ફોટો બરાબર આવવો જોઈએ... મારું બાજુ દેખાવવું જોવે હોં... આ બાજુ ઢંકાઈ નો જાય...” પછી મૉડલિંગથી કયા કયા ફેરફારો કરવાના છે ને ઈ વાતય એણે ફોટાવાળાને સમજાવી ને બે દિવસ પછી એ ફોટો લઈ જાશે ને જો ફોટો સારો આવ્યો તો એની બહેનપણીયું ય તે આવાં ફોટા પડાવવાં આવશે ને ફોટાવાળો ફૅમસ થઈ જાશે ને વધારે ઘરાક મળશે ને પોતાના સાસરિયે કેટલી જમીન છે ને પોતાની બહેનપણી રેખડીના સાસરિયેથી કેટલું સોનું આવેલું ને કરશનકાકાએ ય તે કેવો જમણવાર કર્યો હતો ને એનું આ પેરેલું ઘરચોળું કેટલું મોંઘું છે ને એને કયાં કયાં ગીતો આવડે છે થી માંડીને બધી વાતું એણે સ્ટુડિયોવાળાને કરેલી. બિચારા સ્ટુડિયોવાળાને તો ન જ ખબર હોય ને કે લગન પછી છ મહિના આ બહેન મૂંગા હતા ને આજે છ મહિનાની દાઝ એક હારે આયાં ઉતારી એ ય તે બાજુના લીધે. ઠેઠ સાંજે ઘેર આવી ને બંગડી કાઢવા ગઈ ત્યારે ખબર પડી કે “હાય હાય મારું બાજુ?” ઓરડામાં જ એણે લાંબા સાદે રોવાનું ચાલુ કર્યું. પછી તો એના બે ભાયું બત્તી લઈ ઠેઠ શિહોર મેળા સુધી ગયા તપાસ કરવા, દેવુબા ય તે ભાયાત ને પટેલની ડેલી સુધી જઈ આવ્યા, મોટી બહેન અને જીવી શેરી શેરી ખૂંદી આવ્યાં. સરવાળે કશું હાથમાં ન આવ્યું. ને રાત્રે પછી દેવુબાએ જીવીને નીંઘારી. મોટી બહેન આડા આવ્યા અને જીવીને માર ખાતા અટકાવી. સવારે દેવુબાએ મોટી બહેનના સાસરિયે ભાયાતના ડેલેથી ફોન જોડ્યો ને બાજુ ખોવાઈ ગ્યું એની માફી માગી. જવાબમાં સામાવાળા આવીને મોટીને રાતોરાત પાછી તેડી ગયા. જીવીને તો આ વાતની એટલી મોટી ઠેસ વાગી કે એનું બોલવા ચાલવાનું સાવ ઓછું થઈ ગયું.

હવે તો સપનામાંય એને એવું આવતું કે આજુબાજુ મોટા મોટા ચકડોળ ફરતાં હોય, ફેરિયાની બૂમાબૂમ, પાણીપુરીના થેલાઓ લાગેલા હોય, કટલરીની દુકાનો લાગેલી હોય, છૂંદણા છૂંદાતા હોય, બધ્ધી બહેનપણીઓ હસાહસ કરતી હોય, પેલો મૉડલિંગ ફોટોવાળો કે’તો હોય બહેન તમારો ફોટો તો લઈ જાવ બહુ મસ્ત આયવો છે, તમારું બાજુ બહુ સારું લાગે છે! ને સપનામાં એને દેખાય કે આખા મેળામાં ઈ તો બસ બાજુ શોધે છે ને ઘેર કોરે બેઠી બેઠી મોટીબહેન રોયા કરે છે ને બા ભાયાતુના ડેલા ખખડાવે છે. ને જીવી જાગી જાતીને ખાટલીમાં રોયા કરતી. દેવુબા જાગી જતાં અને જીવીને છાની રાખતાં. જીવી દેવુબાને ભેટીને સૂઈ જતી અને ડાબા હાથથી જમણા હાથની કોણીવાળો ભાગ એ અનાયાસે ઢાંકી દેતી.

સમય તો પડખાં બદલતો રહ્યો ને જીવી તો નાગરવેલની જેમ વધતી હાલી. જીવીના સાસરિયે આણાનું પુછાવ્યું ને દેવુબાએ હા પાડી દીધી. જીવીનો કરિયાવર સંકેલાતો ગયો ને બધી બહેનો સાસરિયેથી આવી ગઈ. મોટી બહેનના જમણા હાથ પર જીવીએ પહેલાં હતું એનાં કરતાંય મોટું બાજુ જોયું ત્યારે એ કેટલાય સમયે હરખાણી. જીવીનું આણું કરવા સાસરિયાવાળા ટ્રૅક્ટર લઈને આયવા. ડાયરો ભરાયો. ઘરેણાં અને સાડીની છાબ લઈને બાયું જીવીને તૈયાર કરી હતી એ ઓયડામાં આવ્યું. રેખડી ધીમેથી જીવીના કાનમાં બોલી, “જીવલી, તારા સાસરિયા બાકી કાંય બાજુ લાંયવા છે... હું તો બળી બળીને અડધી થઈ ગઈ. હાટ્ટ... તું તો જોજે તો ખરી!” જીવીએ એનો હાથ પકડી લીધો, “ખા ધારાળી ખોડિયારના સમ કે તું હાચું કે છે...!”

“અરે, માર ભોલિયાના બાપાના હામ...હા...” પછી તો જીવીને ચટપટી થઈ ગઈ. ઘડીયે ઘડીયે મોટીબહેનને બોલાવી બોલાવીને કહે કે “બહેન, હજી કટલીવાર છે? બધાને જમાડી ઘોને ફટાફટ...” મોટીબહેન દાંત કાઢતી અને કહેતી કે “જીવી, ધીરે બોલ્ય, તને શેની ઉતાવળ છે ઇ ખબર્ય છે પણ કોઈક હાંભળશે તો કેહે કે સોડી ઘેલી થૈ છે ને કટલાય અરથ નીકળશે તારી ઉતાવળના” એ પછી

બધાએ જમી લીધું અને જીવીને ઘરેણાં ચડાવાયાં. જીવીને બાજુ પેરાવ્યું પછી જીવી તો એવી હરખાઈ ગઈ એવી હરખાઈ ગઈ કે ઘડીક તો હરખની મારી રોવાઈ ગયું. પછી અરીસામાં પોતાને આગળ પાછળ બાજુ દેખાઈ એમ દાંત કાઢી જોવા લાગી. બહાર દેવુબા બારણું ખખડાવવા લાગ્યાં એટલે રેખડીએ બારણું ખોલ્યું. દેવુબાએ કીધું કે રેખા, વળાવવાનો સમય થઈ ગયો છે. રેખાએ બાજુ રમાડતી જીવીને ઇશારો કર્યો કે જીવી, રોવાનું ચાલુ કર... પણ જીવી જેનું નામ, રોવું તો આવે કેમ? એય તે જ્યારે એ પાછી આટલી બધી રાજીની રેડ થયેલી હોય ત્યારે તો ખાસ. બસ પછી તો મોટીબહેને ફેરવીને ધોલ મારી ત્યારે જીવીને જેવું તેવું કાંઈક રોવા જેવું આવ્યું. પછી જીવીને લાલ ઘરચોળા ઉપર સફેદ પછેડી ઓઢાડી ટ્રેઇલરમાં ચડાવી દીધી. જીવીને એના સોનાનાં બાજુ ભેગી દેવુબાએ વળાવી દીધી. આખે રસ્તે છાતી સમાણાં ઘૂમટામાં જીવી તો ડાબા હાથથી જમણા હાથનાં બાજુને ઢાંકીને બેઠી અને બાજુની ઘૂઘરીઓ રમાડતી રહી.

સાસરિયે પહોંચી ત્યાં દિ' આથમી ગયો હતો. ઘરચોળાની ભાતમાંથી જીવી સાસરિયાને જોઈ રહી. મોટી ડેલી અને અંદર એક ઓશરીએ સાતેક ઘર, મોટું ફળિયું ને ફળિયામાં મોટો લીમડો. એકબાજુ ગમાણમાં ભેંસો ને બળદ બાંધેલા અને બીજી બાજુ પાણીની મોટી કુંડી. નણંદુએ જીવીને એક ઓરડામાં બેસાડી. જમીન પર પાથરેલા ગોદડા પર બેસીને કુળદેવીના થાનકે જીવીએ બે હાથ જોડ્યા અને પગ સંકોરી મોં નીચે રાખીને બેસી ગઈ. કુટુંબની એક પછી એક બાયું આવીને દુખણા લઈ જાય ને જીવીને દસ દસની નોટો પકડાવતી જાય. ગામના મંદિરે ઝાલર વાગી. રસોડામાં રોટલાં ટિપાતાં હતાં. થોડીવારે જેવો તેવો દેકારો સંભળાયો એટલે પોતાનું બાજુ પંપાળવાનું મૂકી જીવીએ નણંદને હળવેકથી પૂછ્યું, "ઘરમાં કાંઈ થયું છે બહેન?" નણંદે જીવી સામે જોતાં કહ્યું, "ભાભી, કાળનું વરસ છે એટલે તમને બધાં ઘરેણાં કરાવી હકાય એવી બાપુની પરિસ્થિતિ નહોતી એટલે તમને મોટા ભાભીનાં ઘરેણાં ચડાવ્યાં છે, ને હવે તમી ઘરમાં આવી ગ્યા છવો તો ભાભી એનાં ઘરેણાં પાછાં માંગે છે, એમાં બધી ચણભણ હાલે છે." જીવીએ તો એનું બાજુ કસકસાવીને પકડી રાખ્યું ને જમીન તરફ જોઈ રહી. બહાર અવાજો વધવા લાગ્યા. થોડીવારે જીવી હતી ઈ ઓયડામાં એક આદમી આવ્યો, જીવી હજુ એને ઓળખે નો ઓળખે ત્યાં પેલાએ કીધું,

"આ તારાં ઘરેણાં ઉતારી નાખ્ય, મોટા ભાભીને પાછાં આપી દેવાનાં છે! ખોટી લપ કરવા ચડી ગ્યા સે અટાણમાં, સવ સમો વરતે સે હાહરિના!" જીવી એ પાંચ હાથ પૂરાને જોઈ રહી, આછું આછું આને ચૉરીમાં પરણેતરમાં લાલ બાંધણીના ઘૂમટામાંથી જોયાનું યાદ આવ્યું, જીવીની આંખો ભરાઈ ગઈ, સામાવાળો ધૂંધળો દેખાવવા લાગ્યો. એણે ઘરેણાં ઉતાર્યાં.

"આ બાજુય તે ઉતારવાનું છે!" પેલી ધૂંધળાશમાંથી અવાજ આવ્યો. જીવીએ મહામહેનતે બાજુ ઉતારવાનો પ્રયત્ન કર્યો પણ કોઈ વાતે બાજુની આંકડી ખૂલતી નહોતી, નણંદે બેસીને ફટાફટ ખોલી આપી અને બાજુ ઊતરી ગયું. હવે ઘરમાં જીવી એકલી પડી. ડાબા હાથથી જમણા હાથના બાજુવાળા ભાગને ઢાંકતી એ હિબકે ચડી. આવું રોણું તો વળાવી ત્યારેય નહોતું આવ્યું. એના બહાર સરી આવતાં એકાદ ડૂસકા બદલ ઘરનાં લોકોએ એમ વિચાર્યું કે સાસરિયે આવેલી નવી નવી બાઈ પિયર સંભારીને રુએ એ તો સ્વાભાવિક છે. એટલે આંયાંય જીવીનું રોણું ખપ ન લાગ્યું.

રાત્રે એણે લુસલુસ ખાધું અને કોઈએ એને આજે વધુ ખાવાની તાણ્ય પણ ન જ કરી. એના ઓયડામાં આવીને જીવી પડખું ફેરવી સૂઈ ગઈ. સૂતી સૂતી છત માથે લાગેલાં પંખાને જોતી રહી. અચાનક લાઇટ જતી રહી અને આખી ડેલીમાં અંધારું પથરાઈ ગયું. જીવીના રૂમમાં બૅટરી પ્રવેશી. જીવીએ ધ્યાનથી જોયું, એના બાજુનો ઊતરાવનાર જ હતો, એણે બૅટરી કબાટ પર મૂકી. બારણાને આગળિયો દીધો. બૅટરીનું અજવાળું સામેની દીવાલ પર ભટકાઈને આખા ઓયડામાં પીળાશ ફેલાવતું હતું. પેલો જીવી સૂતી હતી એની બાજુમાં બેઠો ને જીવીની સામે જોતાં બોલ્યો,

"જીવી..."

"હમ્મ" જીવીએ એની સામે જોયા વિના જવાબ દીધો. પેલાએ ધીરેથી કીધું,

"તને ખરાબ લાગ્યું છે જીવી?" જવાબમાં જીવી એના રંગાયેલાં નખ પરની નેઇલને ઉખાડતી હતી.

"મને ખબર છે કે તને બાજુ બહુ ગમે છે!" જીવી એમની સામે જોઈ રહી. જીવીને લાગ્યું કે અંધારામાં બૅટરીની પીળાશ એમની આંખોમાં ઊતરી આવી હતી.

"હું તને બાજુ કરાવી આપીશ, મારા પૈસે... કોઈ પાસે આપણે માગવું જ નથી, કોઈનું પે'રવી તો કોઈ ઉતરાવે ને?" જીવીના કપાળે એમણે હાથ મૂક્યો. જીવીએ એમનો હાથ દબાવ્યો પછી એમના ગાલે હાથ મૂકીને કીધું,

"પણ મારી પાસે તો બાજુ છે જ..." એ સમજી ન શક્યા. જીવીએ એમની આંખોમાં આંખો નાખીને પોતાનો જમણો હાથ બતાવતાં કહ્યું, "તમને દેખાય છે આ કોણી ઉપર બાજુ? છે ને એકદમ મોટું, ચળકાટ કરતું? મને એના છેડાની આ ઘૂઘરીઓ બહુ જ ગમે હોં, મારી બાનું છે આ બાજુ. નાનપણમાં એને મને અહીંયા બાંધી દીધું હતું. ને તમને કહું એણે કાળો દોરોય ટાઇટ કરીને છેડે બાંધી આપેલો. થોડીક ચામડી ભીંસાય છે પણ સરી નથી જાતું. થોડો સમય તો હુંય ભૂલી ગયેલી કે આંયા બાજુ બાંધેલું છે જ. છે ને બાકી મસ્ત...!" આછાં આછાં પીળા અજવાસમાં જીવી એ હાથને પંપાળતી રહી ને જીવીના 'એ' જીવીને આમ બાજુની ઘૂઘરીઓ રમાડતી જોઈ રહ્યા.

કેમ બાકી? મેં તમને નહોતું કીધું? જીવી છે જ એવી, બહુ જ જીવરી. પરાણે વહાલી લાગે એવી. વા સાથે વાતું કરે એવી મીઠડી. મને તો હજી દેખાય છે જુઓ, પેલી દૂધની બરણી લઈને જતી, પોતાની ઝાંઝરીઓની ઘૂઘરીઓ રણકે એમ પથરાઓ ઠેકતી, લાંબો ચોટલો ને અલબત દેવુબાનું એમાં પાથીએ પાથીએ સીંચી આપેલું તેલ, આખું ગામ સાંભળે એમ ગીતો ગાતી જાય ને કોડી જેવી આંખો પટપટાવતી જાય એ જ. સો વરસ જીવવાની ભમરાળી!

– તથાપી (ઑગસ્ટ 2015)

●●

'મહોતું' — સર્જક-વિવેચકના ભાવ-પ્રતિભાવ

ગુજરાતી નવલિકાનો નવો પડાવ એટલે રામ મોરી

મારી જાણકારી પ્રમાણે રામ મોરી સૌથી નાની ઉંમરનો સર્જક છે જેને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા યુવા પુરસ્કાર અપાઈ રહ્યો છે. તેની પાસે સર્જકતાની સરવાણી છે. આપણે તેને ગુજરાતી નવલિકાનો નવો પડાવ પણ કહી શકીએ. તેની સર્જકતા સમયસર પોંખાઈ છે.

– ઉષા ઉપાધ્યાય

કવયિત્રી, વાર્તાકાર, અમદાવાદ ['City ભાસ્કર' 25/6/17, પૃ.3]

* * *

સર્જકના કલાતત્ત્વને સલામ

'મહોતું'માં રામે નારીચેતનાની ઉત્તમ વાર્તાઓ લખી છે. સૌથી નાની વયે આવું સર્જન કરવું તે શાબાશીને પાત્ર છે. તેના સન્માન બદલ દિલ્હી સાહિત્ય અકાદમી પણ ધન્યવાદને પાત્ર છે. ગ્રામપ્રદેશની અમુક કોમોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ જાણીએ અને વાંચીએ તો લાગે કે આપણે ઓરિસ્સા કે રાજસ્થાનની કરુણકથની વાંચી રહ્યા છીએ. આ વાર્તાઓમાં રહેલા સર્જકના કલાતત્ત્વને પણ સલામ છે.

– કિરીટ દૂધાત

વાર્તાકાર, વિવેચક, અમદાવાદ ['City ભાસ્કર' 25/6/17, પૃ. 3]

* * *

'મહોતું' – ગુજરાતની 'સેકંડ સેક્સ'ની કથની

માત્ર 22 વર્ષની વયે પોતાનો પહેલો વાર્તાસંગ્રહ લઈને આવતા રામ મોરીનું સ્વાગત કરીએ. સંગ્રહનું પ્રકાશન ફ્લેમિંગો પબ્લિકેશન્સે ઘણી જહેમત લઈને કર્યું છે અને શક્તિસિંહ પરમારનું આવરણ પણ વાર્તાઓના હાર્દને અનુરૂપ છે. એણે અહીં એકલદોકલ સારી કે નબળી વાર્તાઓ લખી છે એમ કહેવાને બદલે આ વાર્તાઓને બહાને સૌરાષ્ટ્રની સ્ત્રીઓ અંગે આખા સમાજે મળીને સહચિંતન કરવા પ્રેરે એવું એક વિધાન કર્યું છે એમ કહેવું પડશે.

રામની વાર્તાઓના કથાનકો ગ્રામ્ય અને શહેરી એમ બંને પ્રકારના છે. આ ચૌદ વાર્તાઓમાંથી 'એકવીસમું ટિફિન', 'ગરમાળો, ગુલમહોર અને ખખડેલું બસસ્ટોપ!', 'થડકાર', 'એ તો છે જ એવા', 'હવડ', 'હલ્લા ભાનુમતી' એ છ વાર્તાઓ શહેરી વાતાવરણની છે. એમાંથી 'એકવીસમું ટિફિન' તો સંગ્રહની ઉત્તમ વાર્તા તરીકે ગણી શકાય એવી. હિન્દી ફિલ્મના ચાહકોને અહીં લંચબૉક્સ (ઈ.સ. 2013) નામની ફિલ્મ જરૂર યાદ આવે. પણ રામની આ વાર્તા ફિલ્મ પહેલા લખાઈ હતી એ હકીકત છે.

તો 'મહોતું', 'બળતરા', 'નાથી', 'સારા દિ', 'પોપડી', 'વાવ', 'ઠેસ' અને 'બાજુ' જેવી વાર્તાઓ ગ્રામ પરિવેશની છે. તેમાં આ લખનારના મતે 'વાવ' અને 'સારા દિ' નખશીખ વાર્તા બને છે.

અહીં કોઈ અપવાદ વગર બધી વાર્તાઓ સ્ત્રીના જુદા જુદા મનોભાવોને વ્યક્ત કરે છે એ મોટા આશ્ચર્યની વાત છે. સ્ત્રી સર્જકો પણ આટલી વાર્તા લખે તો સ્વાભાવિકપણે બે-ચાર વાર્તાઓ તો પુરુષકેન્દ્રી લખે, ત્યારે આ લેખકનું સ્ત્રી કેન્દ્રીય વલણ આપણા વાર્તાવિશ્વની એક અનન્ય ઘટના છે. એટલું જ નહીં પણ સ્ત્રીની વિવિધ શારીરિક પ્રક્રિયાઓને પણ એ તંતોતંત વ્યક્ત કરી શકાય છે એ પણ એક નવાઈની વાત છે.

– કિરીટ દૂધાત

વાર્તાકાર, અમદાવાદ ['પ્રત્યક્ષ', 2017]

* * *

'મહોતું' વાર્તાસંગ્રહમાં ચૌદ વાર્તાઓ છે. બધી વાર્તાઓ વાસ્તવની વિવિધ દશા-દિશાઓ ખોલી આપે છે. રામ મોરી 22 વર્ષની યુવાન વયે વાર્તા પર હાથ અજમાવે છે ત્યારે આપણને કુતૂહલ એ વાતનું થાય છે કે નાની ઉંમરે એમણે જગતને કેવું નજીકથી જોયું છે! તેઓ વાસ્તવનાં વિવિધ પડળો ખોલવા આગવા નિરીક્ષણો દ્વારા કૃતિનો ઘાટ ઘડે છે. આ વાર્તાઓમાં વાસ્તવની વિવિધ છટાઓ નીપજાવી શક્યાનું સામર્થ્ય વરતાય છે. સંવાદોમાં ચુસ્તતા છે. સમગ્ર કૃતિમાં મર્મો-અર્થો સહજપણે પ્રગટ્યા છે. કૃતિના પરિવેશને સહાયક બને તેવા સંકેતો દ્વારા કૃતિઓની માવજત થઈ છે. ખાસ કરીને કિશોરીઓનો સાક્ષીકથક તરીકે વિનિયોગ કરીને વાર્તાઓનું ઘડતર થયું હોવાથી વાસ્તવના અણજાણ વિશ્વને તેઓ સ્પર્શી શક્યા છે. 'મહોતું', 'વાવ', 'એ તો છે જ એવા', 'સારા દિ', 'બળતરા', 'બાજુ' જેવી વાર્તાઓમાં તેઓ કૌશલ્ય દાખવી શક્યા છે. સૌરાષ્ટ્રની તળ બોલીનો વિનિયોગ કઠતો નથી, પણ વાર્તાના ઘડતરમાં એનું સંયોજન ધ્યાનાર્હ બની રહે છે.

– મોહન પરમાર

વાર્તાકાર, નવલકથાકાર, અમદાવાદ

* * *

રામ પરકાયા પ્રવેશથી સ્ત્રીઓના મનમાં પ્રવેશે છે

નવા વાર્તાકારોમાં રામ મારો પ્રિય છે. કેમ કે તેની પાસે વિચારોને કલાત્મક રીતે પ્રસ્તુત કરવાની આવડત છે. વાર્તાઓમાં તે કિશોરીઓ-યુવતીઓના મનના અનેક સ્તરોમાં પહોંચ્યો છે. એમ કહું તો અતિશયોક્તિ નથી કે તે પરકાયા પ્રવેશથી નારીમનની અનેક ગલીઓમાં સહજતાથી જઈ શકે છે.

– બિંદુ ભટ્ટ

વાર્તાકાર, નવલકથાકાર, ગાંધીનગર ['City ભાસ્કર' 25/6/17, પૃ. 3]

* * *

બાવીસ વર્ષનો વાર્તાકાર વાર્તા લખે તો શેની વાર્તા લખે? કોની વાર્તા લખે? કદાચ પ્રેમની વાર્તા લખે અને સ્ટોક ખૂટી જાય તો 'સમાજ કો બદલ ડાલો' સમાજ વિરોધી વાર્તા લખે, પરંતુ આ વાર્તાકારનો કૅમેરો આપણને આશ્ચર્ય થાય એમ પુરુષ હોવા છતાં સ્ત્રી જગત પર ગોઠવાયો છે. સંગ્રહની બધી જ વાર્તાઓમાં વાર્તાકાર સ્ત્રીઓના મનોજગત, વાસ્તવજગતમાં સાધિકાર પ્રવેશ કરીને તેના વેદન અને સંવેદનને વાર્તારૂપ આપવામાં સફળ થયા છે.

– બિપિન પટેલ

વાર્તાકાર, વિવેચક, અમદાવાદ

* * *

આ સંગ્રહની બધી વાર્તાઓમાંથી પસાર થઈએ ત્યારે સમજાય છે કે ગુજરાતી વાર્તાઓમાં હજુ પણ બળુકા અને પ્રાણવાન અવાજો ઊભરાઈ રહ્યા છે. રામ મોરીએ માત્ર પાત્ર, ઘટના કે પરિવેશના સંદર્ભમાં જ નહીં પરંતુ સઘળા આયામોથી વાર્તાઓ સિદ્ધ કરી છે એ બાબત ધ્યાન ખેંચે છે.

– કિશોર વ્યાસ

કોશકાર, વિવેચક, કાલોલ

* * *

રામ મોરીની વાર્તાઓ પવન જેવી છે, યુગો પુરાણી અને નિત્યનૂતન. કથા ખોળતી એની આંખોમાં અચરજ પણ છે, આર્જવ પણ; આસવ પણ અને અર્ણવ પણ. કભી દસ્તક કભી સરગોશી સે, આ

વાર્તાઓ વાચકમાં વસી જાય છે.

– મિહિર ભુતા
નાટ્ય અને પટકથા લેખક

* * *

સૌથી વધુ સરળ શબ્દોમાં વ્યાખ્યાયિત કરીએ તો "સાહિત્ય એટલે સમાજનું દર્પણ." સમાજને પ્રતિબિંબિત કરવા માટે લેખકે અનુભવોમાંથી પસાર થવું પડે અને આ અનુભવો કાળક્રમ, જાતિ કે દેશના માપદંડોથી સીમિત હોવા જોઈએ કે નહીં એ વિવાદિત પ્રશ્ન રહ્યો છે. ઘણા ઓછા એવા લેખકો છે જે આ સીમાઓ ઓળંગીને એક તદ્દન વિપરીત પરિસ્થિતિઓનો રસાસ્વાદ કરાવી શકે અને 'મહોતું' વાર્તાસંગ્રહ વાંચતાં આ અનુભૂતિ થાય છે.

– ચંદ્રેશ પરમાર
અંગ્રેજીના પ્રાધ્યાપક, ભરૂચ

* * *

રામ મોરીની વાર્તામાં માણસની સંવેદના વ્યક્ત થયેલી જોવા મળે છે. Truman Capote જે માને છે, એ રામ મોરીને લાગુ પડે છે. ગદ્યવિદ્યાનો શિસ્તબદ્ધ પ્રકાર એણે આત્મસાત્ કર્યો છે. વાર્તાબીજને કંટ્રોલ રાખીને લઘુનવલ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો નથી, એ એની વાર્તાની ખૂબી છે. એની શૈલી પણ જુદી છે. સ્વયંની છે, એણે ખુદે વિકસાવી છે.

– માસુંગ ચૌધરી
પત્રકાર, કવિ, અમદાવાદ

* * *

આશરે 3-4 દાયકાઓ પહેલાં ગુજરાતી ભાષામાં ગ્રામચેતના, ખમીર, ખાનદાની અને ગ્રામ્યજીવનની ઊજળી બાજુને ઉજાગર કરતી વાર્તાઓનો વરસાદ થતો.

શહેરીજીવનની વગોવણી અને ગ્રામ્યજીવનની વાહવાહી પરાણે ઠોકી બેસાડવામાં આવતી. ગામડાંના આ પરિવેશને કલમની કાતરથી વેતરતો રામ 'મહોતું' લઈને આવે છે.

'મહોતું' અહીં સ્ત્રીનું પ્રતીક છે. મહોતાંનું સ્થાન જેમ રસોડામાં છે એમ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું સ્થાન રસોડામાં જ છે. મહોતાંની નિયતિમાં જેમ ધગધગતા તપેલાં ઉપાડવાનું છે એમ જ સ્ત્રીની નિયતિમાં પણ ધગધગતા તપેલાં જેવાં પુરુષને ઉપાડવાનું છે. મહોતાંની નિયતિમાં જેમ પોતાને મેલા-ઘેલા રાખીને રસોડાને ચોખ્ખા રાખવાનું છે એમ સ્ત્રીની નિયતિમાં પણ પોતાને મેલા-ઘેલા રાખીને પુરુષની માનસિક, તામસિક અને જાતીય નબળાઈ પર પોતું મારવાનું છે. મહોતું પણ ગમે એટલું ધોવાય તોય મેલું, દાઝેલું, ડાઘાડૂઘીવાળું અને ચીંથરેહાલ હાલતમાં જ હોય છે. એમ સ્ત્રીની હાલત પણ છૂટક અપવાદોને બાદ કરીએ તો તમને આ પુરુષપ્રધાન સમાજમાં અદ્દલ મહોતાં જેવી જ નથી લાગતી?

– ઇલિયાસ શેખ
કવિ, રાજકોટ

* * *

સંગ્રહની દરેક વાર્તાના વિષયવસ્તુમાં સંવેદનો જે ચરમસીમાએ પહોંચે છે એ જોતાં એવું લાગે કે રામની આસપાસ આ ઘટનાઓ કોઈ ને કોઈ સ્વરૂપે ઘટી હોવી જોઈએ. રામ ક્યાંક ને ક્યાંક તો આ ઘટનાઓનો પ્રત્યક્ષ સાક્ષી હશે જ... નહીંતર આવું અસરકારક વર્ણન કરવું કદાચ સંભવ જ નથી એવો ભાર એકવાર આવે જ! કારણ કે જ્યારે તમે રામનાં શબ્દોની દુનિયામાં સફર કરવા લાગો છો ત્યારે એક એક ઘટના તમારી સામે ભજવાઈ રહી હોય એવી અનુભૂતિના તમે સાક્ષી બનો છો.

– **આશિષ ચાવડિયા**
શિક્ષક, ભાવનગર

* * *

ભરયુવાનીમાં રામ મોરી આ નામના માણસે જે નિરીક્ષણ કરીને ગામડાના એ સમાજના વાતાવરણને શબ્દોમાં ઢાળ્યું છે, સાચ્ચે જ આફરીન પોકારી ઉઠાય. દરેક વાર્તા વાચકને રીતસર સ્પર્શી જાય. વાચક તેને પોતાની આસપાસ અનુભવી પણ શકે. ફક્ત વાર્તાઓ જ નહીં, પુસ્તકની પ્રસ્તાવના પણ રસ પડે તેવી છે.

– **ભાવિન રાવલ**
પત્રકાર, અમદાવાદ

* * *

પ્રસ્તુત સંગ્રહમાં કુલ 14 વાર્તાઓ જોવા મળે છે. સર્જકનો આ પ્રથમ સંગ્રહ છે. વાર્તાના વિવિધ વિષયો અને તેની તાજગીમાં યુવા કલમનો સ્પર્શ જોવા મળે છે. સર્જક કહે છે કે કેટલાંક સ્મરણોને એમણે પોતાની રીતે સંચિત કરવા માટે આ વાર્તાઓનું સર્જન કર્યું છે, એમ કહેતા સર્જકમાં સ્વરૂપની દૃષ્ટિએ પૂરતી ચોકસાઈ છે. વાર્તામાં વાતાવરણનું આલેખન લંબાણપૂર્વક આવે છે, તેથી જ કદાચ વાર્તાઓની લંબાઈ પણ પ્રમાણમાં વધુ છે, પરંતુ પ્રસંગોની રસિકતાને કારણે રસક્ષતિ નથી લાગતી. સંગ્રહની વાર્તાઓમાં વિષયવસ્તુમાં જોવા મળતી તાજગી અને સામાજિકતા ધ્યાન ખેંચે છે. લેખકને મનુષ્ય મનને તાગવામાં અને એનાં મનોવિશ્લેષણમાં રસ પડતો હોય એવું લાગે છે. વાચકોને આ વાર્તાઓ ભાષાની વિશિષ્ટતા અને કથાવસ્તુને કારણે જરૂર આકર્ષશે.

– **સેજલ શાહ**
પ્રાધ્યાપક, મુંબઈ

* * *

આ બધી જ વાર્તાઓની વિશેષતા એ કે એ સ્ત્રીકેન્દ્રી હોવા ઉપરાંત સ્ત્રીપરિધિ અને સ્ત્રીવર્તુળી પણ છે. કહેને કા મતલબ, મુખ્ય પાત્ર અને આજુબાજુના ઓછા મુખ્ય પાત્રો પણ મોટેભાગે સ્ત્રીઓ જ છે. આ બધી સ્ત્રીઓનું જીવન અતિશય કપરું છે. મારું જીવન સાવ સરળ છે એટલે આ વાર્તાઓમાં નિરુપાયેલી પરિસ્થિતિ મને કેટલીક વાર કલ્પનાતીત લાગી, છતાં એ હકીકત છે. શિયાળામાં જામી ગયેલા સરોવર જેવી હકીકત, જેની ઉપલી સપાટી તો નક્કર લાગે પણ નીચે અસંખ્ય જીવથી ભરેલું પ્રવાહી હોય. સ્ત્રીઓ, છોકરીઓ અને કન્યાઓ વિશેની વાર્તાઓ હોવા છતાં એમાં ક્યાંય ક્યુટનેસનો ‘ક’ યે નથી. કરુણા, કલ્પાંત અને કમોતના ‘ક’થી ભરેલાં પાનાંઓ છે. નારીની ઉપેક્ષા, સમાજની એની પાસેથી હદ બહારની અપેક્ષા, બોડી ઇમેજ, જાણીતા લોકો દ્વારા કરાયેલી છેડતી, રોજબરોજની જિંદગીનો કંટાળો વગેરે મુદ્દાઓને આવરી લેતી આ પુસ્તકની વાર્તાઓને જો યોગ્ય ક્રમમાં ગોઠવવામાં આવે તો બાળપણથી લઈને ઘડપણ સુધી કોઈ પણ નારીની જીવનકથની બની શકે એમ છે.

– **તુમુલ બુચ**
લેખક, મુંબઈ

* * *

રામ મોરી, ગુજરાતી ગદ્યમાં બહુ નાની ઉંમરે કાઠું કાઢી ગયેલું બળકટ નામ. રામની પહેલી વાર્તાનો એક અંશ વાંચ્યો ત્યારે મને વીસ વર્ષ બાદ આ સશક્ત કલમનો એટલો હરખ થયો હતો કે મેં રાત્રે દોઢ વાગ્યે વીસેક મિત્રોને ફોન કરીને રામ મોરીને વાંચવા સૂચવેલું. રામ મારો સૌથી નાનો મિત્ર બની ગયો છે; પણ નાની ઉંમરના રામની વાર્તાઓ બહુ મોટી છે. ગુજરાતી વાર્તાઓનું ભવિષ્ય રામ તારા હાથમાં છે, નિભાવી જાણજે!

– **સંજય ત્રિવેદી**
પત્રકાર, અમદાવાદ

* * *

વાર્તા નંબર: 1, 3, 6, 9 – અરે! રામ
વાર્તા નંબર: 2, 11, 10 – હાય! રામ
વાર્તા નંબર: 4, 7, 13 – હે! રામ
વાર્તા નંબર: 5 – રામ રામ!

– **પ્રણવ ગોળવેલકર**
પત્રકાર, વડોદરા

* * *

રામ મોરી આ ‘મહોતાં’થી સ્ત્રીઓના સળગતા આંતરમનમાંથી લાલચોળ વાર્તાઓ ઉતારી લાવે છે અને સમાજની બુર્ઝવા માન્યતાઓને ઝાપટ-ઝૂપટ કરીને ખંખેરી નાખે છે. ‘21મું ટિફિન’ના ડબ્બામાંથી ખૂલતી અને ‘વાવ’માં સમાઈ જતી સ્ત્રીઓની લોહીઝાણ વાસ્તવિકતા આ વાર્તાસંગ્રહમાંથી નીતરી રહી છે. ‘મહોતું’ મોટેભાગે એવી સ્ત્રીઓની સ્થિતિનો ચિતાર છે જેમની કમરે તિજોરીની ચાવી નથી પણ એક નકામું ‘મહોતું’ 24 કલાક લટકતું રહે છે. ‘મહોતું’ જેમનું જીવન રસોડામાં ઊગીને બેડરૂમમાં પૂર્ણ થાય છે તેવી સ્ત્રીઓના શરીરના પ્રત્યેક પ્રસ્વેદબિંદુ સાથે વહેતી વેદનાનું પ્રતીક અને સાક્ષી છે. રામની ‘મહોતું’ નામની વાર્તામાં પણ નીચલા વર્ગની પ્રમાણમાં મેલાં-ઘેલાં કપડાં પહેરતી સ્ત્રી માટે પણ મિથ્યાભિમાની પુરુષ ‘મહોતું’ શબ્દ વાપરે છે. રામે એવા તમામ ‘મહોતાં’માં ઘરબાયેલી વેદનાઓને કાગળ પર સંઘેડાઉતાર ઉતારીને એને વાચા આપી છે. સ્ત્રીના અંતરમનની જે ઊંડાઈએ રામ મોરી પહોંચ્યો છે એ તળ સુધી તો લેખિકાઓ પણ કદાચ બહુ ઓછી પહોંચી શકી હશે.

– **તુષાર દવે**
પત્રકાર, અમદાવાદ

* * *

‘મહોતું’ દૂધપાક પર શરદપૂનમના ચંદ્રનું પ્રતિબિંબ પડતું હોય એવી અનુપમ સાહિત્યકૃતિ છે. રામ મોરી અને તેના સર્વપ્રથમ વાર્તાસંગ્રહ ‘મહોતું’ વિશે કંઈ કહેવા જેવું છે ખરું? જ્યારે આ ‘મહોતું’ વાર્તાસંગ્રહની ત્રીજી આવૃત્તિ માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં થઈ રહી છે ત્યારે મારે ‘રામ મોરી’ નામના યુવાસર્જક વિશે કંઈક કહેવું છે. યુગો-યુગોથી આપણને એવું કહેવામાં આવે છે કે સ્ત્રી સંવેદના કે સ્ત્રીને સમજવી અશક્ય છે. સ્ત્રીનાં આંસુ, રૂદન, આક્રંદ, હતાશા, નિરાશા, વેદના, હાસ્ય, સ્મિત, સુખ, ઉત્સાહ, આનંદ, માતૃત્વ, વ્રત, સામાજિક જવાબદારીઓ, નૈતિકતા, શરમ, સ્ત્રી હોવાની ચેતના અને સંવેદના ‘રામ મોરી’ સંપૂર્ણતાથી સમગ્રપણે પામી ગયાં છે. જે સ્ત્રી-ચેતના સમજવી એ માનવ માત્ર માટે અશક્ય હતી એ નારી સંવેદનાની સમજણ ‘રામ મોરી’ના અસ્તિત્વનું અવતરણ ચિહ્ન છે. રામ મોરીની કલમમાંથી સ્ત્રી સંવેદના ધબકે છે, શ્વસે છે, વિસ્તરે છે, ઉગે છે, આથમે છે અને સૃષ્ટિના વિશાળ સંવેદન પટલ પર થડકારો ચૂકી જવાય તેવી લેખન-આલેખન શૈલી જે રામ મોરીની આગવી વિશેષતા અને વિશિષ્ટતા છે. રામ મોરી હવે માત્ર એક નામ ને બદલે એક ચેતના બની ચૂક્યાં છે ને ‘મહોતું’ એક વાર્તાસંગ્રહ ને બદલે સ્ત્રી સંવેદનાનો ધબકાર બની ચૂકી છે. ‘રામ મોરી’ અને ‘મહોતું’ હવે એક બીજાના પૂરક બની ગયાં છે.

– **વિજય કે. પટેલ**
(ફિલ્મ દિગ્દર્શક, લેખક)

* * *

મહોતું એ માત્ર વાર્તાસંગ્રહ નથી, પણ લાગણી-સંગ્રહ પણ છે. આ સંગ્રહની વાર્તાઓમાં રામે આછા લસરકાથી માનવીય સંવેદનના ઘટ્ટ પડળોને કલાત્મકતાથી આલેખ્યાં છે. મજાની વાત એ છે આધુનિક જીવનશૈલી જીવતા હોવા છતાં રામની અંદર હજુય એક ગામ ધબકે છે અને એ ધબકાર જ રામ પાસે ગ્રામ્યજીવન કે એ જીવનની સમસ્યાઓનું નિરૂપણ કરાવડાવે છે.

– અંકિત દેસાઈ

(પત્રકાર, લેખક)

* * *

'મહોતું'ની વાર્તાઓમાં એ તાકાત છે જે તમારી સુષુપ્ત સંવેદનાઓને ઝણઝણવા માટે મજબૂર કરી નાંખે છે. આ મેં અનુભવ્યું છે! આ કથાઓ તમારી લાગણીઓના તંતુને એ હદે છંછેડે કે તમારું સમગ્ર અસ્તિત્વ પાત્રોની પીડાને પોતાની કરી નાંખે... ફિલ્મ 'પ્રેમજી' પછી મારી અંદરના દિગ્દર્શકને કોઈ વાર્તાને પરદા પર લાવવા મજબૂર કર્યો હોય તો એ 'મહોતું' છે. એક સર્જક તરીકે દરેક વાર્તાઓને રામ બહુ નજીકથી જીવ્યો છે. આ વાર્તાઓમાં પીડાને સંકોરીને બેસેલી સ્ત્રીઓ પોતાની વ્યથા સામે આંગળી ચીંધીને ઊભી છે...કદાચ તમને એ મૂંગી ચીસ સંભળાય પણ ખરી!

– વિજયગિરિ બાવા

(દિગ્દર્શક)

* * *

શહેરની શરમમાં અને ગામડાની અદબમાં દટાયેલી સ્ત્રીઓનાં જીવતરમાં રહેલા અખંડ અંગારાઓની વાતોને રામ મોરીએ પોતાની કથામાં જે છટાથી રજૂ કર્યા છે એ વાંચતા એવું લાગે કે આ અંગારો આપણા હાથમાં પકડાઈ ગયો છે. આ વાર્તાસંગ્રહની ત્રીજી આવૃત્તિ એ માત્ર લેખક તરીકે રામ મોરીની સફળતા જ નહીં પણ આવી વાસ્તવદર્શી વાર્તાઓ વાંચવા સમાજ સક્ષમ થયો છે એની સાબિતી પણ છે. આ કથાઓ વાંચીને નારીની વેદના-સંવેદનાના અંગારા તમારા હાથમાં આવશે તો તમને પણ કદાચ સમજાશે કે આ અંગારા હવે ઠારવા પડશે!

– ટ્વિંકલ વિજયગિરિ બાવા

(લેખક, નિર્માતા)